

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય

# શતાબ્દી મહોત્સવ ગ્રંથ

## ભાગ ૧



શ્રી મહાવીર જૈન વિદ્યાલય

# શતાબ્દી મહોત્સવ ગ્રંથ

ખંડ : ૧

સંપાદક

ડૉ. કુમારપાળ દેસાઈ


સાહિત્ય, ચરિત્ર, નિબંધ અને ચિંતન વિભાગ

શ્રી મહાવીર જૈન વિદ્યાલય પ્રકાશન, મુંબઈ-૪૦૦ ૦૦૯

Shri Mahavir Jain Vidyalay Centenary Volume-1
Edited by Dr. Kumarpal Desai
Published By : Shri Mahavir Jain Vidyalay, Mumbai-400 009.
પ્રથમ આવૃત્તિ : જાન્યુઆરી, ૨૦૧૫
પૃષ્ઠ : ૧૬ + ૨૧૨

: પ્રકાશક :
મંત્રીશ્રી, શ્રી મહાવીર જૈન વિદ્યાલય
C/o. શ્રી કચ્છી વિશા ઓશવાલ જૈન મહાજન વાડી,
૯૯/૧૦૧, કેશવજી નાઇક રોડ, ૨જે માળે.
ચિંચ બંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯
ફોન : ૨૩૭૫૯૧૭૯ / ૨૩૭૫૯૩૯૯ / ૬૫૦૪૬૩૯૭

: મુદ્રક :
ભગવતી મુદ્રણાલય
બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪



# પ્રમુખનો સંદેશ

નવયુગ પ્રવર્તક આચાર્યપ્રવર યુગદ્રષ્ટા શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની ઉત્કૃષ્ટ પ્રેરણાથી ઈ. સ. ૧૯૧૫માં મુંબઈમાં સ્થપાયેલી સંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલય આજે એના શતાબ્દી વર્ષમાં પ્રવેશે છે ત્યારે શ્રીસંઘના પ્રચંડ પુરુષાર્થથી વિકસેલી આ સંસ્થા સ્વાભાવિક રીતે જ આનંદ અને ગૌરવનો અનુભવ કરે. દસ-દસ દાયકા સુધી ઉચ્ચશિક્ષણ માટે વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને પ્રેરણા, પ્રોત્સાહન અને પથદર્શક બની રહેલી આ સંસ્થાની પ્રવૃત્તિઓ સતત પાંગરતી રહી છે અને જ્ઞાનપ્રસાર માટે વિદ્યાર્થીઓનો આર્થિક તેમજ બીજી સહાય આપવાની સાથોસાથ જૈનસાહિત્ય પ્રકાશનનું પણ એણે આગવું કાર્ય કર્યું છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયે રજત મહોત્સવ સ્મારક ગ્રંથ, સુવર્ણ મહોત્સવ સ્મારક ગ્રંથ, અમૃત મહોત્સવ સ્મૃતિ ગ્રંથ જેવા ગ્રંથો એની પચીશીની ઉજવણી રૂપે પ્રકાશિત કર્યા છે. આ શતાબ્દી મહોત્સવ સમયે એ સાહિત્ય, સંશોધન, વિવેચનના બે દળદાર ગ્રંથો પ્રગટ કરીને એમની પરંપરામાં એક ડગલું આગળ વધે છે.

સદીઓથી સાહિત્યમાં સમાજ, એની વાસ્તવિકતાઓ અને આદર્શોનું પ્રતિબિંબ ઝિલાતું આવ્યું છે. સદ્‌વાચનમાંથી પ્રાપ્ત થતી પ્રેરણા દ્વારા લોકોના જીવન ઉપર વિધાયક અસર થાય છે અને પોતાના જ્ઞાનવારસાથી લાભાન્વિત બને છે ! સારું સાહિત્ય યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂકવામાં આવે છે, ત્યારે શબ્દની શક્તિ સમશેર કરતાંય વધુ પ્રબળ બને છે. પ્રસ્તુત પુસ્તકની વાચનસામગ્રી તેમજ રજૂઆતમાં કોઈ કચાશ નથી એનો મને આનંદ છે.

ડૉ. કુમારપાળ દેસાઈ જૈન દર્શનના બહુખ્યાત તજ્જ્ઞ છે. આ પુસ્તક આપણા હાથમાં છે તેનો સંપૂર્ણ યશ એમને જાય છે. આ પ્રકલ્પના વૃક્ષને એમના માર્ગદર્શન દ્વારા આજે સુફળ આવ્યું છે તેનો પણ ઉત્કટ આનંદ છે. આ પ્રસંગે પુસ્તકમાં સમાવિષ્ટ સર્વ લેખકગણનો પણ અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. જેમણે સાહિત્યથી લઈ વૈચારિક નેતૃત્વ સુધીના વિષય ઉપર આલેખન કર્યું છે. વિચારપ્રેરક આ સાહિત્યનું વાચન ખૂબ પ્રેરણારૂપ છે. વાર્તાઓ પ્રેરક છે, તો મહાપુરુષોનાં જીવનચરિત્રમાંથી જ્ઞાનનો અને ચારિત્ર્યઘડતરનો ખજાનો મળી રહે છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય દ્વારા સાહિત્ય, ચરિત્ર, નિબંધ અને ચિંતનલેખોનો આ સુંદર સંચય પ્રગટ થઈ રહ્યો છે એનો મને આનંદ છે. આપણી સુવર્ણજયંતી નિમિત્તે આ પુસ્તક પ્રકાશનના સંનિષ્ઠ પ્રયત્નો બદલ હું આખી ટીમને હૃદયપૂર્વક અભિનંદન આપું છું. આ અથાગ પરિશ્રમ માટે હું સંપાદકશ્રી, પ્રૂફ-રીડરો અને પ્રકાશકનો ખૂબ આભારી છું.

આ ગ્રંથ વિદ્વાનો, અભ્યાસીઓ અને સાહિત્યરસિકોને ઉપયોગી બનશે એવી મને પૂર્ણ શ્રદ્ધા છે.

**- કીર્તિલાલ કે. દોશી**

# Message from the President

I am delighted with the efforts of Shri Mahavir Jain Vidyalaya (SMJV) in bringing out this beautiful compilation on literature. I congratulate our team for their meticulous efforts in publishing this book in our centenary year.

SMJV has always been at the forefront of proliferating knowledge through educational institutes and support activities. The present publication is another set in this direction. This book comprises a collectable collection of pieces of literature. I am sure that these articles will play a catalytic role in provoking thoughts and imagination amongst readers.

For ages, literature has been a reflection of our society and an imagination of reality the way we want it to be. We have many cases where people have been inspired by good articles and essays to change their way of life. Pen is mightier than the sword, in a literal sense when an article is well compiled and presented. In the present case, I am happy to see that no stone has been left unturned to ensure the best in content and presentation.

Dr. Kumarpal Desai is a renowned authority on Jaina Studies. It was his idea and effort that has brought this book out in his present form. He has been instrumental in supporting this project and we are truly delighted to see the fruit of his efforts. We also wish to express our deep gratitude to all authors who have contributed to this beautiful bouquet of thoughts, covering a whole range of subjects from literature to thought leadership and beyond. It is very enlightening to read these thought provoking pieces of literature. While the stories are inspiring, there is a huge wealth of knowledge to gain from the lives of great people.

I am very grateful to the editor, proof readers and the publishers for their untiring efforts. The proof of the pudding lies in eating ! I am sure that everyone will enjoy reading this book and enrigh themselves. I also look forward to many more such compilations to be published in the years to come so that SMJV can continue to pursue its objective of knowledge sharing.

**- Kirtilal K. Doshi**

# માનદ્ મંત્રીશ્રીઓનો શુભસંદેશ

પ.પૂ. આચાર્ય ભગવંત પંજાબકેસરી યુગદ્રષ્ટા શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા અને આશીર્વાદ સહ શરૂ થયેલી આ સંસ્થા એના શતાબ્દી વર્ષની ઉત્સાહપૂર્ણ ઉજવણી કરી રહી છે, ત્યારે અમે આ સંસ્થાના કાર્યસંચાલનના સહયોગી તરીકે અત્યંત ઉલ્લાસ અને ગૌરવ અનુભવીએ છીએ.

પ.પૂ. આચાર્ય ભગવંત આત્મારામજી મહારાજસાહેબની આજ્ઞાના પાલનરૂપ પૂજ્ય ગુરુદેવે જોયું કે પશ્ચિમ ભારતનાં નાનાં ગામો અને શહેરોમાં તે સમયે યોગ્ય શૈક્ષણિક સુવિધાઓ પ્રાપ્ત નહોતી. વળી ઉચ્ચ અભ્યાસની તીવ્ર ધગશ ધરાવતા ઉચ્ચ ગુણાંક ધરાવતા વિદ્યાર્થીઓ મુંબઈમાં અભ્યાસાર્થે આવતા હતા. આપણા સમાજના યુવાધન માટે ઉચ્ચ અભ્યાસની સગવડ ઊભી કરવાના ધ્યેય સાથે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના થઈ. પૂ. ગુરુદેવના મનમાં ઉચ્ચ અભ્યાસ માત્ર બૌદ્ધિક વિકાસ માટે જ નહીં, પરંતુ વિદ્યાપિપાસુના સર્વગ્રાહી વિકાસનું કારણ બનવું જોઈએ. એ સમાજ-દેશના સમગ્ર વિકાસનું પણ એક મહત્ત્વનું પરિબળ છે, તેથી સુસ્પર્ધા અને પરિવર્તનના આ યુગ સાથે તાલ મિલાવવા આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણની સગવડતા આપી તેના સર્વાંગી વ્યક્તિત્વનો વિકાસ થવાનો આશય રાખ્યો. વિદ્યાર્થીઓમાં સરસ્વતી ઉપાસના સાથે નેતૃત્વના ગુણોનો વિકાસ એ જ ઉચ્ચ શિક્ષણના મહત્ત્વનાં અંગો ગણી, એ પ્રકારની સુવિધાઓ ઊભી કરવાની શરૂઆત કરી.

ઈ. સ. ૧૯૧૫માં ભાડાના મકાનમાં ૧૫ વિદ્યાર્થીઓની સંખ્યા સાથે શરૂ થયેલી આ સંસ્થામાં અત્યારે એની ૧૧ શાખાઓમાં ૧૬૦૦ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ ઉચ્ચ શિક્ષણની સંપૂર્ણ સુવિધા પામે છે.

શતાબ્દી ઉજવણીના શુભ પ્રસંગે અમારા હૃદયમાં માતૃસંસ્થા તરફથી જે લાગણી, પ્રેમ અને ભાવના ઉદ્ભવે છે, તેનું વર્ણન શબ્દોમાં શક્ય નથી. આ ગૌરવની પળે સંસ્થાના આદ્યસંસ્થાપકો અને ભૂતકાળના સમક્ષ કાર્યદક્ષ હોદ્દેદારોને પણ યાદ કરી તેઓએ સંસ્થાનો પાયો નાખી એની ભવ્ય ઇમારત રચવા માટે કરેલા અથાગ પ્રયત્ન અને ભાવનાને યાદ કરતાં અને બિરદાવતાં હર્ષ અનુભવીએ છીએ. અમે ત્રણે મંત્રીઓ વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થીઓ છીએ. અમારા જીવનની સઘળી પ્રવૃત્તિ અને વિદ્યાલયની શૈક્ષણિક સિદ્ધિના પાયામાં અમારી આ માતૃસંસ્થા છે. આથી આ માતૃસંસ્થાની સેવા કરવાનો અમને જે મોકો મળ્યો છે, તે બદલ અમે સંસ્થાના અને સહુ કાર્યકરોના ઋણી છીએ.

પૂ. ગુરુદેવ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીએ સમજાવ્યું કે કેળવણી વગર ઉદ્ધાર નથી. કેળવણી વ્યક્તિને સામાન્ય માનવીમાંથી તેજસ્વિતાથી ચમકતો સિતારો બનાવી દે છે. શિક્ષણક્ષેત્રની ક્રાંતિ સમગ્ર સમાજને વિકાસની દિશામાં લઈ જાય છે. આ કારણે વિદ્યાલયને શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સમાજની અગ્રગણ્ય અને અપ્રતિમ સંસ્થાનું માન અને સન્માન મળ્યું છે.

આજ સુધી સમાજે અમારી દરેક અપીલને વધાવી લીધી છે. આપણા સમાજની વર્તમાન

અપેક્ષાઓને પરિપૂર્ણ કરવા માટે અમે સર્વે આપ સહુના સહકાર અને સહયોગ ઇચ્છતા સતત જાગ્રત રહીએ છીએ.

ઘરથી દૂર સુંદર ઘર અને પરિવારથી દૂર સુંદર વિશાળ પરિવાર આપીને જેણે કારકિર્દીના ઘડતર, વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ અને ધર્મસંસ્કારોના સિંચનમાં સિંહફાળો આપેલો છે, તેવી માતૃસંસ્થાને સાષ્ટાંગ વંદન.

આપણે સૌ જેના સંબંધોના તાંતણે વિશ્વમાં વિસ્તર્યા, છતાં આપણે સહુ એક છીએ એવા અનુભવ 'શ્રી મહાવીર જૈન વિદ્યાલય'નું નામ સાંભળતાં જ સહુના હૃદયમાં થાય છે. તેના ઉત્થાન, ઉત્કર્ષ અને વિસ્તાર માટે બધું જ ન્યોછાવર કરી દેવા ઉત્સુક આપણે સહુ આ માતૃસંસ્થાનું ઋણ અદા કરવાની તકની હંમેશાં રાહ જોતા હોઈએ તે સ્વાભાવિક છે.

આવો, સાથે મળી તન, મન અને ધનથી સમાજના યુવાધનને ઉચ્ચ શિક્ષણના માધ્યમથી પરિવાર, સમાજ અને દેશની સેવામાં અર્પણ કરી, આનંદ ઉમંગથી શતાબ્દી ઊજવીને માતૃસંસ્થાનું ઋણ ચૂકવીએ.

શુભેચ્છાઓ સહ.

૧ જાન્યુઆરી, ૨૦૧૫

**શ્રીકાંત એસ. વસા**
**સુબોધરત્ન સી. ગારડી**
**અરુણ બી. શાહ**

# આમુખ

પરમ પૂજ્ય યુગદર્શી આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી સ્થપાયેલી શ્રી મહાવીર જૈન વિદ્યાલય સંસ્થા એનો શતાબ્દી મહોત્સવ ઉજવી રહી છે. આ પ્રસંગે શ્રી મહાવીર જૈન વિદ્યાલય દ્વારા એની પૂર્વપરંપરા પ્રમાણે સર્જકો, વિવેચકો અને તત્ત્વચિંતકોના વિચારો ધરાવતી લેખ-સામગ્રી એક ગ્રંથરૂપે પ્રગટ કરવામાં આવી છે. એ સંદર્ભમાં આ શતાબ્દી મહોત્સવ નિમિત્તે એકને બદલે બે ગ્રંથોનું આયોજન કર્યું છે. જેમાં પ્રથમ ગ્રંથમાં સાહિત્ય, ચરિત્ર અને નિબંધો જેવા લોકભોગ્ય વિષયને સામેલ કર્યા છે અને એના બીજા ગ્રંથમાં વિવેચન, સંશોધન, તત્ત્વચિંતન અને કેળવણી વિષયક લેખો આવ્યા છે. આને પરિણામે સર્વકોઈની રૂચિને સંતોષે અને ઘડે તેવું સાહિત્ય આપવાનો અમારો આ ઉપક્રમ છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો પ્રયાસ છે કે જૈનોને પોતાના સાહિત્યની ધર્મસિદ્ધાંતોની સમુચિત જાણકારી મળે અને જૈનેતરોને જૈન ધર્મ વિશેની પ્રમાણભૂત માહિતી પ્રાપ્ત થાય. જગતભરમાં વર્તમાન સામાજિક-આર્થિક વિસંવાદના વાતાવરણમાં લોકોની જીવનપદ્ધતિ બદલાતી જાય છે. ગતિશીલ જીવન સાથે તાણમુક્ત લોકો અને સતત ચિંતાયુક્ત જીવનયાપનની સ્થિતિમાં જૈન ધર્મ શાંતિમય સહઅસ્તિત્વ, ચિંતામુક્ત જીવન અને સર્વાંગ સમૃદ્ધિનો રાહ ચીંધે છે. અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતના સિદ્ધાંતોને જો સાચા અર્થમાં અપનાવવામાં આવે, તો સમગ્ર સમાજનું સર્વતોમુખી કલ્યાણ થાય, એ નિઃસંદેહ છે.

વ્યવસાય અને પરિવારિક જટિલતાઓમાં સતત ડૂબેલા રહેવા છતાં મારી આસપાસ હું શાંતિ અને સ્વસ્થતા જાળવી શકું છું, કારણ કે હું નવ દાયકાથી જૈન ધર્મનો સંનિષ્ઠ અનુયાયી છું. મારી ઇચ્છા છે કે નવી પેઢી જૈન ધર્મના સિદ્ધાંતો શીખે અને અપનાવે, જેથી તેઓ માત્ર સફળ નહિ પણ બહેતર મનુષ્ય પણ બની શકે. આમ કહીને હું કંઈ ધર્મનો પ્રચાર કરવા નથી માગતો પણ આપણી પાસે જીવનની ગુણવત્તા સુધારવા માટે બહેતર પર્યાય છે એમ ભારપૂર્વક કહેવા માગું છું.

ડૉ. કુમારપાળ દેસાઈ આપણા મૂર્ધન્ય વિદ્વાન અને સાહિત્યકાર છે અને તેથી એમની પાસે અમે આ બે ગ્રંથોનું સંપાદન કરવા વિચાર્યું. અમારો આશય સર્વજન ભોગ્ય સામગ્રીથી માંડીને તલસ્પર્શી વિશ્લેષણાત્મક માહિતી સમાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે કે જેથી એના પ્રત્યેક લેખમાંથી દરેકને કંઈક ને કંઈક ગ્રહણ કરવા જેવું અને આચરણમાં ઉતારવા જેવું મળી રહે. આવા બે ઉમદા ગ્રંથોના સંપાદન માટે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. આ પ્રથમ ગ્રંથમાં સર્જનાત્મક સામગ્રી પ્રસ્તુત કરવામાં આવી છે. સંપાદનમાં સમાવિષ્ટ સર્વ લેખકગણના પણ આપણે ખૂબ આભારી છીઅ. મને ખાતરી છે કે આમાં આલેખાયેલી સાહિત્યિક સામગ્રી સહુકોઈને માટે રસસંતર્પક બનશે.

**- કીર્તિલાલ કે. દોશી**

# Preface

Jainism is a way of life. Jain Literature and Jain Philosophy has been proliferated across the globe largely by the believers in Jainism who have practised this Philosophy. Unlike many other religions, Jainism has not been promoted by kings or monks but it certainly has inspired many people to learn from the teachings of our revered Tirthankaras. Even in this age of high speed information technology to share knowledge across the globe, the best way to inspire people is to live the way you want them to live. This is what Jainism has always been about.


I am delighted to learn that a learned scholar of the caliber of Dr. Kumarpalbhai Desai has agreed to edit this book highlighting the tenets of Jainism its literature and the Jaina way of life. The wide range of topics covered in this compilation range from simplistic to in-depth analysis. Yet, there is something for everyone to learn and practise in each of these scholarly articles. We are very grateful to Dr. Kumarpalbhai Desai for his efforts in editing this compilation. We are also very grateful to all authors who agreed to contribute to this work, which I am sure will serve as a great reference to all students of Jainism. The subjects covered in this book range from Jain literature and Jaina philosophy to the relevance and practical application of Jainism in today's environment. The articles have very effectively deliberated upon the relevant topics which present a very practical view. The more we read it, the clearer our thoughts become.

This is a part of SMJV's efforts in inspiring the jainas to get a better grasp of their beliefs and for the non-jainas to learn about jainism. In this present socio-economic turmoil across the globe, coupled with changing lifestyles, fast paced life and stressed individuals, and anxiety driven culture, Jainism offers a way for peaceful coexistence, stress deescalation and overall prosperity. The concept of Ahimsa and Aparigraha, if imbibed in their true sense, can bring out the all round development in society.

As a believer and follower of Jainism over nine decades, I have experienced peace and tranquility around me, despite being immersed in the complexities of business and family. I wish to encourage the younger generation to learn and practice these tenets of Jainism which will not only make them successful but also a better individuals. I do not wish to advertise my faith but certainly wish to stress that it is one of the better alternatives in improving the quality of life.

The present book is an objective commentary on Jaina Literature and Philosophy. The studies thoughts expressed in each article are compelling enugh to seek more knowledge in these areas as well as source of immense knowledge and inspiration one needs to link this to his or her own life and circumstances and evaluate on how he or she can benefit from this. I am sure there is something for each one of us to learn from here. I wish you happy reading and hope you enjoy this presentation from SMJV.

**- Kirtilal K. Doshi**



પંજાબકેસરી યુગવીર જૈનાચાર્ય
શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મ.સા.

# સંપાદકનું નિવેદન

કેટલીક વિભૂતિઓ યુગદૃષ્ટા હોય છે. એ પોતાના યુગની નાડ પારખીને એની સમસ્યાઓના નિવારણની કોશિશ કરે છે. કેટલીક વિભૂતિઓ યુગસ્રષ્ટા હોય છે, જે પોતાની શક્તિ અને સામર્થ્યથી નવયુગનું સર્જન કરે છે. જ્યારે વિરલ વિભૂતિ જ એવી હોય છે કે જે પોતાના યુગને ઓળખી, એની વેદના, આવશ્યકતા, ઝંખના અને વિશેષતાઓ જાણીને નવા યુગને આકાર આપવાનું કામ કરે છે. આવા યુગધર્મને પારખનાર યુગપ્રભાવક આચાર્ય હતા શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ, જેમની કલ્યાણગામી દૃષ્ટિ વિશ્વના પ્રાણીમાત્ર પર ઠરેલી હતી. જેમની નજર વર્તમાન રાષ્ટ્રભાવના અને જૈન સંઘોની સ્થિતિ પર હતી, જેમના અંતરમાં સતત ધર્મની ધગશ અને જૈનસમાજના ઉત્કર્ષની તમન્ના ગૂંજતી હતી. જૈનકુટુંબ કે જૈનસમાજ સંસ્કારી, ચારિત્ર્યશીલ અને ધર્મસંપન્ન હશે, તો જ જૈનધર્મ અને શ્રીસંઘ વધુ પ્રભાવશાળી બનશે, તેમ તેઓ દૃઢપણે માનતા હતા. આચાર્યપ્રવર શ્રી વિજયવલ્લભસૂરિજી આ પરિસ્થિતિ વિદારવા માટે અવિરત પુરુષાર્થ કરતા હતા. એના ફળરૂપે એમની પ્રેરણાથી સર્જાયેલા વ્યાવહારિક અને ધાર્મિક કેળવણીના સુભગ સમન્વયથી સુવાસિત એવાં વિદ્યામંદિરો અને સેવાસંસ્થાઓ આજે જોવા મળે છે.

એવા યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની પ્રતાપી પ્રેરણાનું એક સુફળ એટલે શ્રી મહાવીર જૈન વિદ્યાલય. એ વિદ્યાલયની કલ્પનાની પાછળ મુનિ વલ્લભવિજયજીની પાસે પૂ. આત્મારામજી મહારાજના આશિષ હતા. અને મનમાં સતત એક જ વાત ઘોળાતી હતી કે,

'જૈનશાસનની વૃદ્ધિ માટે જૈન વિશ્વવિદ્યાલય નામે એક સંસ્થા સ્થાપિત થાય કે જેમાં પ્રત્યેક જૈન શિક્ષિત થાય; અને ધર્મને બાધ ન આવે એવી રીતે રાજ્યાધિકારમાં જૈનોનો વધારો થાય. પરિણામે બધા જૈન શિક્ષિત થાય અને એમને ભૂખનું દુ:ખ ન રહે. શાસનદેવ મારી આ બધી ભાવનાઓને સફળ કરે એ જ હું ઇચ્છું છું.' (વિ.સં. ૨૦૦૯, મુંબઈ)

યુગદૃષ્ટા આચાર્યશ્રી માત્ર ભાવનાનું દર્શન કરીને ઇતિશ્રી માને તેમ નહોતા. એમને તો એમની ભાવનાને વાસ્તવની ધરતી પર સાકાર કરવી હતી. લક્ષ્મીમંદિરોને બદલે હવે સરસ્વતીમંદિરો સર્જીને આવતી પેઢીને અને જૈનસમાજને વિદ્યાના પ્રકાશથી દીપ્તિમંત કરવો હતો. એમણે જોયું કે ગામડાં કે નાનાં શહેરોમાં વસતા તેજસ્વી જૈન વિદ્યાર્થીઓને મુંબઈ જેવા શહેરમાં રહીને ઉચ્ચ અભ્યાસ કરવાનું અતિ મુશ્કેલ બને છે. આ તેજસ્વી જ્ઞાનપિપાસુ વિદ્યાર્થીઓને ઉચ્ચશિક્ષણમાં આગળ વધવું છે, પરંતુ શહેરમાં રહીને એનો ખર્ચો ઉઠાવી શકે તેમ નથી. આવી જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને આર્થિક તેમજ બીજી સવલતો આપીને એમનો ઉચ્ચશિક્ષણનો અભ્યાસ નિર્વિઘ્ન ચાલે તેવો વિચાર આચાર્યશ્રીએ પ્રગટ કર્યો. રૂઢિબદ્ધ એવા સમાજે એનો વિરોધ કર્યો. દોષદર્શી લોકોને ક્યાં મુદ્દા શોધવા જવા પડે તેમ છે ? પરંતુ ક્રાંતદૃષ્ટા આચાર્યશ્રી અને જાગૃત અને વિચારશીલ આગેવાનોએ મળીને એક સંસ્થાના સર્જનની કલ્પના કરી અને એને પરિણામે વિ.સં. ૧૯૬૯ના ચાતુર્માસ દરમિયાન મુનિરાજ શ્રી વલ્લભવિજયજીએ જૈન સમાજની ઉછરતી પેઢી ઉચ્ચશિક્ષણમાં અન્ય સમાજોથી પાછળ ન રહી જાય એ માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના કરવાની પ્રેરણા આપી.

ભાયખલા લવલેન, તારાબાગમાં ભાડાના ઘરમાં પંદર વિદ્યાર્થીઓ સાથે ઈ. સ. ૧૯૧૪ની બીજી એપ્રિલ(વિ.સં. ૧૯૭૦ની ફાગણ સુદી પાંચમ)ને સોમવારે એનો મંગલ પ્રારંભ થયો. આ મંગલ પ્રારંભ સાથે આચાર્યશ્રીએ આ સંસ્થાનું નામ કોઈ વ્યક્તિવિશેષને બદલે તીર્થંકર ભગવાન શ્રી મહાવીર સ્વામીના નામ પર રાખ્યું. આમ આ સંસ્થાનો પ્રારંભ ક્રાંતદ્રષ્ટા આચાર્યની પ્રેરણાથી અને સંન્નિષ્ટ કાર્યકરોથી થયો. વડમાંથી જેમ વડવાઈઓ પ્રગટે તે રીતે આજે આ સંસ્થા વિશાળ રૂપ પામી છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયે એના પચીસમા વર્ષે 'રજત મહોત્સવ સ્મારક ગ્રંથ', પચાસમા વર્ષે 'સુવર્ણ મહોત્સવ ગ્રંથ', પંચોતેરમા વર્ષે 'અમૃત મહોત્સવ સ્મૃતિગ્રંથ' પ્રગટ કર્યો હતો. આ ગ્રંથોની વિશેષતા એ રહી કે એમાં સમાજના અગ્રણી સર્જકો, સંશોધકો અને વિચારકોના લેખો સંગ્રહિત કરવામાં આવે છે, જે ભવિષ્યની આવનારી પેઢીને એના અભ્યાસમાં, સંશોધનમાં અને જ્ઞાનવૃદ્ધિમાં ઉપયોગી બન્યા છે. એ પરંપરામાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના શતાબ્દી મહોત્સવ પ્રસંગે સાહિત્ય, સંશોધન, ચિંતન, ચરિત્ર જેવાં સ્વરૂપોને લઈને આજે બે ગ્રંથ પ્રકાશિત થઈ રહ્યાં છે.

આ ગ્રંથ પ્રકાશનમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના પ્રમુખ શ્રી કીર્તિલાલભાઈ દોશીનો સદા દૃષ્ટિપૂર્ણ અને ઉત્સાહભર્યો સહકાર સાંપડ્યો છે, એ જ રીતે સંસ્થાના મંત્રીઓ સર્વશ્રી શ્રીકાંત એસ. વસા, સુબોધરત્ન સી. ગારડી, અરુણ બી. શાહે પણ આ કાર્યમાં સતત સહયોગ આપ્યો છે. આ બંને ગ્રંથોને માટે લેખ લખી આપનાર સહુ લેખકોનો આભારી છું. આ ગ્રંથ માટે કલામય ચિત્રો ઉપલબ્ધ કરી આપનાર શ્રી કીર્તિલાલભાઈ દોશી અને શ્રી શ્રેયસ કે. દોશી તથા કોબાના શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્રમાં આવેલા શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિરના અમે ઋણી છીએ.

આશા રાખું છું કે આ ગ્રંથ શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સાહિત્ય-પ્રસારની વિશિષ્ટ પ્રવૃત્તિનું એક ઊજળું પૃષ્ઠ બની રહેશે.

તા. ૧-૧-૨૦૧૫ — **કુમારપાળ દેસાઈ**

# વિજયવંત તુજ નામ
# અમને અખૂટ પ્રેરણા આપે

□ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

જગતની વ્યક્તિઓ બહુધા સ્વ-કેન્દ્રી હોય છે અને તે માત્ર પોતાની જાતને અને જીવનને જ જોતી હોય છે. બાકીની થોડીક વ્યક્તિઓ પોતાની આસપાસના સમાજને જોઈ શકતી હોય છે. એથીય વિરલ વ્યક્તિઓ સમાજથી ઊંચે રાષ્ટ્ર કે વિશ્વને જોતી હોય છે. કેટલાંક માત્ર વાદળાં જ જુએ છે, આખુંય આકાશ આંખમાં ભરીને આવતી કાલને જોનારા ક્રાંતદ્રષ્ટા તો સમગ્ર યુગમાં એકાદ-બે જ હોય છે. આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ.સા. વર્તમાનની પેલે પાર ભવિષ્યનું જોનારા અને વિચારનારા વિરલ યુગદ્રષ્ટા વિભૂતિ હતા.

એક બાજુ સાંપ્રદાયિકતાની દીવાલો વધુ ને વધુ સાંકડી કરવામાં આવતી હોય, ક્યાંક ધર્મને નામે રૂઢિચુસ્તતા પોષાતી હોય અને ક્યાંક ધર્મના ઓઠા હેઠળ અનેક વિઘાતક પ્રવૃત્તિઓ ચાલતી હોય, ત્યારે યુગ પારની દ્યુતિ ઝીલનારને અનેક યાતના, વિટંબણા અને અવરોધો વેઠવાં પડે છે. ખાબોચિયામાં પોતાની જાતને બાંધીને સ્થિતિ કે પરિસ્થિતિ સામે આંખમીંચામણાં કરી એક તસુ પણ આઘાપાછા નહીં થવા ઇચ્છતો સમાજ જ્યારે સાગરની વિશાળતા જુએ, ત્યારે શું થાય ? બંધિયાર કૂવાની કૂપમંડૂકતામાં જીવનારને પર્વત પરથી કલકલ નિનાદે રૂમઝૂમ ઝરણાંની મસ્તીનો ક્યાંથી ખ્યાલ આવે ? રૂઢ માન્યતા, ભય ને ભીરુતા, ગતાનુગતિક વિચારધારા અને નકારાત્મક અભિગમ ધરાવતો સમાજ કઈ રીતે ક્રાંતદ્રષ્ટાની દૃષ્ટિના તેજને ઝીલી કે જીરવી શકે ?

૬૮ વર્ષનો સંયમપર્યાય પાળનારા આચાર્યશ્રીને જીવનયાત્રાનો મંત્ર અને સંયમસાધનાનો મર્મ માતા પાસેથી સાંપડ્યો. માતાએ પોતાના દસ વર્ષના પુત્ર છગનને ડાહી શિખામણ આપી કે સદા અર્હતનું શરણ સ્વીકારજે. શાશ્વત ધર્મ-ધન મેળવજે અને જગતના જીવોનું કલ્યાણ કરજે. માતાના આ ત્રણ અંતિમ આદેશો આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ.સા.ના ભાવિ જીવન માટે દીવાદાંડીરૂપ બની ગયા. એ પછી વડોદરામાં છગનને નવયુગપ્રવર્તક, જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજનો મેળાપ થયો. વડોદરામાં એમની વાણી સાંભળીને છગન ગદ્‌ગદિત બની ગયો. વ્યાખ્યાનમાં આવેલા સહુ કોઈ વીખરાઈ ગયા, પરંતુ બાળક છગન બેસી રહ્યો. એના અંતરમાં એટલો બધો કોલાહલ જાગ્યો હતો કે એની વાણી મૌન બની ગઈ. પૂજ્ય આત્મારામજી મહારાજે ધાર્યું કે બાળક કોઈ આર્થિક મૂંઝવણથી અકળાયેલો હશે. એમણે છગનને સાંત્વના આપતાં કહ્યું કે, 'તું સ્વસ્થ થા. તારા અંતરનું દુઃખ કહે. તને ધનનો ખપ લાગે છે. અમે તો ધન રાખતા નથી. પણ કોઈ શ્રાવક આવે તો મદદ કરવાની પ્રેરણા જરૂર આપીશ.' પરંતુ બાળક છગનને કોઈ ભૌતિક ધનની નહીં, બલ્કે આત્મિક ધનની ખેવના હતી. પૂ. આત્મારામજી મહારાજનાં પ્રવચનોએ એનામાં અંતરની આરત જગાડી હતી. પછી તો દાદાગુરુના ચરણમાં વ્યાકરણ, ન્યાય, જ્યોતિષ અને ચરિત્રગ્રંથોનો અભ્યાસ કર્યો. વળી સાથોસાથ અહર્નિશ એકનિષ્ઠાથી ગુરુસેવા કરી. આમ જીવનના આરંભકાળમાં જ માતાની શિખામણ અને ગુરુનું માર્ગદર્શન મળતાં આચાર્ય વિજયવલ્લભસૂરીશ્વરજીએ તપશ્ચર્યાથી આત્મપથ પર પ્રયાણ આદર્યું.

પોતાની આસપાસના સમાજમાં એમણે કારમી ગરીબી જોઈ. એ સમયે એક ઉક્તિ પ્રચલિત

હતી કે, 'પેટમાં ખાડો ને વરઘોડો જુઓ'. મૃત્યુ પછીના સ્વર્ગલોકને ઊજળું કરવા માટે પૃથ્વી પરના જીવનને અધમ બનાવવામાં આવતું હતું. એમાં પણ ગરીબ અને મધ્યમવર્ગની હાલત કફોડી હતી, જ્યારે બીજી બાજુ કેટલાક આત્મકલ્યાણને બહાને સમાજહિતની ઉપેક્ષા કરતા હતા. આચાર્યશ્રી વિજયવલ્લભ-સૂરીશ્વરજીએ કહ્યું, 'ધનિક વર્ગ લહેર કરે અને આપણા સહધર્મી ભાઈઓ ભૂખે મરે એ સામાજિક ન્યાય નહીં, પણ અન્યાય છે.'

પાલનપુરમાં અઠ્ઠાઈની તપસ્યા કરનારને સ્વામીવાત્સલ્ય કરવું પડે તેવી પરંપરા વર્ષોથી ચાલતી હતી. પરિણામે સામાન્ય સ્થિતિવાળી વ્યક્તિ એક તો તપશ્ચર્યા કરે અને વધારામાં આર્થિક બોજ સહન કરે. આથી આવી વ્યક્તિઓ તપશ્ચર્યાથી દૂર રહેવા લાગી. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજીએ ગરીબોની મૂંઝવણની આ નાડ પારખી લીધી. એમણે કહ્યું કે આ તો એક જાતનો ફરજિયાત કર કહેવાય. ધર્મમાં આવો કર હોઈ શકે નહીં. એમના ઉપદેશને પરિણામે પાલનપુરના જૈન સંઘે પોતાના આ રિવાજને તિલાંજલિ આપી.

ગરીબ અને મધ્યમ વર્ગના ઉત્કર્ષ માટે જેટલી આર્થિક સુવિધાઓની જરૂર હતી, એટલી જ એમને કેળવણી આપીને સન્માર્ગે વાળવાની હતી. યુગદ્રષ્ટા આચાર્યશ્રીએ કેળવણીની અનેક સંસ્થાઓ સ્થાપવાની પ્રેરણા આપી. કન્યા છાત્રાલય, બોર્ડિંગ, કૉલેજ, વિદ્યાલય અને જૈન વિદ્યાપીઠની સ્થાપના કરી. એમની કલ્પના તો જૈન વિશ્વવિદ્યાલયની સ્થાપનાની હતી. આચાર્યશ્રીની ઉદાર ભાવનાને કારણે માત્ર જૈનોએ જ નહિ, બલ્કે વૈષ્ણવોએ પણ એમના કેળવણી કાર્યમાં સારી એવી સખાવત આપી. વેપારી સમાજને કેળવણીના માર્ગે વાળવા માટે આચાર્યશ્રીએ કહ્યું,

'હૃદયમંદિરમાં સરસ્વતીની જ્યોત પ્રગટાવો એટલે અંતરમાં પ્રગતિની ઝંખના પ્રગટ્યા વગર નહીં રહે.'

લક્ષ્મી મંદિરમાં રાચનારા લોકોને એમણે સરસ્વતી મંદિર સ્થાપવાની પ્રેરણા આપી. ગુજરાતની વિદ્યા પહેલી વાર ગુજરાતની બહાર કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મહારાજના ગ્રંથ રૂપે દેશની બહાર ગઈ હતી. પરંતુ મેં પછી વિદ્યાપ્રેમ અને જ્ઞાનપ્રસારનાં તેજ ઝાંખા પડવા લાગ્યા. ચોપડી કરતાં ચોપડામાં વધુ રસ પડવા લાગ્યો. આવે સમયે નનામાં હૅન્ડબિલો છાપીને બદબોઈ કરવામાં કુશળ એવા સમાજના એક ભાગે આજથી ૧૦૦ વર્ષ પહેલાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સર્જન સમયે પૂ. આ. શ્રી વિજય- વલ્લભસૂરીશ્વરજીને નામે કેટકેટલી મુશ્કેલીઓ સર્જી હશે ? આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ તો સ્પષ્ટપણે કહેતા કે કેળવણી વિના આપણો આરો નથી. તેઓ ઇચ્છતા કે આ કેળવણી ધાર્મિક સંસ્કાર અને શ્રદ્ધાથી સુવાસિત હોય. તેમણે સમાજને ઢંઢોળતાં કહ્યું, 'કેળવાયેલા જ જૈનશાસનની રક્ષા કરશે.'

પ્રભાવક યુગપુરુષ પૂજ્ય આત્મારામજી મહારાજે પોતાના પટ્ટધર શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીને પોતાના અંતિમ આદેશ અને સંદેશમાં સરસ્વતી મંદિરો સ્થાપવા કહ્યું હતું. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીએ પંજાબ, રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્રમાં અનેક સરસ્વતી મંદિરોની સ્થાપના કરી. પોતાના દાદાગુરુની આજ્ઞાનું પાલન કરવા માટે આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી પ્રતિજ્ઞા લેતા હતા. એમણે પ્રતિજ્ઞા કરી હતી કે પંજાબમાં જ્યાં સુધી જૈન કૉલેજ ન સ્થપાય, ત્યાં સુધી ઉપવાસ, મૌન અને દરેક નગરમાં સાદગીભર્યો પ્રવેશ. એમની પ્રતિજ્ઞાનું

બળ પ્રજાકીય પુરુષાર્થનું પ્રેરક બનતું. એને પરિણામે તેઓની પ્રેરણાથી અનેક સમાજકલ્યાણનાં કાર્યો થયાં. ઈ. સ. ૧૯૧૩માં મુંબઈમાં ચાતુર્માસ સમયે વિદ્યાનું એક વાતાવરણ સર્જ્યું અને એમાંથી ઈ. સ. ૧૯૧૪માં સમાજના યુવકોના વિદ્યાભ્યાસ માટે નિવાસ આપતા શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના થઈ. આ સમયે સંસ્થાના નામકરણનો પ્રશ્ન આવતાં કોઈએ આચાર્યશ્રીને એમના દાદાગુરુનું કે એમનું નામ સાંકળવા વિનંતી કરી ત્યારે પૂ. આ. વિજયવલ્લભસૂરીશ્વરજીએ કહ્યું કે આ સંસ્થાનું નામ કોઈ વ્યક્તિવિશેષને બદલે તારક તીર્થંકર ભગવાન મહાવીરના નામ સાથે જોડવામાં આવે અને આ રીતે શ્રી મહાવીર જૈન વિદ્યાલયનું નામકરણ થયું. વિદ્યાલયનો પ્રારંભ તો એક નાના બીજ રૂપે થયો, પરંતુ થોડાં જ વર્ષોમાં એક વિશાળ ભવન ખરીદવામાં આવ્યું અને ઈ. સ. ૧૯૨૫માં એ ભવનમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો કારોબાર ચાલવા લાગ્યો. એ પછીના વર્ષે વિદ્યાર્થીગૃહ શરૂ થયું, આ જ્ઞાનના વડલાની વડવાઈઓ ફેલાવા લાગી. અમદાવાદ, પૂના, વડોદરા, વલ્લભવિદ્યાનગર અને ભાવનગરમાં એની શાખાઓ વિકસી, પરંતુ આ સંસ્થાનું સૌથી મોટું પ્રદાન તો એણે આપેલા તેજસ્વી વિદ્યાર્થીઓ છે, જે આજે દુનિયાભરના દેશોમાં ઉત્તમ કામગીરી બજાવી રહ્યા છે. આ સંસ્થા વિશે આચાર્યશ્રીએ કેવું વિરાટ દર્શન કર્યું હતું. એમણે કહ્યું,

'મહાવીર જૈન વિદ્યાલય એ જૈન સમાજનું ગૌરવ છે, પ્રગતિની પારાશીશી છે, શ્રમની સિદ્ધિ છે અને આદર્શની ઇમારત છે.'

આજે પણ આવી સંસ્થાઓની જરૂર છે, કારણ કે જ્ઞાનપ્રસારના અભાવે કોઈ પણ ધર્મ કે સમાજ ગઈ કાલની અંધશ્રદ્ધા અને આવતી કાલની અસંસ્કારિતામાં ડૂબી જાય છે. આજે શ્રી મહાવીર જૈન વિદ્યાલય એનું શતાબ્દી વર્ષ ઉજવી રહ્યું છે, તે સરસ્વતીમંદિરો સ્થાપવાનો યુગદર્શી આચાર્યશ્રીનો સંદેશ યુગસંદેશ સિદ્ધ થયો છે.

એક બાજુ ક્રાંતદ્રષ્ટા આચાર્યશ્રીએ સમાજની આર્થિક અને માનસિક ગરીબી ફેડવાની પ્રેરણા આપી, તો બીજી બાજુ નાના-નાના વાદવિવાદ અને મતાંતરમાં ગૂંચવાયેલા સમાજને એકતાનો સંદેશો આપ્યો. પંખી અને માનવીમાં ભેદ એટલો છે કે પંખી નીચે લડે, પણ ઊંચે જાય તો કદી ન લડે. જ્યારે માનવી થોડો ઊંચો જાય કે લડવાનું શરૂ થાય. શ્રીસંઘની એકતા માટે એમણે 'સવિ જીવ સરું શાસન રસી'ની ભાવના વ્યક્ત કરી. આસપાસ ચાલતા ઝઘડા, મતમતાંતરો, એકબીજાને હલકા દેખાડવાની વૃત્તિ – આ બધાંથી તેઓ ઘણા વ્યથિત હતા. મુંબઈના ચાતુર્માસ દરમિયાન તેમણે કહ્યું,

'તમે બધા જાણો છો કે આજકાલનો જમાનો જુદો છે. લોકો એકતા ચાહે છે. પોતાના હકોને માટે પ્રયત્ન કરે છે. હિંદુ-મુસલમાન એક થઈ રહ્યા છે. અંગ્રેજ, પારસી, હિંદુ અને મુસલમાન બધા એક જ ધ્યેય માટે સંગઠિત થઈ રહ્યા છે. આ રીતે દુનિયા તો આગળ વધી રહી છે. ખેદની સાથે કહેવું પડે છે કે આવા સમયમાં પણ કેટલાક વિચિત્ર સ્વભાવના મનુષ્યો – આપણા જ ભાઈઓ દસ કદમ પાછળ હઠવાનો પ્રયાસ કરે છે. આજે તો બધાએ એક થઈ કોઈ સમાજ, ધર્મ અને રાષ્ટ્રના કલ્યાણનું કાર્ય કરવું જોઈએ.'

આચાર્યશ્રીનો રાષ્ટ્રપ્રેમ પણ ઉદાહરણીય હતો. એમણે જીવનભર ખાદી પહેરી હતી. રેશમી વસ્ત્રોનો અવિરત વિરોધ કર્યો. આચાર્યપદવી વખતે પણ નવસ્મરણના પાઠ સાથેની પંડિત હીરાલાલ શર્માએ જાતે કાંતીને તૈયાર કરેલી ખાદીની ચાદર ઓઢી હતી. રાષ્ટ્રના અગ્રણીઓ આચાર્યશ્રીનાં

દર્શને આવતા હતા. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે શ્રી મોતીલાલ નહેરુની તમાકુની ટેવ છોડાવી હતી. અંબાલા શહેરની જાહેર સભામાં આનો એકરાર કરતાં શ્રી મોતીલાલ નહેરુએ કહ્યું, 'હું મારી અક્કલ ગુમાવી બેઠો હતો તે આ જૈન મુનિએ ઠેકાણે આણી.'

આવી જ રીતે પં. મદનમોહન માલવિયા પણ એમનાં પ્રવચનો સાંભળવા આવતા અને પોતાના કાર્યમાં આચાર્યશ્રીના આશીર્વાદ માગતા હતા. પદવી કે પ્રસિદ્ધિથી આચાર્યશ્રી હંમેશાં અળગા જ રહ્યા. ફાલનાની કૉન્ફરન્સ વખતે શ્રીસંઘે એમને વિનંતી કરી કે તેઓને 'સૂરિસમ્રાટ'ની પદવીથી વિભૂષિત કરવા માગે છે. આ સમયે આચાર્યશ્રીએ કહ્યું,

'મારે પદવીની જરૂર નથી. મારે તો શ્રીસંઘની સેવા કરવી છે. મારા પર સૂરિનો ભાર છે તે પણ હું મૂકી દેવા માગું છું.'

એમના હૃદયની વ્યાપકતા એમના જીવન અને વાણી - બંનેમાં પ્રગટ થાય છે. એમના આ શબ્દોની મહત્તા પિછાનવા માટે કેટલું વિશાળ હૃદય જોઈએ ! તેઓ કહે છે,

'હું ન જૈન છું, ન બૌદ્ધ, ન વૈષ્ણવ, ન શૈવ. ન હિંદુ કે ન મુસલમાન. હું તો વીતરાગ પરમાત્માને શોધવાના માર્ગે વિચારવાવાળો એક માનવી છું. એક યાત્રાળુ છું.'

વિચારની કેવી ભવ્યતા અને પોતાની કેટલી લઘુતા ! મહાવીરની વીરતા એ સિંહની વિરતા છે. અહિંસા દાખવવાનું સિંહને હોય, સસલાને નહિ. એવી અહિંસક વીરતાનું જ્વલંત ઉદાહરણ છે ક્રાંતદ્રષ્ટા આચાર્યશ્રીના જીવનમાં બનેલી પાકિસ્તાનમાં આવેલા ગુજરાનવાલાની ઘટના. ૧૯૪૫થી ૧૯૪૭ સુધીનો હિંદુસ્તાનનો એ સમય અંધાધૂંધી અને ઊથલપાથલોથી ભરેલો હતો. આવે સમયે આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ.સા. પંજાબ (પાકિસ્તાન)માં ગયા અને અઢી-ત્રણ વર્ષ સુધી શાસનકાર્યો કરતાં કરતાં એક વીર સાધુની પેઠે રહ્યા. આ સમયે આચાર્યશ્રીની ઉંમર ૭૫ વર્ષની હતી. એમણે ગુજરાનવાલામાં ચોમાસું કર્યું. ભારત-પાકિસ્તાનના ભાગલાના એ સમયમાં એમના ઉપાશ્રયમાં ચાર બૉમ્બ મુકાયા હતા. આચાર્યશ્રીને દેશભરમાંથી વિનંતી કરવામાં આવી કે આપ તત્કાળ ભારતમાં પાછા આવો. આચાર્યશ્રી એ બાબતમાં મક્કમ હતા કે શ્રીસંઘની એક એક વ્યક્તિ સલામત રીતે વિદાય થાય તે પછી જ હું અહીંથી જવાનો છું. ગુજરાનવાલાથી અમૃતસરની આચાર્યશ્રીની એ યાત્રા વીરતાની કથા સમાન છે.

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીએ પોતાના જીવનમાં ત્રણ આદર્શ રાખ્યા હતા: આત્મસંન્યાસ, જ્ઞાનપ્રસાર અને શ્રાવક-શ્રાવિકાનો ઉત્કર્ષ. એમણે ૬૮ વર્ષની સંયમસાધનામાં આ ત્રણેય આદર્શોની સિદ્ધિ માટે સતત પ્રયાસ કર્યો. સમાજને વર્તમાનમાં જીવવાની, રાષ્ટ્રીય પ્રવાહોને ઓળખવાની, જ્ઞાનપ્રસારની, અહિંસક વીરતાની, આત્મસાધનાની, સર્વધર્મસમભાવની અને ગતાનુગતિકતાને બદલે સમયજ્ઞતાની પોતાની વાણી અને જીવનથી ઝાંખી કરાવીને એમણે આવતી કાલનો માર્ગ કંડારી આપ્યો. આપણે તો એટલું જ કહેવાનું રહ્યું :

*વિજયવંત તુજ નામ અમોને અખૂટ પ્રેરણા આપો,*
*તારી પ્રેમ-સુવાસ સદાયે ઘટ ઘટ માંહે વ્યાપો !*

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય**

**શતાબ્દી મહોત્સવ ગ્રંથ**

**ખંડ : ૧**

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| (૧) | જિદ્દી છોકરો | ધીરુબહેન પટેલ | ૧ |
| (૨) | પ્રેમ ગુમાવનારની મૂંગી વ્યથા | રઘુવીર ચૌધરી | ૫ |
| (૩) | 'મામા પાગલ આશ્રમ'માં આશાનો દીપક | રજનીકુમાર પંડ્યા | ૯ |
| (૪) | દેવી | લે. પ્રભાતકુમાર મુખોપાધ્યાય | |
| | | અનુ. અનિલા દલાલ | ૧૪ |
| (૫) | ઑડિટિંગ | ઇલા આરબ મહેતા | ૨૭ |
| (૬) | લીલી પાંખોનું પતંગિયું | વર્ષા અડાલજા | ૩૭ |
| (૭) | બેટા, બોલ તો મમ્મી | વીનેશ અંતાણી | ૪૫ |
| (૮) | સોનચંપાનું ફૂલ | મણિલાલ હ. પટેલ | ૫૨ |
| (૯) | વેઇટિંગ | યોગેશ જોશી | ૫૭ |
| (૧૦) | દેવવ્રતની દુનિયા | અવંતિકા ગુણવંત | ૬૨ |
| (૧૧) | સંસાર-સંબંધની નશ્વરતાની કથા | હસુ યાજ્ઞિક | ૬૭ |
| (૧૨) | જ્યોતિ મેં જ્યોતિ મિલાઈ | કુમારપાળ દેસાઈ | ૭૨ |
| (૧૩) | ખેમો દેદરાણી | જોરાવરસિંહ જાદવ | ૮૦ |
| (૧૪) | અધ્યાત્મયોગી અવધૂત શ્રી ચિદાનંદજીની વાણી | નિરંજન રાજ્યગુરુ | ૮૬ |
| (૧૫) | શીલભદ્ર શ્રેષ્ઠી શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ | રજની વ્યાસ | ૯૭ |
| (૧૬) | પાલમાં પ્રાગટ્ય, ઉનામાં અસ્ત | દોલતભાઈ ભટ્ટ | ૧૦૧ |
| (૧૭) | સંત-કવિ મેકણદાદા | ગુલાબ દેઢિયા | ૧૦૬ |
| (૧૮) | શ્રી આત્મારામજી મહારાજ | કલાબેન શાહ | ૧૧૧ |
| (૧૯) | કવિ લબ્ધિસૂરિજીનું જીવન અને કવન | કવિન શાહ | ૧૧૭ |
| (૨૦) | ગુજરાતનો સાંસ્કૃતિક સંદર્ભ અને પાંચ સૂરિરત્નો | શાંતિકુમાર એમ. પંડ્યા | ૧૨૫ |
| (૨૧) | મોતીશાહ શેઠ | રૂપા એ. શેઠ | ૧૩૩ |
| (૨૨) | શ્રી ભક્તામર સ્તોત્રના રચયિતા આચાર્ય માનતુંગસૂરિજી | રેખા વોરા | ૧૪૧ |
| (૨૩) | શાંતિદાસ ઝવેરી | માલતી શાહ | ૧૪૯ |
| (૨૪) | માનવતાની મહેંક : શ્રી દીપચંદ ગાર્ડી | કુમારપાળ દેસાઈ | ૧૫૪ |
| (૨૫) | 'શીલોપદેશમાલા' રચયિતા પંડિત શ્રી જયકીર્તિસૂરિ | પ્રફુલ્લા વોરા | ૧૬૩ |
| (૨૬) | ધર્મ અને કવિતા | ચન્દ્રકાંત શેઠ | ૧૬૮ |
| (૨૭) | શિખામણ | રતિલાલ બોરીસાગર | ૧૭૧ |
| (૨૮) | અહિંસા અને ગાંધીજી | દક્ષા વિ. પટ્ટણી | ૧૭૬ |
| (૨૯) | ઇસ્લામમાં અહિંસા અને શાંતિ | મહેબૂબભાઈ દેસાઈ | ૧૯૩ |
| ❑ | વિદ્યાલયની વિકાસગાથા | - | ૧૯૮ |
| ❑ | વિદ્યાલય : ભાવિ વિકાસની દિશામાં | - | ૨૦૨ |
| ❑ | VISION | - | ૨૦૩ |
| ❑ | શતાબ્દીના આરે | માલતી શાહ | ૨૦૪ |

# જિદ્દી છોકરો

ધીરુબહેન પટેલ

'શું થયું ?'

'નથી માનતો.'

'તમે બરાબર કહ્યું નહીં હોય.'

માયાએ જવાબ ન આપ્યો. સાડી સરખી જ પહેરાઈ હતી છતાં ખભા ફરતી જરા વધારે ખેંચી. નેમચંદ શેઠ પ્રત્યે એને ઘરનાં બાકીનાં બધાં માણસોની જેમ જ અહોભાવ અને આદર હતાં પણ આ સંજોગોમાં સસરાની આજ્ઞા પાળવાનું સહેલું નહોતું. તે છતાં એ ધીરેથી બોલી, 'કહી જોઉં ફરી એક વાર'

'હં... જુઓ.'

માયા ઢીલાં પગલાં માંડતી પોતાના ઓરડા તરફ ગઈ. આવે પ્રસંગે પણ મિટિંગોમાં ગૂંચવાઈ રહેલા શ્રીપાલ પ્રત્યેનો એનો ધૂંધવાટ કાઢવાનું એક જ સાધન હતું પણ આખો વખત 'વ્યસ્ત હૈ વ્યસ્ત હૈ'ના શુકસંદેશથી જરાયે આગળ ન વધતા ટેલિફોનને તિરસ્કારથી જરાક હડસેલીને એ આગળ ચાલી. એના મનમાં બીક હતી, વીરેન નહીં માને તો શું થશે ?

વીરેનનો ઓરડો સાફસૂફ અને સરસ સજાવેલો રાખવાના એના બધા પ્રયત્નો કાયમ નિષ્ફળ જ જતા. જ્યાં જુઓ ત્યાં ચોપડીઓ ને ચોપડીઓ ! બબ્બે કબાટ કરાવ્યાં હતાં તોયે આખા ટેબલ પર, ખુરસીઓ પર, બારીની પાળ પર જ્યાં જ્યાં મૂકી શકાય ત્યાં તે ન જ મૂકવી જોઈએ ત્યાં પણ નરી ચોપડીઓ જ પથરાયેલી હતી. 'આમાં ને આમાં જ એનું મગજ ભમી ગયું છે.' એના મનમાં વિચાર આવ્યો, પણ એ જાણતી હતી, વકીલોને તો રાતદિવસ વાંચવાનું હોય જ.

બાપદાદાનો ધીકતો ધંધો છોડીને નકામો આ બધી પળોજણમાં પડ્યો છે છોકરો ! એનાથી પોતાની જાણ બહાર જ નિસાસો નંખાઈ ગયો.

બારી બહાર જોઈ રહેલો વીરેન એનાં પગલાંના સંચારથી પાછળ વળ્યો અને એને જોઈને અત્યંત આનંદિત થઈને બોલ્યો, 'અરે મા ! આવ, આવ !' માયાની સામે જઈને એ એને વહાલથી ભેટ્યો અને સામે જોઈ રહ્યો.

'મને થતું જ હતું કે તું પાછી આવશે.'

'આવીનેય શું ? તું કાંઈ મારી વાત માનવાનો છે ?'

'માનવા જેવી હોય તો ન માનું ?'

'માનવા જેવી છે કે નહીં તે તારે નક્કી કરવાનું, નહીં?'

વીરેન હસી પડ્યો અને બોલ્યો, 'હવે તો મારે જ નક્કી કરવું પડે ને ? હું મોટો નથી થયો?'

'થયો જ છે તો ! આવતા માગશરમાં તો લગન લેવાનાં છે.'

વીરેન જરા ઝંખવાઈ ગયો. 'અંજુના પપ્પા વિવાહ તોડી ન નાખે તો !'

'વાત એટલી બધી આગળ વધી ગઈ છે ?'

'હા, એ લોકો પણ પપ્પા અને દાદાની જેમ જ મંડ્યા છે કે મારે આ કેસ ન લેવો જોઈએ.'

'તોયે તું લેવાનો ?'

'છૂટકો જ નથી.'

'શાનો છૂટકો નથી ? આપણી પાસે શું ઓછું છે ? એક કેસ છોડી દઈશ તો આપણે ભૂખે નથી મરવાનાં.'

આ વાત પર તો વીરેન ખડખડાટ હસી પડ્યો. માયાને પરાણે ખેંચીને એક બાજુએ પડેલા સોફા પરની ચોપડીઓ ખસેડીને બેસાડી અને પોતે પણ સાંકડેમોકળે એની બાજુમાં ગોઠવાયો.

'જો મા, ફરી એક વાર સમજાવું. હું એક પૈસો પણ નહીં કમાઉં તોયે આપણા ઘરમાં બીજી કે કદાચ ત્રીજી પેઢી લગી પણ કોઈ ભૂખે નથી મરવાનું એટલી મને નથી ખબર?'

'તો પછી ?'

'સવાલ એ છે જ નહીં. હું એક વકીલ છું અને મારે મારા અસીલ માટે લડવું જ જોઈએ એ મારું કામ છે. એ મારાથી છોડી ન દેવાય.'

'એક કેસ છોડી દઈશ તો આકાશ તૂટી નથી પડવાનું.'

'તૂટી પડવાનું છે, મારા પર તો ખરું જ.'

'વીરેન, ખોટી જીદ શું કરવા કરે છે ? એક ગાંડા માણસને ખાતર અમને બધાંને, દાદાજીને સુધ્ધાં કેટલું નીચાજોણું થાય સમાજમાં, કંઈ સમજે છે ?'

'અને એનો કેસ છોડી દઉં તો મારે ભગવાન સામે કેટલું નીચાજોણું થાય તે તમે લોકો સમજો છો?'

'ભાઈસાબ, તમને વકીલોને વાતમાં કોઈ ના પહોંચે. મારે માથાફોડ નથી કરવી. સો વાતની એક વાત, આ કેસ છોડી દે.'

'તો મા ! મારી આ એકસો એકમી વાત તું પણ સાંભળી લે. ગમે તે થશે તોપણ હું આ કેસ નહીં છોડું.'

'કેમ ?'

'કારણ કે એને પક્ષે ન્યાય છે. એ સાચો છે.'

'કોણે કહ્યું ?'

'હું કહું છું.'

'તારી હજી ઉંમર જ શું થઈ છે ? તારા પપ્પા, તારા દાદા, અંજુના પપ્પા બધા ખોટા અને તું એકલો જ ડાહ્યો, એમ ?'

'મા ! શું સાચું છે તે નક્કી કરવામાં એકલી મતગણતરી ન ચાલે. આખી દુનિયાની સાથે ઊભો રહીને એક માણસ જો સાચી વાત કહે તો બીજા બધાએ એનું માનવું પડે.'

'તે આ તારા પેલા કોણ – હા, શંકરે – બધાં પાંજરાં ખોલી નાખ્યાં અને જાનવરોને છૂટાં મૂકી દીધાં તે ડહાપણનું કામ કર્યું ? બધાં જંગલી જનાવરો શહેરમાં છૂટાં ફરે તો લોકોનું શું થાય ?'

'એમને જંગલમાંથી અહીં લાવનાર માણસોએ વિચાર કર્યો હતો કે એમનું શું થશે ?'

'એ તો મજાનું ખાઈપીને પાંજરામાં પડ્યાં રહે છે. એમને શી તકલીફ છે ? કોઈ કોઈને તો બચ્ચાંયે થાય છે. આપણાં નાનાં છોકરાં બિચારાં એમને જોઈને કેટલાં ખુશ થાય છે, ખબર છે ?'

'એમને ખુશ થવું હોય તો જાય જંગલમાં ને જોઈ આવે. એમને જોખમ ખેડવું નથી. કશી તકલીફ લેવી નથી ને આ બિચારાંને – જવા દે મા. તને નહીં સમજાય.'

'મારે સમજવું પણ નથી. તું આ શંકરનો કેસ છોડી દે એટલે વાત પતી.'

'એ નહીં બને.'

'તો પછી – શું થશે એ જાણે છે ?'

'બરાબર જાણું છું અને મને એનો વાંધો પણ નથી. હું ક્યાં રહીશ ને શું ખાઈશ એની ચિંતા ના કરતી મા. આ લોકો મને ઘરમાંથી કાઢી મૂકે એ પહેલાં હું જ મારી મેળે જતો રહીશ.'

'ને અંજુ –'

'હં... પણ મને નથી લાગતું કે મારી જોડે આવે. જોકે એ મને ગમે છે તો ખરી.'

'તો પછી ?'

'જે થાય તે ખરું.'

'વીરેન !'

'નહીં મા ! તું રડ નહીં. મારા પર મહેરબાની કરીને રડીશ નહીં. તને – તને ખબર નથી કે તને આમ રડતી જોઈને મારાથી નથી રહેવાતું – મને યાદ નથી કે છેલ્લો હું ક્યારે રડ્યો હોઈશ. પણ – મા ! પ્લીઝ...પ્લીઝ..'

વીરેન ઊઠી ગયો ને વળી પાછો પેલી બારી પાસે જઈને ઊભો રહ્યો. એની નજર આકાશ ભણી હતી જ્યાં થોડી વારે પંખીઓનાં ટોળાં ક્રમબદ્ધ આકારે અને ગતિએ ઊડતાં જતાં હતાં. વીરેન ક્ષિતિજ લગી જોઈ રહ્યો. કોણ એમનો આગેવાન થતો હશે અને શા માટે બધાં એને અનુસરતાં હશે તે કશું સમજાતું નહોતું. તોયે તે આમ જોઈ રહેવાનું સારું લાગતું હતું.

પછી એ પાછો પોતાની મા પાસે ગયો અને એના માથા પર હાથ ફેરવીને બોલ્યો, 'મા, તારું રડતું મોં જોઈને જ મારે જવાનું છે ?'

'તું જઈશ નહીં, દીકરા !'

'આ ઘરમાં રહીને હું શંકરનો કેસ લડી શકીશ ?'

'પણ એ કેસ જ છોડી દે ને, વીરેન !'

'એ તો કેમ બને ? એને પક્ષે સત્ય છે – નથી, મા?'

વીરેન ઇચ્છતો હતો કે પોતાના મનનો દાહ એ માને સમજાવી શકે. પોતાની જાતને સર્વોત્કૃષ્ટ માનીને બાકીના તમામ જીવોને પોતાના કુતૂહલની શાંતિ માટે કે પોતાના ઉપયોગ માટે ફાવે તેમ કનડવાનો હક માણસને કોણે આપ્યો? શા માટે એ વિરાટ મહાનગરોમાં રહીને ત્યાંની તમામ સગવડો સાથે નૈસર્ગિક જીવનનો આનંદ પણ ભોગવવા માગતો હતો ? બીજા જીવોને પોતાના કુદરતી વાતાવરણમાંથી ઉપાડી લાવીને અહીં બંધનમાં રાખવાનો હક એણે ક્યાંથી મેળવ્યો હતો ? શંકરે જે કર્યું તે નાગરિકોની સુખસલામતી માટે જોખમકારક હોઈ શકે પણ એના પોતાના આત્માની શાંતિ માટે જરૂરી નહોતું ? કદાચ એ આપણા બધાના અપરાધનું પ્રાયશ્ચિત્ત કરતો હોય... એનો કેસ વીરેન છોડી દે તો કદાચ આ બધાં પુસ્તકો પણ એને માફ ન કરે.

અપાર સ્નેહથી પોતાની મા સામે જોઈને એણે કહ્યું, 'મારી પાસે કોઈ વિકલ્પ નથી, મા ! મને માફ કરી દેજે. પણ મારાથી આ કેસ નહીં છોડાય.'

# પ્રેમ ગુમાવનારની મૂંગી વ્યથા

રઘુવીર ચૌધરી

આગલા દિવસે જેરામ આખા પાયાના માણસોને મળ્યો હતો. આડીઅવળી કશી વાત નહીં, ફક્ત 'રામ રામ' કહેતો હતો. ત્યારે કોઈએ ધાર્યું નહોતું કે જેરામ કાયમ માટે વિદાય માગી રહ્યો છે.

જેરામને બેતાળીસમું વર્ષ ચાલતું હતું. વીસ વર્ષનો તો એને દીકરો છે. કૉલેજ અધૂરી મૂકીને ઊઠી ગયો. કોઈકે મહેણું માર્યું હતું : 'તારી માને તો એક વાર પાછી લાવ.'

જેરામની પત્ની નાસી ગઈ એ વાતનેય આજે તો પાંચ વર્ષ થવા આવ્યાં. જેરામ સળવળ્યો નહીં. ઓળખીતાં-પાળખીતાં ને સગાંવહાલાં કહેતાં રહ્યાં : 'ભાળ મેળવી જનારીને પાછી લઈ આવો.' જેરામ એટલું જ કહેતો : 'એ ક્યાં પિયર ગઈ છે કે લઈ આવું ? એ તો નાતરે ગઈ છે.'

કેટલાક એને પોલીસકેસ કરવા કહેતા. જેરામ મૂંગો રહેતો. કોઈ નજીકનું માણસ આગ્રહ કરે તો એ આંખ ઊંચી કરી, ઢીંચણ પર હાથ દઈ કાઠા કાળજે કહેતો : 'પાછો પોલીસને ઘરબું ? પેલાને પોલીસની બીક હોય તો આમ પરણેતરને, એક છોકરાની માને લઈને નાસી ગયો હોત ? પોલીસ મારા પૈસા ખાઈ, પેલાની પાસેથી પૈસા પડાવશે. કાયદાની બીક બતાવી એ કમાણી કરશે.'

કોઈ ઓળખીતાને બાતમી મળી હોય એમ એ સલાહ આપતો : 'જેરામ, ચાલ આપણે ચારપાંચ જણા જીપ લઈને જઈએ. પેલાને ઝૂડી નાખીએ. તારી વહુને છોડાવી લાવીએ.'

'હવે એ મારી શેની ? અને પેલાને ઝૂડવો હોય તો હું એકલો પૂરતો છું. મારી હાજરીમાં આ પાયામાં કદી ચોરી થઈ છે ? મારી હાક સાંભળી ભલભલાને પરસેવો નથી વળી જતો ? પણ આ તો વિશ્વાસનો

સવાલ છે. બધું સંધાય, તૂટ્યો વિશ્વાસ ન સંધાય. હવે એ બંને મારે માટે મરી ગયાં છે. મરેલાંને મારે મારવાં નથી. મારેય ઝાઝું જીવવું નથી. ઘસરડા નથી કરવા. છોકરો વીસ વરસનો થાય, કામે વળે, એને પરણાવું પછી બસ, રામ રામ !'

જેરામની અનિચ્છાએ એની પત્નીની ભાળ મેળવનાર એને ખેતરે આવી પહોંચતાં. એક વાર એક મજૂરણ બાઈ આવી. એ જેરામની પત્નીનો સંદેશો લઈ આવી હતી. સરનામું પાકું હતું. બે માણસ લઈને જવાનું હતું. પેલો સામનો કરી શકે એમ નથી. 'એની કમાણીનો એ દારૂ પી જાય છે. મારી મજૂરીનો રોટલો ખાય છે. મને નરકમાંથી છોડાવશો તો ભગવાન તમારું ભલું કરશે.'

જેરામે કહેલું : 'હું કોઈને ઓળખતો નથી. મારે કોઈની જરૂર નથી. દારૂની લત તો મનેય લાગી છે. એને કહેજે, બીજે ક્યાંક સુખ શોધી લે. આ બાજુ લમણો ન કરે. હું ને મારો છોકરો - - બંને મહેણાંથી ટેવાઈ ગયા છીએ.'

જવાબ આપ્યા પછી જેરામ જાત સાથે વાતે વળગ્યો. એ આપમેળે પાછી આવી હોત તો હું કાંઈ કાઢી મૂકવાનો હતો ? બે દાડા ખેતરની છાપરીએ પડી રહેત. પછી બાજુની ઓરડી સાફસુથરી કરી જુદો ચૂલો કરવા કહેત. છોકરાને એની માની માયા હશે તો સૌ સારાં વાનાં થશે. બાકી એ મારી સગી તો હવે નહીં જ.

કોક વાર જેરામને પોતાની ભૂલ સમજાતી.

શું કામ કમાઈ નાખવા ઊપડ્યો હતો શહેરમાં ? પહેલાં ટ્રૅક્ટર ચલાવતાં શીખેલો, પછી ખટારા ચલાવતો થયો. ટ્રાન્સપૉર્ટ કંપનીના માલિકને વિશ્વાસ બેસી ગયો. ખેડૂતનો દીકરો છે. ખોટું નહીં બોલે. કોઈ વટેમાર્ગુને જોડે બેસાડશે તો પૈસા નહીં લે. ખટારો બગડ્યો હતો એમ કહી ખોટા પૈસા નહીં પડાવે. છ મહિનામાં તો એણે મોટાં મોટાં શહેરોની ઊડતી મુલાકાત લઈ લીધી હતી. શહેરોમાં વાહનોનાં કીડિયારાં વચ્ચે આગળ વધતાં ભારે ધીરજ રાખવી પડતી. પણ પછી બહાર નીકળ્યા પછી ઊંચાં ઝાડની હરોળ જોઈ પોતાની સીમ યાદ આવી જતી. પત્ની ખેતીના કામમાં પાવરધી હતી. દીકરો પણ નિશાળેથી છૂટી ટેકો કરતો. એક ખેતર ભાગમાં વાવવા આપ્યું હતું. એ ખેતમજૂર આવું કાળું કામ કરશે એવું સપનેય ધાર્યું ન હતું.

એક વાર એ અણધાર્યો ઘેર આવ્યો હતો. ઘર બંધ હતું. ખેતરમાં રૂ વીણવાનું કામ ચાલતું હતું. પત્નીની પીઠ પર રૂની ફાંટ હતી. પેલો કોદાળી લઈ કાંટાળિયા છોડ ગોદતો હતો. વચ્ચે વચ્ચે રૂ વીણી જેરામની પત્નીની ફાંટમાં મૂકતો હતો. જેરામ પત્નીને અચરજમાં મૂકવા માગતો હોય તેમ પાછલા શેઢાથી ખેતરમાં દાખલ થયો. એને દૂરથી દેખાયું : પેલો ફાંટમાં રૂ મૂકવાની સાથે બરડે અને કેડ પર હાથ ફેરવી લે છે. શું પેલીને ખબર પડતી નહીં હોય ? કે કશું ન જાણવાનો દેખાવ કરીને આ રીતે છૂટ આપતી હશે ? એના પગ શેઢે જડાઈ ગયા. કપાસના છોડ ખભા સુધી આવ્યા હતા. રૂ ફાટ્યું હતું, નવાં જીંડવાં ફાટ ફાટ થઈ રહ્યાં હતાં, કોઈક છોડની ટોચે ફૂલ ડોકાઈ રહ્યાં હતાં. આ દૃશ્ય એનું મન મોહી લેતું. પણ આજે એની નજર પત્નીની પીઠ પરથી ખસતી ન હતી. પેલાએ કોદાળી ઉપાડી, એક કાંટાળિયું ખોદી ક્યારાની પાળ પર નાખ્યું. બાજુના છોડની નીચલી ડાળીનું રૂ વીણ્યું. જેરામની પત્નીની છાતી નજીક હાથ લઈ જઈને ધર્યું. 'મૂકી દો અંદર.' સંભળાયું. એ પછી

મીંઢા અવાજમાં પુછાયું : 'શેમાં મૂકું ? ફાંટમાં કે કાંચળીમાં ?' થોડી શરમ અને થોડી નફટાઈ સાથે જેરામની પત્નીએ કહ્યું : 'આજ ભલા રજા લેવા રોકાયા ?'

આ ઉદ્ગાર ઘણું બધું સૂચવી જતો હતો. જેરામને કાળ ચઢ્યો. જઈને પેલાના હાથમાંથી કોદાળી ખેંચી લઈ –

પણ એ શહેરના રસ્તે આડે આવતા માણસ કે વાહનને અડફેટમાં લેવાને બદલે બ્રેક મારવા ટેવાઈ ગયો હતો. આજે પણ એણે જાત પર કાબૂ મેળવી લીધો. શેઢેથી પાછા વળી ખળા બાજુ જઈ ખોંખારો ખાશે. પણ ચીકણા શેઢા પરથી પગ વાળતાં ખ્યાલ ન રહ્યો અને પગ લપસ્યો. પાસેનો કપાસનો છોડ હાથમાં આવી જતાં એને સહેજ ટેકો મળ્યો. પડતાં પડતાં રહી ગયો. એથી અવાજ થયો. એ સાંભળી એની પત્નીની નજર એના ભણી વળી. ખભો અને પીઠ જોઈ એ પતિને ઓળખી ગઈ. દોડી આવી.

'જરા જોઈને ચાલવાતા ને, ભીના શેઢે –'

જેરામ બોલ્યો નહીં. બૂટ ચીકણી માટીમાં ખૂંપી ગયો હતો. એ ખંખેરી હાથમાં લીધો. પત્ની સાથે એની કરડી નજર મળી. એની ભોંઠપ વધી ગઈ. જેરામની નજર એની કાંચળી પરથી જલદી ખસી નહીં. એની કોર પર રૂ વળગેલું હતું. થોડી વાર પહેલાં જે કાને પડ્યું હતું એ યાદ આવી ગયું. હાથથી રૂ લઈ લેવાની ઇચ્છા મરી ગઈ. પત્ની જેરામની નજરને કળી ગઈ. ચોંટેલું રૂ જોઈ છળી પડી. પીઠ ફેરવી એણે કાંચળી સાફ કરી. શેઢાની બીજી બાજુની કોરી જમીન પર ફાંટિયું પાથરેલું હતું. એમાં રૂ નાખી પતિ પાસે આવી.

જેરામ કપાસના વાવેતરની અંદર કાંટાળિયા છોડ ગોડતા ભાગિયાને જોવા મથતો હતો. એ કોદાળી ચલાવતો દૂર નીકળી ગયો. એના મનમાં પાપ ન હોત તો એ અવાજ સાંભળી દોડી આવ્યો હોત. નક્કી, આડો વેવાર ખુલ્લો પડી જતાં એ કોદાળી ઉછાળતો સરકી ગયો. પળવાર માટે ચોખવટ કરવાનું મન થયું. પણ જાણે કે જીભ લૂલી થઈ ગઈ હતી. વિશ્વાસઘાતનાં મોજાં નજીક અને દૂરથી એને પાછો ધકેલતાં હતાં. એ કંઈ નિર્દોષ ગમ્મત નહોતી જ. જેને સુખી કરવા મેં અગવડો વેઠવા માંડી એ આ મજૂરને મોહી પડી ? પોતે એક છોકરાની મા છે એય ભૂલી ગઈ ? આને કંઈ પણ પૂછી ચોખવટ કરવાનો અર્થ નથી. ખરેખર તો બેયને ઝૂડી નાખવાં જોઈએ. પણ ના. વળી પાછી બ્રેકની ટેવ યાદ આવી ગઈ.

ઘૈડિયા સાવચેત રહેવાની સલાહ આપતા. પણ પોતે માની લીધું કે જમાનો સુધરી ગયો છે. ઊંચનીચના સંસ્કાર જેવો કોઈ ભેદ રહ્યો નથી. ભાગિયો આમન્યા તોડશે એવું સપનેય ધાર્યું ન હતું. પહેલાં તો બધાં બૂધાની બીકે પાંસરાં રહેતાં. પણ આજે મજૂર માણસને મારઝૂડ કરી બેસીએ ને એ ફરિયાદ કરે તો આપણે જેલમાં. ગુનેગારોને મન ફાવે તેમ વર્તવાની છૂટ આપે એવા કાયદા થયા. એ બંધ હોઠે બળતો રહ્યો. જમ્યો નહીં. દીકરો નિશાળેથી આવ્યો ત્યારે એના જીવમાં જીવ આવ્યો. બે ઘડી વાતો કરી. સવારે એની સાથે નીકળશે. નવું દફતર ખરીદી આપશે. દીકરો ઇજનેર થશે એ એક જ સ્વપ્ન અકબંધ રહ્યું હતું. ઘરઆંગણે વટેમાર્ગુની જેમ ખાટલામાં પડી રહ્યો હતો. ઊંઘ આવી

ન હતી. પત્ની સવારે પણ કશું બોલી શકી ન હતી.

શેઠે જેરામની મનોદશા સમજી સલાહ આપી હતી : આંખ આડા કાન કરીને ઘણા જીવે છે. જે ટુકડો હાથમાં આવ્યો એટલાથી રાજી રહે છે. પણ તું જુદી માટીનો છે. તારો હિસાબ લઈ પાછો જા. તને ઘરખેતર ભેળાઈ જવાની બીક છે, એ સાચી પડે તો મારોય જીવ બળે.

જેરામે નોકરી છોડી એ જાણી પત્નીએ ખુશી દાખવી પણ એથી એમની વચ્ચેનું અંતર ઘટ્યું નહીં. મોસમ પૂરી થતાં ભાગિયો બીજે જોડાઈ ગયો, પણ એ બાજુના નેળિયે નીકળતાં એ ખેતર બાજુ અચૂક નજર કરતો. જેરામની આંખેથી તણખા ખરતા. પછી એની અને એની પત્ની વચ્ચે અંધારું વધતું. અગાઉની આત્મીયતા જાગી જ નહીં અને એક સાંજે એની પત્ની ઘેર જવા નીકળી ને બીજી દિશામાં વળી ગઈ. જેરામને એ અણધાર્યું નહોતું લાગ્યું. એ બે જણે સુખી થવાનો ટૂંકો રસ્તો અગાઉથી શોધી રાખ્યો હશે. ભલે ગઈ. એની સાથે રહેવાથી તો એકલા રહેવું સારું. દિવસો, મહિનાઓ વીતતા ગયા.

દીકરાએ બાપને ઠપકો આપ્યો : તમારા વહેમનું આ પરિણામ, ભોગવો હવે. જેરામ જાતે રસોઈ કરી દીકરાને જમાડતો. પણ એને હોટલનો નાસ્તો વધુ ગમતો. કૉલેજ છોડી દીધી. ગાંઠવાની વાત નહીં. દીકરો પરણીને સુખી થાય એ દિવસ જોવો હતો. પણ એને કોણ કન્યા આપે ? મા વંઠીને નાસી ગઈ, બાપ વ્યસને ચડ્યો.

જેરામ સખત કામ કરતો. પણ એના સુકાતા જવાનું કારણ તો હતું ઘરખેતરનો સૂનકાર. દીકરાને કામ ચીંધવાનું પણ એને સૂઝતું નહીં. એને ખાતરી હતી કે દીકરો સામેથી ઠપકો આપશે.

લોક કહેતું : તારો બાપ ઊંધી ખોપરીનો. તારી મા પાછી આવવા તૈયાર છે છતાં લાવવા રાજી નથી. ઘણાંના પગ કૂંડાળામાં પડે છે. પણ સામાની ભલાઈ જોઈ સુધરી જાય છે. તારા બાપને સમજાવ, બે જણા સરખું ખાવા તો પામશો. બે પાંદડે થતાં તનેય કન્યા મળશે.

દીકરાની સલાહ જેરામ સાંભળી રહેતો. છેલ્લે કશોક નિર્ણય કરીને બોલ્યો : 'જા, તું તેડી લાવ એને. તમે બે સુખી થતાં હો તો મને વાંધો નથી.'

તે દિવસના નિર્ણય મુજબ એણે બધા ઓળખીતાને 'રામ રામ' કરવાના શરૂ કર્યા હતા. આવો જમ જેવો માણસ મરવાની તૈયારી કરી ચૂક્યો છે એ માનવા કોઈ તૈયાર ન હતું. પણ જેરામે ઝેર પીને ઉપર નશો પણ કરી લીધો. જંતુનાશક દવાઓનું ઝેર પીનારા કેવું તરફડે છે એ ઘણાએ જોયું છે. પણ જેરામ છેલ્લા શ્વાસ સુધી મક્કમ રહ્યો.

લોકો એની જીદને, એની ટેકને વખાણે છે. પણ એનું દુઃખ બધાંથી અજાણ્યું રહી ગયું. ભણેલો દીકરો પણ પામી ન શક્યો કે પ્રેમ ગુમાવનાર માણસ આથી વધુ ભાગ્યે જ જીવી શકે.

# 'મામા પાગલ આશ્રમ'માં આશાનો દીપક !

છેક ૧૯૮૪ની સાલથી ટ્રક-ડ્રાઇવરી કરીને ગુજરાન ચલાવતા વણધાભાઈ પરમાર જ્યારે અનેક ટ્રકમાલિકોની નોકરી કર્યા પછી પોતાની ખુદની ટ્રક ચલાવતા થયા ત્યારે એમણે જેને ગુરુ ધાર્યા હતા તે વિરમદાસબાપુએ એક લીટીનો ગુરુમંત્ર આ અલ્પશિક્ષિત શિષ્યને આપ્યો હતો : 'વણધાભાઈ, જેનું કોઈ ન થાય, તેના તમે થાજો. તો તમારો ઉપરવાળો થાશે.' – આ મંત્ર તો વણધાભાઈના મનમાં બેસી ગયો હતો. પણ એનો અમલ એટલે શું ? અને ખબર પડે તોય એ કેવી રીતે કરવો? જેનું કોઈ ના થાય એવું તે કોણ અભાગિયું હોય અને એ ઓળખાણ- પિછાણ વગર આપણને શું કરવા મળે ? આવા વિચારો એમને ટ્રક ચલાવતા ચલાવતા આવતા હતા. એવામાં એક દિવસ એ ટ્રક લઈને આ દરિયાકિનારાના હાઈવે પરથી પસાર થતા હતા. એક બાઈ આડી ઊતરી. વણધાભાઈએ ચિચિયારીનો અવાજ થાય એવી જબરદસ્ત બ્રેક મારી. બાઈ બચી તો ગઈ. વણધાભાઈ નીચે ઊતર્યા ને બાઈને લાફો ઝીંકી દેવા જતા હતા ત્યાં એમનો ઊપડેલો હાથ થંભી ગયો. બાઈ તો ખિખિયાટા કરતી હતી ! લૂગડાંનું ઠેકાણું નહોતું ને દિનદશાનું પણ ભાન નહોતું. એટલી બધી ગંધ મારતી હતી કે સો દહાડાથી નહાઈ પણ નહિ હોય. આની પર ખિજાવું તો ખિજાવું પણ કઈ રીતે ? કોણ જાણે કેમ કેટલાક દિવસથી ખાધુંપીધું પણ નહીં હોય. બીજું કાંઈ ના સૂઝ્યું એટલે વણધાભાઈએ ટ્રકમાંથી પાણી ભરેલો કેરબો (મોટું કન્ટેઇનર) કાઢ્યો ને રસ્તાને કોરાણે જઈને બાઈને માથે ઠાલવી દીધો. આ રીતે 'નવડાવી' બાજુમાં પરોઠા હાઉસ હતું, ત્યાંથી ખાવાનું લાવીને ધર્યું તો ખુશ ખુશ ઝાપટી ગઈ. ને પછી 'ક્યાં જવું છે તારે ?' એમ પૂછ્યું ત્યારે એ સવાલ પોતે જ મોટી 'કારૂણી' બની રહ્યો. કારણ કે વાતે વાતે ખિખિયાટા કરતી એ બાઈ આ સવાલ પછી

રજનીકુમાર પંડ્યા

એકદમ શૂન્યમનસ્ક બની ગઈ. છેવટે વણધાભાઈ એને પોતાને ગામ ગરધર, જે માધવપુરથી નવ કિલોમીટર દૂર છે ત્યાં, લઈ આવ્યા.

ગમે તેમ પણ એ પોતાની ઓળખ ભૂલી ગયેલી, (આઇડેન્ટિટી) ગુમાવી બેઠેલી પ્રૌઢા વણધાભાઈને 'મામા', 'મામા' કહેવા માંડી અને ત્યાં જ રહી પડી.

આ વેરાવળ-પોરબંદર કોસ્ટલ (દરિયાઈ કાંઠાનો) હાઈવે છે. જેવું ભૂજનું, તેવું જ વેરાવળનું - ટ્રેનનું છેલ્લું સ્ટેશન ! ક્યાંયથી પણ ગાડીમાં ચડી બેઠેલા અહીં છેલ્લે ઊતરી પડે. ભારતભરમાંથી પોતાની આઇડેન્ટિટી ગુમાવી ચૂકેલા ગાંડાઓ અહીં ઊતરી પડે ને કિનારે કિનારે ચાલતાં ચાલતાં અહીં માધવરાયજીના મંદિર એટલે કે માંગરોળ નજીકના માધવપુર સુધી આવી પહોંચે, ને પછી વણધાભાઈની આ ઝૂંપડી જેવી જગ્યા જુએ એટલે આશરો પામે. આવા ગાંડાઓ આ પ્રૌઢા પછીનો પહેલો પાગલ આવ્યો તે જીવરાજ નામનો એક હરિજન. સાવરકુંડલાનો હતો. થોડા દિવસ રહ્યો, રોટલા-પાણી ને આશરો મળ્યો, માથે હાથ ફેરવનારો વણધોભાઈ મળ્યા — એટલે ધીરે ધીરે એના ઉન્માદમાં ઠારકો આવ્યો. ફાટી ગયેલા જૂના કાગળના ટુકડાના સાંધા કરો અને કાગળ કંઈક ઊકલે, એમ એની ઓળખ ઊકલી, તો મૂળ મુકામ સાવરકુંડલા ઉપરાંત ઠામઠેકાણું પણ મળ્યું. વણધાભાઈ ટ્રકમાં એને ત્યાં જઈને મૂકી આવ્યા.

ધીરે ધીરે આજુબાજુનાં ગામોમાં ખબર પ્રસરવા માંડી કે આ વણધાભાઈ પરમાર નામનો એક ટ્રક-ડ્રાઇવર — જેનાં બે છોકરાં સામાન્ય ખેતી કરે છે, તે પોતાના ગુરુ વિરમદાના બે લીટીના ગુરુમંત્રનું આ રીતે પાલન કરે છે ત્યારે લોકોના મનમાં એ 'રજિસ્ટર્ડ' થવા માંડ્યું. મૂળ માંગરોળના, પણ મુંબઈ રહેતા વેપારી જયંતીભાઈ શાહ અને બીજા એવા જ એમના જેવા જ શ્રેષ્ઠીઓ, કે જેમનાં માંગરોળમાં થોડાં સેવાકાર્યોનાં ટ્રસ્ટો ચાલે છે. એમણે દરિયાકિનારાની આ જગ્યા ઉપર આ આશ્રમને લાયક બાંધકામ કરાવી આપ્યું.

આ વાત ધીરે ધીરે પહોંચી દૂરદર્શન સુધી. દૂરદર્શને જૂનાગઢ વિસ્તારના એમના પ્રતિનિધિ દિવ્યેશકુમારને આનો વૃત્તાંત આપવાની કામગીરી સોંપી. દિવ્યેશકુમારના દોસ્ત જૂનાગઢના સાઇકિયાટ્રિસ્ટ ડૉક્ટર બકુલ બૂચ. એ પણ એમની સાથે ત્યાં ગયા, ને વણધાભાઈને જોયા. ઓગણીસ ગાંડાઓને ત્યાં જોયા ને પૂછ્યું, 'આ લોકોને તમે કેવી રીતે સાચવો છો ?' જવાબ મળ્યો, 'રોટલા-પાણી દઈએ, એમને બને તેટલા સાફ-સુથરા રાખીએ, એમના ઉધામા જરાય ગરમ થયા વગર સહન કરી લઈએ — બીજું શું ?' (એક આડવાત ! આજે અહીં પચાસ જેટલાં સ્ત્રી-પુરુષ દર્દીઓ છે.) ડૉક્ટર બૂચે કહ્યું, 'જુઓ, આ બધા જ નરાતાર ગાંડા (ઇન્સેઇન) નથી. કેટલાક માનસિક અવિકસિત, કેટલાક સ્કિઝોફ્રેનિક, તો કેટલાક સાવ પાગલ છે. એમને સાચવી લેવા એ તો લૂગડાંને મેલાંના મેલાં કબાટમાં ડૂચાની જેમ ઘાલી રાખવા જેવું છે. એને ધૂઓ તો એ પહેરવાલાયક બને, નહિ તો આપણને માત્ર એને સંઘરી રાખ્યાનો સંતોષ મળે. — ચાલો, એક કામ કરો, આજથી એ લોકોનાં નિદાનની અને દવા-સારવારની જવાબદારી મારી. હું એના રૂપિયાની જોગવાઈ મારા સર્કલમાંથી કરી લઈશ.' ને ખરેખર એમણે બોલ્યું પાળ્યું. બધું જ કરી આપ્યું. આ વાત સાલ ૨૦૦૩ની.

નેધરલેન્ડની સરકારે ગુજરાતના માનસિક રોગીઓની સારવાર, સાચવણી અને પુનર્વસનના ક્ષેત્ર માટે સરકાર દ્વારા વાપરવા નિર્ધારિલું ફંડ તો જ વાપરી શકાય કે જો એ પ્રાપ્ત કરનાર કોઈ એફ.સી.આર.એ. (વિદેશથી દાન મેળવવા માટે મળતું લાઇસન્સ) ધરાવનાર સંસ્થા હોય. આ 'મામા પાગલ આશ્રમ' કોઈ એવી સંસ્થા નહોતી કે જેની પાસે આવું લાઇસન્સ હોય, પણ જૂનાગઢના મનોચિકિત્સક ડૉ. બકુલ બૂચની એક મુલાકાતે એ સુયોગ રચી આપ્યો. એ જૂનાગઢના હાટકેશ હેલ્થ ફાઉન્ડેશનના ટ્રસ્ટી હતા જ. (અને છે જ.) વળી ગુજરાત સરકાર દ્વારા પ્રેરિત, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટની જે ટીમે સર્વે કરીને આ વિષયમાં ચારસો પાનાંનો સ્ટડી રિપૉર્ટ તૈયાર કર્યો હતો તેના સંપર્કમાં પણ એ હતા. ગવર્નમેન્ટના સાઇકિયાટ્રિસ્ટ ડૉ. આર. એસ. બાકરે, ડૉ. અનિલ શાહ, ડૉ. વણકર જેવા અન્ય મનોચિકિત્સકો ઉપરાંત સાઇકિયાટ્રિક સોશિયલ વર્કર્સ અને બીજા સોશિયલ વર્કર્સ સાથે એક નહીં, પણ શ્રેણીબદ્ધ બેઠકો કરી. ડૉ. બાકરેએ જ સૂચન કર્યું કે નેધરલેન્ડથી આવેલા ફંડનો જો આ 'મામા પાગલ આશ્રમ' સાથે રહીને મનોરોગીઓના પુનઃસ્થાપનના ક્ષેત્રે સંકલિત ઉપયોગ કરવો હોય તો એફ.સી.આર.એ. ધરાવનાર હાટકેશ હેલ્થ ફાઉન્ડેશન દ્વારા એપ્લિકેશન કરાવી જોઈએ.

એ સૂચનનો બહુ સફળ રીતે અમલ થયો. હાટકેશ હેલ્થ ફાઉન્ડેશનવ એ રીતે જૂનાગઢથી ૯૬ કિલોમીટર પોરબંદર જિલ્લામાં જ માધવરાયજી મંદિરથી સુવિખ્યાત એવા માધવપુરના દરિયાકિનારે આવેલા ગરસર ગામના મામા પાગલ આશ્રમ સાથે ડૉ. બકુલ બૂચના માધ્યમથી સંલગ્ન થયું. અને એ રીતે આ બધાં એકમો વચ્ચે શરૂઆતમાં કડીરૂપ બન્યું. અલબત્ત, પાછળથી એની ભૂમિકાની ઝાઝી જરૂર ન રહી. જૂનાગઢના આઝાદ ચોક પાસે આવેલા રેડક્રોસ સોસાયટીના મકાનમાં જ એક ડે-કેર સેન્ટરનો નવો કન્સેપ્ટ અમલમાં આવ્યો. એ ડે-કેર સેન્ટર (માનસિક રોગીઓને દિવસભર સાચવી લેતું સેવા કેન્દ્ર)નું નામ છે. 'આશાદીપ' એના માટે વર્ણનાત્મક શબ્દો છે 'સાઇકો સોશિયલ રિહેબિલિટેશન સેન્ટર' જેનો સાવ સરળ અર્થ થાય છે કે આવા દર્દીઓ રાતે ભલે સ્વનિર્ભર પોતપોતાના પરિવારમાં રહે, પણ દિવસ દરમિયાન જ્યારે ઘરના બીજા સભ્યો પોતાના કામમાં વ્યસ્ત હોય અને આવા દર્દીઓને સંભાળવાનું બને તેમ ના હોય ત્યારે આ કેન્દ્ર એને પ્રેમથી સાચવી લે, એટલું જ નહિ, પણ તેમને કોઈ રચનાત્મક માર્ગે વાળે, યોગ્ય થેરપીથી એમના ઉન્માદો શમાવે અને ફરી એમને કુટુંબમાં રહેવા લાયક નૉર્મલ મનઃસ્થિતિવાળા બનાવે, ને ઘરમાં એનું પુનઃ સ્થાપન કરી આપે આ માનસિક રોગીને હૂંફ આપતું આશાદીપ ફાઉન્ડેશન.

લોકો જૂનાગઢના આ ડે-કેર સેન્ટર 'આશાદીપ'ને મધર સેન્ટર કહે છે, કારણ કે મૂળભૂત રીતે એ આવા રોગીઓ માટેનું તાલીમ કેન્દ્ર અને સારવાર કેન્દ્ર એમ બન્ને હેતુઓ પાર પાડવા માટેનું કેન્દ્ર છે. અહીં દર્દીને સવારે દસ વાગ્યે એના ઘરવાળા મૂકી જાય અથવા જાતે આવી શકે તેવા હોય એ જાતે આવે, ને સાંજે છ વાગ્યા સુધી રહે.

આવું સેન્ટર ચલાવવા માટે માત્ર મનોચિકિત્સક હોવું જ પૂરતું નથી, બીજી અનેકવિધ કુશળતા જોઈએ. એ માટે ડૉ. બકુલ બૂચ નિમાન્સ ગયા અને અઠવાડિયાની ટ્રેનિંગ લઈ આવ્યા. એ ઉપરાંત બીજી અગત્યની વાત એ કે આ પ્રૉજેક્ટમાં ડે-કેર પ્રૉજેક્ટમાં કે 'મામા પાગલ આશ્રમ' એની સાથે

જોડાયેલા પ્રૉજેક્ટમાં દવા આપવાની જોગવાઈ નથી. કારણ કે મેન્ટલ હેલ્થ ઍક્ટ હેઠળ અધિકૃત હૉસ્પિટલ સિવાય કોઈ પણ દ્વારા મનોરોગીની દવા કરી શકાતી નથી. પણ આ ડે-કેર સેન્ટર 'આશાદીપ' લાઇસન્સ્ડ સાઇકિયાટ્રિસ્ટના સહયોગમાં હોવાથી એ પ્રશ્ન નડતો નથી. જૂનાગઢમાં રહેતા માનસિક ઉન્માદવાળા સ્કિઝોફ્રેનિક કે એવા દર્દીઓને ડે-કેર સેન્ટરમાં સંભાળી લેવામાં આવે અને માધવપુરના 'મામા પાગલ આશ્રમ'માં રહેતા પાગલોની સારવાર, સંભાળ ત્યાં નિયમિત મુલાકાત લઈને લેવામાં આવે. આ આખોય પ્રૉજેક્ટ એની અંદર આવેલા એકબીજાના પૂરક એવા બે પ્રૉજેક્ટોનો બનેલો છે. જેને સરકારનું નિયંત્રણ અને મદદ બંને સ્પર્શે છે.

દર્દી ડે-કેર સેન્ટરમાં રહે એ દરમિયાન એમને પ્રેમાળ, હૂંફાળા વાતાવરણમાં ટ્રેઇન્ડ સ્ટાફ દ્વારા થેરપીનો લાભ મળે. આવનારા દર્દીની સ્થિતિનું વિશ્લેષણ કરીને એને કઈ થેરપીથી વધુ સુધારો થશે એ નક્કી કરવામાં આવે. હવે તો મુંબઈના જૈન વણિક જયંતીભાઈ શાહે દર્દીઓને લાવવા-મૂકવા માટે એક વાન પણ આપી છે જે અન્ય કટોકટીમાં પણ કામ આવે. આ ડે-કેર સેન્ટરમાં એક ફુલટાઇમ ક્લિનિકલ સાઇકોલૉજિસ્ટ, એક પાર્ટટાઇમ ક્લિનિકલ સાઇકોલૉજિસ્ટ, એક મૅનેજર-કમ-એકાઉન્ટન્ટ, એક ફુલટાઇમ ઑક્યુપેશનલ થેરપિસ્ટ ઉપરાંત બીજા આઠેક જણનો સ્ટાફ છે. સારવાર લઈ શકે અને પુનઃ સ્થાપિત થઈ શકે તેવા મંદબુદ્ધિ (મેન્ટલી રીટાર્ડેડ) દર્દીઓને પણ સારવાર અને તાલીમ આપવામાં આવે છે. સરકાર તરફથી પચ્ચીસેક દર્દીઓને સાચવી લેવાની જોગવાઈનું ફંડ મળે છે. પણ અહીં તો પાંત્રીસ જેટલાને રાખવાનો બોજ ઉપાડવાનો આવ્યો છે. વળી આ ક્ષેત્રમાં કામ કરતાં પ્રોફેશનલ્સ, જેવાં કે સાયકોલૉજિસ્ટ, ઑક્યુપેશનલ થેરપિસ્ટ, સોશિયલ વર્કર્સ, સાઇકિયાટ્રિક નર્સીસ જેવા લોકો માટે પણ અહીં તાલીમ મળી રહે છે. આવા વીસેક જણનો સમાવેશ થાય તેવી જોગવાઈ છે. સરકારની મદદ મર્યાદિત જ હોય તે સ્વાભાવિક છે. પણ જ્યાં સુધી પેલા પ્રૉજેક્ટનું ફંડ હતું ત્યાં સુધી સવારે ચા-પાણી, બપોરે ભોજન અને સાંજે નાસ્તો આપી શકાતો હતો, પણ હવે નાણાની ખેંચ છે. એ બધું પરવડે તેમ નથી છતાં ડૉ. બકુલ બૂચ જાતે અને મિત્રો પાસેથી મદદ મેળવીને એ કરી રહ્યા છે ને દર્દીઓના વાલીઓ સાથે અવારનવાર બેઠકો કરતા રહે છે ને એ સૌની લાગણી ગમે તે ભોગે એ જારી રાખવાની છે, પણ એ શક્ય તો જ બને કે જ્યારે બહારના માનવધર્મી દાતાઓનો આર્થિક ટેકો મળે. દર મહિને પગાર, ભોજન, ભાડું વગેરે બધું મળીને રૂપિયા એક લાખનો ખર્ચ છે. એક વાર કોઈના સૂચન પ્રમાણે સમય સવારના દસથી સાંજના છને બદલે અગિયારથી પાંચ રાખવામાં આવ્યો. જેથી દર્દી સવારે તો ઘેરથી જમીને આવે પણ તોય બપોર પછી તો ચા-નાસ્તો આપવો જ પડે. એના ખર્ચ માટે કોઈ દર્દીના વાલીને મહિને બસો રૂપિયા આપે છે તો કોઈ એટલા પણ ન આપી શકે એવી સ્થિતિના છે.

'મામા પાગલ આશ્રમ, માધવપુર' જે પણ આ પ્રવૃત્તિના એક અંગરૂપ છે ત્યાં એવા રખડતા-ભટકતા પાગલો આવે છે કે જે આ પહેલાં કોઈ પણ સાઇકિયાટ્રિસ્ટની સારવાર નીચે નહોતા. જ્યારે જૂનાગઢના આ આશાદીપ ડે-કેર સેન્ટરમાં દર્દીઓ એવા આવે છે કે જે નિષ્ક્રિય હોય અને જેમનું આત્મસન્માન બિલકુલ 'ડાઉન' થઈ ગયું હોય. એમના પરિવારમાં પણ એમની કોઈ કિંમત જ ન રહી હોય. અહીં આ સેન્ટરમાં બે-ત્રણ સાઇકિયાટ્રિસ્ટ અને થેરપિસ્ટની સારવાર અને દેખરેખ નીચે

આવ્યા પછી એમનામાં કામ કરવાની ધગશ પેદા થાય છે. એટલે અહીં એમને જાતજાતની કામગીરી શિખવાડાય છે. ફિનાઇલ બનાવતાં, પગલુછણિયાં બનાવતાં, મીણબત્તી જેવી લગભગ ત્રેવીસ જેટલી વસ્તુઓ દર્દીની વ્યક્તિગત રુચિ અને કુદરતની ક્ષમતા પારખીને બનાવતાં શિખવાડાય છે. એ પછી એનું વેચાણ કરવાનું આયોજન પણ એમને એમાં સામેલ કરીને ગોઠવાય છે.

જૂનાગઢ જિલ્લાનાં નવસો ગામડાંઓમાં ૧૬.૫ ટકા વસ્તીને એક યા બીજા પ્રકારના માનસિક રોગો છે. એમાં કૉમન મેન્ટલ ડિસઑર્ડર અને બીડો સિવિયર મેન્ટલ ડિસઑર્ડર જેવા બે ભાગ છે. અકારણ વ્યગ્રતા, ડિપ્રેશન, હતાશા, નિરાશા જેવા રોગો વચ્ચે તો માણસ પોતાનું રોજિંદું કાર્ય કરી જ શકે, પણ અચાનક આપઘાતને માર્ગે પણ જઈ શકે. વિશ્વમાં વરસેદહાડે દસેક લાખ લોકો આપઘાતથી મરે છે, જ્યારે સિવિયર મેન્ટલ ડિસઑર્ડર એટલે નરાતાર પાગલ-ગાંડા. આવા લોકો ભારતમાં લાખોની સંખ્યામાં છે. એ રોગીઓની કારુણી એ છે કે એ લોકો રોગી હોવા છતાં તેમની પાસેથી નીરોગી જેવા વર્તનની અપેક્ષા રાખવામાં આવે છે, ને જે પૂરી ન પડાતાં તેમને માર મારવામાં આવે છે અથવા ભૂવાભારાડીને હવાલે કરી દેવામાં આવે છે જ્યાં એમને અનેક રીતે સતાવવાથી માંડીને ડામ સુધ્ધાં દેવામાં આવે છે.

ક્યાં એક અલ્પખ્યાત ગુરુના ગુરુમંત્રથી પ્રેરાઈને 'મામા પાગલ આશ્રમ'ના આકસ્મિક સ્થાપક બનનાર ટ્રક-ડ્રાઇવર વણધાભાઈ પરમાર, ક્યાં જૂનાગઢ ડે-કેર સેન્ટરના પ્રણેતા ડૉ. બકુલ બૂચ અને મિત્રો, ક્યાં નેધરલેન્ડ તરફથી મળેલી પ્રાથમિક સહાય ? આ ત્રિભેટાની વચ્ચે ઊભા છે ત્રસ્ત, પીડિત, હડધૂત અને હડકારાયેલા પાગલ-અર્ધપાગલ, હતાશાગ્રસ્ત, શૂન્યમનસ્ક એવા શાપિત લોકો ! આજ સુધીમાં ઓછામાં ઓછા સાતસોથી આઠસો દર્દીઓને સ્વસ્થ કરીને તેમના પરિવારોમાં પુનઃ સ્થાપિત કરી દેવામાં આવ્યા છે અને એંસી જેટલા મનોરોગીઓ હાલ માંગરોળ પાસે આવેલા માધવપુરના 'મામા પાગલ આશ્રમ'માં સારવાર અથવા તાલીમ હેઠળ છે.

# દેવી

લેખક
**પ્રભાતકુમાર મુખોપાધ્યાય**
અનુવાદ
**અનિલા દલાલ**

આજે તે સો વર્ષથી વધારે વર્ષો પહેલાંની વાત છે.

પોષ મહિનાની દીર્ઘ રાત્રિ કેમે કરી પૂરી થવા ઇચ્છતી નથી. ઉમાપ્રસાદની ઊંઘ ઊડી ગઈ હતી. રજાઈની નીચે તપાસી જોયું, પણ ત્યાં પત્ની નહોતી. પથારી પર હાથ પસરાવી જોયું તો તેની ષોડશી પત્ની એકબાજુ ગુટમુટ થઈને સૂઈ રહી છે. જરા સરકીને, ખૂબ કાળજીથી તેના શરીર પર રજાઈ ઓઢાડી દીધી. વળી, પગ તરફ હાથથી જોઈ લીધું કે ક્યાંક ઉઘાડો ભાગ રહી ગયો નથી ને.

ઉમાપ્રસાદ વીસ વર્ષનો યુવક છે. હાલમાં સંસ્કૃત છોડી દઈ શોખ ખાતર ફારસી ભાષાના અભ્યાસનો આરંભ કર્યો છે. મા નથી – પિતા પરમ પંડિત, પરમ ધાર્મિક, નિષ્ઠાવાન, શક્તિ-ઉપાસક, ગામના જમીનદાર છે; તેમનાં સન્માનની કોઈ સીમા નથી. ઘણાંબધાંને વિશ્વાસ છે કે ઉમાપ્રસાદના પિતા કાલીચરણ રાય મહાશય એક સાચા સિદ્ધપુરુષ છે, તેઓ પર આદ્યશક્તિનો વિશેષ અનુગ્રહ છે. ગામનાં આબાલવૃદ્ધ તેમના પર દેવતાના જેવી શ્રદ્ધા ધરાવે છે.

ઉમાપ્રસાદ આજકાલ પોતાના નવજીવનમાં નવા પ્રણયની માદકતાનો અનુભવ કરી રહ્યો છે. તેનું લગ્ન પાંચ-છ વર્ષ પહેલાં થયેલું. પણ પત્ની સાથે ઘનિષ્ઠ સંબંધનું સૂત્ર તો નવું નવું છે. પત્નીનું નામ દયામયી છે.

પત્નીના શરીરને રજાઈ ઓઢાડી દઈ ઉમાપ્રસાદે તેના કપાળ પર હાથ મૂક્યો – તેણે જોયું કે ઠંડીથી કપાળ એકદમ શીતળ થઈ ગયું છે. અત્યંત ધીરેથી તેણે પત્નીના મુખ પર ચુંબન કર્યું.

જે રીતે નિયમબદ્ધ તાલમાં દયામયીનો શ્વાસોચ્છ્વાસ ચાલતો

હતો તેનાથી એકદમ ઊલટું થવા લાગ્યું. ઉમાપ્રસાદ સમજી ગયો કે પત્ની જાગી ગઈ છે. તેણે તેને મૃદુ સ્વરે બોલાવી, 'દયા...'

દયા બોલી, 'શું છે ?' – 'શું' ખૂબ લંબાવીને બોલી હતી.

'શું તું જાગતી છું ?'

દયા થોડું ખમચાઈને બોલી, 'ના, ઊંઘતી હતી.'

ઉમાપ્રસાદે પત્નીને ભાવપૂર્વક પોતા તરફ ખેંચી અને બોલ્યો, 'ઊંઘતી હતી તો જવાબ કેવી રીતે આપ્યો?'

તે વખતે દયા પોતાની ભૂલ સમજી થોડી છોભીલી પડી.

તેણે કહ્યું, 'પહેલાં ઊંઘતી હતી, પછી જાગી ગઈ હતી.'

ઉમાપ્રસાદે પૂછ્યું, 'પછી એટલે ક્યારે ? બરાબર ક્યારે ?' ઉમાપ્રસાદ મજાકખોર, નટખટ હતો.

'કયે વખતે વળી ? – એ તો ત્યારે !'

'ક્યારે ?'

'જાઓ – મને ખબર નથી.' એમ કહી દયાએ પતિના બાહુપાશમાંથી મુક્ત થવા ફોગટ પ્રયત્ન કર્યો.

બરાબર ક્યારે જાગી ગઈ હતી તે દયા કેમે કરી બોલતી નથી ને તેનો પતિ કેમે કરી વાત છોડતો નથી! કેટલીક ક્ષણે માન-અભિમાન કર્યા પછી દયા હારી ગઈ. જવાબ આપ્યો, 'તે વખતે, જ્યારે તમે.' આટલું બોલી તે અટકી ગઈ.

'મેં શું કર્યું હતું ?'

દયા એકદમ જલદી જલદી બોલી ગઈ, 'પેલું, જ્યારે તમે મારા મુખ પર ચૂમી ભરી – થઈ ગયું! બસ કરો હવે ! એ જાણો !'

ત્યારે પણ, રાત્રિનો એક પ્રહર બાકી છે. બંનેએ કેટકેટલી વાતો શરૂ કરી ! મોટા ભાગની વાતોને નથી મુખ કે નથી માથું. અરે, સો વર્ષ પહેલાં આપણાં પ્રપિતામહગણના તરુણવયના માતાપિતાગણમાં અસાર કહેવાય એવી તથ્યહીન, આપણા જેવી જ 'આવી ચંચલ મતિ-ગતિ' હતી. આટલા મોટા શાક્ત પરિવારના સંતાન હોઈને પણ ઉમાપ્રસાદે ત્યાં સુધી એક દિવસ પણ પત્ની આગળ મુદ્રાપ્રકરણ કે માતૃકા-ન્યાસના કોઈ પ્રસંગને ઉપાડી વાત કરી નહોતી; યમનિયમ વગેરે વિશે પણ તેણીને સંપૂર્ણ અ-જ્ઞ રાખી હતી.

જાતજાતની વાતો પછી ઉમાપ્રસાદ બોલ્યો, 'જો, હું પશ્ચિમ તરફ નોકરી કરવા નીકળી જઈશ.'

દયાએ કહ્યું, 'તમારે વળી નોકરી શા માટે કરવાની? તમારે શેનું દુઃખ છે ? જમીનદારના દીકરા થઈને કોઈ નોકરી કરતા હશે કે ?'

'પરંતુ, મને અહીં દુઃખ પડે છે.'

'શેનું ?'

'જો તું મારું દુઃખ સમજે તો તો પછી મારે બીજું શેનું દુઃખ ?' સાંભળીને દયા ખૂબ લજ્જિત થઈ ગઈ. વિચારવા લાગી... શેનું દુઃખ ? પણ વિચારતાં તે કશુંય નક્કી કરી શકી નહીં. એક ખોટો વિચાર આવ્યો. તે બોલી, 'તમને શું દુઃખ છે? શું હું તમારી ઇચ્છા પ્રમાણેની નથી ?'

દયા જાણતી હતી કે આ વાત કહેશે તો ઉમાપ્રસાદને આઘાત લાગશે. ઉમાપ્રસાદે પ્રિયામુખ પર ચુંબનવર્ષણ કરી આ આઘાતનો બદલો લીધો, પછી બોલ્યો, 'મારું દુઃખ છે તો તારે લીધે જ. આખો દિવસ હું તને પામી શકતો નથી. માત્ર રાત્રે જ તને મળવાની મારી ઇચ્છા મટતી નથી. વિદેશમાં નોકરી કરવા જઈશ તો ત્યાં તને લઈ જઈશ; આપણે બે જણ એકલાં જ રહીશું – આખો દિવસ અને આખી રાત!'

'નોકરી કરશો તો આખો દિવસ મને સાથે લઈને કેવી રીતે રહેશો ? મને તો એકલી મૂકીને તમે ઑફિસે જતા રહેશો.'

'ઑફિસેથી એકદમ જલદી જલદી પાછો આવી જઈશ.'

દયાએ વિચારી જોયું : તેવું થઈ તો શકે, પણ તેમાં અનેક મુશ્કેલીઓ છે.ને ?

'તમે તો લઈ જાવ, પણ બધાં લઈ જવા શેના દેશે ?'

'અહીંથી કેવી રીતે લઈ જઈશ ? જ્યારે મને ખબર પડશે કે તું તારા પિતાને ઘેર ગઈ છું ત્યારે છૂપી રીતે આવી તને સાથે લઈ જઈશ.'

સાંભળતાં જ દયા હસી પડી : 'એય શું સંભવિત છે ?'

'હું ત્યાં કેટલા દિવસ રહીશ ?'

'ઘણાં વર્ષો રહીશ.'

દયા મરક મરક હસવા લાગી; એકાએક એક વાત તેને યાદ આવી ગઈ. તે બોલી, 'દીકરાને મૂકી શું હું વિદેશમાં ઘણાં વર્ષો રહી શકીશ ?'

ઉમાપ્રસાદે પત્નીના ગાલ પાસે ગાલ રાખી કાનમાં કહ્યું, 'તેટલા દિવસે તો તારો પણ એક દીકરો હશે.'

વાત સાંભળીને દયાના હોઠથી કાનની બૂટ સુધીનો ભાગ લાજથી લાલ થઈ ગયો. પરંતુ અંધારામાં કોઈ તે જોઈ શક્યું નહીં.

જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો તે છોકરો – 'ખોકા' – ઉમાપ્રસાદના મોટાભાઈ તારાપ્રસાદનું

એકમાત્ર સંતાન. સ્વયં ઉમાપ્રસાદ આ ઘરનો છેલ્લો છોકરો. આ પરિવારમાં પુત્ર-રાજાનું સિંહાસન બહુ લાંબા સમય સુધી શૂન્ય હતું. તેથી આ છોકરા માટે બધાંને બહુ સ્નેહાદર; છોકરો આખા ઘરનાં બધાંની આંખનો મણિ. છોકરાની મા હરસુંદરી – તેનો તો ગર્વથી ધરતી પર પગ અડતો નથી.

દયા એકાએક બોલી, 'આજે ખોકા અહીં આવ્યો કેમ નહીં ?' વહેલી સવારે છોકરો રોજ કાકીમાની પાસે આવે. એ તેનું નિત્યનું – નૈમિત્તિક કાર્ય. ઘરમાં નોકર-ચાકરની ખોટ નથી તેમ છતાં મોટાભાગનું ગૃહકાર્ય દયા પોતાને હાથે કરતી. વિશેષે કરીને તેના સસરાનું પૂજાહ્નિક સંપર્કે જે કંઈ કામ હોય તેમાં દયા સિવાય બીજા કોઈને પણ હસ્તસ્પર્શ કરવાનો અધિકાર નહોતો. આખો દિવસ આ બધાં કામમાં વ્યસ્ત હોવા છતાં પણ તે છોકરાને એક ક્ષણ પણ નજર બહાર કરતી નહીં. કાકીમા શરીર લૂછી આપે નહીં તો ખોકા લૂછે નહીં; કાકીમા આંખમાં કાજલ આંજી આપે નહીં તો ખોકા કાજલ લગાવે નહીં; કાકીમાના ખોળા સિવાય બીજા કોઈના ખોળામાં સૂઈ જઈને ખોકા દૂધ પીએ નહીં. ખોકાની પથારીમાં તેની કાકીમા મોડી રાત સુધી રહી તેને ઊંઘાડીને જ આવે – વહેલી સવારે ઊંઘ ઊડી જતાં જ ખોકા 'કાકીમા' 'કાકીમા' બોલીને રડવા લાગી જાય. આવી આડાઈ માટે, આવી અવિચારી માંગને કારણે વચ્ચે વચ્ચે તેને હરસુંદરી પાસેથી ધોલ-ધાપટનો પુરસ્કાર મળતો. પણ એટલું કહેવું પૂરતું થશે કે તેથી રડવાનું અટકે નહીં, પણ દસગણું વધી જાય. ત્યારે હરસુંદરી તેને કેડમાં ઊંચકી ગુસ્સામાં અને ઊંઘના ઘેનમાં અડવડિયાં ખાતી દયાના શયનખંડના બારણે આવી બૂમ પાડતી – 'નાનીવહુ, ઓ નાનીવહુ, આ લે તારા ખોકાને.' આટલું કહી દયાનું બારણું ખૂલે તેની રાહ જોયા વિના જ ખોકાને ભોંય પર બેસાડી ચાલી જાય. દયા મોટે ભાગે જાગતી હોય; ન જાગી હોય તો ખોકાના રુદનથી તરત જ જાગી ઊઠે, દોડતી આવી ખોકાને છાતીએ વળગાડી લઈ જાય, 'કોણ મારે છે ? કોણ મારે છે ?' કહી એનાં કેટલાં ઓવારણાં લે, વહાલ કરે. પથારીમાં પોતાના માથા પરના પાનના ડબ્બામાં ક્યારેક મીઠાઈ, ક્યારેક પતાસાં, ક્યારેક નારિયેળના લાડુ ભરી રાખે, તે ખોકા આરોગે; તે પછી નિશ્ચિંત બની કાકીમાના ખોળામાં પડી ઊંઘી જાય.

'આજે હજી પણ ખોકા આવ્યો નહીં' એમ બોલી દયા થોડી ચિંતિત બની. તેણે કહ્યું, 'એની તબિયત ઠીક નહીં હોય એવું હશે ?'

ઉમાપ્રસાદે જણાવ્યું, 'લાગે છે કે હજી રાત છે. થોભ, હું જોઉં.'

પથારીમાંથી ઊઠી ઉમાપ્રસાદે બારી ખોલી. બહાર આંબા અને નારિયેળનાં ઘણાં વૃક્ષોવાળો બાગ હતો. ત્યારેય ચંદ્ર અસ્ત થયો નહોતો – પણ એને બહુ વાર પણ નહોતી. દયા અવાજ કર્યા વિના આવીને સ્વામીની બાજુએ ઊભી રહી. બોલી, 'શું હજી વધારે રાત છે?'

શિયાળાનો ઠંડો હિમભર્યો પવન હૂ-હૂ કરતો બારીમાંથી અંદર આવવા લાગ્યો. છતાં બંને તે ઝાંખા પ્રકાશમાં એકબીજા સામે જોઈ કેટલીક ક્ષણો સુધી ઊભાં રહ્યાં. જાણે ઘણા સમયથી તેમનાં નયનો ઉપવાસી ન હોય !

દયાએ જણાવ્યું, ‘જુઓ, આજે મારા મનને શું થઈ ગયું છે ! ખોકા હજી પણ ના આવ્યો. કોણ જાણે, મન કેમ આવું થઈ ગયું !’

ઉમાપ્રસાદે કહ્યું, ‘હજી ખોકાને આવવાનો સમય થયો નથી. જે દિવસે ઊંઘી જાય તે દિવસે આવવાનું મોડું પણ થાય. તારું મન એટલા માટે ખરાબ થયું નથી. કેમ થયું છે તે હું જાણું છું.’

‘શા માટે, કહો, જોઉં તો ખરી ?’

‘મેં કહ્યું છે ને કે હું પશ્ચિમમાં નોકરી કરવા જઈશ, તેથી તારું મન ખરાબ થયું છે.’ – કહી ઉમાપ્રસાદે પત્નીને પોતાની વધુ પાસે ખેંચી લીધી.

દયાએ થોડો નિઃશ્વાસ નાંખી કહ્યું, ‘હું તો કંઈ સમજી શકતી નથી. મનમાં એવું થયા કરે છે કે જાણે હવે તમને ફરી મળવાનું થશે નહીં.’

બહાર જ્યોત્સ્ના અત્યંત મ્લાન થઈ છે. પત્નીની વાત સાંભળી ઉમાપ્રસાદનું મોઢું પણ મ્લાન થઈ ગયું.

ઘણી વાર સુધી બંને જણાં ઊભાં જ રહ્યાં. ચંદ્રમા ડૂબી ગયો, ઝાડપાન અંધકારમાં ઢંકાઈ ગયાં. બારી બંધ કરી બંને પથારીમાં પાછાં આવ્યાં.

ક્રમશઃ એકાદ પંખીનો સાદ સંભળાયો. એકબીજાની હૂંફમાં બંને ઊંઘી ગયાં.

ધીમે ધીમે બારીનાં છિદ્રોમાંથી પ્રભાતનાં પ્રકાશ-કિરણો પ્રવેશ કરવા લાગ્યાં. ત્યારે પણ બંને જણાં નિદ્રાધીન હતાં.

એકાએક બહારથી ઉમાપ્રસાદના પિતાએ બૂમ પાડી, ‘ઉમા...’

પહેલી ઊંઘ ઊડી દયાની. તેણે શરીરને હલાવી પોતાના સ્વામીને ઉઠાડી દીધા.

કાલીકિંકરે ફરીથી બૂમ પાડી, ‘ઉમા...’ તેમનો અવાજ કાંપતો હતો, જાણે કશોક જુદો લાગતો હતો; જાણે કે આ તેમનો જ કંઠસ્વર છે તેવું મુશ્કેલીએ સમજાયું.

આટલી વહેલી સવારે પિતાજી ક્યારેય બૂમ પાડતા નથી અને વળી તેમનો અવાજ પણ આટલો જુદો કેમ થયેલો હતો ? તો તો ચોક્કસ જ ખોકાને કશું થયું લાગે છે, તબિયત બગડી લાગે છે! ઉમાપ્રસાદે જલદી જલદી ઊઠીને બારણું ખોલી નાંખ્યું.

જોયું તો પિતાના પરિધાનમાં લાલ રંગનું રેશમી વસ્ત્ર છે, કમ્મર પર નામાવલી ઉત્તરીય છે, ગળામાં રુદ્રાક્ષની માળા લંબાયેલી છે. આ શું ! આટલી સવારે તેમનો પૂજાનો વેશ કેમ ? રોજે તો ગંગાસ્નાન કરી આવી પછીથી તે પૂજાનો વેશ પરિધાન કરે છે. – એકાદ ક્ષણમાં જ આવી વિચારધારા ઉમાપ્રસાદના મનમાં ઉદ્ભવી ગઈ.

બારણું ખૂલતાં જ કાલીકિંકરે પુત્રને પૂછ્યું, ‘બાબા, નાની વહુમા ક્યાં છે ?’

અવાજ તો પહેલાંના જેવો કંપાયમાન હતો. ઉમાપ્રસાદે ખંડમાં ચારેતરફ જોયું. દયા શય્યા છોડી દઈ, ઊઠી જઈ, થોડે દૂર સડમડ થઈને ઊભી હતી.

કાલીકિંકરે પણ એ દિશા તરફ નજર નાંખી. વહુને જોતાં જ, નજીક જઈ તેનાં ચરણોમાં સાષ્ટાંગ પ્રણિપાત કર્યા.

વિસ્મયથી ઉમાપ્રસાદ તો અવાક્ ! દયામયી સસરાનું આવું અ-કળ આચરણ જોઈ નિઃસ્પંદપણે ઊભી રહી.

પ્રણામ કર્યા પછી કાલીકિંકર બોલ્યા, 'મા, મારો જન્મ સાર્થક થયો. પણ આટલા દિવસો તું શા માટે કશું બોલી નહીં; મા ?'

ઉમાપ્રસાદ બોલ્યો, 'બાબા, બાબા, આ શું ?'

કાલીકિંકર બોલ્યા, 'બાબા, એને પ્રણામ કરો.'

ઉમાપ્રસાદે પૂછ્યું, 'બાબા, તમને આ શું ગાંડપણ વળગ્યું છે ?'

'ગાંડપણ નથી થયું, બાબા ! આટલા દિવસ ગાંડપણ હતું ખરું. આજે આરોગ્યલાભ થયો છે, અને તે પણ માની કૃપાથી.'

ઉમાપ્રસાદ પિતાની વાતમાંથી કશુંય અર્થગ્રહણ કરી શક્યો નહીં. તેણે કહ્યું, 'બાબા, તમે શું કહી રહ્યા છો ?'

કાલીકિંકરે જણાવ્યું, 'બાબા, મારું મોટું સૌભાગ્ય. જે કુળમાં જન્મ્યો છું તે પવિત્ર બન્યું. બાલ્યાવસ્થામાં કાલીમંત્રથી દીક્ષિત થયેલો છું; આટલા દિવસ જે સાધના, જે આરાધના કરી તે નિષ્ફળ થઈ નથી. મા જગન્મયી કૃપા કરીને નાની વહુના સ્વરૂપે આપણા ઘરમાં સ્વયં અવતીર્ણ થયાં છે. ગઈ રાત્રે સ્વપ્નમાં હું આ આદેશ પામ્યો છું. મારું તો જીવન ધન્ય બની ગયું.'

***

દયામયી હતી માનવી – એકાએક દેવીત્વથી અભિષિક્ત થઈ. પૂર્વોક્ત ઘટના પછી ત્રણ દિવસ પસાર થયા છે. આ ત્રણ દિવસો દરમિયાન ઉપરની વાત બહુ દૂર સુધી વ્યાપી ગઈ છે. આસપાસનાં ઘણાં ગામોમાંથી ઘણા લોકો આવ્યા છે. અને પ્રખ્યાત શાક્ત-જમીનદાર કાલીકિંકર રાયના ઘરે દયામયી – રૂપિણી આદ્યશક્તિનાં દર્શન કરી ગયા છે.

દયામયીની વિધિપૂર્વકની પૂજાની શરૂઆત થઈ છે. ધૂપ-દીપ પેટાવી, શંખ-ઘંટ વગાડી, ષોડશોપચારે તેમની પૂજા થાય છે. આ કેટલાક દિવસોમાં દયામયીની સન્મુખે મોટી સંખ્યામાં બકરાંનાં બલિદાન દેવાયાં છે.

પરંતુ આ ત્રણ દિવસ દેવતાની પૂજા પામીને દયામયી તો કેવળ રડી રહી છે. આહાર-નિદ્રાનો એક રીતે ત્યાગ કર્યો છે એમ જ કહેવું પડે. આ આકસ્મિક ઘટનાએ તેને એવી અભિભૂત અને ઉદ્વિગ્ન

કરી દીધી છે કે પેલા બે દિવસ પહેલાં તે આ ઘરની વહુ હતી, સસરા અને જેઠ આગળ બહાર આવતી નહોતી, એ બધુંય જાણે વિસ્મૃત થઈ ગયું છે. હવે એના મુખ પર કોઈ અવગુંઠન નથી – જે-તેની તરફ શૂન્ય દૃષ્ટિએ પગલીની માફક જોતી રહે છે; તેનો કંઠ-સ્વર અત્યંત મૃદુ ભાવભર્યો થયો છે; રક્તવર્ણ બે ચક્ષુ સૂજી ગયાં છે; વેશ-વસ્ત્ર વ્યવસ્થિત પહેરેલાં નથી.

રાત્રિનો બીજો પહોર છે. પૂજાના ખંડમાં એક ખૂણામાં ઘીનો દીવો ટમટમ કરતો જ્વલી રહ્યો છે. જાડા કંબલના બિછાના પર રેશમી વસ્ત્રનો ઓછાડ છે, તેના ઉપર દયામયીએ શયન કર્યું છે, શરીર પર એક જાડી શાલ છે. બારણું માત્ર બંધ હતું, સાંકળ દીધેલી નહોતી. ખૂબ ધીમે ધીમે એ બારણું ખૂલવા લાગ્યું. ચોરના જેવી કાળજીથી ઉમાપ્રસાદે પ્રવેશ કર્યો. બારણું બંધ કરી સાંકળ દઈ દીધી.

ઉમાપ્રસાદ દયામયીના બિછાના પર બેઠો. પેલા દિવસના પ્રભાત-સમયની ઘટના પછી પત્ની સાથે આ તેનું પહેલું એકાંત મિલન હતું.

દયામયી જાગતી હતી, પતિને જોઈ બેઠી થઈ ગઈ.

ઉમાપ્રસાદ બોલ્યો, 'દયા ! આ શું થયું ?'

'આહ ! આજ ત્રણ દિવસ પછી દયાએ પતિના મોઢે સ્નેહભરી વાત સાંભળી. આ ત્રણ દિવસના સમય દરમિયાન ભક્ત લોકોના 'મા-મા' શબ્દથી તેનું હૃદય મરુભૂમિ જેવું શુષ્ક થઈ ગયું હતું. સ્વામીના મુખમાંથી સરેલી આ સ્નેહની વાણીએ જાણે તેના પ્રાણમાં એકાએક સુધાવૃષ્ટિ કરી દીધી; દયાએ પતિની છાતીમાં પોતાનું મુખ છુપાવી દીધું.

ઉમાપ્રસાદે પત્નીના શરીર પરની શાલ કાઢી નાંખી તેને હૃદય-સરસી ચાંપી દીધી. ઊંચા શ્વાસભર્યા અવાજે તે વારંવાર બોલવા લાગ્યો, 'દયા ! આ શું થયું ? આ શું થયું ?'

દયા અવાક્ !

ઉમાપ્રસાદ પણ કેટલીક ક્ષણો નીરવ રહ્યો. તે પછી બોલ્યો, 'દયા ! તને શું લાગે છે ? શું આ વાત સત્ય છે ? તું શું મારી દયા નથી ? તું દેવી છો ?'

આ વખતે દયાએ વાત કરી; તે બોલી, 'ના, ના; હું તમારી પત્ની સિવાય બીજું કશું જ નથી; હું તમારી દયા સિવાય બીજું કશું જ નથી – હું દેવી નથી – હું કાલી નથી.'

આ વાત સાંભળી ઉમાપ્રસાદે આગ્રહપૂર્વક પત્નીના મુખ પર ચુંબન કર્યું. તે બોલ્યો, 'દયા ! તો ચાલો, આપણે અહીંથી નાસી જઈએ. કોઈ દૂરના દેશમાં જઈને રહીશું, જ્યાં કોઈને પછી આપણો સંપર્ક થઈ શકે નહીં.'

'તો ચાલો –' દયા બોલી, 'પણ કેવી રીતે જઈશું?'

ઉમાપ્રસાદે જણાવ્યું, 'એ બધું હું ગોઠવીશ, પણ થોડો સમય લાગશે.'

દયા ઊંચા અવાજે બોલી ઊઠી, 'ક્યારે ? ક્યારે? જલદીથી નક્કી કરો – નહીં તો હું વધારે દિવસો જીવીશ નહીં, મારો પ્રાણ તાળવે આવી ગયો છે. જો મૃત્યુ પણ નહીં થાય, તો હું પાગલ થઈ જઈશ.'

ઉમાપ્રસાદે સાંત્વના દેતાં કહ્યું, 'ના દયા ! તું કોઈ ચિંતા, વિચારો કરીશ નહીં. સાત દિવસ તું ધીરજ રાખ. આજે શનિવાર છે. આવતા શનિવારે રાત્રે હું ફરીથી તારી પાસે આવીશ. તને સાથે લઈ ગૃહત્યાગ કરીશ... ! આ સાત દિવસ તું આશાપૂર્વક હૃદય મજબૂત રાખી પસાર કરી દે – લક્ષ્મી મારી! સુવર્ણ મારું !'

દયાએ કહ્યું, 'સારું.'

ઉમાપ્રસાદે કહ્યું, 'તો હવે હું જાઉં; કદાચ કોઈ આવી ના ચઢે,' આટલું કહી તેણે પત્નીને ગાઢ આલિંગન દઈ વિદાય લીધી.

***

બીજા દિવસે સવારે જ્યારે દયામયીની પૂજા લગભગ પૂરી થવા આવી છે ત્યારે ૮૦ વર્ષની ઉંમરના એક વૃદ્ધજન લાકડીનો ટેકો લઈને હાજર થયા. ઊંડી ઊતરેલી તેમની આંખોમાંથી અજસ્રપણે આંસુની ધારા વહી રહી છે. આવતાં જ દયામયીને જોઈ એકદમ નમ્રતા દાખવી અને ઘૂંટણિયે પડી યોગ્ય રીતે બોલવા લાગ્યા,

'મા, હું દીર્ઘ સમયથી તારી પૂજા કરતો આવ્યો છું. મા, આજે હું ઘણી મોટી વિપત્તિમાં આવી પડ્યો છું. આજે ભક્તની રક્ષા કરો.'

દયામયી વૃદ્ધ તરફ મૂંઝવણભરી નજરે જોઈ રહી. પુરોહિત બોલ્યા, 'શા માટે દાદા ? તમારા પર શી મુશ્કેલી આવી છે ?'

વૃદ્ધે જણાવ્યું, 'મારો પૌત્ર કેટલાક દિવસોથી તાવમાં સપડાયો છે. આજે સવારે જાણે કે સ્મશાનભૂમિ ઉત્તર દઈ ગઈ છે. તે ના જીવે તો અમારા વંશનો લોપ થશે; અમારા પૂર્વજોનાં ઘર સુધ્ધાં આપનાર બીજું કોઈ રહેશે નહીં. તેથી મા પાસે તેની પ્રાણભિક્ષા માગવા આવ્યો છું.'

કાલીકિંકર ચંડીપાઠ કરતા હતા. તે વૃદ્ધના દુઃખે ખૂબ દુઃખિત થયા અને દયામયીના મુખ તરફ જોઈ બોલ્યા, 'મા રે ! વૃદ્ધના પૌત્રને જિવાડવો પડશે, મા!'

પછી વૃદ્ધને તેમણે કહ્યું, 'દાદા ! તમારા પૌત્રને લાવીને માના ચરણો પાસે મૂકી દો; યમના બાપાને માટે પણ અહીંથી તેને લઈ જવાનું શક્ય બનશે નહીં.'

આ વાત સાંભળી વૃદ્ધ બહુ આશ્વસ્ત થયો. લાકડીને ટેકો દઈ ઘર તરફ એકદમ ઊપડ્યો.

થોડા જ સમયમાં વિધવા પુત્રવધૂના ખોળામાં પૌત્ર સહિત વૃદ્ધ પાછા આવ્યા. દયામયીનાં ચરણોમાં પાથરણું પાથરી મૃતપ્રાય શિશુને મૂકવામાં આવ્યું. માત્ર વચ્ચે-વચ્ચે પુરોહિત ચરણામૃતના પાત્રમાંથી આચમની ભરી જરા જરા ચરણામૃત શિશુના મુખમાં મૂકવા લાગ્યા.

શિશુની માતા વિધવા યુવતી હતી, દયામયીની સખી હતી. તેનું દુઃખથી ભરેલું, ઊતરેલું મોઢું જોઈ દયામયીનું હૈયું વ્યથિત થઈ ગયું. શિશુ સામે જોતાં દયામયીની આંખો આંસુથી ભરાઈ. મનોમન દેવતાને પ્રાર્થના કરવા લાગી, 'હે ઠાકુર, હું દેવતા હોઉં, કાલી હોઉં, માનવી હોઉં, જે કંઈ હોઉં – પણ આ બાળકને જીવતો રાખજો, હે ઠાકુર !'

દયામયીની આંખોમાં આંસુ જોઈ બધાં બોલી ઊઠ્યાં, 'જય મા કાલી, જય મા દયામયી, માની દયા થઈ છે-માની આંખમાં આંસુ.'

કાલીકિંકર બમણા ભક્તિભાવથી ચંડીપાઠ કરવા લાગ્યા. જેમ જેમ સમય જતો ગયો તેમ તેમ શિશુની અવસ્થા ઉત્તરોત્તર સારી થતી ગઈ. સંધ્યા પહેલાં બધાંએ અભિપ્રાય પ્રકટ કર્યો કે હવે શિશુના જીવન વિશે કોઈ આશંકા નથી, સરળતાથી તેને ઘરે મોકલી દઈ શકાય.

દયામયીના દેવીત્વના આવિષ્કારની વાત જેટલી જલદી ચારેબાજુ વ્યાપી ગઈ હતી તેનાથી વધારે જલદી – તરત જ, તેથી કૃપાથી મુમૂર્ષુ શિશુના પ્રાણરક્ષણની ઘટના પ્રસારિત થઈ ગઈ. બીજે દિવસે સવારે જ બીજા એક જણે આવીને દયામયીના ચરણમાં પોતાનું નિવેદન કર્યું : તેની દીકરી આજે ત્રણ દિવસથી પ્રસવ-વેદનાથી વ્યાકુળ, દુઃખી છે, કદાચ છોકરી જી ‍શે નહીં. કાલીકિંકર બોલ્યા, 'તેના લીધે ચિંતા કરવાનું શું કારણ? માનું ચરણામૃત લઈ જઈ દીકરીને તેનું પાન કરાવી દો ને. તરત જ આરામ થઈ જશે.'

તે માણસ ઝરતાં આંસુઓ સહિત દયામયીના ચરણામૃતનું પાત્ર માથા પર મૂકી લઈ ગયો. એક પહોર જેટલો સમય પસાર થયા પહેલાં તો વાત આવવા લાગી : દીકરીએ ચરણામૃતનું પાન કર્યા પછી થોડી વારે જ કોઈ મુશ્કેલી વિના રાજપુત્ર જેવા સુંદર સુલક્ષણ-સંપન્ન પુત્રસંતાનને જન્મ આપ્યો છે.

***

આજે શનિવાર. આજે ઉમાપ્રસાદ પત્નીને લઈને છૂપી રીતે ભાગી જવાનો છે. તેણે બધી વ્યવસ્થા કરી લીધી છે. ધન પણ એકઠું કર્યું છે. મુર્શિદાબાદ કે રાજમહલ કે વર્ધમાન જેવા કોઈ નજીકના જાણીતા સ્થળે તે જશે નહીં; જો તેમાંથી કોઈ સ્થળે જાય તો પકડાઈ જવાની ઘણી સંભાવના છે. નૌકા માર્ગે પશ્ચિમ તરફ જશે. ઘણે દૂર જશે; ક્યાં જશે એ વિશે હજુ તે કશું નક્કી કરી શક્યો નથી. કદાચ ભાગલપુર, કદાચ મુંગેર – ત્યાં નોકરી માટે પ્રયત્ન કરશે. જવા માટેના ખર્ચ જેટલા પૈસા તો એની પાસે છે. તેની પત્નીના શરીરે જે અલંકારો છે તે વેચી દેશે; તેમાંથી કંઈ નહીં તો બે વર્ષ બંનેનાં ખોરાક અને વસ્ત્ર જેવી પ્રાથમિક જરૂરિયાતો તો નીકળી જ જશે ને ? બે વર્ષમાં શું તેને કોઈ નોકરી મળી જશે નહીં? ચોક્કસ મળશે જ. પ્રયત્ન કરવાથી કશુંય અસાધ્ય હોઈ શકે?

આ પ્રકારના અનેક વિચારોમાં ઉમાપ્રસાદે દિવસ તો પસાર કર્યો. સમય જતાં સંધ્યા થઈ. આજે તે દયામયીની આરતી જોશે. એક દિવસ પણ તેણે આરતી જોઈ નથી. જ્યારે શંખ-ઘંટના ધ્વનિથી ચંડીમંડપ ધમધમી ઊઠે, પૂજા શરૂ થાય, ત્યારે ઉમાપ્રસાદ ઘરમાંથી નીકળી જઈ ગામની બહાર જતો

રહે. આજે દયામયીની છેલ્લી આરતી છે, આજે તે તે જોશે. જોશે અને મનોમન હસશે. આવતી કાલની સવારે પુરોહિત ઠાકુર જ્યારે બધા સમક્ષ આવીને જોશે કે દેવી અંતર્ધાન થયાં છે ત્યારે તેમની કેવા પ્રકારની અવસ્થા હશે તેની જ ઉમાપ્રસાદ કલ્પના કરવા લાગી ગયો.

રાત્રિનો બીજો પ્રહર આવી પહોંચ્યો, ગૃહસ્થીઓ બધા નિદ્રાધીન હતા. ચોરની જેમ ઉમાપ્રસાદે શય્યા છોડી. અંધકારમાં ધીમા પગલે પૂજાના ઓરડા તરફ આગળ વધ્યો. ધીરે ધીરે બારણું ઉઘાડી પ્રવેશ કર્યો. ખૂણામાં એ જ રીતે ઘીનો દીવો ટમટમ કરતો જ્વલી રહ્યો છે. દયામયીના બિછાના પાસે જઈ ઉમાપ્રસાદ ત્યાં બેઠો. દયામયી નિદ્રામગ્ન છે.

પહેલાં ઉમાપ્રસાદે કાળજીપૂર્વક દયામયીના મુખ પર ચુંબન કર્યું પછી એના શરીરને હલાવી તેને જગાડી. નિદ્રાભંગથી દયામયી ધડફડ કરતી પથારીમાં બેઠી થઈ ગઈ.

ઉમાપ્રસાદે કહ્યું, 'દયા, આટલી ઊંઘ ? ઊઠો, ચાલો.'

દયા વિસ્મયપૂર્વક બોલી, 'ક્યાં ?'

'ક્યાં ? જવાના સમયે તું પૂછે છે ક્યાં ? ચલો, આજ રાતે નાવમાં બેસી આપણે પશ્ચિમમાં ચાલ્યાં જઈએ છીએ.'

દયાએ થોડી ક્ષણો નિઃશબ્દપણે વિચાર કર્યો. ઉમાપ્રસાદે કહ્યું, 'ઊઠો, ઊઠો, માર્ગે પડીએ એટલે વિચાર કરજે. મેં બધું બરાબર ગોઠવી રાખ્યું છે. ચલો... ચલો...'

આમ વાત કરી ઉમાપ્રસાદે પત્નીનો હાથ પકડ્યો. દયા એકદમ હાથ છોડાવી દઈ બોલી, 'તમે હવે મને સ્ત્રી રૂપે સ્પર્શ ના કરો. હું દેવી છું કે હું તમારી પત્ની છું, તે વિશે હું હવે નિશ્ચયપૂર્વક કંઈ કહી શકતી નથી.'

વાત સાંભળીને ઉમાપ્રસાદ હસી પડ્યો. પત્નીને ધીરેથી પકડી વહાલ કરવા જતો હતો, પણ દયામયી એકદમ જ તેની પાસેથી સરકી દૂર જઈ બેઠી. બોલી, 'ના, ના, કદાચ, તમારું અ-કલ્યાણ થશે.'

આ વાતથી તો ઉમાપ્રસાદ પર જાણે વજ્રનો ઘા થયો ! તે બોલ્યો, 'દયા, તું પણ પાગલ થઈ ગઈ છે?'

દયાએ જવાબ આપ્યો, 'તો પછી આટલા બધા લોકોને રોગમાંથી આરામ કેવી રીતે મળ્યો ? તો પછી શું આખા દેશના લોકો પાગલ છે ?'

ઉમાપ્રસાદે બહુ સમજાવી, ઘણી વિનવણીઓ કરી, ઘણું રડ્યો, પણ દયામયીના મુખેથી કેવળ એક જ વાત નીકળે છે, 'ના, ના, તમારું અકલ્યાણ થશે. કદાચને હું તમારી પત્ની નથી, કદાચ હું દેવી છું.'

છેવટે ઉમાપ્રસાદે કહી દીધું, 'જો તું દેવી હોત તો આવી પથ્થર હૃદયની ના હોત. તારું મન આટલું બધું અ-ચલ, અટલ રહ્યું ?'

દયામયી આ વખતે રડતાં રડતાં બોલી, 'ઓ રે, તમે મને સમજી શક્યા નહીં.' ઉમાપ્રસાદ દયામયીની પથારી છોડી દઈ થોડી વાર ખોવાયેલાની જેમ તે ખંડમાં અસ્થિરભાવે આમતેમ ઘૂમવા લાગ્યો. પછી એકાએક દયામયીની પાસે આવી બોલ્યો, 'દયા, મારી સાથે તારું લગ્ન થયું હતું ને ?'

દયાએ કહ્યું, 'હા, તે થયું હતું તેથી શું ?'

'તું જો દેવી હોય, તું જો કાલી હોય તો હું મહાદેવ; નહીં તો મારી સાથે તારું લગ્ન કેવી રીતે ?' આ વાતનો દયા શો જવાબ આપે ? તે ચૂપ રહી. ઉમાપ્રસાદે ફરીથી બોલવાનું શરૂ કર્યું, 'તું જો આદ્યશક્તિ ભગવતી હો, તો માનવલોકમાં કોની મગદૂર છે કે તારી સાથે લગ્ન કરે ? મેં તારી સાથે લગ્ન કર્યું છે; આટલા દિવસ હું તારા પતિના આસનને અધિષ્ઠિત રહ્યો છું, એથી જ સમજાઈ જાય છે કે હું પણ મનુષ્ય નથી, – હું પણ દેવતા છું, હું સ્વયં મહેશ્વર છું !'

દયામયી પછી બોલી, 'જો એવું હોય, તો હું તમારી પત્ની. દેવી હોઉં કે મનુષ્ય હોઉં, પણ હું તમારી પત્ની!' આ વાત સાંભળી ઉમાપ્રસાદને જાણે હાથમાં સ્વર્ગ આવ્યું. પત્નીને છાતીસરસી ચાંપી દીધી; અને બોલ્યો, 'ચાલો તો, તો પછી આપણે જઈએ. અહીં જેટલા દિવસ રહીશું તેટલા દિવસો તારો ને મારો વિચ્છેદ જ રહેશે !'

દયામયી બોલી, 'તો તો ચાલો !'

***

થોડુંક ચાલી ગંગાકિનારે પહોંચી નાવ પર ચઢવાનું. પરંતુ થોડે દૂર સુધી ચાલી દયા એકદમ ઊભી રહી ગઈ અને ફરીથી બોલી ઊઠી, 'હું આવીશ નહીં.' આ વખતે એનો અવાજ અત્યંત દૃઢ હતો. ઉમાપ્રસાદે ફરીથી વિનવણીઓની, અનુનયની ધારાની સરવાણી શરૂ કરી. કોઈ પણ રીતે જરાપણ પરિણામ આવ્યું નહીં.

દયા બોલી, 'જો હું દેવી છું અને તમે મારા પતિ મહેશ્વર છો, તો તો આપણે બંને અહીં જ રહીએ, બંને પૂજાનો સ્વીકાર કરીએ; જતાં શા માટે રહીએ? આટલા બધા લોકોના ભક્તિભાવને આઘાત શા માટે પહોંચાડવો ? હું તો જતી રહીશ નહીં; ચાલો, પાછા જઈએ.' ઉમાપ્રસાદ મર્માહત થઈ બોલ્યો, 'તું એકલી પાછી જા, હું તો આવીશ નહીં.' અને એમ જ થયું. દયા એકલી દેવીત્વરૂપમાં પાછી ફરી. ઉમાપ્રસાદ એ જ રાત્રે અંધકારમાં ભળી ગયો, બીજે દિવસે તેના કોઈ સમાચાર કે માહિતી મળ્યાં નહીં.

***

દયામયીના દેવીત્વમાં બધાને શ્રદ્ધા હતી; નહોતી શ્રદ્ધા એક તેની મોટી જેઠાણી હરસુંદરીને – ખોકાની માને. શરૂશરૂના બે-ચાર દિવસો તો આ મોટી વહુ જ દયામયીનું હળવાનું સ્થાન થયું

હતું; શરૂઆતમાં જ્યારે સ્વયં દયામયી જ વિશ્વાસ કરવા ઇચ્છતી નહોતી કે તે દેવી છે ત્યારે તે એક દિવસ મોટી વહુ પાસે જઈને રડી પડી હતી – 'દીદી, મને આ શું થયું ?'

મોટી વહુએ જણાવેલું, 'બહેન, શું કરીશ ? ઠાકુર પાગલ થઈ ગયા છે. વૃદ્ધાવસ્થામાં તેમને મતિભ્રમ થયો છે.'

ઉમાપ્રસાદના ઘર છોડી ચાલી ગયા પછી બે સપ્તાહ પસાર થયાં. ત્રીજા સપ્તાહે ખોકાને તાવ આવ્યો. દિવસે દિવસે છોકરો સુકાવા લાગ્યો. વૈદ્ય આવ્યા, પણ કાલીકિંકરે તેમને ઉપચાર કરવા દીધો નહીં. તેમણે તો કહ્યું, 'અમારા ઘરમાં સ્વયં માનું અધિષ્ઠાન છે, કેવા કેવા, કેટકેટલા દુઃસાધ્ય રોગો માના ચરણામૃતનું પાન કરવાથી સારા થઈ ગયા; અને અમારે ઘેર માંદગી આવે તો વૈદ્ય આવીને ઉપચાર કરે?'

મોટી વહુ પોતાના પતિ તારાપ્રસાદ આગળ રડી પડી, 'અરે, છોકરાને વૈદ્યને બતાવો, નહીં તો આપણો છોકરો જીવશે નહીં. પેલી રાક્ષસી-ડાકણ, આપણા છોકરાને જિવાડી શકશે નહીં. એને શું સાધ્ય? એની શી સિદ્ધિ ?' તારાપ્રસાદ અત્યંત પિતૃભક્ત. પિતાનો વિશ્વાસ, માતાનું વિધાન – આ બધું તે વેદોની જેમ માન્ય રાખે. તેમણે પત્નીને જણાવ્યું, 'ખબરદાર, એવી વાત કર નહીં, છોકરાનું અ-કલ્યાણ થશે. મા જે કરશે, તે જ થશે.'

પરંતુ મોટી વહુની રોજેરોજની ફરિયાદો – વિનવણીઓ અને રુદન વગેરેને કારણે એક દિવસ ઘરના માલિકે નમીને દયાને પૂછ્યું, 'મા, ખોકાને જે રોગ થયો છે તે માટે વૈદ્યને બતાવવાની આવશ્યકતા છે કે ?' દયામયીએ એકદમ કહ્યું, 'ના, હું જ એને સારો કરી દઈશ.' કાલીકિંકર નિશ્ચિંત થયા, તારાપ્રસાદ પણ નિશ્ચિંત થયા.

ખોકાની માએ એક દિવસ એક વિશ્વાસુ દાસીને કવિરાજની પાસે મોકલી; રોગનું જે કંઈ વિવરણ કરવાનું હતું તે બધું તે બોલી ગઈ. ઔષધ જોઈએ છે. કવિરાજ મહાશય આ પ્રસ્તાવ સાંભળીને દાંતથી જીભ કચડી બોલ્યા, 'મા ઠાકુરનને જઈને કહેજે કે જ્યારે સ્વયં શક્તિ જ કહે છે કે તે ખોકાને આરોગ્ય પ્રદાન કરી શકશે, ત્યારે હું ઔષધની વ્યવસ્થા કરી અપરાધી થઈશ નહીં.'

જેને જેને મળવાનું થાય તેને ખોકાની મા રડીરડીને કહેતી, 'ઓ રે, કશુંક ઔષધ બતાવો; મારો છોકરો જીવશે નહીં.' બધાં જ કહેતાં, 'ઓ મા, આ વાત બોલતી નહીં, તારે શી ચિંતા ? તારા ઘરે તો સ્વયં આદ્યશક્તિ વિરાજે છે.' ખોકાનો રોગ તો સમય જતાં વધી ગયો. દયા બોલી, 'ખોકાને લાવી મારા ખોળામાં બેસાડો.' ખોકાને ખોળામાં લઈ દયા આખો દિવસ બેસી રહી. પરંતુ રાત્રે ખોકાનો રોગ-દરદ વધી ગયાં. દયામયીએ એકાંત મનથી અને એકાંત પ્રાણથી કેમકેમ કરીને ખોકાને આશીર્વાદ દીધા, ખોકાના શરીરે હાથ ફેરવ્યો, પણ કશુંય કરતાં ખોકા જીવ્યો નહીં.

જ્યારે ખોકાના મૃત્યુની વાત પ્રસારિત થઈ ત્યારે તારાપ્રસાદ અધીરા થઈ દોડતા આવ્યા, દયામયીને બોલવા લાગ્યા, 'રાક્ષસી, ખોકાને લઈ લીધો ? કશું કરીને માયાજાળનો ત્યાગ કરી શકી નહીં?' ખોકાની મા પહેલાં તો શોકમાં અત્યંત વિહ્વળ બની ગઈ; જ્યારે થોડીઘણી સ્વસ્થ થઈ ત્યારે

દયામયીને તેના મોંએ જે આવ્યું તે બધી ગાળો દેવા લાગી. બોલી, 'એ દેવી ક્યાંથી ? એ તો ડાકણ. દેવી ક્યારેય છોકરાને ખાઈ જાય ?'

કાલીકિંકર છલછલ નયને દયા તરફ જોઈને બોલ્યા, 'મા, ખોકાને પાછો લાવી દે. હજુ તો દેહનો નાશ થયો નથી. પાછો લાવી દે, મા, પાછો લાવી દે.' દયામયી ઝરઝર આંસુઓ સારવા લાગી. મનોમન યમરાજને સંબોધીને આજ્ઞા કરી : 'હમણાં જ ખોકાનો આત્મા ખોકાના શરીરમાં પાછો લાવી દેવો પડે.'

તેથી જ્યારે કંઈ થયું નહીં ત્યારે તેણે વિનંતી કરી; આદ્યશક્તિની વિનંતીથી પણ યમરાજ ખોકાનો પ્રાણ પાછો લાવ્યા નહીં.

તે વખતે પોતાના દેવીત્વમાં દયાને અશ્રદ્ધા ઊપજી. આજે તેની પૂજા વગેરે બંધ રહ્યાં હોઈ આખો દિવસ કોઈ તેની પાસે આવ્યું નહીં. એકાકિની બેઠી બેઠી દયાએ આખો દિવસ વિચારો કર્યા. સંધ્યા થઈ. આરતીનો સમય થયો. જેમતેમ કરીને આરતી થઈ.

***

બીજે દિવસે કાલીકિંકરે ઊઠીને પૂજાના ઓરડામાં જઈને જોયું : સર્વનાશ ! પહેરેલાં વસ્ત્રને દોરડા જેવું વાળીને, લાકડાની વળી પર લટકાવી દેવીએ આત્મહત્યા કરી છે !

# ઑડિટિંગ

ઇલા આરબ મહેતા

સવારના દસેક વાગ્યાનો તડકો આમ તો શહેરમાં ચારે તરફ ઉકળાટ ફેલાવતો હતો, પણ જગદીશભાઈના 'લીલાછમ' નામના બંગલામાં, તેના ખાસ્સું વન કહી શકાય તેવાં વૃક્ષો અને છોડવાઓથી ખીચોખીચ ભરેલા બાગમાં તેનો પ્રકોપ ઓછો વરતાતો હતો.

સ્થાનિક નગરપાલિકાના પ્રમુખ અંતુભાઈ અત્યારે જગદીશભાઈ સાથે બાગમાં ચાલતા હતા. ભારે શરીરને કારણે તેમને થોડો શ્રમ પણ પડતો હતો અને પસીનાથી રેબઝેબ થઈ ગયા હતા.

જગદીશભાઈ સ્વસ્થતાથી ચાલતા હતા. એક હાથે તેમણે તેમના પુત્ર બાબુનો હાથ પકડ્યો હતો ને બીજે હાથે ઘટાદાર વૃક્ષો બતાવતા જતા હતા. કહેતા હતા,

'અંતુભાઈ, વૃક્ષો તો પૃથ્વીનું જીવનતત્ત્વ છે. અરે આપણા પ્રાચીન સાહિત્યમાં જુઓ ! ભાગવત તો પ્રકૃતિનાં કેટલાં રમણીય વર્ણનો કરે છે. આપણાં સંસ્કૃત સુભાષિતોમાં વૃક્ષોની મહાનતા કેવી અદ્‌ભુત વર્ણવી છે!' આમ કહી તેમણે સંસ્કૃત શ્લોક શરૂ કર્યો, 'ધત્તે ભરં કુસુમપત્ર-ફ્લાવલીનાં ધર્મવ્યથા...'

પછી અંતુભાઈને સંસ્કૃત શ્લોક સમજાશે નહીં - ભાષા કરતાં આંકડાના માણસ વધુ હોવાની ખબર હોવાથી - તેમણે સાદી ગુજરાતીમાં સમજાવ્યું, 'જે વૃક્ષ ફૂલ, પાન, ફળ વગેરેનો ભાર ધારણ કરે છે, જે ગરમી-ઠંડી સહન કરી બીજાની પર છાયા પાથરે છે તેવા ગુરવે તરવે - ગુરુ સમાન તરુઓને મારા નમસ્કાર હો !'

'હેં ! હા હોં !' કહેતાં અંતુભાઈ વડના વૃક્ષ ફરતા બાંધેલા ઓટલા પર બેસી પડ્યા. જગદીશભાઈએ બાબુને પણ ઓટલા પર બેસાડ્યો ને પોતે પાસે બેઠા.

વૃક્ષ નીચે ઠંડક હતી. ઉપર વડની વડવાઈઓ લટકતી હતી. થોડે દૂર ખુલ્લી જગ્યામાં એક પહોળા મુખવાળું માટીનું મોટું વાસણ પાણીથી ભરેલું તડકામાં ચમકતું હતું. બે-ત્રણ કાળા ને લીલા રંગનાં પક્ષીઓ પાણી પી ઊડી ગયાં. અંતુભાઈએ મોં પરથી પસીનો લૂછ્યો. પછી ઊભા થઈ ચારે બાજુ જોયું. આ જમીન અને જંગલનો ક્યાસ કાઢતા હોય તેમ. પછી પૂછવાનો સવાલ પૂછી કાઢ્યો,

'તમને જગદીશભાઈ, આ ગામ બહાર આટલી જમીન લેવાનું અને આવાં ઝાડ રોપવાનું સૂઝ્યું કઈ રીતે?'

'હું તો અંતુભાઈ, ગામડામાં મોટો થયો. ખેતર, પાદર, પાદરનાં ઝાડવાં તો અમારાં દોસ્તારો. પછી એમ જ. પછી રિટાયર થવાને થોડાં વર્ષ બાકી હતાં પણ વૉલન્ટરી રિટાયરમેન્ટ લઈને અહીં જ આમ વસી ગયો. ખેતીય થાય ને બાબુ પણ સચવાઈ જાય.'

આ જ વખતે બાબુએ ઝાડ પર ચડવાની જીદ કરવા માંડી. જગદીશભાઈએ તેને ધીરજથી સમજાવ્યો. બાબુ હતો વીસેક વર્ષનો તગડો યુવાન પણ સમજશક્તિ બે-ત્રણ વર્ષની ઉંમરના બાળક જેટલી હતી.

બાબુને જોતાં અંતુભાઈના મનમાં થઈ આવ્યું, 'અરરર, આવાંને તો જન્મતાં જ...'

બાબુને સમજાવતાં જગદીશભાઈએ નીચે પડેલાં પીપળાનાં પાન વીણીને આપ્યાં. ઊડતી ચકલીઓ બતાવી. અંતુભાઈના પ્રશ્નથી અતીત થોડો આંખ આગળ ઝબકી ગયો હતો. હાર્દિક પછી લગભગ બાર વર્ષે બાબુ જન્મ્યો હતો.

'જો હાર્દિકના જન્મ વખતે આપણી પાસે ખાસ કંઈ ન હતું. આ વખતે તો તમારે મને કાંઈક અપાવી જ દેવું પડશે હોં !' પ્રતિમાએ લાડથી કહેલું.

પોતેય તાનમાં આવીને કહી દીધેલું, 'અરે, તું માગે તે ! મુઠ્ઠી ભરીને મહોરો દઈશ, બસ !'

પછી તો બાબુનો જન્મ, મહોરો લેવાને બદલે ગુજરાત, મુંબઈના ડૉક્ટરોને મળવા ને બાબુની દવા કરવા પાછળ પૈસા ખર્ચાયા. પછી જગદીશે હકીકતનો સ્વીકાર કર્યો. પછીનાં વર્ષોમાં લોકોની આંખોથી દૂર, તેમની હેરાન કરનારી પૂછપરછથી આઘા તેઓએ અહીં જમીન ખરીદી, નાનું ઘર કર્યું ને બાબુને સાચવવા લાગ્યા. બાબુ સાથે સાથે તેમણે વૃક્ષોની પણ ગાઢ દોસ્તી કરી ને સંસ્કૃત સુભાષિતોમાંથી પ્રકૃતિ, નદી, પર્વત, વૃક્ષ વગેરેની પ્રશંસા કરતા શ્લોકો મનમાં ગણગણતા રહેતા, સવાર-સાંજ અહીં ફરતા.

થોડી વારે ઊઠ્યા. બાગનું ચક્કર પૂરું કરી તેઓ પાછા ફર્યા.

'ચાલો ઘરે, ચા પીવા'. જગદીશભાઈએ આગ્રહ કર્યો.

'ના, મોડું થયું. આ તો શું કે તમારા બાગની, તમારાં આ ઝાડવાંઓની બહુ વાતો સાંભળી હતી એટલે પાલિકાએ મને મળવા આવવાનું કહ્યું.' અંતુભાઈએ ખુલાસો કર્યો.

'જરૂર આવો ને ! બીજા સભ્યોને પણ જોવું હોય તો, જરૂર આવે.'

જતી વખતે અંતુભાઈએ જગદીશના હાથમાં એક કવર આપ્યું ને કહ્યું, 'જગદીશભાઈ, *આપણી નગરપાલિકાના પ્રમુખે તમને આ કાગળ મોકલ્યો છે. ના ન પાડતા.* આમ તો આ વાતનો બહુ અરજન્ટ નિકાલ લાવવાનો છે. તોય મહિનો નીકળી ગ્યો તમને કાગળ લખવામાં. લ્યો, હવે તમે ઝટ કરજો.'

'પણ શેનો કાગળ ? મારું વળી શું કામ પડ્યું ?'

'એ તો બધું લખ્યું છે આ પત્રમાં. નિરાંતે વાંચી લેજો. ચાલો ત્યારે, રજા લઉં.'

અંતુભાઈ તેમની ગાડીમાં રવાના થયા. જગદીશભાઈ પોતાના નાના બંગલા તરફ ગયા. બંગલાના પૉર્ચમાં જ ખાટ બાંધી હતી. ત્યાં બેસી તેમણે કવર ખોલ્યું. પત્ર વાંચ્યો. વાંચીને હસી પડ્યા.

ત્યાં પ્રતિમા અંદરથી આવી. જગદીશની બાજુમાં બેસી તેણે જરા હીંચકાને ઝુલાવ્યો.

'બાબુ ક્યાં ?' જગદીશે પૂછ્યું.

'ટી.વી. જુએ છે અંદર. ભાણજીભાઈ પણ છે.'

'રસોડું બંધ છે ને ?'

'હા, હા.' પ્રતિમાએ કહ્યું, 'તે દિવસે દમ દીધો; પછી હવે ત્યાં નથી જતો.'

છએક મહિના પહેલાં બાબુએ લાઇટર લઈ ગૅસનો સ્ટવ પેટાવવાનો યત્ન કર્યો હતો. પછી લાઇટરમાં તો સ્પાર્ક ન થયો ને તેણે સ્ટવના બધા નોબ ખુલ્લા મૂકી દીધા. આખા ઘરમાં વાસ ફેલાઈ ગઈ. સ્પાર્ક થયો હોત તો શું થાત એના વિચારમાત્રથી તેઓ કમકમી ઊઠ્યા હતા.

જગદીશનું ધ્યાન ફરી હાથમાંના પત્ર પર ગયું. પ્રતિમાના હાથમાં પત્ર આપ્યો ને કહ્યું, 'લે વાંચ.'

સરકારી જેવા દેખાતા પરબીડિયાને સાશંક નિહાળી પ્રતિમાએ મોં બગાડ્યું.

'હશે પાછું કંઈ ટૅક્સનું લફરું'.

'અરે, શું તુંય પ્રતિમા ! જેમ કોઈ કોઈ સરકારી ઑફિસર સારા હોય તેમ આ કાગળ પણ સારો છે. વાંચ તો ખરી.'

પ્રતિમાએ કાગળ વાંચ્યો. બીજી વાર વાંચ્યો. પછી જગદીશ તરફ જોઈ રહી. બોલી,

'લે આ વળી નવું ? આ શું વળી ? મને તો કંઈ સમજાયું નહીં. નવી જાતનો ટૅક્સ છે ?'

જગદીશ હસી પડ્યો, 'ટૅક્સ નથી પણ આ છે તો ટૅક્સના શબ્દો. આ 'ઑડિટિંગ' છે.'

'એટલે ?'

જગદીશ કંઈ બરાબર સમજાવે તે પહેલાં તેનો મોબાઇલ રણકી ઊઠ્યો. ફોન તેમના મોટા પુત્ર હાર્દિકનો હતો. હાર્દિક બૅંગાલુરુમાં કોઈ આઈટી કંપનીમાં ઊંચા પગારે કામ કરતો હતો.

'હલ્લો પપ્પા' કહેતાં તેણે બધાના ખુશખબર પૂછ્યા.

'હલ્લો, હા ભાઈ, હા, મજામાં. અરે, આ ઉનાળે અહીં આવવાનું રાખો. આ વખતે વરસાદ સારો થયો છે તે બધે લીલુંછમ છે. લે, તારી મમ્મીને ફોન આપું.' કહી જગદીશે પ્રતિમાના હાથમાં ફોન મૂક્યો. પ્રતિમાએ હાર્દિકની પત્ની સુષ્મા, બાળકો નીરજ ને નમનના ખબર પૂછ્યા. પછી કંઈ યાદ આવતાં હસતાં હસતાં કહ્યું,

'લે, હાર્દિક, તારા પપ્પાને આપણી નગરપાલિકાએ વૃક્ષ ઑડિટિંગ કમિટીમાં લીધા છે. સરકાર પણ શું જાતજાતનું નવું શોધી લાવે છે !'

'મમ્મી, આ તો બહુ સારું કહેવાય. પપ્પાને ફોન આપ.' હાર્દિકે ઉત્સાહથી કહ્યું.

પ્રતિમાએ ફોન જગદીશના હાથમાં આપ્યો. 'હલ્લો પપ્પા, આ તો બહુ સારી વાત છે. જોજો ના ન પાડતા.'

'અરે પણ આ બધી પળોજણમાં....'

'પળોજણ શું ? મજા પડશે.' હાર્દિકે સમજાવ્યા. ત્યાર બાદ સુષમા, નીરજ, નમન બધાંએ હાય હલ્લો કહ્યું ને ફોન બંધ થયો.

પ્રતિમાએ પત્ર લઈ ફરી વાંચ્યો ને પૂછ્યું, 'પણ આ વૃક્ષનું ઑડિટિંગ એટલે શું ?'

'જો, હું તને સમજાવું ? ઑડિટિંગ એટલે પૈસાનો બરાબર હિસાબ-કિતાબ તપાસવાનો. પૈસાની આવક-જાવક મેળવવાની. તે બરાબર વપરાયા છે કે ક્યાંય ખોટા ખર્ચા થયા છે તેનો તાળો મેળવવાનો.'

'પણ એમાં ઝાડ ક્યાંથી આવ્યાં ?'

'જરા સમજ. આ તો પછી શબ્દપ્રયોગ પૈસા સિવાય બીજી પણ બાબતોમાં જ્યાં તાળો મેળવવાનો હોય, ખરા-ખોટાનો હિસાબ મેળવવાનો હોય ત્યાં વપરાય.'

'તો આ કમિટીમાં તમે શું કરશો ?'

'જો એક શહેરમાં સેંકડો-હજારો વૃક્ષો હોય. દર વર્ષે ચોમાસામાં તોફાન થાય. વાવાઝોડાં થાય તો આ વૃક્ષોમાં જે ખૂબ જૂનાં હોય, સડી ગયાં હોય તે તૂટી પડે. ડાળીઓના ભારથી પણ તૂટી પડે તેવાં હોય. તો અમારી કમિટીએ તે બધાંની તપાસ કરવાની. તેમને કાપી કાઢવાનાં. નવાં રોપવાનાં. આ બધા માટે આ વર્ષે આપણી નગરપાલિકાએ ઑડિટિંગ રાખ્યું છે.'

'રહેવા દો હવે. નગરપાલિકાવાળા એસી રૂમમાં બેસી તમારા જેવા પાંહે હડિયું કઢાવશે.' પ્રતિમાબહેને વાતનો વીંટો વાળ્યો.

'અરે, હું એકલો નથી. પાંચ જણાની કમિટી છે.' જગદીશે પ્રતિમાને સમજાવી. શરૂઆત વખતે ભલે જરા પળોજણનો કંટાળો આવ્યો હોય પણ પછી તેમને પોતાને આ વાતની અગત્ય સમજાઈ. વળી હાર્દિકે પણ આ વાતમાં રસ લીધો તેથી તેમણે 'છાયામન્યસ્ય કુર્વન્તિ તિષ્ઠન્તિ સ્વયમાતપે ફલાનિ અપિ પરાર્થાય વૃક્ષાઃ સત્પુરુષા ઇવ' એ શ્લોક પ્રતિમાને ગાઈ બતાવ્યો.

પ્રતિમાએ છતાં ડોકું હલાવી નારાજગી વ્યક્ત કરી ત્યારે શ્લોકનો અર્થ પણ કહ્યો કે પોતે તડકો ખમી જે અન્યોને છાયા આપે, જેનાં ફળો બીજાને આપવા માટે હોય તે વૃક્ષો ખરે સત્પુરુષો જેવાં છે.

'કંઈ એવા સત્પુરુષ નથી થવું. આ ઉંમરે હવે આવી દોડમદોડ શું કરવા કરો છો ? બસ, આપણું લીલુંછમ જંગલ સંભાળો તો બહુ છે.'

પણ જગદીશ ન માન્યો.

'પ્રતિમા, આ તો આપણા શહેરનાં વૃક્ષો છે. અરે એ તો આપણાં સ્વજનો કહેવાય. વૃક્ષો છે તો વરસાદ છે. વરસાદનું પાણી તરુઓમાં અટવાય ને નીચે જમીનમાં ઊતરે. જમીન રસાળ બને.'

'હું ક્યાં એની ના પાડું છું ?'

'પણ તો આપણે એમની સંભાળ નહીં રાખવાની? એય માણસની જેમ માંદાં-સાજાં થાય. જીવાતો વળગે. મૂળમાં સડો લાગે. તેનાં દવાદારૂ કરવાં પડે. અરે જો તો ખરી ! આખું શહેર લીલુંછમ કરી નાખશું.'

ત્યાં બાબુ આવ્યો ધમપછાડા કરતો. પાછળ ભાણજીભાઈ આવ્યા.

'બેન, ચાર રોટલી ને દાળશાક આપ્યાં પણ એ તો વધારે માગે છે. ગોળ માગે છે. લાલ શરબત તો બે ગ્લાસ પી ગયો.'

પ્રતિમાએ નિસાસો નાખ્યો. ઊઠી. બાબુનો હાથ પકડી બહાર લઈ ગઈ. કાગડા-કબૂતર બતાવી તેને બીજે પાટે ચડાવવા. ડાયેટિશિયનના ઑર્ડરથી વધારે કાંઈ તેને આપવાનું ન હતું. ઑલરેડી તેનું વજન પંચોતેર કિલો પર પહોંચ્યું હતું.

વૃક્ષ ઑડિટિંગ સમિતિની પહેલી બેઠક મળી. પાંચ સભ્યોમાં એક તો અંતુભાઈ પોતે હતા. બીજા હાઈસ્કૂલના રિટાયર્ડ પ્રિન્સિપાલ હતા. ત્રીજા તે લીલમ નદી પાસે 'લીલમ' નામનો રિસૉર્ટ ચલાવતા નંદલાલભાઈ અને ચોથા હતાં સુનંદાબહેન. ઘણો સમય એકબીજાની ખબર પૂછવામાં અને ચા-પાણીમાં વીતી ગયો.

'હાલો, જરા આંટો તો મારી આવીએ. કંઈક કામની ખબર પડે.' અંતુભાઈએ કહ્યું.

શહેરના મુખ્ય રસ્તા પર તેઓ અંતુભાઈની ઇનોવામાં ફર્યા. ત્યાં ઘણાં પુરાણાં વૃક્ષો હતાં.

'આ તો બહુ જૂનાં છે. આ પીપળો ને લીમડો ને આ બીજાં જે હોય તે ! હું નિશાળે જાતો તંયે અહીંથી જાતો.' નંદલાલભાઈએ કહ્યું, ગાડી પાર્ક કરી તેઓ રસ્તા પર ફરતાં હતાં.

'ઓહો ! એટલાં જૂનાં !' અંતુભાઈ આશ્ચર્યથી બોલ્યા, 'એટલે કે ત્રીસ-પાંત્રીસ વર્ષ જૂનાં છે.'

'અંતુભાઈ, વૃક્ષોની આયુ તો ક્યારેક સદીઓની હોય છે ને બ્રાઝિલનાં જંગલોમાં તો હજારો વર્ષ જૂનાં વૃક્ષો છે એમ કહેવાય છે.' જગદીશભાઈએ માહિતી આપી પણ અંતુભાઈ તેમના સાંભળવાના નેટવર્કથી બહાર નીકળી ગયા હતા. આગળ જઈને તેઓ કોઈ જોડે વાત કરવા ઊભા

રહ્યા. વાત લાંબી ચાલી. સુનંદાબહેન જગદીશભાઈ જોડે ચાલતાં હતાં. રસ્તાની બેઉ બાજુ ઊગેલાં તરુવરોની ઘટા જોતાં આનંદાશ્ચર્યથી બોલ્યાં,

'કેવું રળિયામણું ગોકુળ જેવું લાગે છે !

'થોડી કાળજી લેવાની જરૂર છે.' જગદીશભાઈ એક પુરાણા વૃક્ષના થડ પર હાથ ફેરવતાં બોલ્યા. ત્યાં વૃક્ષ પરથી કાગડાઓનો કોલાહલ સંભળાયો.

'ચાલો બેન, ખસી જઈએ. ઉપર કાગડાઓના માળા છે. તેઓ ડરે છે કે આપણે ક્યાંક તેમના માળામાંનાં ઈંડાંઓને નુકસાન કરશું.'

તેઓ આઘાં ખસી ગયાં. સુનંદાબહેન તો નવાઈ પામી ઉપર જોવા લાગ્યાં.

'માળો ? કાગડાનો ? ઝાડ પર ?'

જગદીશભાઈ શું કહે ? શહેરીકરણ એટલું તો ઝડપથી થતું જાય છે કે લોકો ઝાડ પર પક્ષીનો માળો હોય તેય ભૂલી ગયા છે. ત્યાં વળી નાનામાં નાનાં પંખીઓથી માંડી મોટા બગલા જેવડાં પક્ષીઓ પોતપોતાના માળા બાંધવા ને બચ્ચાંને ઉછેરવા કેવી કેવી કાળજીભરી કરામતો કરે છે તે જાણવામાં કોને હવે રસ હોય ?

બીજી વારની શહેરની સફરની શરૂઆત થઈ ત્યાં અંતુભાઈએ કહ્યું,

'આ હોટલના માલિક ખીમજીભાઈને કાંક કહેવું લાગે છે.'

તેઓ એ જ જગ્યાએ ઊભા હતા જ્યાં ગઈ કાલે જે પુરાણાં વૃક્ષો જોતાં હતાં. અંતુભાઈએ જેમની જોડે લાંબી વાતચીત કરી હતી તે ખીમજીભાઈ જ હતા.

તેઓ ફૂટપાથ પર ઊભા રહ્યા. ખીમજીભાઈએ નજીક આવી સમિતિનું અભિવાદન કરતાં 'નમસ્તે' કર્યા.

'કેમ છો ખીમજીભાઈ ?' અંતુભાઈએ પૂછ્યું.

'બસ, બસ, આપની કૃપા છે.'

'જુઓ, આ અમારી ઑડિટિંગ કમિટીના બધા સભ્યો છે. આપણા જ છે. તમારે જે કહેવું હોય તે કહો, બેધડક.'

ખીમજીભાઈની 'ધી ન્યૂ મૉડર્ન ટી ઍન્ડ કૉલ્ડ્રિંક્સ હોટેલ' એ ફૂટપાથ પર જ હતી. ખીમજીભાઈએ ગળગળા અવાજે ફરિયાદ કરી, 'એવું છે ને અંતુભાઈ કે આ બદામના ઝાડનાં પાંદડાં અહીં ફૂટપાથ પર પડે છે. વળી ડાળીઓ પર પંખીઓ બેસે એની અઘાર પડે.'

જગદીશભાઈ ગૂંચવાયા. 'પણ ખીમજીભાઈ, એ બધું તમારી હોટેલમાં ક્યાં અંદર પડે છે ? બહાર ફૂટપાથ પર પડે છે. તમારો સ્ટાફ જરા વાળીઝૂડી નાખે.'

'ના, જગદીશભાઈ, તમે સમજ્યા નહીં. વાત એમ છે કે અમારી હોટેલ હવે યુરોપિયન સ્ટાઇલની કરવી છે. ઓલું ફોરેનમાં કેમ બધા ફૂટપાથ પર ચા-કૉફી પીતા હોય તેમ.'

'ફૂટપાથ તો નગરપાલિકાની છે અને રાહદારીઓ માટે છે. તમારી હોટેલ ત્યાં ખુરશી ટેબલ ન મૂકી શકે.' પ્રિન્સિપાલ પટેલસાહેબે કાયદો સમજાવ્યો.

'હા હા એમ કરો ખીમજીભાઈ, તમારી ફરિયાદની એક લેખિત નકલ આપી દેજો. જુઓ, તમારી ફરિયાદ વિશે વિચારશું.'

'જરૂર કરજો હોં. આ ઝાડવાં આમે ય સડી ગયાં છે.' કહેતાં ખીમજીભાઈએ ઇશારો કર્યો. સમિતિના સભ્યોને કોલ્ડ-ડ્રિન્કસ અપાયાં.

તે જ દિવસે કામ ઝડપથી કરવા તેઓએ ગાડી મંદિર તરફ લેવરાવી. મંદિર 'પ્રાચીન' હતું. એટલે કે વીસેક વર્ષ જૂનું. તેના પરિસરમાં વડ, પીપળો, લીમડા, કરેણ, ચંપો આદિ હવામાં થોડાં થોડાં લહેરાતાં હતાં.

ગાડીમાંથી નીચે ઊતરી મહાદેવ, વિષ્ણુ, ગણેશ આદિને પગે લાગી તેઓ પરિસરમાં ફરવા લાગ્યા. વાતાવરણ શાંત હતું. થોડું હૂંફાળું હતું. વૃક્ષોની ઘટામાંથી તડકો ચળાઈને નીચે ફેલાતો હતો. પીપળા ને વડ ફરતા ઓટલાઓ બાંધ્યા હતા - ઘડીભર બેસવાનું મન થાય તેવા. સમિતિ સભ્યો ત્યાં બેઠા જ.

ત્યાં હાથમાં પંચામૃત લઈ પૂજારી પધાર્યા. સહુએ પંચામૃતનું આચમન કર્યું. પછી પૂજારીએ અંતુભાઈના હાથમાં કાગળ આપ્યો.

'સાહેબ, હું તો પૂજારી છું. મંદિરના ટ્રસ્ટી સાહેબોએ આપને આ અરજી આપવાનું કહ્યું છે. પછી આપ સહુને રૂબરૂ મળવા આવશે.'

અંતુભાઈએ ત્યાં જ પત્ર વાંચ્યો. વાંચીને બોલ્યા, 'અરે વાહ ! આ તો બહુ સરસ.'

'શું કહે છે ટ્રસ્ટીઓ ?' પટેલે પૂછ્યું.

'તેઓ આ મંદિરમાં એક દિવ્ય સાધનાનો આશ્રમ બાંધવા માગે છે. ત્યાં પ્રવચન માટે એક સત્સંગ ખંડ પણ હશે. સાધકોને રહેવા માટેની નાની નાની ઓરડીઓ પણ હશે.'

'આ તો ઘણો મોટો પ્રૉજેક્ટ થયો.' જગદીશભાઈએ આજુબાજુ જોતાં કહ્યું, 'એટલી જગ્યા ક્યાં છે?'

'જોઈશું, જોઈશું.' કહી અંતુભાઈએ અરજી ખીમજીભાઈની અરજી સાથે મૂકી દીધી. છેલ્લે દિવસે ઇનોવા શહેરના છેવાડાના વિસ્તારમાં પ્રવેશી. બે દસકા પહેલાં અહીંયાં ગિરિજનમંડળ આંબેડકર આવાસ યોજના થઈ હતી. તે અનુસાર ઘરો બંધાયાં હતાં ને ઠેર ઠેર વૃક્ષો રોપાયાં હતાં.

'અરરર ! જોયું, વૃક્ષોનાં પાંદડાં તો સાવ ધૂળવાળાં થઈ ગયાં છે. આ ડાળીઓ...બધું સડી ગયું છે. આ આખી આવાસ યોજનાનો નગરપાલિકાએ વહીવટ કરવો જોઈએ. શું કહો છો જગદીશભાઈ?'

'અરે, પણ આ વૃક્ષો ?'

'પણ વૃક્ષો તો રાખીશું ને. અહીંથી કપાવીને બીજે રોપાવી દઈશું. એમને શો ફરક પડે છે ?'

'અહીંના રહેવાસીઓને પૂછવાની જરૂર છે ? માલિકી કોની ?' પટેલસાહેબે કાનૂની મુદ્દો ઉઠાવ્યો. પણ અંતુભાઈએ સહુને 'ચાલો ચાલો નગરપાલિકાની ઑફિસ પર. ત્યાં વિચારીશું.' કહી ઇનોવામાં ધકેલ્યા.

ઑડિટિંગ પૂરું થયું. હવે થોડા દિવસોમાં ચોક્કસ નિર્ણયો લેવા પડશે. હીંચકા પર ઝૂલતા જગદીશભાઈની આંખ આગળ દૃશ્યો ઝબકતાં ને અલોપ થતાં.

નજર સામે દેખાતાં પેલાં બદામનાં વૃક્ષો. મોટાં મોટાં પાંદડાંવાળાં. ગિરિજન આવાસ યોજનામાં રહેલાં આંબાનાં વૃક્ષો, પીપળો, વડ અને કરેણ (પ્રભુ જ સહાય કરશે)ની ક્યાંક ખૂબ વિસ્તરેલી ઘટા તો ક્યાંક ઝૂકી ગયેલી ડાળીઓ - સહુને તેઓ આશ્વાસન આપી આવ્યા હતા કે તમે સહુ ઊંડા ઊતરો, ઉપર વધો, વિસ્તરો. તમારામાં કંઈ સડો હશે તો અમે દવા કરીશું. ફરી તમને લીલાંછમ કરીશું.

હીંચકો હલતો રહ્યો. આજે તેઓ બાબુને લઈને બાગમાં નહોતા ગયા. હાર્દિક બૅંગાલુરુથી આવવાનો હતો.

ત્યાં પ્રતિમા ચિંતિત ચહેરે રસોડામાંથી બહાર આવી.

'હાર્દિક કેમ ન આવ્યો હજુ ? ફ્લાઇટને લૅન્ડ થયાને બે કલાક થઈ ગયા.'

'આવતો હશે. આમ પણ એરપૉર્ટથી અહીં આવતાં કલાક - દોઢ કલાક થઈ જાય. ચિંતા ન કર.' જગદીશભાઈએ કહ્યું ને વાટકીમાંથી એક મમરો લઈ ખાતાં બાબુને પાસે બેસાડ્યો.

થોડીવારે બંગલા આગળ ટૅક્સી આવીને ઊભી રહી. પૈસા ચૂકવી હાર્દિક અંદર આવ્યો. ટ્રૉલી-બૅગ ખેંચી એક બાજુ પર મૂકી. બાબુ એકદમ ઊઠ્યો ને ટ્રૉલી-બૅગ લઈ ખેંચવા માંડ્યો. જોરથી ધક્કો મારી દોડવા લાગ્યો.

'બાબુ, નહીં.' પ્રતિમાએ મોટેથી કહ્યું. બાબુ અટકી ગયો. જગદીશભાઈ પાસે બેસી ગયો ને પછી હાર્દિક સામે વાટકી ધરી.

'અરે, ગયે વખતે તું ગયો પછી બાબુ તો તને જ શોધ્યા કરે. દરેક ઓરડામાં જાય ને વીલે મોંએ પાછો આવે.' પ્રતિમાએ કહ્યું.

'હં.'

બાબુ અંદર ટી.વી. જોવા ગયો અને હાર્દિક જગદીશભાઈ પાસે બેઠો. પ્રતિમા ચા લઈ આવી. હાર્દિકને ચા આપી સામે ખુરશી પર બેઠી. હાર્દિકે ચા પી ઝડપથી લાગલું જ પૂછ્યું, 'કેમ ચાલે છે ઑડિટિંગનું ?'

'લે, તને ક્યાંથી ખબર ? અરે હા ! કાગળ આવ્યો તે તો તારી મમ્મીએ ફોનમાં કહેલું.'

'મને તો પહેલેથી ખબર હતી. અંતુભાઈએ જ પહેલાં મને ફોન કરેલો.'

જગદીશ હસી પડ્યો, 'અંતુભાઈ પણ ! આ આપણું શહેર ને નગરપાલિકા સુધરી ગયાં છે. બાકી આજકાલ પર્યાવરણની ચિંતા કોને છે ?'

'શું નક્કી થયું ?'

'હજુ કંઈ નક્કી થયું નથી. પણ જોજે ને આપણું શહેર તો હું લીલુંછમ રાખીશ.' જગદીશે હોંશથી કહ્યું. તેનો અવાજ લીલાં પાંદડાં જેવો સ્નિગ્ધ અને જીવનરસથી ભર્યો ભર્યો હતો.

પણ હાર્દિકનો અવાજ કઠોર અને શુષ્ક હતો. 'શું તમે પણ પપ્પા ! આજકાલ આ પર્યાવરણને નામે પબ્લિક ખોટી ધમાલ કરે છે.'

'અરે પણ !'

'ભવિષ્યનો વિચાર કરો. આ દેશને પ્રગતિ કરવી હોય તો ઉદ્યોગો જોઈશે, કારખાનાં ને રિસોર્ટો માટે જમીન જોઈશે. ઝાડનાં ઠૂંઠાં પકડી બેસી નહીં રહેવાય.'

જગદીશ હાર્દિક સામે મૂઢ બની તાકી રહ્યો.

'આ શું બોલે છે તું ?'

'જુઓ પપ્પા, થોડી વાતો ભાષણમાં ઠીક લાગે. બાકી અહીં આવ્યા પહેલાં હું અંતુભાઈને મળીને જ આવ્યો. જુઓ નંદલાલભાઈને લીલમ રિસોર્ટનો વિસ્તાર કરવો છે એટલે આ બધા ગિરિજનમંડળના આવાસો ખસેડી બીજે બાંધી દઈશું.' હાર્દિક પાસે પ્રગતિની બ્લૂપ્રિન્ટ હતી.

'એ તો જુલમ થયો માણસો અને વૃક્ષો પર. એવું ન થાય.'

'થશે, ને મંદિરની જગ્યામાં તો આશ્રમ થાય એટલે ફોરેનથી પણ અહીં સાધકો આવે. આપણા ગામને જ કમાણી છે.'

'નફા કરતાં નુકસાન ઝાઝું છે.'

'હવે એ વિચાર ન કરતા. હમણાં ઑડિટિંગ કમિટીની મિટિંગમાં ઠરાવ પાસ થઈ પણ ગયો છે. ઝાડ બધાં દૂર થશે. બનશે તો બીજે રોપીશું.'

'ઠરાવ પાસ થઈ ગયો ? મારી સહી વિના ?'

'સહી તો હું કરીને આવ્યો પપ્પા, તમારા નામની. મેં અંતુભાઈને કહ્યું કે હું પપ્પાને સમજાવી લઈશ.'

'હાર્દિક ! આ શું ? અરે પણ..'

'પપ્પા, બેસો પ્લીઝ. જુઓ, હું ખાસ તમને સમજાવવા આવ્યો છું.'

'શું સમજાવવા ?'

'જુઓ, આપણા આ બંગલા ને બાગની જમીનના ખૂબ સારા ભાવ આવે છે. અંતુભાઈને રસ છે. મેં હા પાડી દીધી છે.'

'આ લીલુંછમ વેચી નાખવું છે ? લીલુંછમ ?'

'ભાવ પણ લીલાછમ આવે છે. હું બેંગાલુરુમાં મોટું ઘર લઈશ. તમે ને મમ્મી ત્યાં આવી જાવ રહેવા.'

'હાર્દિક, એમ ન થાય. અમે અહીં જ ઠીક છીએ. અહીં બાબુ સચવાઈ જાય છે.'

'તે જ હું કહેવાનો હતો પપ્પા. ત્યાં બેંગાલુરુમાં મેં સંસ્થા શોધી કાઢી છે. બાબુને રાખશે. અઠવાડિયે-પંદર દિવસે મળી આવજો.'

'ના ના.' કહેતાં જગદીશભાઈ ફસડાઈ પડ્યા. 'ઝાડ તો ઝાડ અમને મૂળસોતાં ઉખેડવાં છે તારે?'

પ્રતિમા ઊઠી. જગદીશને ટેકો આપી બેસાડ્યા. 'હાર્દિક, તારા પપ્પાનો તો વિચાર કર.'

'જો મમ્મી, આ બધું આજના જમાનાનું ઑડિટિંગ છે. જ્યાં નફો મળે ત્યાં ક્રિયેટિવ અકાઉન્ટ્સ કરવાનાં, ને બાબુને પકડી રાખી શું કરશો ? લેટ હિમ ગો.'

પ્રતિમાએ હાર્દિક તરફ જોયું ને કહ્યું, 'હાર્દિક, બાબુ ઝાડ નથી, માણસ છે. આ ઘરમાં માણસનું ઑડિટિંગ નહીં થાય.'

જગદીશ પ્રતિમાને સાંભળી રહ્યો. પોતે ભલે પ્રતિમાને મહોરો ન આપી શક્યો પણ પ્રતિમાના આ શબ્દો સોનામહોરો જેવા જ હતા !

# લીલી પાંખોનું પતંગિયું

વર્ષા અડાલજા

નીલાએ ચાઇનીઝ સુંદર ફ્લાવર-બાઉલમાં ફૂલો ગોઠવ્યાં. ઇકેબાના 'ફ્લાવર ઍરેન્જમેન્ટ-હાર્મની ઑફ લાઇફ' પુસ્તકમાં છેલ્લી નજર કરતાં કરતાં એ થોડી પાછળ ખસી ગઈ.

આમ તો પુસ્તકમાં એવાં એવાં ફૂલોનાં નામ હતાં તે ફૂલગલીમાં તેને મળ્યાં નહોતાં, એ નામ પણ એ લોકોએ સાંભળ્યાં નહોતાં. ઠીક છે. જાપાનીઝ ફૂલગોઠવણી અને એની પાછળની ઉદાત્ત ભાવના તો પોતે દાખવી શકે ને ! જે મળ્યાં તે ફૂલોથી પુસ્તકમાં જોઈ જોઈને એણે ગોઠવણી કરી. એ માટે, પહોળા મોઢાનો, ઘેરા ભૂરા અને વાસંતી પીળા રંગનો ચાઇનીઝ બાઉલ ખરીદી લાવી હતી. લાંબી દાંડીનાં ફૂલો વચ્ચે ગોઠવ્યાં જે આકાશાભિમુખ લાગે અને ધ્યાનાકર્ષક પણ. અને નીચે તેની આસપાસ એકદમ ઝીણાં ઝીણાં ફૂલ, લીલાં કોમળ પાંદડાં સાથે થોડી સુક્કી નાની ડાળખીઓ.

નીલાએ દૂરથી જોયું, સુંદર દૃશ્ય લાગતું હતું. ડ્રૉઇંગ રૂમમાં અનેક સન્માનપત્રો અને પારિતોષિકોની વચ્ચે પણ પોતાનું આગવું વજૂદ ધરાવતો ટચૂકડો બગીચો. જાણે ધરતીમાંથી ઊડેલો રંગોનો ફુવારો ! પુસ્તકમાં ગોઠવણીની તસવીર નીચે એનું રહસ્ય સમજાવતું લખાણ પણ હતું : ઊંચી દાંડીનાં ફૂલો એટલે મનુષ્યની ઊર્ધ્વગતિ, ઈશ્વરને પ્રાર્થના કરવા ઊઠેલા હાથ અને એવું બધું.

અદ્ભુત !

'કુસુમરજ' જોતાં જ બોલી ઊઠશે. પરિતોષને ગૂઢ અર્થ અને પ્રતીકાત્મક પ્રકારની હર ચીજ ગમતી. એમનાં લેખનમાં પણ રમતિયાળપણાની મુદ્રા ઊઠતી, સાથે ગહન ચિંતનની છાયા પણ. પછી

એ ટૂંકી વાર્તા હોય કે જે માટે એ પ્રથમ પંક્તિના સર્જક ગણાતાં તે નવલકથા હોય, પ્રવાસનિબંધ કે ચિંતનલેખો, લેખિનીનાં સ્વામી. શરૂઆતની થોડી નવલિકાઓ સાભાર પરત આવેલી ત્યારે એમણે કહેલું કે જોજે નીલુ ! થોડાં જ વર્ષોમાં હું ગુજરાતી સાહિત્યમાં મારું નામ ગાજતું કરીશ પછી અનુવાદો થકી બીજી ભાષાઓમાં ફૂલની સુગંધની જેમ જ્યાં જઈશ ત્યાં મહેંકી ઊઠીશ, એટલે જ તો ઉપનામ રાખ્યું હતું કુસુમ, પણ એમાં પૌરુષતા ક્યાં? એટલે 'કુસુમરજ' નામથી લખવાનું શરૂ કર્યું. સતત વાંચન, અભ્યાસ અને લેખન. ફરી ફરી લેખન, મઠારવાનું, મરોડદાર અક્ષરે લખવાના વ્યાયામનો એક યજ્ઞ જ કર્યો.

નીલાએ ચોતરફ નજર ફેરવી. બધું જ બરાબર યોગ્ય રીતે ગોઠવાયેલું પોતપોતાની જગ્યાએ. પરિતોષને ઘરમાં વસ્તુઓ વેરણછેરણ હોય તે બિલકુલ ન ગમતું. અત્યંત સંવેદનશીલ સ્વભાવ. સૌંદર્યાનુરાગી. ગુરુમંત્ર હતો એ પરિતોષનો.

આજે લગ્નના પચીસમે વર્ષેય બધું વ્યવસ્થિત હતું. આજે તો સવારથી નીલા લાગી પડેલી. સવારનાં અખબારો ઘડી કરીને ટિપોઈની નીચે, લાઇબ્રેરીનો કબાટ હૉલમાં જ હતો. પુસ્તકો આડાંઅવળાં થઈ ગયાં હતાં. અઠવાડિયાથી પરિતોષ, એમના સન્માનસમારંભનું પ્રવચન તૈયાર કરી રહ્યા હતા. કબાટમાંથી પુસ્તકો લે અને ખોસી દે. અડધી રાત સુધી એ કસરત ચાલતી. મોડી સવારે ચાનો ઘૂંટ ભરતાં પહેલી નજર કબાટ તરફ. સ્પષ્ટ રીતે નારાજ થઈ જાય, નીલુ ! આ શું ? કોઈ જુએ તો કહેશે, આવી અરાજકતા?

એણે કહેલું, તમારું પ્રવચન તૈયાર થઈ જાય પછી ગોઠવીશ. અરાજકતામાંથી સૌંદર્ય પ્રગટાવતી તમારી સર્જકતા કંઈ કમ છે !

અને એણે આજે પૂરા ત્રણ કલાકે કબાટ ગોઠવ્યો હતો. વિવેચનનાં, કવિતાનાં એમ પુસ્તકો છુટ્ટાં પાડતાં જ કલાક પછી તેની યોગ્ય જગ્યાએ ગોઠવણી. શરૂઆતમાં તો ભાડાના એક બેડરૂમમાં જગ્યાની ખૂબ સંકડાશ પડતી. પહેલાં મલ્હાર પછી સ્વાતિ (આ નામ જુનવાણી નથી ? – છે. સ્વાતિ શુભ નક્ષત્ર. છીપમાં મોતી પાકે ખરું ને !) .આખો દિવસ બૅંકમાં નોકરી કરી સાંજે ઘરભેગા થતાં પરિતોષ લોથપોથ. સાથે ભણતાં, કવિતાઓ વાંચતાં, સર્જક બનવાનાં કેવાં સપનાં જોયેલાં ! એ બાળકો સાચવે, રસોઈ- ઘરસંસારની પળોજણમાં ગૂંથાય. પરિતોષ અગાસીમાં વાંચે, લખે. બાળકો ઊંઘી જાય પછી જ નીચે ઊતરે. ઘરનું ઘર તો એક સપનું જ. ઓવરટાઇમ કરવાનો પરિતોષને સમય જ ક્યાં હતો !

આખરે પપ્પાએ પહેલાં બે બેડરૂમનો ફ્લૅટ પછી તો આ બંગલો જ જમાઈ માટે ખરીદ્યો. આગળ નાનો બગીચો, મોટી પૉર્ચમાં હીંચકો, બંગલામાં ખાસ પરિતોષ માટે અલાયદો ખંડ ને પાછળ નાના બે રૂમનું આઉટહાઉસ.

નીલાએ નજર ભરીને ઘર જોયું.

બધું જ હતું....

સેલફોનનો રિંગટોન ગુંજી ઊઠ્યો. સ્ક્રીન પર નામ ઝબકી ઊઠ્યું, મલ્હાર.

'ઓ હલ્લો બેટા !'

'હાય મોમ ! પપ્પા ક્યાં છે ? ધ ગ્રેટ રાઇટર 'કુસુમરજ' યાને કી પરિતોષજી.'

'આજે એમનો સન્માન સમારંભ છે ને ! ખુદ સીએમ આવવાના છે, અને...'

'જાણું છું મોમ, પપ્પાએ એમના બ્લોગ પર એમનું પ્રવચન પણ મૂક્યું છે. મેં અંગ્રેજી કરી આપ્યું મારા રૂમ પાર્ટનર નીલને, એ તો ઊછળી જ પડ્યો ! તું સાથે ન ગઈ મમ્મી ?'

'જવાની તો હતી બેટા, પણ સ્વાતિની રીયાને તાવ આવ્યો છે, એટલે એ ફંક્શનમાં ગઈ છે, હું બેબીસીટિંગ કરું છું.'

મલ્હાર હસી પડ્યો.

'એઝ યુઝવલ – કંઈ નહીં, સીડી જોઈ લેજે. રાત્રે ઘરે પાર્ટી હશે. પપ્પાની આવી કેરિયરની સોનેરી ક્ષણોને નજરે જોવા હું ત્યાં નથી. પણ જોજેને મેં બધા પ્લાન કરી રાખ્યા છે. આવતે વર્ષે ત્યાં આવતાંવેંત મપ્પાના પબ્લિકેશન્સ હું હાથમાં લઈ લઈશ. આપણું જ પબ્લિશિંગ હાઉસ, માત્ર પપ્પાનાં જ પુસ્તકો. વેબસાઇટ, ઇ-બુક્સ, ઇન્ટરનેટ પબ્લિસિટી, અનુવાદો...'

'અરે વાહ !'

'મારા પપ્પા બધે છવાઈ જવા જોઈએ. ઓ.કે. !'

'ઓ.કે. ! બાબા ઓ.કે. ! અત્યારે મને જવા દઈશ ? રીયા ઊઠી ગઈ લાગે છે. દવા આપવાની છે. અરે હા, હવામાં એવા ન્યૂઝ છે, પપ્પાને આ વર્ષે પદ્મશ્રી મળશે અને રાજ્યસભામાં નૉમિનેશન...'

દુરાંઆઆઆ.... સામે છેડેથી ચીસો સંભળાતી હતી. ફોન સ્વિચઑફ કરી નીલા બેડરૂમમાં આવી. રીયા ઊઠી ગઈ હતી. હજી તાવ ઝીણો ઝીણો હાડમાં હતો. દવા આપી, આયાને દૂધ બનાવવાનું કહી એ રીયાને લઈ બગીચામાં ઝૂલા પર આવી. થોડી વાર હીંચકા ખાધા કે રીયા ખુશ થઈ ગઈ. તાવ ઊતરી ગયો હતો અને એ રમવા ઊતરી પડી. આયાને એની પાસે મોકલી નીલા રસોડામાં આવી.

રસોઈની તૈયારી ચાલી રહી હતી. બે મહારાજો હતા. અને આમ તો ચિંતા કરવાની જરૂર નહોતી, પણ પતિને અને એમના મિત્રોને એના હાથની કોઈ કોઈ વાનગી ખૂબ ભાવતી અને આજે એ બનાવવાનું ફરમાન હતું.

પૂરા બે કલાકે એ રસોડામાંથી નીકળી ત્યાં ક્રિકેટ રમવા ઊપડી ગયેલો સ્વાતિનો દીકરો રેહાન ધમાધમ આવી પહોંચ્યો. થોડી વાર તો ઘરમાં ધમાલ થઈ ગઈ. નીલા પૌત્ર પાછળ દોડતી રહી, ડ્રૉઇંગ રૂમમાં બધે ધૂળવાળાં પગલાં, ફેંકી દીધેલું બૅટ, ઊંધા પડેલા બૂટ... માંડ ઠેકાણું પાડેલું ઘર ફરી

અસ્તવ્યસ્ત થઈ ગયું. રેસના ઘોડાની જેમ નીલા દોડતી રહી. માંડ વાવંટોળ શમ્યો. ઉપરના બેડરૂમમાં ટી.વી. ચાલુ કરી બંને બાળકોને સામે બેસાડી દીધાં. પિત્ઝા મંગાવી આપ્યો, વિડિયો ગેમ્સ આપી અને આયા સાથે તેમને રીતસર પૂરી દીધાં.

ફરી ગોઠવણીની કવાયત આદરી. સાથે સાથે અવિરત ફોનની ઘંટડી રણકતી હતી. બહારગામના વાચકો, દૂર રહેતાં સગાંઓ, મિત્રોના અભિનંદનની પુષ્પવર્ષાના ફોન. નીલાની નજર ઘડિયાળ પર હતી. અત્યારે પતિનું પ્રવચન ચાલુ હશે, તાળીઓના ગડગડાટથી હૉલ ગુંજતો હશે. સ્ટેજ પર પિતાની બાજુમાં સ્વાતિ પણ હશે, એનેય ફૂલગુચ્છ મળશે. એણે પણ નાનું આભારદર્શનનું ભાષણ તૈયાર કરેલું, એને ખાસ વંચાવેલું.

'જો તો મમ્મી ! કેવું લખાયું છે ! પપ્પાને નર્મદ સુવર્ણચંદ્રક મળ્યો ત્યારે હું બોલી હતી, એથી જુદું જ છે હં!'

મંચ પર અને સામે બિરાજેલા સાહિત્યરસિક મિત્રો,

આજે મારા પિતાને મળેલા સન્માનથી હું ખૂબ ખુશ છું. મેં એમને બચપણથી જ લખતાં-વાંચતાં જોયા છે. આ સ્થાને પહોંચવામાં એમણે ખૂબ સંઘર્ષ કર્યો છે તેની હું સાક્ષી છું. વહેલી સવારે ઊઠીને લખે, યોગા કરે, સાંજે ઑફિસેથી આવીને કમરામાં કેદ થઈ જાય. એક વાર હું ખૂબ બીમાર હતી. પપ્પાને ઝંખતી હતી પણ ત્રણ દિવસ મેં એમને જોયા સુધ્ધાં નહીં. ગુજરાતી ભાષાના અધિવેશનના પ્રમુખ તરીકે એમને પ્રવાસ કરવાનો હતો. શું એમની કાર્યનિષ્ઠા અને સાહિત્ય પ્રત્યે લગાવ ! મોડી રાત્રે બહારગામથી આવતાંવેંત મારા માથે પ્રેમાળ હાથ ફેરવ્યો. એવા વત્સલ પિતાની પુત્રી હોવાનું મને ગૌરવ છે. નર્મદ જેવા ક્રાંતિકારી અને આધુનિક યુગના પ્રણેતા મારા પિતા...

નીલાએ સ્મિત કરી સ્વાતિને પ્રવચનનો કાગળ પાછો આપ્યો.

'સરસ છે, બેટા.'

સ્વાતિ પિતાની મોટી તસવીર સામે જોઈ બોલી, 'બસ, હું પણ પપ્પા જેવું લખી શકું તો ! મેરા પિતા મહાન.'

'અરે વાહ ! આજે તો પપ્પાના નામના નારા લગાવી રહી છે.'

'નહીં તો શું ! માનવમનની ગહરાઈઓને રીતસર હૃદયમાં ઝાંકીને જોઈ શકે છે, આલેખી શકે છે, એ તો એમના ટીકાકારોનેય કબૂલ કરવું પડે છે. ખરું કે નહીં! એમનાં નારીપાત્રો એકદમ સાચુકલાં.'

નીલાએ સ્વાતિને હળવો ધક્કો માર્યો.

'હવે મોડું નથી થતું ?'

સ્વાતિએ પાલવ લહેરાવતાં ટહુકો કર્યો,

'બસ આ ચાલી. પપ્પાની શોભાયાત્રાની તૈયારી થઈ રહી છે. આજે તો પપ્પાની સાથે શણગારેલી ઘોડાગાડીમાં હું બેસવાની... લા...લા...લા... જાઉં છું. અને હા, રીયાને દવા... સૉરી સૉરી. હું વળી તને ક્યાં ભલામણ કરવા બેઠી ! એને ઠીક હોત તો આપણે જોડે જ જાત ને ! બાય મોમ, થેંક્સ અ લૉટ.'

કુણાલનો ફોન; હું ગેટ પાસે છું. શું કરે છે તું હજી! માય ગૉડ ! પતિદેવ પધારી ગયા. – બોલતી બોલતી સ્વાતિ બહાર દોડી ગઈ.

નીલાને યાદ આવ્યું. આ બધી ધમાલમાં બાળકોને જમવાનો સમય થઈ ગયો હતો. એમની ફરમાઈશ મુજબનું એમને જમાડી દે, તો મહેમાનોને લઈને પરિતોષ આવે ત્યારે બાળકોનો જમેલો ભેગો ન થઈ જાય. સાહિત્યચર્ચાઓ ચાલતી હોય ત્યારે વચ્ચે આમ ખલેલ પડે તે પરિતોષને ન ગમે. આજની પાર્ટી ખૂબ અગત્યની હતી એ નીલાને ખબર હતી. 'અક્ષરભારતી' સાહિત્ય સંસ્થાના પ્રમુખની ચૂંટણી નજીક હતી. બે મહત્ત્વના એવૉર્ડની પસંદગી કમિટી પર પરિતોષ હતા. એ ચર્ચાઓનાં વહેણ અને વમળોથી નીલા પરિચિત હતી. આવતા વર્ષના કાર્યક્રમો નક્કી કરવાના હતા. પરિસંવાદ, અનુવાદની વર્કશૉપ, નવોદિત સર્જકોને માર્ગદર્શન માટે ત્રણ દિવસ કોઈ હિલસ્ટેશન પર જવાની વ્યવસ્થા...

નીલા સોફામાંથી પરાણે ઊઠી. એને ક્યાં કશું નક્કી કરવાનું હતું તે આ ભાંજગડમાં પડી ? પિત્ઝા તો ક્યારનો ખતમ થઈ ગયો હશે અને રેહાન હમણાં નુડલ્સ માંગશે, રીયાનો તાવ પણ માપવાનો હતો. નુડલ્સ બનાવી નીલા બાળકો પાસે ગઈ ત્યારે રેહાન વિડિયો ગૅમ્સમાં એકદમ મશગૂલ હતો. રીયા દૂધની ખાલી બૉટલ સાથે રમતી હતી અને આયા લહેરથી ઘોરતી હતી. બાળકોનું પ્રકરણ લાંબું ચાલવાનું હતું અને હજી આઉટહાઉસ ઠીકઠાક કરવાનું બાકી હતું. પરિતોષે ખાસ કહેલું, કદાચ બે-ત્રણ મિત્રો રાત્રે રોકાઈ જાય તો એમ કરજે, આઉટહાઉસમાં સ્વાતિ અને બાળકોની સૂવાની વ્યવસ્થા કરી લેજે.

ખાસ્સી કેટલી વારે નીલા નીચે ઊતરી અને છેલ્લી ઘડીની તૈયારી માટે રસોડામાં ગઈ. કઢી ચાખી જોઈ. પતિ સંપૂર્ણતાના આગ્રહી હતા. કઢીના સ્વાદમાં પણ. પરિપૂર્ણતા જ જીવનમાં સંવાદિતા લાવે છે. એમની પાસે પીએચ.ડી. માટે આવતા વિદ્યાર્થીઓ અને નવસર્જકોને કંઠી બાંધતાં એમના કાનમાં એ મંત્ર ફૂંકતા.

નીલાએ કઢી ચાખી. ખટાશ થોડી ઓછી હતી અને મેથીના દાણા નાંખવાનું મહારાજ ભૂલી ગયા હતા. હવે છેલ્લું કામ હતું ટેબલ સજાવવાનું. પરિતોષ શ્રીલંકા ગયા હતા ત્યારે ખૂબ સુંદર અને કીંમતી ડિનરસેટ લાવેલા. ખૂબ મોટું ખોખું સ્ટોરરૂમમાં મૂકી દીધેલું. સ્વાતિ ખાસ કહીને ગઈ હતી. 'મમ્મી, ડિનરસેટનું અથાણું કરવાની છો? આનાથી વધીને કયો પ્રસંગ હોય ? કાઢજે ડિનરસેટ ને જોજે મહેરબાની કરીને રમણિયાને સાફ કરવા નહીં આપતી. એક તો હાથભાંગલો અને પાછો બેદરકાર. એકાદ ઝીણી તડ પણ પડીને તો... જોજેને પપ્પાને કહી હું જ એક દિવસ ઉઠાવી જઈશ.'

નીલાએ મહારાજ અને રમણની મદદથી માંડ ખોખાં ખોલ્યાં, બાપ રે ! સો વાસણોનો ડિનરસેટ ! આ બધાં સાફ કરવાં, ગોઠવવાં.. પહેલેથી જ સ્વાતિને આપી દીધો હોત તો?

નીચે ચાદર પાથરી, સાબુના પાણીથી સાફ કર્યાં, ઘસીને લૂછ્યાં અને ટેબલ પર ગોઠવ્યાં. પાણીના ગ્લાસ, નૅપકીન, ચમચીઓ કલાત્મક રીતે ગોઠવ્યાં. ડ્રૉઇંગરૂમના સેન્ટર ટેબલ પાસે ટ્રૉલીમાં સ્વિસ્કીની બૉટલ, ગ્લાસ મૂક્યા. મસાલેદાર કાજુ અને વેફર પણ બાઉલમાં ગોઠવ્યાં.

નજર સતત ઘડિયાળ પર જતી હતી. સમય સાથે જાણે હોડમાં ઊતરી હતી. પતિનું પ્રવચન ક્યારનું પૂરું થઈ ગયું હશે. કદાચ સ્વાતિનું પણ. તો તો હમણાં જ ડોરબેલ રણકી ઊઠશે. આઉટહાઉસ તો એ લોકો ડ્રિંક લેતા હશે ત્યારે ગોઠવી શકાશે. જોકે આમ તો એ ઘણી વાર એકલી પડતી ત્યારે ત્યાં સમય પસાર કરતી એટલે સાફસુથરો તો ખંડ હતો જ. બસ, પલંગ પરની જૂની ચાદર બદલવાની હતી અને થોડું આમતેમ પડેલું ગોઠવી દેવાનું.

પહેલાં તૈયાર થઈ જવું જોઈએ. નીલા બેડરૂમમાં આવી. હાથ-મોં ધોયાં, આછો મેઇકઅપ કર્યો. આજે સમારંભમાં પહેરવા ખાસ વાઇન કલરનું પટોળું ખરીદેલું અને લૉકરમાંથી હીરાની બુટ્ટી અને બ્રેસલેટ લાવેલી. એ પહેરીને પટોળું ખોલ્યું. વાઇન કલરમાં ઝીણા આછા લીલા રંગના પોપટ ખીલી ઊઠ્યા હતા. પરિતોષની ખાસ શિખામણ હતી : સ્ટેજ પર લાઇટ્સ હોય એટલે ઘેરા રંગનાં જ કપડાં પહેરવાં. વસ્ત્રો આછા રંગનાં હોય તો તમારી પર્સનાલિટી પણ ઝાંખી લાગે. પૂરા બે દિવસ બજારમાં રખડી. આ રંગ, તેમાં ખીલી ઊઠતી પારંપરિક ડિઝાઇન... પૂરા ચૌદ હજાર ચૂકવ્યા હતા.

પટોળાનાં રેશમનો મુલાયમ સ્પર્શ આંગળીઓમાં ફરફરી ઊઠ્યો. થયું, ચાલને ઘરમાં તો ઘરમાં પહેરી લઉં. આમ પણ પાર્ટી છે એટલે સરસ સાડી તો પહેરવાની જ હતી. પટોળું પહેરતાં તો પોપટ મીઠું બોલી ઊઠ્યા. બત્તીના દૂધિયા પ્રકાશમાં, હીરાના ઝગમગતા પ્રકાશમાં એ સોહી ઊઠી. પરફ્યૂમ સ્પ્રે કરી એ નીચે ઊતરી ત્યાં તો એક પછી એક કાર આવવા લાગી. પરિતોષની આજુબાજુ કુણાલ અને સ્વાતિ. બંનેના હાથમાં શાલ, શ્રીફળ, ફૂલોના હારનો ઢગલો અને ચાંદીનું માનપત્ર. સાથે લેખકમિત્રો. સમારંભની વાતો કરતાં ખુશમિજાજમાં હતાં સૌ. સ્વાતિએ હોંશમાં ફૂલનો હાર પરિતોષને પહેરાવી દીધો.

'વેલકમ હોમ, પપ્પા.'

સંતોષનું સ્મિત કરતાં પરિતોષે સ્વાતિને વહાલ કર્યું. જરા દૂર ઊભેલી નીલા સામે જોઈ સ્મિત કર્યું.

'એવરીથિંગ રેડી માય ડિયર ?'

કુણાલે તરત કહ્યું, 'પૂ. શ્વશુરજી, પ્રેમ પણ ગુજરાતી ભાષામાં જ કરવાનો.'

બધાં હસી પડ્યાં. પોતપોતાની રીતે ગોઠવાવા લાગ્યાં. કુણાલે પેગ તૈયાર કરવા માંડ્યા. વ્હિસ્કીમાં ઓગળતા બરફ સાથે વાતોનો નશો પણ ચડવા લાગ્યો. પરિતોષે નીલાની પાસે આવીને કહ્યું,

'તું આજે પટોળામાં સુંદર લાગે છે, કવિતા સરખી.'

'સમારંભ કેવો થયો ?'

પરિતોષ પહેલાં સ્વાતિ ઊછળી પડી અને પપ્પાને કેવું કેટલું માન મળ્યું, મુખ્ય અતિથિ કોણ કેવું બોલ્યા, પપ્પાનું પ્રવચન તો અદ્‌ભુત ! અદ્‌ભુત !

'સરસ, રીયાને હવે તાવ નથી.'

સ્વાતિ વહાલથી માને વળગી પડી.

'તું છે ને ! પછી મને શી ચિંતા ! આજે આ પટોળું – મેં તો જોયું નથી, અરે હા ! આજ માટે ખાસ ખરીદેલું કેમ! જોજે મલ્હારની વહુને નહીં આપી દેતી. મારું છે. ઊંચકી જઈશ. આજકાલ ટ્રેડિશનલ સાડી શોધી જડતી નથી.'

વાતોનો રંગ જામી રહ્યો હતો. એવૉર્ડ માટેનાં નામની ચર્ચાથી ગરમાટો આવી ગયો હતો. કયો સર્જક કોના વળમાં છે, કોને આપવાથી બીજા કોને કોને ખરાબ લાગશે કે ખુશ થશે, કોની શું ઉંમર, કોને અત્યારસુધીમાં શું શું મળ્યું કે ન મળ્યું – ચર્ચાના દોરને વળ ચડતો ગયો. સ્વાતિ અને કુણાલે પણ ચર્ચામાં ઝુકાવ્યું હતું.

નીલા કોલ્ડ ડ્રિંક્સનો ગ્લાસ પકડી સૌ સાથે બેસી રહી. થોડી વારે ઊઠી ગઈ. રસોડામાં જઈ મકાઈનાં ગરમ વડાં તૈયાર કરાવ્યાં. મસાલેદાર કાજુ, વેફર્સની પ્લેટ્સ બહાર મોકલી. એ જાણતી હતી, હવે સમય લાગવાનો હતો. અને એની ગેરહાજરી વરતાશે પણ નહીં. બાળકોના બેડરૂમમાં ડોકિયું કર્યું. ટી.વી. બંધ કર્યું. બાળકો અને આયા ઊંઘી ગયાં હતાં. કોઈએ રવીન્દ્રગીત લલકાર્યું હતું, એણે બાળકોનો રૂમ બંધ કર્યો.

નીલા આઉટહાઉસમાં આવી. જમીને પછી સ્વાતિ-કુણાલ અહીં આવશે. એણે નાનો બેડરૂમ ઠીક કર્યો. ચાદર બદલી. બાથરૂમમાં ટુવાલ મૂક્યા. સ્વાતિને ગમતા બ્રાન્ડના સાબુ અને ટૂથપેસ્ટ કબાટમાંથી કાઢીને મૂક્યાં. સ્વાતિ અને હવે કુણાલ પણ એના પતિની જેમ ચોક્કસપણાનાં આગ્રહી હતાં. આનું એમ જ, તેનું તેમ જ. સાઇડટેબલ પર આડાંઅવળાં પડેલાં પુસ્તકો ગોઠવ્યાં, પેપર નૅપ્કિન્સ મૂક્યાં. ઍર ફ્રેશનર થોડું સ્પ્રે કરી દીધું અને છેલ્લી નજર કરી.

બધાં જ કામ પૂરાં થયાં હતાં. હવે રહી હતી માત્ર પ્રતીક્ષા, કશુંક બનવાની. બારી પાસે, પાછળ કમ્પાઉન્ડમાં એણે વાવ્યું હતું તુલસીનું વન અને રાતરાણીની વેલ મહેકતી હતી. એ બારી પાસે જઈ ઊભી રહી. એકલતા સાથે સુગંધને પણ એણે શ્વાસમાં ભરી.

અહીં નાનાં ટેબલ-ખુરશી ગોઠવ્યાં હતાં. પુસ્તકો, સી.ડી. પ્લેયર અને એક નાની સરસ્વતીની સુંદર મૂર્તિ હતી. વિશાળ ઘરનો આ નાનો ખૂણો એનો હતો અને એમાં રહેલો સમય પણ. સુવાંગ એનો, પરિતોષનો ઘણોખરો સમય એના સ્ટડીરૂમમાં, સાહિત્યના અડ્ડાઓમાં ને સમારંભમાં વીતતો.

સ્વાતિ- મલ્હાર બંગલાના એ.સી. રૂમમાં ભણતાં, કમ્પ્યૂટર પર વ્યસ્ત રહેતાં ત્યારે એ એના આ નાનકડા ખંડમાં પોતાની સાથે સમય વિતાવતી.

ત્યાં લીલીછમ્મ વેલમાંથી રાતરાણીની મહેક લઈ એક પતંગિયું અંદર ઊડી આવ્યું. નીલા મુગ્ધ બની જોઈ રહી. કોમળ મુલાયમ નાનકડી લીલી પાંખો પર, કેસરી શ્યામ રંગનાં ટપકાંની ભાત. ટેબલના ખૂણે પાંખો બીડી એ બેસી ગયું જાણે રંગબેરંગી ફૂલોની છાબ !

ધીમેથી ખુરશી ખસેડી નીલાએ ટેબલનું ખાનું ચાવીથી ખોલ્યું. એમાં થોડી નોટ્સ હતી. એણે ઉપરની નોટ લઈ ખોલી. ઊઘડતે પાને મરોડદાર અક્ષરે એણે લખ્યું હતું, નીલા-પરિતોષ એમ.એ. પાર્ટ ટુ. ગુજરાતી વર્ગમાં છેલ્લી પાટલીએ બંનેએ સાથે લખેલી વાર્તાઓ, નવલકથાઓની કથાવસ્તુની નોંધ, ગમતી કાવ્યપંક્તિઓ, હોંશથી પાછળ દોડી દોડીને લીધેલા જાણીતા સર્જકોના ઓટોગ્રાફ. હાથમાં થોડી ધૂળ લાગી. રેશમી પટોળાના પાલવથી નોટ લૂછી. પેન હાથમાં લે છે ત્યાં પતંગિયું પાંખો ફફડાવતું બારી પર ઘડીક બેઠું ન બેઠું અને ઊડી ગયું.

ખંડમાંના રંગો સમેટાઈ ગયા હોય એમ અંધકારને તાકતી નીલા ઊભી રહી ગઈ.

# બેટા, બોલ તો - મમ્મી

વીનેશ અંતાણી

સુનંદા પરીખની આંખો બંધ હતી. પણ એનું ધ્યાન બહાર ચાલતી પ્રવૃત્તિઓ તરફ મંડાયેલું હતું. ચોગાનમાં તૈયારી ચાલતી હતી. સામિયાનો કાલે સાંજે જ બંધાઈ ગયો હતો. અત્યારે નાનકડા સ્ટેજનું સુશોભન કરવાનું કામ ચાલુ હતું. સામે ખુરસીઓ ગોઠવાઈ રહી હતી. કોઈ પુરુષ- અવાજ વન-ટુ-થ્રી બોલીને માઇકનું ટેસ્ટિંગ કરી રહ્યો હતો. આસપાસ બાળકો રમતાં હતાં એનો અવાજ પણ સંભળાતો હતો. હજી મહેમાનો આવવાની શરૂઆત થઈ નહોતી. કાર્યક્રમ શરૂ થવાને હજી એક કલાકની વાર હતી.

કાર્યક્રમની તૈયારી સિવાય પણ અત્યારે આશ્રમમાં જાતજાતની પ્રવૃત્તિ ચાલતી હશે. રસોઈઘરમાં બપોરની રસોઈનું કામ ચાલતું હશે. આજે કાર્યક્રમમાં આવેલા મહેમાનો પણ જમીને જશે. હૉસ્પિટલમાં માંદાં બાળકો, સ્ત્રીઓ અને વૃદ્ધોની સારવાર ચાલતી હશે. હવે તો આજુબાજુનાં ગામનાં દરદીઓ પણ આશ્રમની હૉસ્પિટલમાં આવવા લાગ્યાં છે. સુનંદાએ એમના માટે બપોરનો અલગ સમય ફાળવ્યો છે. ગોવાળ ગૌશાળાનાં ગાયો-વાછરડાંને વહેલી સવારે આજુબાજુની સીમમાં ચરાવવા લઈ ગયો હશે.

આશ્રમ ચાર એકર જેટલા વિસ્તારમાં ફેલાયેલો હતો. ત્યાં વૃદ્ધાશ્રમ હતો. વૃદ્ધ સ્ત્રી-પુરુષો ત્યાં મૂકેલા બાંકડા પર બેઠાં હશે. કેટલાંક છાપાં વાંચતાં હશે અને કેટલાંક વાતો કરતાં અથવા મૂંગાં મૂંગાં બેઠાં હશે. ત્યક્તા સ્ત્રીઓ માટે પણ અલાયદું મકાન હતું. ત્યાં રહેતી સ્ત્રીઓ મોટે ભાગે ત્રીસ-ચાલીસ વચ્ચેની હતી. એ બધી સ્ત્રીઓ આશ્રમનાં જુદાં જુદાં કામો સંભાળતી હતી. કેટલીક રસોડામાં, કેટલીક અનાથ આશ્રમમાં, કેટલીક વૃદ્ધાશ્રમની જવાબદારી સંભાળતી હતી.

કેટલીકને નર્સના કામની તાલીમ આપીને હૉસ્પિટલમાં ફરજ પર મૂકવામાં આવતી હતી.

આ બધાં જ પ્રકારનાં સેવાકાર્યોમાં એક આશ્રમ મંદબુદ્ધિ બાળકો માટે હતો. સુનંદાએ આ આશ્રમની શરૂઆત ખાસ મંદબુદ્ધિનાં બાળકો માટે જ કરી હતી. શરૂઆત ચાર-પાંચ બાળકોથી થઈ હતી, પછી એની સંખ્યા વધતી ગઈ હતી. અત્યારે અહીં સાઠેક જેટલાં બાળકો રહેતાં હતાં. એમના માટે સ્કૂલ હતી, નિવાસ માટે હૉસ્ટેલની સગવડ હતી. ખાસ તાલીમ પામેલાં શિક્ષકો, આયાઓ અને અન્ય સ્ટાફ સેવા આપી રહ્યાં હતાં. મંદબુદ્ધિ બાળકો માટે જરૂરી દાક્તરી, શૈક્ષણિક, રમતગમત અને મનોરંજન જેવી ખાસ પ્લાન કરેલી વિવિધ પ્રવૃત્તિઓ સુનંદાના આશ્રમનું મુખ્ય કાર્યક્ષેત્ર હતું.

બહુ થોડાં જ વરસોમાં એ પ્રવૃત્તિની સુવાસ એટલી બધી પ્રસરવા લાગી હતી કે સમાજની જુદી જુદી સંસ્થાઓ, નોન ગવર્નમેન્ટ ઑર્ગેનાઇઝેશન્સ વગેરેએ એમાં રસ લેવા માંડ્યો હતો. થોડાં વરસો પછી સુનંદાને લાગ્યું હતું કે આશ્રમમાં ત્યક્તા સ્ત્રીઓ માટે, ત્યજી દેવાયેલા વૃદ્ધો માટે અને અનાથ બાળકો માટે પણ કશુંક કરવું જોઈએ. ક્રમે ક્રમે એ દિશામાં પણ એણે આરંભ કર્યો હતો અને હવે એનો આશ્રમ એવી કેટલીય પ્રવૃત્તિઓથી ધમધમવા લાગ્યો હતો. શરૂઆતનાં દસેક જેટલાં વરસોમાં આર્થિક સંકડામણના પ્રશ્નો નડ્યા હતા, પણ પછી તો ચારે બાજુથી આર્થિક સહાયનો ધોધ વહેવા લાગ્યો હતો.

***

સુનંદા પરીખે આંખ ઉઘાડી. એ એના કૉટેજમાં હતી. સાવ સાદું, બે રૂમનું કૉટેજ. જરૂર પૂરતું જ ફર્નિચર. એક ટેબલ, કબાટ, પલંગ અને પુસ્તકોનો ઘોડો. કોઈ જુએ તો માને નહીં કે આ જ સુનંદા એક સમયે મુંબઈના વાલકેશ્વર જેવા વિસ્તારમાં આવેલા ભવ્ય ઘરમાં રહેતી હતી. ઘરમાં નોકરચાકર હતા, ત્રણ ગાડી હતી અને પતિનો ધીકતો બિઝનેસ હતો. ક્યારેક સુનંદાને એમાંનું કંઈ યાદ આવી જતું તો લાગતું, જાણે એ બધું પૂર્વજન્મમાં બન્યું હોય.

લક્ષ્મી અંદર આવી, બોલી, 'બેન...'

સુનંદાએ એની સામે જોયું, સ્મિત કર્યું. આખા આશ્રમમાં આ લક્ષ્મી જ હતી, જેણે સુનંદાનું પૂર્વજીવન જોયું છે. એ વાલકેશ્વરના ઘરમાં કામ કરતી અને સુનંદા મુંબઈ છોડીને અહીં આવી ત્યારથી એ પણ એની સાથે આવી છે. એ સુનંદા વિશે બધું જ જાણે છે. સુનંદાના મનમાં શું ચાલતું હશે એની પણ એને ખબર હોય છે.

'હા, લક્ષ્મી, કંઈ કામ હતું ?' સુનંદાએ પૂછ્યું.

'ના, ખાલી તમને જોવા આવી... તમે ઠીક તો છો ને, બેન ?'

સુનંદા હસી પડી, 'મને શું થવાનું છે ?'

લક્ષ્મી એની નજીક આવી.

'મને બધી ખબર છે, બેન..' એ સુનંદાની આંખોમાં આંખ પરોવીને જોવા લાગી.

સુનંદાએ એનો હાથ પકડ્યો અને સ્નેહપૂર્વક બોલી, 'તને શું ખબર છે, લક્ષ્મી ?'

'આજે-' એનો અવાજ ઢીલો પડી ગયો, જાણે રડવું આવતું હોય, પણ રડવા માગતી ન હોય. સુનંદાએ મોઢું ફેરવી લીધું. લક્ષ્મી બધું જાણે જ છે, આજે કયો દિવસ છે. જેમ સુનંદાને એ દિવસ યાદ હોય છે એમ લક્ષ્મીને પણ યાદ હોય છે. સુનંદાની આંખમાં આંસુ ધસવા લાગ્યાં હતાં, પરંતુ એણે પ્રયત્નપૂર્વક હોઠ દાબી દીધા.

'બેન... તમે મને ના પાડો છો ને તમે પોતે... તમે જરાય દુઃખી થાવ એ મને ગમતું નથી.' લક્ષ્મી એનું ભરાઈ આવેલું ગળું સાફ કરતી બોલી, 'જો હુંય ભૂલી નથી તો તમે તો એનાં મા.'

રોકી રાખેલો બંધ છૂટી ગયો હોય એમ લક્ષ્મી ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગી.

'લક્ષ્મી... !' સુનંદાએ એને અટકાવી, 'કહ્યું ને, રડવાનું નથી.'

'તોય બેન, જે યાદ આવે એ યાદ આવ્યા વગર રહે ?' લક્ષ્મી સાડીના છેડાથી આંખો લૂછવા લાગી, 'સવારનું શેમાંય મન ચોંટતું નથી, એટલે તો તમારી પાસે હાલી આવી...'

'સારું કર્યું...' સુનંદાએ કહ્યું.

'બેન, બાબાભાઈ હોત તો આજે.. આજે પચીસ વરસના થયા હોત...' લક્ષ્મી ધીમા અવાજે બોલી, જાણે બીજું કોઈ સાંભળી ન જાય એટલું પૂરતું નહોતું, એ પોતે અને સુનંદા પણ સાંભળે નહીં તો સારું.

સુનંદા ફિક્કું હસી. પલંગ પર બેઠી. બારી બહાર જોવા લાગી. લક્ષ્મીની વાત સાચી હતી. મોન્ટુ આજે પચીસ વરસનો થયો હોત. મોન્ટુ હોત તો સુનંદા અહીં ન હોત, એ હજી પણ એના વાલકેશ્વરના ઘરમાં રહેતી હોત. દર વરસે અહીં યોજે છે એ કાર્યક્રમ એમના ઘરમાં મોન્ટુની હાજરીમાં જુદી રીતે યોજાતો હોત. આ આશ્રમ, આટલાં બધાં બાળકો, જીવનમાંથી શ્રદ્ધા ગુમાવી બેઠેલી સ્ત્રીઓ અને વૃદ્ધ વડીલો - કશું જ આ જગ્યાએ ન હોત. કદાચ આશ્રમની આ ચાર એકર જમીન પર સુનંદાના પતિ પુરુષોત્તમભાઈની ફેક્ટરી ધમધોકાર ચાલતી હોત.

સુનંદા ઊભી થઈ. જે બન્યું નહોતું એનો વિચાર કરવાનો કોઈ અર્થ નહોતો. જે હતું એના પર ધ્યાન આપવાનું હતું.

'લક્ષ્મી, જો તો, રસોડામાં બધું બરાબર ચાલે છે ને ? મહેમાનો પણ હવે આવવા લાગશે. એ લોકો જમીને જશે... ને જો, બહાર સ્ટેજ પર બધી વ્યવસ્થા થઈ ગઈ છે ને ?'

એ ઇચ્છતી હતી કે લક્ષ્મીનું ધ્યાન ફરીથી કામમાં પરોવાય.

'હા બેન, બધી તૈયારી થઈ ગઈ છે.'

'છતાં એક વાર નજર નાખી આવ, કશું રહી જાય નહીં.'

લક્ષ્મી જવા લાગી. અચાનક ઊભી રહી.

'બેન, આપણે દર વરસે આજના દિવસે સવારે પૂજા કરાવીએ છીએ અને પછી કાર્યક્રમ કરીએ છીએ... છતાં કોઈ જાણતું નથી કે આપણે કયા દિવસની ઉજવણી કરીએ છીએ.'

સુનંદા બોલી નહીં. એ ચુપચાપ બારીમાંથી બહાર જોવા લાગી. થોડે દૂર વૃદ્ધ સ્ત્રી-પુરુષો બેઠાં હતાં અને બાળકો રમતાં હતાં, થોડાં મંદબુદ્ધિ બાળકો પણ ગ્રૂપ બનાવીને રમી રહ્યાં હતાં. એમના શિક્ષકો અને આયા એમને જુદી જુદી રમત રમાડી રહ્યાં હતાં. બધે રોજ જેવી જ પ્રવૃત્તિ ચાલતી હતી, છતાં આજનો દિવસ જુદો લાગતો હતો. સુનંદા વહેલી સવારે પૂજા કરાવે છે ત્યારે બધાં હાજર રહે છે અને ભક્તિભાવપૂર્વક પૂજામાં ભાગ લે છે, પણ એ ખાસ પૂજા શેના કારણે કરવામાં આવે છે એ કોઈ જાણતું નથી.

લક્ષ્મી ચાલી ગઈ હતી. થોડી વારે ફોનની ઘંટડી વાગી. સુનંદાએ ફોનનું રિસીવર ઉપાડ્યું. મુંબઈથી કોઈ સામયિકના પ્રતિનિધિનો ફોન હતો. એ સુનંદાનો ઇન્ટરવ્યૂ લેવા માગતો હતો.

'હું કોઈને ઇન્ટરવ્યૂ આપતી નથી.' સુનંદાએ કહ્યું.

'હું જાણું છું, છતાં તમને વિનંતી કરું છું. તમને સમાજની - ખાસ કરીને માનસિક રીતે વિકલાંગ...'

'એક મિનિટ...' સુનંદાએ એને વચ્ચેથી જ અટકાવ્યો, 'મંદબુદ્ધિ બાળકો માટે વિકલાંગ શબ્દ મને ગમતો નથી.'

'સૉરી.. તમને સમાજસેવા અને ખાસ કરીને મંદબુદ્ધિ બાળકોની સેવા બદલ રાષ્ટ્રપતિ એવૉર્ડ જાહેર થયો છે. સ્વાભાવિક છે કે લોકો તમારા વિશે જાણવા માગતા હોય, તમે ઇન્ટરવ્યૂ આપવાની સંમતિ આપો તો તમને અનુકૂળ સમયે હું ત્યાં આવું.'

'ના. મારા વિશે જાણવા જેવું કશું નથી, જે છે તે આ સંસ્થા છે. લોકોને અહીં ચાલતી પ્રવૃત્તિની માહિતી મેળવવી હોય તો સંસ્થાની મુલાકાત લઈ શકે છે અથવા અમારી બુકલેટમાંથી જાણી શકે છે. હવે તો અમારી વેબસાઇટ પર પણ...'

'સંસ્થા વિશે તો જાણવું જ હોય, પણ એના સ્થાપક તરીકે તમારા વિશે પણ લોકોને માહિતી...'

'મેં કહ્યું ને, મારા વિશે કશુંય જાણવા જેવું છે જ નહીં.'

સુનંદા જાણતી હતી કે એ લોકો ધારશે તો ગમે ત્યાંથી એના પૂર્વજીવનની માહિતી એકઠી કરી લેશે. એમાં કશું છુપાવવા જેવું પણ નહોતું. એ ફક્ત એટલું જ ઇચ્છતી હતી કે લોકો સંસ્થાની પ્રવૃત્તિઓ પર ધ્યાન આપે, સુનંદા પર નહીં.

'સુનંદાબેન, બીજું કશું નહીં તો મારા એક પ્રશ્નનો તો જવાબ આપો, મારી અંગત જિજ્ઞાસા માટે, તમારી આટલાં વરસોની નિઃસ્વાર્થ સેવા પાછળ કોની પ્રેરણા રહેલી છે ?'

'ઈશ્વરની !' એટલું કહીને સુનંદાએ ફોન મૂકી દીધો. પલંગ પર આડી પડી. આંખો બંધ કરીને પડી રહેવાનો પ્રયત્ન કર્યો, પણ વિચારો ખસતા નહોતા. સેવાવૃત્તિ, નિઃસ્વાર્થ સેવાભાવના, સમાજસેવા... એવા શબ્દો જ એને અખરતા હતા. અને એ પાછળ રહેલી પ્રેરણા ? પ્રેરણા જેવું પણ ક્યાં કશું હતું? એ તો સુનંદાના અંગત જીવનમાં બનેલો એક ભયાનક બનાવ હતો. લોકોને ક્યાં

ખબર છે કે એ હજી પણ રાતે અચાનક ઝબકીને જાગી જાય છે, પરસેવે રેબઝેબ થઈ ગઈ હોય છે, માથામાં સણકા ઊઠતા હોય છે અને એક ચીસ સંભળાતી રહે છે. એક બાળકની ચીસ અને એની સાથે કારની બ્રેકનો ચિચિયારી જેવો ક્રૂર અવાજ.

કશું ભૂલી શકતી નથી સુનંદા પરીખ.

'મોન્ટુ...' એ બંધ આંખે બબડી ઊઠી, 'મને માફ કરી દે, મોન્ટુ...'

સુનંદાની આંખમાંથી આંસુ સરકવા લાગ્યાં. એણે તરત જ આંખ લૂછી નાખી.

'મોન્ટુ ! બધાંને લાગે છે કે હું એક સફળ સ્ત્રી છું, પણ કોઈને ખબર નથી હું સૌથી વધારે નિષ્ફળ ગયેલી મા છું. મોન્ટુ ! હું તને, મારા એકના એક દીકરાને, સાચવી શકી નહીં... હું તને મમ્મી બોલતાં પણ શીખવી શકી નહીં.'

ચીસો. અસંખ્ય ચીસો. મોન્ટુના લોહીમાં ઝબોળાયેલી ચીસો. સુનંદા એક દુકાનમાં ઊભી હતી. મોન્ટુ એની બાજુમાં ઊભો હતો. સુનંદા ખરીદીના કામમાં એટલી ડૂબી ગઈ હતી કે મોન્ટુ ક્યારે એની પાસેથી ખસી ગયો, ક્યારે દુકાનની બહાર નીકળીને સડક પર પહોંચી ગયો એની એને ખબર પડી નહોતી. એણે અચાનક કોઈ બાળકની ચીસ સાંભળી હતી અને કારની જોરદાર બ્રેકનો અવાજ... એ થડકી ઊઠી હતી અને ખ્યાલ આવ્યો હતો કે મોન્ટુ એની બાજુમાં નહોતો. એ બેબાકળી બનીને દુકાનની બહાર દોડી હતી. અમંગળ કલ્પનાથી એનું મગજ ફાટવા લાગ્યું હતું... બહાર નીકળીને જોયું તો લોકો એક કારની આસપાસ ભેગા થઈ ગયાં હતાં અને એક બાળક કાર નીચે આવી ગયું હતું. એ ત્યાં પહોંચી ત્યારે જે દેખાયું હતું...

મોન્ટુ લોહીના ખાબોચિયામાં પડ્યો હતો.

સુનંદા એ દૃશ્ય ભૂલી શકતી નથી. ત્યાર પછીના સમયને પણ ભૂલી શકતી નથી. દીકરાના કરુણ મૃત્યુનો શોક તો હતો જ. ભયાનક અપરાધભાવ એને એક ઘડી માટે પણ જંપવા દેતો નહોતો. મોન્ટુ સાથે જે બન્યું એ માટે એ જ જવાબદાર હતી. એને લાગતું હતું કે એણે મોન્ટુનો ભયાનક અપરાધ કર્યો હતો. એ જન્મ્યો ત્યારે એકદમ તંદુરસ્ત હતો. રૂપાળો અને હસમુખો. પછી ધીમે ધીમે ખબર પડવા લાગી હતી કે એનો માનસિક વિકાસ થતો નહોતો. સુનંદા એની પાછળ રાતદિવસ મહેનત કરતી રહી હતી. કેટલાક ડૉક્ટર પાસે લઈ ગઈ હતી, પણ કોઈ પરિણામ આવ્યું નહોતું.

અને જે પરિણામ આવ્યું... સુનંદા એને માટે તૈયાર નહોતી. એને જીવનમાંથી રસ ઊડી ગયો હતો. પતિ પુરુષોત્તમભાઈએ એને સમજાવવા માટે કરેલા બધા પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા હતા. ધીમે ધીમે એક વિચાર સુનંદાના મનમાં સ્થિર થવા લાગ્યો હતો. એ મોન્ટુ માટે જે કરી શકી નહીં એ બીજા માટે કરી શકે ? એના મનમાં મંદબુદ્ધિનાં બાળકો માટે એક સંસ્થા શરૂ કરવાનો વિચાર આકાર લેવા માંડ્યો હતો. એવી સંસ્થામાં મંદબુદ્ધિ બાળકોને શિક્ષણ મળે, યોગ્ય તાલીમ મળે અને તેઓ શક્ય હોય એવી રીતે પોતાના પગ પર ઊભા રહી શકે...

સુનંદાના મનમાં એ વિચારે કબજો લઈ લીધો હતો. એણે એના વિશે માહિતી એકઠી કરવાનું, નિષ્ણાતોને મળવાનું અને યોજના બનાવવાનું શરૂ કર્યું હતું. લગભગ ગાંડપણની કક્ષાએ - એણે

પતિને કહ્યું હતું, 'હું આપણા મોન્ટુ માટે જે કરી શકી નહીં એ અન્ય બાળકો માટે કરવા માગું છું. કદાચ એ જ મારું પ્રાયશ્ચિત્ત બને. મોન્ટુ પણ એવું જ ઇચ્છે છે.'

પુરુષોત્તમભાઈ એને બધા જ પ્રકારનો સાથ આપતા રહ્યા હતા. શરૂઆત મુંબઈમાં જ કોઈ જગ્યાએ સંસ્થા શરૂ કરવાનો વિચાર કર્યો. પણ સુનંદા મુંબઈથી કંટાળી ગઈ હતી. એને લાગતું હતું કે આવું મહાનગર મંદબુદ્ધિ બાળકો માટે સલામત જગ્યા નથી. એણે કોઈ શાંત સ્થળમાં એની સંસ્થા ઊભી કરવાનું વિચાર્યું હતું. પુરુષોત્તમભાઈએ ગુજરાતના ગ્રામીણ વિસ્તારમાં ફેક્ટરી નાખવા માટે ચાર એકર જમીન ખરીદી રાખી હતી. સુનંદાએ એ જમીન પર સંસ્થા બનાવવાનો વિચાર રજૂ કર્યો ત્યારે એમણે એક જ ક્ષણમાં એ માટે સંમતિ આપી દીધી હતી. એ પણ સુનંદાની માનસિક શાંતિ માટે અને મોન્ટુની સ્મૃતિ માટે બધું કરવા માટે તૈયાર હતા.

સુનંદા પોતાના મંદબુદ્ધિ દીકરાને જે આપી શકી નહીં એ બધું જ એના જેવાં બીજાં બાળકોને આપવા માટે અથાક મહેનત કરતી રહી હતી. એણે શરૂઆત ત્રણ રૂમના મકાનથી કરી હતી. અહીં રહેતી, થોડો સમય મુંબઈ જતી. પુરુષોત્તમભાઈનું અવસાન થયું પછી એ બધું જ છોડીને અહીં રહેવા આવી ગઈ હતી. હવે લોકો આ જગ્યાને સુનંદાબહેનના આશ્રમ તરીકે ઓળખે છે.

***

આજે મોન્ટુનો જન્મદિવસ હતો. દર વરસની જેમ આજે પણ વહેલી સવારે પૂજા થઈ હતી અને હવે સમારંભ થવાનો હતો. એ સમારંભ એટલે એક જાતનો મિલન-મહોત્સવ. વૃદ્ધાશ્રમમાં રહેતાં વડીલોનાં સગાંવહાલાં, ત્યક્તા મહિલાઓનાં પરિવારજનો અને અહીં રહેતાં મંદબુદ્ધિ છોકરાંનાં માતાપિતા અને સ્વજનો આવતાં. બધાં સાથે મળીને આખો દિવસ આનંદ કરતાં. આખો દિવસ ધમાલ-ધમાલ ચાલતી. કોઈને ખબર નહોતી કે સુનંદા આજના દિવસે શેની ઉજવણી કરતી હતી. એમને તો એમ જ હતું કે દર વરસે આશ્રમનો વાર્ષિક દિવસ ઊજવાય છે.

રાતે ઊંઘ ઊડી જાય ત્યારે સુનંદા એના કૉટેજના વરંડામાં બેસી રહે છે. આકાશમાં ટમટમતા તારા જોયા કરે. એમાંના એક તારાને સુનંદા ઓળખે છે. એણે એ તારાનું નામ પણ પાડ્યું છે - મોન્ટુ. ઘણી વાર સુનંદાને લાગે છે કે એ તારો આકાશમાંથી નીચે ઊતરીને સુનંદાના ખોળામાં બેસી જાય છે અને એની સામે ટગરટગર જોયા કરે છે. એવું લાગે કે એ તારો એને ઘણુંબધું પૂછવા માગે છે અને કશું જ બોલી શકતો નથી, જાણે પચીસ વરસનો મોન્ટુ હજી પણ એના મોઢામાંથી ચિત્રવિચિત્ર અવાજો જ કાઢી શકે છે. એ શું કહે છે તે સુનંદા સમજી શકતી નથી. સુનંદા એની સામે જોઈને એને 'મમ્મી' શબ્દ બોલાવવા મથતી રહે છે.

લક્ષ્મી આવી. એ સુનંદા માટે ફળ લાવી હતી. સુનંદા આજે ઉપવાસ રાખે છે. લક્ષ્મી પણ ઉપવાસ રાખે છે.

'તેં કશું ખાધું, લક્ષ્મી ?'

'તમે ખાઈ લો. હું પછી ખાઈશ. ને તમે તૈયાર થઈ જાઓ. મહેમાનો આવવા લાગ્યા છે.'

સુનંદા લક્ષ્મીને જોતી રહી. લગભગ સમવયસ્ક. હવે એ ઘરની કામવાળી રહી નથી. સુનંદાની

સખી બની ગઈ છે, એકમાત્ર નિકટનું પરિવારજન. વરસો પહેલાં લક્ષ્મીને એના વરે ઘરમાંથી કાઢી મૂકી હતી. ત્યારથી એ સુનંદાની સાથે જ રહે છે. સુનંદાને થયું : એણે પોતે જે કર્યું છે એને લોકો નિઃસ્વાર્થ સમાજસેવા કહે છે, પરંતુ એની સાથે રહીને લક્ષ્મીએ જે કર્યું છે એની તો કોઈને ખબર પડવાની નથી. આશ્રમમાં ત્યક્તા સ્ત્રીઓ માટે જગ્યા ઊભી કરવાનો વિચાર લક્ષ્મીએ જ આપ્યો હતો.

'લક્ષ્મી..'

'હાં, બેન ?'

'અત્યાર સુધી લોકોને મોન્ટુ વિશે કશી જ ખબર નથી..' સુનંદાએ કહ્યું, 'મને લાગે છે કે મારે આજે અહીં આવેલા લોકોને મોન્ટુ વિશે કહેવું જોઈએ. તેં જ કહ્યું હતું ને કે મોન્ટુ જીવતો હોત તો આજે પચીસ વરસનો થયો હોત.'

'હા, બેન.'

'તો આજે પચીસ વરસના મોન્ટુને બીજા લોકો પણ ઓળખે એ જરૂરી બની ગયું છે. આપણે ક્યાં સુધી એને છુપાવી રાખશું ? આપણા કામ માટે લોકો બધો યશ મને આપે છે. એમને જાણ થવી જોઈએ કે યશનો સાચો અધિકારી તો...'

લક્ષ્મીએ હકારમાં માથું હલાવ્યું.

'તું શું કહે છે ?' સુનંદાએ પૂછ્યું.

'બેન, તમે જે કરો તે બધું બરાબર જ હોય...' એ જવા માટે ઊભી થઈ, 'થોડું ખાઈ લો.'

લક્ષ્મી ગઈ પછી સુનંદાએ કબાટ ઉઘાડ્યો. એમાંથી મોટી ફ્રેમ કાઢી. એ ફ્રેમમાં મોન્ટુનો ફોટો હતો. વાંકડિયા વાળ, નિર્દોષ અને મીઠું સ્મિત - માત્ર એની આંખો ખાલી જેવી લાગતી હતી, જાણે એને કશું જ સમજાતું ન હોય.

સુનંદાએ ફોટાના કાચ પર હાથ ફેરવ્યો. થોડી ક્ષણો પછી એણે ફોટામાં દેખાતા મોન્ટુને કહ્યું, 'બેટા, બોલ તો – મમ્મી !'

મોન્ટુ તો કંઈ બોલ્યો નહીં, પણ સુનંદાને લાગ્યું, બહાર ઊભેલાં હજારો મંદબુદ્ધિ બાળકો મોટે મોટેથી બોલી રહ્યાં છે, 'મમ્મી... મમ્મી !'

# સોનચંપાનું ફૂલ

મણિલાલ હ. પટેલ

કુસુમને પહેલાં આવું ન્હોતું થતું. છેલ્લા કેટલાક સમયથી વિચિત્ર અનુભવો થાય છે. આજકાલ તો ઘરમાં કોઈ અદૃશ્યપણે ફરતું હોય એવું સતત લાગ્યા કરે છે. આટલું ઓછું હોય એમ મનના અતળ તળિયે, છેલ્લાં વીસ-પચીસ વર્ષોમાં, જાણે અજાણે ભંડારાતું રહેલું વિશ્વ, ઘેરો ઘાલતું હતું. એ અતલની ઘણી ઘણી વિગતોને ક્યારેક અડી લેવા મન લોભાતું. એ અજાણતાં જ ત્યાં સરી જતી.... વર્તમાન અને વ્યતીત વચ્ચેની ભેદરેખા ભૂંસાઈ જતી. બાપુજી અને પ્રોફેસર ભટ્ટસાહેબ બેઉની બાબતે, ત્યારે મનમાં બધું અવળાઈ-સવળાઈ જતું હતું એમસ્તો ! બાપુજી સાથેનો એ બાળપણનો નેડો યુવાનીમાં મૈત્રીમાં, નિકટતમ ચાહનામાં બદલાઈ ગયેલો. બાપુજી વિના એ ન્હોતી રહી શકતી. યજમાનોમાં ગયેલા બાપુજીને પાછા આવતાં રાત પડી જતી તોપણ એ વ્યગ્ર થઈ ઊઠતી. બાપુજી પણ આવીને તરત કુસુમ સાથે હીંચકે બેસે, બેઉ અડોઅડ અને વાતોમાં તલ્લીન. બા ઘણી વાર ટોકતી અને અકળાતી પણ ખરી. પણ એ વ્હેલાં ગુજરી ગઈ ને ભાઈ ભણવા વાસ્તે બહારગામ, પછી તો એની નોકરીય શહેરમાં. વતનગામ પણ મોટું - તાલુકાસ્થળ. ત્યાં કુસુમ અને બાપુજી એકલાં. એ કૉલેજમાં ભણવા ગઈ અને યુવાન ભટ્ટસાહેબ એને ગમી ગયેલા. એના ભણતરની એ કાળજી લેવા લાગેલા. તળાવપાળે સાંજે કુસુમ ને બાપુજી બેઉ ફરવા નીકળ્યાં હોય ને ભટ્ટસાહેબ મળી જાય. ત્રણેની વાતો ચાલે. ભટ્ટસાહેબ ઘરે આવતા- જતા થયેલા. કુસુમના ચિત્તમાં એમનો ભાવ હતો. ભટ્ટસાહેબની સ્નેહાર્દ્રતા, એમનું ભળીમળી જતું વ્યક્તિત્વ, બોલવાની રીતભાત, દરેક વાતમાં ઊંડી નિસબત, પ્રસન્ન મુદ્રા – કુસુમને ઘેરી વળતાં, બાપુજીને બદલે જાણે હીંચકા ઉપર સાથે ભટ્ટસાહેબ બેઠા છે એવી ભ્રાંતિવાળી સાંજોય આવી ગયેલી.

બાપુજી કુસુમનો હાથ ભટ્ટસાહેબને સોંપવા વિચારતા હતા ત્યારે કુસુમ એમ.એ. ફાઇનલમાં હતી. પણ એક દિવસ ખબર આવેલી કે ભટ્ટસાહેબ દૂરના શહેરની અધ્યાપિકાને પરણવાના છે. કુસુમ મૂંગી થઈ ગયેલી ને બાપુજી સૂનમૂન. પરણીને ભટ્ટસાહેબ મળવા આવેલા - બીજે નોકરી લઈને. જતાં જતાં કુસુમને માથે હાથ મૂકેલો - બાપુજી મૂકતા હતા એમ.

કુસુમનું હીંચકે બેસવું ઘટી ગયેલું. એને પોતાની જ કૉલેજમાં નોકરી મળી ગયેલી, પણ અચાનક બા ગુજરી જતાં એ રાતોરાત વધારે શાણી થઈ ગઈ હતી. બાપુજીની કાળજીમાં એ એવી તો ખોવાઈ ગઈ કે પરણવાનાં વર્ષો જ વહી ગયાં. ઘર પાછળના મોટા તળાવમાં પાણી ભરાતાં-સુકાતાં, કમળ થતાં ને એય ક્રમશઃ ઊજડી ગયાં. તળાવનું તળ વર્ષોથી પુરાતું જતું હતું, બાપુજીએ બેત્રણ વાર કુસુમને એના લગ્નની વાત કરી હતી પણ એ તો બાપુજીના પૂજાપાઠની સામગ્રીમાં, ઘરકામમાં, નોકરીમાં, વાંચવા-લખવામાં, રસોઈમાં કે પાછળના વાડામાં બગીચો કરવામાં, હીંચકે બેસી બાપુજીની રાહ જોવામાં ડૂબી ગયેલી. ને પેલી વાતો પણ હીંચકા સાથે ઝૂલતી કે એમ જ અટકીને રહી ગયેલી!

કુસુમને લાગતું કે કશોક અકલ્પ્ય ઓથાર એની આસપાસ મંડરાઈ રહ્યો છે. છેલ્લાં દોઢ-બે વર્ષથી આવી ક્ષણો ક્રમશઃ વધતી હતી જાણે. કહોને કે બાપુજીના ગુજરી ગયા પછી તો ખાસ પ્રકારની વિચિત્ર ભયની, એકલતાની, શૂન્યતાની, ડરામણી શૂન્યતાની લાગણી થઈ આવતી હતી. કશાકનું આક્રમણ થઈ રહ્યાનો સતત અહેસાસ ઝળૂંબતો. તળાવની મોટી પાળ ફરતાં વૃક્ષો કપાઈ ગયાં હતાં ને ત્યાં ચારે તરફ ઊંચાં ઊંચાં મકાનો ઊગી આવ્યાં હતાં. જાણે રાતોરાત શહેર આક્રમણ કરી આવ્યું ના હોય !

એની અંદર ઊંડે ને ઊંડે કોઈ કશુંક ખોદતું હતું. દટ્ટણ-પટ્ટણ થઈ ગયેલી એની ભાવોર્મિઓનો પહેલાં આવો દાહક પરિચય ન્હોતો થયો. ક્યારેક થૉર સાથે ઉજરડાઈ જવાની તીવ્રતા જાગતી તો ક્યારેક ઊંડાણોના ખોદાયા વિનાના થરના થર વવળી ઊઠતા. સોનગઢના હવડ કિલ્લાની વાવ અને એનાં ભોંયરાંનાં ઊંડાણોનું અગોચર વિશ્વ જાણે એની ભીતરમાં આવીને વસી ગયું હતું. એ સવારે જાગીને વાડાના બગીચામાં જતી તો કૉળ (મોટો ઊંદર)નો રંજાડ નજરે પડતો. કઠણ માટી ખોદીને એ દર કાઢી બ્હાર આવતા...એમણે વાળેલા માટીના ઢગને, એની છાતીશી ગોળાઈને એ જોઈ રહેતી. એ માટી ક્યારેક તો આંખોનેય સુંવાળી લાગતી. એ મુઠ્ઠી ભરતાં કંસારની મુઠ્ઠી ભર્યાનો ભાવ જાગતો. પણ કોની થાળીમાં પીરસવાનું છે હવે ? હીંચકો હાલતો ને થતું કે બાપુજી હમણાં જ હીંચકેથી ઊઠીને મેડીએ ગયા છે વરસાદી સાંજોમાં દૂર તળાવની પાળે ભટ્ટસાહેબ જતા-આવતા હોવાની ભ્રાંતિ પણ થતી.

આજકાલ તો કુસુમ પણ પોતાને ન સમજી શકતી હોય એવું લાગતું. કેટલીય ઘટનાઓ તરતી તરતી છેક સપાટી ઉપર આવી જાય છે. એ અવશ થઈને જોયા કરે છે. માત્ર સાક્ષીભાવે નહીં. ઘણી વાર તો એ એમાં ઘસડાતી હોય. કોટ-કિલ્લોની હવડતા, સુકાતું ને પુરાતું જતું તળાવ, ડેમથી બંધાઈ ગયા બધા હેઠવાસમાં ખાલીખમ થઈ ગયેલી નદી, વઘઈનાં જંગલોમાં લાગેલો દવ, પાનખરના પહાડો, કોલુમાં પિલાતી શેરડી, ઇમારતોનું અણધાર્યું આક્રમણ, સડકો-બજારો-સ્ટેશનો-ભીડ-ખંડેરોની લીલ-વિખરાતા મેળા, ઊલી જતી સીમ - સૌની વચ્ચે એ અટવાતી એકલી માર્ગ કરવા

મથતી જાણે હાંફી જતી. કૉલેજનું કે કૈં ને કૈં લખવાનું-વાંચવાનું કામ લઈને બધાંથી બચવા મથતી પણ ઘટાદાર વાદળો ગાજતાં ને યાદ આવતું કે આ શ્રાવણમાં બાપુજીને ગુજર્યે બે વર્ષ થયાં.

સાંજ પડતી ને એને ભણકારો થતો કે મેડી ઉપર કોઈ ધીમે પગલે ફરી રહ્યું છે. એ દેવગોખલે દીવો કરીને ઊભી રહેતી તો થતું કે બાપુજી બાજુમાં જ ઊભા છે. ડિલમાં જરા કંપારી ફરી વળતી. પહેલાં બાપુજી યજમાનવૃત્તિએ જતા ને રોકાઈ જાય તોય કશો ડર ન્હોતો લાગતો. એ મોટા ઘરમાં પણ એકલી રહેવા ટેવાઈ ગઈ હતી.

રાતની ઊંઘમાં ને હવે તો બપોરી તંદ્રામાં પણ લાગ્યા કરતું હતું કે દાદર ઉપર કોઈ ચઢઊતર કરી રહ્યું છે. ક્યારેક મેડીમાંથી ધીમો ધીમો અવાજ આવ્યા કરતો. એને ભય ન્હોતો લાગતો પણ ફડક પેસી જતી કે દીવાલ કોચીને કૉળ મેડીમાં બધું રમણભમણ તો નહીં કરી મૂકે ? ભોંયતળિયે તો કૉળના ત્રાસથી ઓકળિયો કાઢી પથ્થર જડેલા પણ ભીંતો ને મેડી તો હજી માટીનાં જ હતાં. ઘરનેય વર્ષો થયાં હતાં. એ લીંપણ, એ ઓકળિયો ઠીકઠાક કરાવીનેય એ થાકી ગઈ હતી. કાયાની માવજતનો કંટાળો આવે ત્યાં વળી આ ઘર - જર્જરિત થઈ ગયેલું ઘર ! ત્યારે અમેરિકાવાળા કાકા પ્રસન્નમનશંકર એમાંથી પોતાનો ભાગ લઈને વેચી દેવા માગતા હતા... ને બાપુજીને તો ભાગ કે વેચાણ મંજૂર ન્હોતાં. એ તો સિમેન્ટ કે પાકા કામનીય જરૂર ન જુએ. જાજરૂ-નાથરૂમ જેવી સગવડો કુસુમે વાડામાં અલાયદી કરાવેલી. પણ હવે તો એ વાડાનો વંડોય જર્જર છે. કૉળ એનાય મૂળમાં દર કાઢે છે.

રાતે આંખ મળી ન મળી ને એ કશાક ભણકારે જાગી ગઈ. આછા ઉજાસમાં દાદર ઉપર કોઈ ચઢતું હોવાની ભ્રમણા થતાં એ જરા હલબલી ગઈ. સ્વિચ કરીને જોયું તો કોઈ ન્હોતું. પણ મેડી ઉપર ક્યાંક હલચલ વર્તાતાં એ દાદર ચઢવા લાગી. થયું કે નક્કી કૉળ ઘૂસી આવ્યો હશે. એ જરા કંપીય ખરી. મેડીમાં કશો અણસારો વર્તાયો નહીં. બલ્બના અજવાળામાં એણે મેડીનું જુદું જ રૂપ જોયું. કદાચ અજાણ્યું કે અણધાર્યું ! એને પહેલી વાર લાગ્યું કે વસ્તુઓના પડછાયા પાછળ કોઈ છુપાઈ રહ્યું છે. એ કૉળ હશે કે કાળ ? કશોક ઑથાર કે થીજી ગયેલો ખાલીપો ?

મોડી રાતના સન્નાટામાં કુસુમે આ રીતે ઘરને કદી જોયું જ ન્હોતું. ઘર કેટલું હવડ અને અવાવરું લાગતું હતું! મેડીના લીંપણમાં ખાડા પડી ગયા હતા, ઓળપા-ઓકળિયો ઘસાઈને સપાટ થઈ ગયાં હતાં. એમાં વર્ષોની ઘટનાઓ રજોટીના થર બનીને જામી ગઈ હતી. પોતે માસે માસે બધું સાફ કરાવે છે. તોય લાગ્યું કે ચારેબાજુ જર્જરતા જામી ગઈ હતી. તાંબાનાં હારબંધ વાસણો ઉપર કાળા ડાઘા ઊભરાતા હતા. લાલપીળાં કપડાંમાં બાંધેલી બાપુજીની પોથીઓ, પુસ્તકો પર ધૂળના થર હતા. અભરાઈ અદૃશ્યના ભારથી વાંકીચૂંકી થઈને ઢળી પડવા ધસતી ભળાતી હતી. થાંભલીઓ બેવડ વળવા ઝૂકતી હતી. છાપરામાં સળ પડેલા. કપાયેલા કાટમાળવાળો રવેશ બાવાં-જાળાંથી ભરચક હતો. જૂનાં કોઠી-ડબ્બા-ઘંટી વર્ષોથી વપરાયા વિનાનાં - બા ગઈ ત્યારનાં નોંધોરાં - નમાયાં જાણે - નિરાધાર પડેલાં તે આ ક્ષણેય ભાંગી પડ્યા જેવાં ભાસતાં હતાં. પોપડા ઊખડી જતાં ગોબા પડેલી, વારેવારે લીંપવાથી ચિત્રવિચિત્ર આકારો ધારતી, ખંડિત ને ઝાંખા ચૂનાવાળી મેલીદાટ ભીંતો ઠેબાળી-ઢેકાળી પડું પડું થતી ઊભી હતી. દિવસના ભેજાળા અંધારામાં કદી ના કળાયેલો આ

અસબાબ એ જોઈ રહી. પેલી પોતાની તૂટેલી ચાલણગાડી, નવી પેઢીના લોભે સંગ્રહેલી હશે તે મોક્ષની રાહ જોતી ભાસી તો બીજે ખૂણે ભાઈની રંગબેરંગી લખોટીઓનો વર્ષો જૂનો એ ડબ્બો મોઢું ખોલીને ઊભો હતો - કોઈ લઈ જાય પોતાને શેરીમાં તો !

મેડીમાં જ ઊંઘ ઊડી ગઈ. કુસુમ ભીતરમાં ઊઠતાં મોજાંને દાબતી એ દાદર પકડીને નીચે ઊતરતી હતી. બાપુજી સાથે જોયેલો પેલો સોમનાથનો દરિયો અંદર જાણે તોફાને ચઢવા-ન-ચઢવાની દ્વિધામાં પડેલો હતો. નીચેય ઊખડેલા પોપડાળી ભીંતોમાં ચિત્ર-વિચિત્ર આકારો જોતી પાટે જઈ બેઠી. ખુલ્લી ફટાક આંખોમાં આખું ઘર પાછું મંડરાતું હતું. ડિમલાઇટમાં આખો ઓરડો ચીતર્યા જેવો સ્તબ્ધ હતો. આળિયામાં બાપુજીનું પીતાંબર અને પહેરણ ગડી વાળેલાં પડ્યાં છે. જાણે એમણે સવારે પહેરવા સાંજે જાતે જ મૂક્યાં હોય એવાં ! વળગણી પરનાં વસ્ત્રો વર્ષોથી વપરાયા વિના ઝૂલતાં-ઝૂરતાં હોય એવાં, એની નજર ઊંચે કબાટ માથે મૂકેલી બાની ટ્રંક પર પડી. વર્ષો જૂનું બાનું જર્જરિત થઈ ગયેલું પાનેતર હજી ગડીબદ્ધ જ હશે? પોતે તો કદી એને જોયું પણ નહીં ? કશોક અપરાધ કર્યાની લાગણી જન્મી આવતાં ઓરડો નરમ પડેલો લાગ્યો. નકામી ચીજોથી ભરેલાં કબાટો, પુસ્તકોના ખુલ્લા ઘોડા, ડામચિયો, પલંગ, કાળાં પડી ગયેલાં ખુરશી-ટેબલ. મીંઢું મૌન ધારીને બેઠેલાં વાસણો ને ચાલી નીકળવા ચાહતા જૂના બાંકડા... સામે છે દેવ ગોખલો. દેવોય અટાણે જંપી ગયા છે. ધીમે ધીમે એય આંખો મીંચીને ઊંઘવા પડખાં ઘસે છે.

વ્હેલી પરોઢે કુસુમની મેડી માંડવગઢનાં મ્હેલમાં બદલાઈ ગઈ હતી. દૂર કોઈ ગાતું ને મેડી પર - અંતઃપુરમાં કોઈ છમછમ ઝાંઝર પહેરીને ફરતું હતું. ખંડેરગઢ, લીલછાઈ કાળી-રાતી ભીંતો, તોતિંગ આડશો. વચ્ચે વેલાચ્છાદિત તળાવ... ને સામેનો ઝરૂખો ખાલીખમ, હજીય કોઈની રાહ જોતો - ફાટી આંખે. કુસુમ ઊભી છે કોટના કાંગરા માથે... ને દૂર સામે બૂરજે ઊભો છે કોઈ પુરુષ - પરિચિત, પણ કળાતો નથી ચહેરો. વચ્ચે કેટકેટલા અવાવરું ઓરડાઓ પડેલા છે - ને બારણાં બંધ. જાગી ત્યારે થયું કૉલેજકાળની માંડવગઢ ટૂરનું શમણું એને ઘેરી વળ્યું હતું.

સવારે ઊઠી એવી વાડામાં ગઈ.

સોનચંપાને બે ફૂલ ઊઘડેલાં જોઈ અંદરથી ધક્કો આવ્યો. એ મલકાઈને પાસે ગઈ. ફૂલોને સ્પર્શ કર્યો, ત્યાં જ સૂંઘી લેવાનું મન થયું પણ બાપુજીનો દેવગોખલો યાદ આવતાં થયું : દેવને તો અનાઘ્રાત પુષ્પ જ જોઈએ ને ! ત્યારે સોનચંપો ઉછેરવા એ બહુ મથેલી. બાપુજી પણ મદદ કરતા. પણ કૉળ એને કાતરી જતા હતા. છેલ્લાં બે વર્ષમાં એણે બગીચાની ખૂબ સફાઈ કરી હતી. ગૂંચવાયેલાં વેલ-છોડ કાઢીને દૂર કરેલાં ને સોનચંપાને ફરતી ભોંયને ટીપી પથ્થર દાબી દીધા હતા ! સોનચંપાની ઝાંય જેવી પ્રસન્નતા પહેરી એ પરવારવામાં પરોવાઈ-નાહ્યા પછી વાડાની સામી ભીંતે કૉળે માટી કાઢેલી જોઈ છતાં ન જોઈ કરીને એણે વરસાદે પાડી નાખેલા વંડાનેય ગણકાર્યો નહીં. ઝટપટ ફૂલો તોડતી એ જાણે દેવગોખલે બાપુજી એની વાત જોતા હોય એમ અંદર ગરી ગઈ. બ્હાર આવી ત્યારે ઓસરીનો હીંચકો હાલતો જોઈને પાછી વીતેલી રાત એના ઉપર સવાર થઈ ગઈ.

બેત્રણ વાર કુસુમને થયેલું કે ભીંતે સિમેન્ટ કરાવી તળિયે ટાઇલ્સ કરાવીએ. પાછળ વંડો સુધારી પડાળીને કાઢી ધાબું નાખી એક સૂવાનો ઓરડો ને પડખે સ્ટૅન્ડિંગ કિચન પણ

કરાવીએ...પછી ઘરઘંટી, વૉશિંગમશીન, ગ્રાઇન્ડિંગ મશીન, ફ્રીજ, ટીવી...સોફાસેટ, શયનખંડમાં સરસ બેડ...ભાતભાતના લૅમ્પ... પણ એ અટકી ગયેલી. પૈસા તો હતા પણ કાકાનો ઘરભાગ અને બાપુજીને થતું દુઃખ ! કુસુમે જાતને પાછી વાળેલી. જોકે, માત્ર એકાદ-બે ઘર જ ટક્યાં હતાં – જૂનાં ને જર્જર. બાકી તો પાકાં ને ઊંચાં મકાનો આ ટીંબાનેય ભરડો લેતાં આવી લાગ્યાં હતાં. ને એટલે કૉળ માટે અવાવર જગા જ આ હતી. કોક પરદેશ તો કોક શહેરમાં. કોક ગાડીવાળા તો કોક સેન્ટ્રલી એ.સી. બંગલાવાળા.

સાંજે તુલસીના કૂંડામાં પાણી રેડી અગરબત્તી મૂકતાં એને થયું કે શેરીમાંનો તુલસીક્યારોય મકાનો - વાહનોનાં આક્રમણ વચાળે સાબદો ન રહ્યો ! ક્યારાનાં તુલસીમા આ નાની પડસાળની ઓટલી ઉપર કૂંડામાં આવી ગયાં ! બાજુના તનમણિશંકરના ઢબી પડેલા ઘર ઉપર એની નજર પડી. કાટમાળમાં આકડિયા ને ધતૂરા ઊગી આવ્યા હતા. કૉળે કાઢેલી માટીના ઢગમાં ભીંતો ને છાપરું બધું ય ખવાતું-ખોવાતું એણે જોયા કર્યું હતું. એ કાટમાળમાંથી રાતે અંધારું નીકળતું. કુસુમને હવે થાય છે કે પેલો ઑથાર પણ ત્યાંથી જ ચોર પગલે કરો ચઢી મેડીએ આવતો હશે.

'બ્રાહ્મણની ઘરથારે આકડિયા ઊગે ? રામરામ !' બાપુજી બોલતા સંભળાતા હતા. સાંજના અજવાળામાં કુસુમે જોયું હતું કે કૉળે એના કરામાં માટી કાઢી હતી. એને ક્ષણવાર થયું કે પોતે ઘરમાં સૂતી છે ને ઘર બેસી પડે છે. વર્ષો પછી ટેકરો ખોદતાં એનું શબ – ! કુસુમને 'સાહેબ, બીબી ઔર ગુલામ'ની કથા યાદ આવી ગઈ. ડિલમાં પાછો ભય આવી ભરાતો લાગ્યો. કરાને માથે પીપળો મોટો થઈ ગયો હતો. નળિયાં સંચાળનારે કાઢી નાખેલો તોય ? એ પીપળાનાં મૂળ - ભરડામાં ઘરને ચપ્પટ થતું જોઈ રહી... અંધારાનાં પૂર ઘર-ટીંબાને ઘેરી વળેલાં.


સૂતાં પહેલાં, અમેરિકાવાળા કાકાનો, બપોરે આવેલો પત્ર એણે ફરીથી વાંચ્યો. કાકા ડિસેમ્બરમાં આવશે. આ વખતે ઘર વેચાશે. કુસુમે બને તો નવા તૈયાર ઘરની તપાસમાં રહેવું... સોસાયટીમાં ! એને થયું પત્ર સાચો ના હોય તો ? હાશ. પણ બીજી પળે ઘરની ભીંતો ગળતી, ગારો થતી અનુભવી રહી.

સવારે જાગીને હજી તો પથારીમાં હતી, ને કૈંક કણસાટ સંભળાયો. કોણ કણસતું હશે ? નીચે ફરસ પર જોયું તો ચણાના લોટ જેવો ભૂકો વેરાયેલો હારબદ્ધ. ઘરમાં બટાઈ ગયેલી વાસ ફરી વળી હતી. એણે ઊંચે પીઢો જોઈ - એમાં પીળાં છિદ્રો ઊઘડી આવ્યાં હતાં... કણસાટ ત્યાંથી આવતો હતો. પીઢોમાં ડૉળ પડેલા તે ધીમે ધીમે કરકોલતા હતા. છેક ઊંડે સુધી ઊતરી ગયા હતા. ડૉળ...લાકડાને ખાતા ડોળ. આ કીડાઓ વિશે વિચારવાનું બાજુ પર રાખી એ નિત્યકર્મ માટે ઊઠીને વાડામાં આવી. વાડામાં કૉળે ઉપદ્રવ મચાવ્યો હતો. પાસેનો વંડો ઢબી પડ્યો હતો. એ ચિંતાની મારી સોનચંપા પાસે દોડી ગઈ. ગઈ એવી હેબતાઈ ગઈ. અવાચક બનીને ફાટી આંખે એ જોઈ રહી : સોનચંપાના થડની ચારેપાસ કૉળે માટીના ઢગ કાઢ્યા હતા. મૂળ કાપ્યાં હતાં. પેલાં ગઈ કાલે નહીં ચૂંટેલાં બેઉ ફૂલો માટીના ઢગમાં રગદોળાયેલાં પડ્યાં હતાં.



**શ્રી આદિશ્વર ભગવાનની જિનપ્રતિમા**

સૌમ્યમુખાકૃતિ, વિશાળ છાતી, વિરાટ બાહુપાશ અને ઉન્નત શિખા જેવી વિશેષતાઓ ધરાવતી વસંતગઢ શૈલીની પ્રથમ તીર્થંકર શ્રી આદિશ્વર ભગવાનની જિનપ્રતિમા. ધ્યાનસ્થ નયન અને પ્રસન્નવદન ધરાવતી પરમાત્માની આ નયનરમ્ય પ્રતિકૃતિ ઐતિહાસિક દૃષ્ટિએ અતિ પ્રાચીન અને મૂલ્યવાન છે. આશરે વિક્રમની છટ્ઠી–સાતમી સદીની આ જિનપ્રતિમા હોવાનો સંભવ છે.



**શત્રુંજય મહાતીર્થનો પટ**
રાજસ્થાનની જયપુર કલમ શૈલીમાં
આશરે ઈ. સ. ૧૮૫૦માં તૈયાર થયેલો પટ
[શ્રી શ્રેયસ કે. દોશીના સંગ્રહમાંથી]

ૐ

શ્રીપરમાત્મને નમઃ
શ્રીગુરુભ્યો નમઃ

શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

આ સંસ્થા માટે શ્રીમન્ મુનીમહારાજ શ્રી વલ્લભવિજયજીના સદ્ઉપદેશથી સંવત ૧૯૭૦ના ફાગણ [illegible] રોજે શ્રી ભાયખાલા મધ્યે એક ફંડની સ્થાપના કરવામાં આવી હતી અને તેમાં દશ વર્ષ સુધી દરવર્ષે અમુક [illegible] આપવા એમ ઘણા ગૃહસ્થે પોતાના નામો લખાવ્યા હતા. ત્યારબાદ સં. ૧૯૭૦ના ફાગણ [illegible] ૧૪ બુધે [illegible] વખતે આ સંસ્થા કેવી રીતે ચલાવવી તે માટે શેઠ ગુલાબચંદજી ઢઢ્ઢા [illegible] હતા [illegible] આ સંસ્થામાં આશરે ૨૫ વિદ્યાર્થીઓને [illegible] કબુલાત મળેથી આ કામની શરૂઆત કરવામાં આવશે [illegible] આ સંસ્થા [illegible] માટે [illegible] હતા [illegible] અને તેમાં પોતે દશ વર્ષ સુધી દરવર્ષે [illegible] આપવા [illegible] હતા ત્યારબાદ મુનીમહારાજ શ્રી વલ્લભવિજયજી [illegible] આ સંસ્થાનું ઉપર મુજબ નામ રાખવા [illegible] કરવામાં આવ્યો હતો [illegible] નીચે મુજબના ગૃહસ્થોની [illegible] કરવામાં આવી હતી.

૧ શેઠ [illegible]
૨ " ગુલાબચંદજી ઢઢ્ઢા.
૩ " મોતીચંદ ગીરધર કાપડીઆ.
૪ " [illegible]
૫ " [illegible]
૬ " [illegible]
૭ " [illegible]
૮ " [illegible]
૯ શ્રી [illegible]

**શ્રી મહાવીર જૈન વિદ્યાલયની કાર્યવાહીના ચોપડાનું પહેલું પાનું**
**વિદ્યાલયની સ્થાપનાની નોંધ એમાં કરવામાં આવી છે.**
(હસ્તાક્ષર: શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા)



**વિજ્ઞપ્તિપત્ર**
વિક્રમની ૧૭મી સદીમાં
ચિત્રિત વિજ્ઞપ્તિપત્રનો
એક ભાગ

# વેઇટિંગ

યોગેશ જોશી

'મહિનો આના ઘરે, મહિનો પેલાના ઘરે કરવા કરતાં ઘરડાઘર કેવું રહે ?' - થેલામાં કપડાં ભરતાં શારદાબહેને કહ્યું.

મનસુખભાઈ ચૂપ રહ્યા.

થોડી ક્ષણ ભારેખમ મૌન વહેતું રહ્યું. નિસાસો નાખતાં મનસુખભાઈ બોલ્યા : 'ઈશ્વરની મરજી હશે એમ થશે. દીકરાઓ સાથે ઋણાનુબંધ હશે ત્યાં સુધી...'

મનસુખભાઈને ઉધરસ ચડી. ઢીંચણ પર હાથ મૂકી શારદાબહેન માંડ ઊભાં થયાં ને પાણી લેવા ગયાં.

ઘૂંટડો પાણી પીધા પછી મનસુખભાઈએ કહ્યું, 'તું કહેતી હોય તો ઘરડાઘરમાં જઈએ...'

ત્યાં તો શારદાબહેને જ વિચાર ફેરવ્યો : 'ના, ના. ઘરડાઘરમાં નથી જવું. સમાજમાં છોકરાઓનું ખરાબ દેખાય.'

'તો પછી તને ઘરડાઘરનો વિચાર કેમ આવ્યો ?'

'મારી બી.પી.ની અને ઢીંચણના દુઃખાવાની મેં દવા મંગાવી'તી. તો રાજેશની વહુ ગણીને બે દિવસની દવા લાવી ! બસ, બે જ દિવસ એના ત્યાં રહેવાનું ને પછી મોટાના ઘરે જવાનું ને... તે દવા મોટો લાવશે...'

પાલવના છેડાથી શારદાબહેને ઝળઝળિયાં લૂછ્યાં, પછી બોલ્યાં, 'રાજેશને તો બિચારાને ખબરેય નહીં હોય. નહિતર એ તો આખા મહિનાની દવા લાવતો ને વિચારતો - દક્ષેશનો પગાર ટૂંકો તે એને દવાનો ખર્ચ કરવો ન પડે, પણ રાજેશની વહુ... '

શારદાબહેન જરી અટક્યાં, એક નિસાસો નાખ્યો; પછી બોલ્યાં:

'ઘરડાઘરમાં જવાનો વિચાર મનમાં તો ઘણી વાર આવતો પણ હું ચૂપ રહેતી. આજે સહન ન થયું તે બોલાઈ ગયું મારાથી.'

મનસુખભાઈને થયું. પોતાનું ઘર રાખ્યું હોત તો દર મહિને આમ બે છોકરાઓના ઘરે ઠેબાં ખાવા વારો ન આવત. ટિફિન બંધાવી દેત ને શાંતિથી રહેત.

રાજેશે કહેલું : 'દક્ષેશને તો તમે રૂમ-રસોડાનો ફ્લૅટ લેવા જીપીએફમાંથી પૈસા ઉપાડીને આપેલા. એ પછી હપતા તો એ એના પગારમાંથી ભરી દે છે. આ ઘર હવે નાનું પડે છે તો આપણે 2BHKનો ફ્લૅટ નોંધાવી દઈએ. એમાં એક રૂમ તમારો અલગ રહે. આ ઘર વેચી મારીએ તો નવો ફ્લૅટ આવી જાય. વળી નવા ફ્લૅટમાં લિફ્ટ છે તે બાને દાદરા ચડવા ન પડે. ઢીંચણનો દુખાવો બાને વધતો જ જાય છે. મારું બૅલેન્સ હું રોકી દઈશ, થોડા શૅર પડ્યા છે એય વેચી દઈશ. બાકી ખૂટતા પૈસા આ ઘર વેચીએ એમાંથી ઉમેરી દેવાય. વધે એ પૈસાની તમે FD કરાવી દો કે MISમાં રોકો...'

શારદાને મોતિયો ઉતરાવવાનો થયો ત્યારે રાજેશે કહેલું - 'બાપુજી, તમે મેડિક્લેમનો વીમો લીધો હોત તો ?'

ત્યારે મનસુખભાઈનો ટોન બદલાયો હતો.

'બાને મોતિયો ઉતરાવવાના ખર્ચની તું ચિંતા ના કર. હું મારી FD તોડીશ એટલે ખર્ચ નીકળી જશે.'

'મારો એ મતલબ નહોતો, બાપુજી.'

મનસુખભાઈએ FD તોડેલી, પણ રાજેશે પૈસા લીધા નહોતા.

હવે તો રાજેશનો પગાર પણ સારો થઈ ગયો હતો. ઘરમાંય બધું વસાવી લીધું છે. LCD ટીવી ને હોમ થિયેટર સુધ્ધાં. રાજેશના બેડરૂમમાં AC પણ નંખાવ્યું છે.

AC નંખાવ્યું એ ઉનાળામાં રાજેશની AC એસી ચાલુ કરીને આરામ કરતી હતી. શારદાબહેન હાથમાં શેતરંજી ને ઓશીકું લઈને એ રૂમમાં પહોંચ્યાં. શેતરંજી પાથરી ત્યાં તો રાજેશની વહુ બોલી,

'બા, તમને આટલા ઢીંચણ તો દુઃખે છે. ACમાં રહેશો તો સાંધા વધારે જંકડાઈ નહીં જાય ?'

પરણીને આવી ત્યારે શરૂ શરૂમાં તો રાજેશની વહુ ખૂબ સારું રાખતી. 'બા', 'બા' કરતી. ગરમ ગરમ ફૂલકા રોટલી તાસકમાં લઈ આવતી ને કહેતી, 'લો બા, આ ગરમ રોટલી.'

'બસ બેટા ! હવે મારે નહીં જોઈએ.'

'ના બા, લો આ ગરમ રોટલી; થાળીમાં છે એ ઠંડી રોટલી લાવો પાછી...'

પણ થોડા સમય પછી - શારદાબહેન રાહ જોતાં હોય... બહાર ગઈ છે તે વહુ ક્યારે આવશે અને ક્યારે રાંધશે ? સાંજે જમવાનું બહુ મોડું થાય તો હવે પચતું નથી, ગૅસ થઈ જાય છે. વળી રાજેશના બાપુજીને ક્યારની ભૂખ લાગી છે. લાવ, ખીચડી તો મૂકી દઉં.

ત્યાં રાજેશની વહુનો ફોન આવે -

'બા, અમે બહાર જમીને આવીશું - સવારનું પડ્યું છે એ તમને ચાલશે ને ? નહીંતર હું આવીશ ત્યારે કંઈક બનાવીશ અથવા તો સવારનું ઠંડું ન ખાવું હોય તો તમે કંઈક બનાવી લેશો ?'

ને પછી બેય જણ સવારનું વધેલું ખાઈ લેતાં.

રાજેશની વહુને રસોઈનુંય પણ કોઈ માપ નહીં. કોક વાર ખૂટે. બાકી ખૂબ વધારે બનાવે ને સાંજે બધું ગાય-કૂતરાંને નાખી દેવું પડે. મોટા દીકરાની વહુ કરકસરવાળી. પણ દક્ષેશનો પગાર ટૂંકો તે બિચારી કરેય શું ? કઠોળ કરે... તો શાક ન કરે, શાક મોંઘાં પડે તે દાળ-ભાત-રોટલીથી ચલાવી લે. સાંજે ખીચડી ને છાશ. રોજ રોજ ખીચડી ખાઈને છોકરાં કંટાળે તો ક્યારેક ભાખરી-શાક, એ રાંધેય માપનું. ક્યારેય બગાડ ન થાય.

શારદાબહેન - મનસુખભાઈ રાજેશના ઘરે રહે ત્યાં સુધી ફુલ ડિશ જમવામાં હોય - રોટલી, દાળ, ભાત, શાક, કઠોળ, સલાડ કે કચુંબર. કંઈ ને કંઈ ફ્રૂટ્સ પણ ઘરમાં હાજર હોય, બદામ-અખરોટ-અંજીર વગેરે સૂકો મેવો પણ ઘરમાં હોય. રાજેશ એની વહુને કહે પણ ખરો.

'બા-બાપુજીને અખરોટ-બદામ-અંજીર આપજે, કોલસ્ટેરલ થોડું વધારે છે તે નૉર્મલ થઈ જાય.'

અંજીર ખાતાં શારદાબહેનને થાય - આજે આખર તારીખ. કાલથી દક્ષેશના ઘરે જવાનું થશે, તો એનાં છોકરાંઓ માટે લઈ જવા થોડો સૂકો મેવો માગું ? એનાં છોકરાંઓને બિચારાંને સૂકો મેવો જોવાય નથી મળતો. પણ પછી થાય, મૂડ ન હોય ને રાજેશની વહુ ક્યાંક ના પાડી દે તો ? ના, નથી પૂછવું.

પછી એમના કંઠેથી અંજીર ઊતરે નહીં.

મોટાના ઘેર જવાનું થાય ત્યારે શરૂ શરૂમાં બે-ચાર દિવસ તકલીફ પડે. મોટાના ઘરે ફ્રીઝ પણ નથી ને રાજેશના ઘરે ફ્રીઝનું ઠંડું પાણી પીવાની ટેવ પડી હોય તે માટલીનું પાણી તેલ જેવું લાગે. થાય, જમવામાં ખાલી રોટલી ને દાળ જ છે; થોડુંક શાક હોત તો સારું. શારદાબહેનને તો જાણે બહુ વાંધો ન આવે. પણ મનસુખભાઈને મજા ન પડે. એમને પહેલેથી ખાવાનો શોખ. અવારનવાર ફરસાણ પણ જોઈએ ને ગળ્યું પણ. તે રાજેશના ઘરે તો બધું મળી રહે. ઉનાળામાં જમ્યા પછી રાજેશ કહે - લાવ, હવે બધાને થોડો આઇસક્રીમ આપ.

જ્યારે દક્ષેશના ઘરે સાંજે તો ખીચડી ને છાશ હોય. મનસુખભાઈને થાય - સાથે એકાદ પાપડ હોત તો સારું.

રાજેશને સરકારી નોકરી તે પગાર વધ્યા કરે, મોંઘવારી ભથ્થુંય વધ્યા કરે ને એને ઉપરની આવક પણ ખરી. જ્યારે દક્ષેશ પ્રાઇવેટમાં ટાઇપિસ્ટ તરીકે નોકરીમાં રહેલો પણ પછી ટેબલે ટેબલે કમ્પ્યૂટર આવી ગયા પછી એનું ખાસ કામ રહ્યું નહીં. સહુ પોતપોતાના કમ્પ્યૂટરમાં કામ કરી લેતા. હા, શેઠનું કામ દક્ષેશ પાસે આવતું. દક્ષેશ કમ્પ્યૂટર શીખી ગયો તે સારું થયું. નહીંતર એની નોકરી જાત. શેઠે એને છૂટો તો ન કર્યો પણ પછી મોંઘવારી વધતી એ પ્રમાણમાં એનો પગાર વધતો નહીં. તે કેમેય બે છેડા ભેગા થતા નહીં. સાત સાંધે ને તેર તૂટે એવી પરિસ્થિતિ હંમેશાં રહેતી. આમ છતાં દક્ષેશ અને એની વહુ બા-બાપુજીને ભાવથી રાખે. મહિનો પૂરો થાય એ પછી દક્ષેશની વહુ કહે - આજે ને આજે શું કામ જવું પડે ? રોકાઈ જાઓ ને... રવિવારે એના પપ્પા મૂકી જશે.

દક્ષેશની વહુનું મન મોટું. પ્રેમથી રાખે. સવારનું ઠંડું કંઈ પડ્યું હોય તો પોતે ખાય, પણ બા-બાપુજી માટે તો સમયસર ગરમ ગરમ ખીચડી બનાવે. બા-બાપુજી પોતાના ઘેર આવે એ એને ગમે.

શારદાબહેનના પગ બહુ દુખતા હોય ત્યારે દક્ષેશની વહુ રાત્રે પગ દાબી આપતી. શારદાબહેન કહેતાં - 'બસ બેટા, હવે તું સૂઈ જા.'

'ના, બા. હજી મને ઊંઘ નથી આવતી' કહી એ પગ દાબવાનું ચાલુ રાખતી.

શારદાબહેનને થોડી શરદી થાય કે તરત એ તુલસી-મરી-આદુ-ગોળ વગેરેનો ઉકાળો બનાવતી; ઘરમાં પડ્યું હોય તો મધ પણ ઉમેરતી.

દક્ષેશનું ઘર સાવ નાનું આથી પોતાનું ઘર વેચી દીધા પછી મનસુખભાઈ તથા શારદાબહેન રાજેશના ફ્લૅટમાં જ રહેતાં. બા-બાપુજી માટે અલગ રૂમ હતો. મૉન્ટુ જન્મ્યો એ પછી તો એને રાખવા, મોટો કરવા બાની ખાસ જરૂર હતી. આથી રાજેશની વહુ બા-બાપુજીને ખૂબ સાચવતી ને ઢાપલાવેડા કરતી. પણ મૉન્ટુ થોડો મોટો થઈ ગયો. ત્યાર પછી -

'બા', રાજેશની વહુ બોલી હતી, 'દક્ષેશભાઈ અને ભાભી તમને બહુ જ યાદ કરતાં હોય છે તે થોડાક મહિના એમના ઘરે રહેવા જાઓ તો ?'

બા-બાપુજી દક્ષેશના ઘરે ગયા પછી રાજેશની વહુને થતું - હવે ડોસા-ડોસી પાછાં ન આવે તો સારું.

રાજેશનેય એ કહેતી - બા-બાપુજીનો ભાર આપણે એકલાએ જ થોડો વેંઢારવાનો ? દક્ષેશભાઈ-ભાભીનીય કંઈક તો જવાબદારી ખરી કે નહીં ?

શરૂમાં તો રાજેશે પત્નીની વાત ગણકારી નહીં પણ એની કાન-ભંભેરણી અવારનવાર ચાલતી જ રહી. દક્ષેશના ઘેર બા-બાપુજી હોય તો રાજેશને થતું, લાવ, હવે હું બા-બાપુજીને લઈ આવું. એનું ઘર નાનું છે, વળી, પગાર પણ ઓછો.

પણ પત્નીની ટક્ ટક્ ચાલ્યા જ કરતી. આથી છેવટે વારા કાઢ્યા - બા-બાપુજી એક મહિનો રાજેશના ઘેર અને એક મહિનો દક્ષેશના ઘરે. સારું છે કે બા અહીં ને બાપુજી ત્યાં - એવા ભાગલા ન પડ્યા.

મનસુખભાઈ રાજેશના ઘરે હતા ત્યાં સુધી એમને અંદાજ નહોતો આવતો કે દક્ષેશના ઘરે બે છેડા કેમ ભેગા થતા હશે...એ જોયા પછી મનસુખભાઈ પોતાના પેન્શનમાંથી લગભગ એંસી ટકા જેટલી રકમ દક્ષેશને આપતા. આ બાબતની જાણ થતાં જ રાજેશની વહુના પેટમાં જાણે તેલ રેડાયું.

'આ તે ક્યાંનો ન્યાય ? બા-બાપુજી જે મહિને અહીં રહે એ મહિનેય પૈસા દક્ષેશભાઈને મોકલે?! એમના ત્યાં રહે એ મહિને ભલે એમને પૈસા આપે. પણ આપણે ત્યાં રહે એ મહિને તો પૈસા આપણને મળવા જોઈએ ને...'

રાજેશે વહુને કહ્યું, 'આપણને બાપુજીના પૈસાની ક્યાં જરૂર છે ? આ ઘર લેવા માટે એમણે પોતાનું ઘર વેચીને પૈસા આપેલા.'

'તે એમાં શું નવાઈ કરી ? દક્ષેશને એમણે ઘર લઈ આપેલું તે પછી આપણનેય ટેકો તો કરવો જ પડે ને ?!'

'બાપુજી અહીં રહે એ મહિને હું એમના પેન્શનમાંથી પૈસા લેવાનો નથી, સમજી ?'

'તમે સમજતા કેમ નથી ?! બા-બાપુજીને મેડિક્લેમ તો છે નહીં, કશી ગંભીર માંદગી આવશે

તો બધોય ખર્ચ આપણે જ કરવો પડશે ને ? બાપુજીના પેન્શનના પૈસા આપણે નથી વાપરવા, એ પૈસા આપણે જુદા રાખીશું. એમની માંદગી આવે ત્યારે કામ લાગે...'

પણ રાજેશ પત્નીની વાત માન્યો નહોતો. ત્યારથી રાજેશની વહુ બા-બાપુજીને બરાબર જાળવતી નહીં. ગઈ અગિયારસે જ કેવું થયેલું ?!

શારદાબહેને સવારે જ કહેલું, 'આજે અમારે અગિયારસ છે, બેટા...'

'ફરાળ કરવાનો મને ટાઇમ નથી.'

'તો ફરાળ હું બનાવી દઈશ, બેટા.'

'પણ ઘરમાં ફરાળ બનાવવા માટે કશું પડ્યું નથી. ઘરમાં જે બને છે તે ખાઈ લેતાં હો તો... અગિયારસ-ફગિયારસ ન કરો તો નહીં ચાલે ?'

શારદાબહેન કશું બોલ્યાં નહીં; મન વાળ્યું - આ અગિયારસે અમે ફરાળ ન કરીએ એવી ઇચ્છા હશે ઈશ્વરની... !

રાજેશની વહુ એની પાર્ટ-ટાઇમ જૉબ માટે ગઈ ત્યારે શારદાબહેને રસોડામાં જઈને જોયેલું.

મોરૈયો હતો, સાબુદાણાય હતા, શીંગોડાનો લોટ પણ હતો, સીંગદાણાય હતા, શાકના છાબડામાં જોયું તો બટાકા હતા ને સૂરણ પણ હતું...

આજે પહેલી તારીખની સવાર. રાજેશ જીમમાં ગયેલો. રાજેશની વહુ નાહીને વાળ કોરા કરતી બાથરૂમમાંથી બહાર આવી, બોલી,

'બા... થેલો ભરી દીધો ? તૈયાર થઈ જાઓ જલદી, હું રિક્ષામાં તમને દક્ષેશભાઈના ઘરે મૂકતી જઉં...'

મનસુખભાઈ ખોંખારો ખાઈને બોલ્યા - 'અમે રિક્ષામાં જતાં રહીશું. તારે ધક્કો ખાવાની જરૂર નથી.'

થેલો ઊંચકીને મનસુખભાઈ ચાલ્યા, પાછળ શારદાબહેન.

લિફ્ટમાં નીચે ઊતર્યાં.

ઝાંપે જ રિક્ષા મળી ગઈ.

'ક્યાં જવું છે ?'

'વૃદ્ધાશ્રમ.'

થોડી વારમાં રિક્ષા વૃદ્ધાશ્રમ પહોંચી.

વૃદ્ધાશ્રમમાં જઈને તપાસ કરી તો - નાકની દાંડી પર નીચે ઊતરેલાં ચશ્માંના ફ્રેમની ઉપરથી નજર કરીને કોઈ કાકા બોલ્યા,

'હાઉસફુલ છે દાદા, વેઇટિંગ ચાલે છે.'

# દેવવ્રતની દુનિયા

અવંતિકા ગુણવંત

દેવવ્રતને એક મહત્ત્વાકાંક્ષા હતી. એ નાનો હતો, નિશાળમાં ભણતો હતો ત્યારથી એની આ આકાંક્ષા આકાર લેવા માંડી હતી. નિશાળમાં 'મારું સ્વપ્ન' એવો નિબંધ લખવાનો હતો ત્યારે પણ એણે એની આ મહત્ત્વાકાંક્ષા વિશે જ લખ્યું હતું. એણે લખ્યું હતું, 'હું અમેરિકા જઈશ, મબલખ કમાઈશ. સમુદ્રની વચ્ચે એક ટાપુ ખરીદીશ અને ત્યાં મારું મોટું મોટું મકાન બાંધીશ. દુનિયાભરનાં બધાં સુગંધી ફૂલછોડ લાવીને ત્યાં વાવીશ. મારા ઘરની આસપાસ ટેકરીઓ હશે ત્યાં વિવિધ જાતનાં વૃક્ષો હશે ને વૃક્ષો પર પંખીઓના માળા હશે. પંખીઓ મધુર સૂરે ગાતાં હશે ને હું ત્યાં બેસીને ચિત્ર દોરીશ. હું પચાસ વર્ષનો થઈશ ત્યાં સુધી કમાઈશ અને બાકીનાં પચાસ વર્ષ મારી મરજી મુજબ જીવીશ. રસ-રંગથી મારી જિંદગી છલકાતી હશે. હું સુખી થઈશ અને બીજાને સુખી કરીશ.'

દેવવ્રત સાધારણ બાપનો દીકરો ન હતો. એના પિતાને ફૅક્ટરી હતી, ખૂબ નફો કરતી ફૅક્ટરી. પિતાએ એવી રીતે બધો કારોબાર ગોઠવ્યો હતો કે કોઈ ટેન્શન કે સ્ટ્રેસ ના લાગે. એમની પ્રોડક્ટ અખાતના દેશોમાં જતી હતી. હજીય જો એ વેપાર વધુ વિકસાવવા ઇચ્છે તો એના માટે તકો હતી, પણ તેઓ જિંદગી જીવવામાં માનતા હતા, પૈસા કમાવાનું યંત્ર બનવા નહોતા માંગતા. એમને હતું કે દેવવ્રત ભણીગણીને ધંધામાં આવે પછી એમને જે કરવું હોય એ કરશે. ધંધો જે રીતે વિકસાવવો હોય એ રીતે વિકસાવશે. દેવવ્રત ભણવામાં હોશિયાર હતો, મહેનતુ હતો, કહ્યાગરો હતો તેથી પિતાને કોઈ ચિંતા ન હતી. દેવવ્રત એન્જિનિયર થઈ ગયો. બાપને હતું કે દીકરો હવે ધંધામાં આવશે, પણ દેવવ્રત બોલ્યો, 'પપ્પા, મારે વિશેષ અભ્યાસ અર્થે અમેરિકા જવું છે.'

પિતાએ તરત કહ્યું, 'બહુ સરસ બેટા, માણસે ઇચ્છા હોય એટલું ભણવું જ જોઈએ.'

દેવવ્રત અમેરિકા ગયો. એનો અભ્યાસ પૂરો થયો ને બાપને થયું કે દીકરો દેશમાં આવશે ને ઉદ્યોગ સંભાળી લેશે, પણ દેવવ્રતે લખ્યું, 'અહીં એક સુરેખા નામની છોકરી સાથે હું લગ્ન કરવા ધારું છું. સુરેખાનાં માતાપિતા છેલ્લાં ચાલીસ વર્ષથી અમેરિકામાં વસેલાં છે. સુરેખાનો જન્મ અને ઉછેર અહીં થયો છે. મને એ યોગ્ય જીવનસાથી લાગે છે તો આપની સંમતિ અને આશીર્વાદ પ્રાર્થું છું.'

પત્ર વાંચીને માબાપ એક ક્ષણ તો સ્તબ્ધ થઈ ગયાં. 'શું દીકરો પાછો આવવાનો જ નથી? લગ્ન પણ ત્યાં જ કરશે ? છોકરી અમારે જોવાનીય નહિ, અરે એનો ફોટો પણ મોકલ્યો નથી. એના કુટુંબ વિશેની કોઈ વિગત નથી લખી, એ ક્યા રાજ્યની છે, કેવી છે કંઈ લખવાનું એને જરૂરી નથી લાગતું, ઓ રે દીકરા, અમે શું તારાં માબાપ જ મટી ગયાં ? અમે તારા માટે કશું જ નથી ? અમારી ઇચ્છા, આશાનો જરાક તો વિચાર કરવો હતો.

ભલે તું ત્યાં વસે, ત્યાં પરણે, તારી કોઈ ઇચ્છાને આડે અમે ના આવત, પણ દીકરા ! અમે તારાં છીએ, તું અમારો છે એવું તો અમને લાગવા દેવું હતું. લગ્નમાં હાજર રહેવાનું અમને આમંત્રણ તો આપવું હતું.'

આ રીતે માબાપ મનોમન ઘણું વલોવાયાં છતાં પણ પોતાને ઓછું આવ્યું છે એટલુંય દીકરાને ના જણાવ્યું. એમણે કશું કહ્યું નહિ, કશું પૂછ્યું નહિ. હૃદયના ઊંડાણમાંથી આશીર્વાદ મોકલ્યા ને સાથે દાગીના મોકલ્યા. અત્યંત મૂલ્યવાન દાગીના. દેવવ્રતની માએ ઘણી હોંશથી વહુ માટે અગાઉથી બનાવડાવેલા ને પોતે જાતે વહુને પહેરાવશે એવાં સ્વપ્નાં જોયેલાં, એ દાગીના મોકલ્યા.

દેવવ્રતને સરસ જૉબ મળી હતી. બેપાંચ વર્ષ જૉબ કર્યા પછી એ પોતાનો ઉદ્યોગ સ્થાપવા માંગતો હતો. પિતાની જેમ મોટા ઉદ્યોગપતિ થવાના એને મનસૂબા હતા. દેવવ્રતની કમાવાની યોજના તો સફળ થઈ, પણ પત્ની સુરેખા સાથે સુમેળ સધાયો નહિ. દેવવ્રતની દરેક વાતમાં સુરેખાને વાંકું પડતું. દેવવ્રત વધારે ને વધારે બાંધછોડ કરીને સુરેખાને અનુકૂળ થવા પ્રયત્ન કરતો. એને ખુશ કરવા પ્રયત્ન કરતો, પણ સુરેખા તો ક્લેશ અને કકળાટ જ કરતી.

દેવવ્રત આઘાત પામી ગયો કે, 'જેને મેં પ્રેમ કર્યો હતો એ આ જ સુરેખા છે ! લગ્ન પહેલાંના પરિચયમાં હું કેમ એને ઓળખી ના શક્યો ! હું શું એના રૂપમાં સાવ ભાન ભૂલી ગયો ! હું મોહાંધ છું! પ્રેમ વગરની મારી આ જિંદગીને શું કરવાની !'

દેવવ્રત અંદર ને અંદર શોષાવા માંડ્યો. સંતાપથી એનાં શરીર, હૃદય અને મન ક્ષીણ થતાં ચાલ્યાં અને અંતે એ બેઉ છૂટાં પડ્યાં. કાયદેસર છૂટાછેડા થયા. જે સંપત્તિ અને બચત હતી એ સુરેખાને મળી. દેવવ્રતને સ્થૂળ સંપત્તિનો મોહ ન હતો. દેવવ્રત એકલો પડ્યો. હવે એને માબાપ, ઘર, વતન, મિત્રો યાદ આવવા માંડ્યાં, પણ દેશ તરફ પગ ના ઊપડ્યો. પોતે માબાપની કેવી અવગણના કરી હતી, છેહ દીધો હતો એ યાદ આવ્યું ને હૃદય પશ્ચાત્તાપથી ફાટી જવા માંડ્યું. માબાપનું વહાલ અને હૂંફ માટે એ તરફડવા માંડ્યો, પણ જવાની હિંમત ના ચાલી. શું મોં લઈને એ વત્સલ માબાપ પાસે જાય ?

પણ માબાપને ખબર પડી ને તેમણે તરત કોલ કર્યો, 'દીકરા, તું મૂંઝાઈશ નહિ, તું એકલો નથી, અમે ત્યાં આવીએ છીએ.'

દેવવ્રત સાંભળી જ રહ્યો, 'ઓહ, મારાં માબાપ મને કશું પૂછતાં નથી, માત્ર ગળે લગાડવાની વાત કરે છે. નથી ઠપકો આપતાં, નથી મહેણું મારતાં, બસ મારાં સુખચેન ઇચ્છે છે.'

એ રડી ઊઠ્યો. રડતાં રડતાં બોલ્યો, 'પપ્પા, તમે બધો બિઝનેસ એમ જ મૂકીને ના આવશો. મારી મમ્મી આવે એ પૂરતું છે. મમ્મીને મોકલો. તમે ચિંતા ના કરશો.'

'બેટા, તું બિઝનેસની ચિંતા ના કર. અમને તારી ફિકર છે. તારી આંખમાં એકે આંસુ ના જોઈએ, હૈયે નિરાશા ન જોઈએ. તું તો મારો બહાદુર દીકરો છે.' બાપે કહ્યું.

'પપ્પા, મારી ચિંતા ના કરશો' પછી એણે મમ્મીને કહ્યું, 'બસ મમ્મી, તું અહીં આવી જા.'

દેવવ્રતની મમ્મી સુમીબહેન પહેલી ફ્લાઇટમાં ન્યૂયૉર્ક પહોંચ્યાં. માને જોઈને દેવવ્રતને અપરંપાર હૂંફ અને શાંતિ મળ્યાં. એણે માને એની વીતકકથા સંભળાવી. એકની એક વાત એ કહ્યા કરે છે, તો ય એનો અપરાધભાવ ઓછો નથી થતો.

સુમીબહેન બોલ્યાં, 'બેટા, હવે તું એ બધી વાત ભૂલી જા. એકની એક વાત રટ્યા કરીશ તો તારાં હૃદયમન નિર્બળ થતાં જશે. તું આભાર માન કે આનાથી વધારે ખરાબ કશું નથી થયું. હવે તું છે અને સાથમાં અમે છીએ, બધું બરાબર થઈ જશે.'

'પણ બધાં મારી હાંસી ઉડાવતાં હશે કે બાપનો ઉદ્યોગ સંભાળવાના બદલે દીકરો અમેરિકા રહી પડ્યો, પણ કશું ના કરી શક્યો. હું હારી ગયો, નિષ્ફળ ગયો. મારા પપ્પાએ શૂન્યમાંથી સર્જન કર્યું હતું અને હું એમના સાન્નિધ્યમાં વિકાસ કરવાના બદલે અહીં આવ્યો તો શું પામ્યો !'

'બેટા, કોઈ શું કહેશે એનો ડર કાઢી નાખ, અને તારી જાતને કોસવાનું બંધ કર. તું વધારે કમાય તો જ સફળ થયો કહેવાય, મોટો ઉદ્યોગ સ્થાપે તો જ કંઈ કર્યું કહેવાય એવું કોણે કહ્યું ? લોકોએ ઊભા કરેલા માપદંડથી તારી જાતને ન માપ. તું હતાશ ન થા. લાંબી-જિંદગી સામે પડી છે. તું તારી દૃષ્ટિથી તારી જિંદગીને જો. તું સ્વસ્થ થા, તારું હૃદય ઉત્સાહ અને આશાથી ભરી દે. તારું ધાર્યું બધું તું કરી શકીશ.'

સુમીબહેનના પ્રેમભર્યા શબ્દોથી દેવવ્રતને સાંત્વન મળતું, એ સાતા પામતો, પણ થોડા કલાક પસાર થાય ને એ પાછો હતાશામાં સરી પડતો. એની માને પૂછતો, 'મમ્મી, મારા પિતાની જેમ હું કેમ બધાં ક્ષેત્રમાં સફળ ના થયો ? પ્રતિષ્ઠા ના પામ્યો ? શરૂઆતથી મારા અમુક વિચારો હતા, મારે મારા પપ્પાની છત્રછાયામાં પાંગરવું ન હતું. મને હતું કે હું મારો અલગ માર્ગ કંડારીશ. એમાં મારું કૌવત દેખાડીશ, પણ મારી ઇચ્છા ના ફળી. મેં પછડાટ ખાધી. હું ક્યાંયનો ના રહ્યો. મારા લગ્નની નિષ્ફળતાએ મને ચૈતન્યહીન બનાવી દીધો. હું કંઈ ના કરી શક્યો.'

'સંયમ રાખ બેટા, સંયમ રાખ. સમતા રાખ. નહિ તો તારી હતાશા તને બેહાલ કરી મૂકશે. માણસ પર ક્યાંથી કેવી રીતે અચાનક આફત ઊતરી આવે છે એ કોઈનેય ખબર નથી પડતી. આનું નામ જ જીવન છે.'

'જે સુખનો માર્ગ દેખાતો હોય, સરળ દેખાતો હોય એ કંટકભર્યો થઈ જાય, સંકટભર્યો થઈ જાય. આપણે બધું સહન કરવું જ પડે. એમાંથી માર્ગ કાઢવો પડે.'

'પણ મમ્મી, હું કમનસીબ છું. બીજાં છોકરાઓ મારી જેમ નસીબ અજમાવે છે ને ઝળહળતી ફત્તેહ પામે છે.'

'અરે, સુરેખાની મોટીબહેનનો વર સામાન્ય કુટુંબનો છે, પણ એને કોઈ વાંધો ના આવ્યો. એણે એનાં માબાપ ભાઈબહેનને પણ અહીં બોલાવી લીધાં છે. બધાં સુમેળ અને સંપથી રહે છે. જ્યારે સુરેખાએ કોઈની સાથે સંબંધ જ ના રાખ્યો, સગાઈની મીઠાશ પણ ના સમજી, તમારા હેતને ઠુકરાવ્યાં મને ઠુકરાવ્યો.'

મને એ કહેતી, 'આપણે પોતાનો સંસાર રચ્યો છે પછી તારાં માબાપના સંસારમાં શું રસ લેવાનો? હું તમને યાદ કરું એ એને ગમતું નહિ. મેં એને કેટલું કહ્યું હતું, પણ એક વારેય ઇન્ડિયા ના આવી. એણે કદી મારી ઇચ્છાની દરકાર ના કરી. એને રાજી રાખવા હુંય ઇન્ડિયા ન આવ્યો. અને હું જ નાલાયક કે એનું કહ્યું સાંભળતો રહ્યો. મમ્મી, મારી બુદ્ધિ જ જાણે બહેર મારી ગઈ હતી. તમે અને પપ્પા કદી મારી સાથે સખ્તાઈથી વર્ત્યાં નથી, તો પછી શું કામ હું તમારાથી દૂર ગયો ? હું મૂરખ કેમ કશું સમજી ના શક્યો !'

અફસોસ...અફસોસ... અફસોસ.. દેવવ્રતના અફસોસનો કોઈ પાર નથી. સુમીબહેન દીકરાને સમજાવે છે, 'બેટા, તું તારી જાતની ટીકા કરવાનું બંધ કરી દે. જે થઈ ગયું એ થઈ ગયું. તારા માટે એવું નિર્માણ થયું હશે, એ સ્વીકારી લે અને હવે સામે નજર કર. ઉજ્જ્વળ ભવિષ્ય તારી રાહ જોઈને બેઠું છે.'

'મમ્મી, તું કહે છે એ સાચું છે, મારે જૂનું બધું ભૂલી જવું જોઈએ, પણ નથી ભુલાતું. વળી વળીને બધું યાદ આવે છે ને મારી જાત માટે તિરસ્કાર છૂટે છે. મને શરીરમાંય કોઈ શક્તિ નથી લાગતી. હું સાવ નિર્બળ થઈ ગયો છું.'

'બેટા, ખોટા સંતાપમાં તારી પ્રાણશક્તિ નબળી પડી ગઈ છે. તારા વિચારની ભૂતાવળમાંથી બહાર નીકળવાનો સંકલ્પ કર અને ભગવાનનું સ્મરણ કર, મંત્રજાપ કર, શ્રદ્ધા રાખ. તું ધીરે ધીરે આ બધામાંથી ઉપર આવીશ, તારી માનસિક, નિર્બળતા જતી રહેશે, તારામાં ઉત્સાહ પ્રગટશે, તું શક્તિનો અહેસાસ કરીશ. બેટા મંત્રનો પ્રભાવ સૂક્ષ્મ અંતરમન સુધી પહોંચે છે. તારામાં પરિવર્તન આવશે. બેટા, ઈશ્વરમાં માનવું, શ્રદ્ધા રાખવી એટલે તારી જાતમાં માનવું. તારી શક્તિમાં માનવું. તું તારા સુંદર ભવિષ્યની કલ્પના કર. તારી નજર સમક્ષ આગામી સુખી દિવસોને જો, ઉત્સાહ અને આનંદનો તું અનુભવ કર. અને દીકરા તને ખ્યાલેય નહિ આવે ને તું બધું ભૂલી જઈશ. આ ઘા વીસરાઈ જશે.' સુમીબહેન દીકરાને વારંવાર આ જ વાત જુદા જુદા શબ્દોમાં કહ્યા કરે છે.

દેવવ્રત તદ્દન નાના બાળકની જેમ માને વળગીને બેસી રહેતો. મા એને પંપાળતાં અને ઈશ્વરને પોકારીને મનોમન કહેતાં, 'ઈશ્વર, તું અમારો હાથ પકડ. આ ઘોર અંધકારમાંથી તું જ પ્રકાશ તરફ લઈ જા.'

સુમીબહેન દીકરાને જમાડે ત્યારેય ઈશ્વરને કહે, 'હે ઈશ્વર ! આ એક એક કોળિયો અમૃત બનો, અને મારા દીકરાને ઉત્સાહથી થનગનતો કરે.' રાત્રે દેવવ્રત ઊંઘી જાય ત્યારેય સુમીબહેન માથે હાથ પંપાળતા જાય અને બોલ્યા કરે, 'દીકરા તારા જીવનની બધી કટુ યાદો દૂર થાઓ. મનની કડવાશ ઓસરી જાઓ, સુરેખા માટેનો દુર્ભાવ જતો રહે.' સુમીબહેન ઈશ્વરને રોજ કહેતાં, 'પ્રભુ, દીકરાની આ નિષ્ફળતાને સફળતામાં તું નહિ બદલે તો કોણ બદલશે ? એને આશા ઉત્સાહથી તું ધબકતો કર.'

તેઓ દેવવ્રતને કહેતાં, 'બેટા, તું કમભાગી નથી. ઈશ્વર તારી સમગ્ર શક્તિ જાગ્રત કરવા માગે છે, તેથી જ તારી આકરી પરીક્ષા લીધી છે. તું ઈશ્વરને સાંભળ. એ તને કંઈ કહેવા માગે છે. તું આંખો મીંચીને તારી અંદર ધ્યાન આપ. ઈશ્વર તારી અંદર છે. એણે તને છોડી નથી દીધો.'

માની સતત માવજતથી દેવવ્રત ફરી એક વાર બેઠો થયો ને પોતાની આકાંક્ષા પાર પાડવા ઉદ્યમે લાગી ગયો. હવે એનામાં કોઈ નિરાશા નથી.

# સંસાર-સંબંધની નશ્વરતાની કથા

હસુ યાજ્ઞિક

*(વૈદિક, બૌદ્ધ અને જૈન એ ત્રણે પ્રાચીનતમ ભારતીય આર્યધર્મ, ધર્મના સૂક્ષ્મતમ સંકુલ સિદ્ધાંતોને સરળ અને સર્વગમ્ય તથા રોચક બનાવવા દૃષ્ટાન્તરૂપ કથાનકોનો આધાર લે છે. આવી નિદર્શનરૂપ ત્રણે ધર્મધારાઓની કથામાં કેટલુંક મહત્ત્વપૂર્ણ સામ્ય છે, કેટલીક દૃષ્ટાંતકથાઓ ત્રણેમાં સમાન છે, તે સાથે જ આ ત્રણેની આવી કથાઓમાં આગવાં તત્ત્વો પણ હોય છે. બૌદ્ધ અને જૈન ધર્મો ઈશ્વરવાદ અને તદનુષંગી અવતારવાદને સ્વીકારતાં નથી. એથી એમાં દેવ-દેવીઓની પૌરાણિક કથાઓને બદલે લોકપ્રચલિત કથાનકોનો સવિશેષ ઉપયોગ થયો અને પાલિ ભાષાની જાતકકથાઓ, પ્રાકૃત ભાષાની વસુદેવ-હિંડી અને ઉપદેશપદની કથાઓ, સંસ્કૃત ગ્રંથ કથાસરિત્સાગરની પૂરક-ઉપકારક બની. ત્રણે ધર્મોએ ચાતુર્માસને બાદ કરતાં 'સાધુ તો ચલતા ભલા' અપનાવ્યું. આમાં પણ જૈન ધર્મ જેમાં 'ઉપદેશપદ' તો સંસારીઓ અને મુખ્યત્વે સાધુઓ માટે પ્રાચીનતમ Code of Conduct છે, તેમાં તો સાધુઓ માટે એક સ્થળનો લાંબો કે સતત વસવાટ પણ અગ્રાહ્ય મનાયો. પરિણામે, જૈનયતિઓ વિશેષતઃ મારુગૂર્જરક્ષેત્રમાં તેમજ ભારતભરમાં પગપાળા વિહાર કરતા રહ્યા, ગ્રામીણ તથા આદિવાસી બંને ક્ષેત્રોના પ્રત્યક્ષ પરિચયમાં રહ્યા, એના પરિણામે જૈન સ્રોતમાં લિખિત સ્રોતની પ્રાચીન-મધ્યકાલીન કથાઓ સમય-સમયે જૂની ગુજરાતીમાં પદ્યરૂપની કૃતિઓના રૂપમાં બંધાતી ગઈ. ગુજરાતના કંઠપ્રવાહના ગ્રામીણ તેમજ આદિવાસી બંને સ્રોતના લોકસાહિત્યમાં આથી જૈન કથાસાહિત્યનું આદાન-પ્રદાન વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. પરંતુ, નિદર્શન-કથા, એટલે કે દૃષ્ટાંતરૂપ કથાઓમાં કેટલીક એવી પણ છે જે જૈનયતિએ Make believeનું એક નવું સંભવિત વાસ્તવિક રૂપ કલ્પીને સર્જી છે. સંસારનાં મા-બાપ, ભાઈ-બહેન, કાકા-ભત્રીજા જેવા બધા જ સંબંધ નશ્વર અને પરિસ્થિતિજન્ય સંદર્ભનું જ પરિણામ છે, એ દર્શાવતું જૈનકથાનું એક લાક્ષણિક ચોટદાર કથાનક છે, તે અહીં વાર્તાના રૂપમાં આપ્યું છે.)*

વહેતી મધરાતે ઉપાશ્રયમાં સાધ્વીએ બાજુમાં સૂતેલી કુસુમશ્રીને હીબકું ભરતાં સાંભળી ! યુવાન કુસુમશ્રીને દીક્ષા લીધાને હજી એક

ચોમાસું પણ નહોતું વીત્યું. સાધ્વી કુસુમશ્રીની વેદના જાણતી હતી. વાત કરી હૈયું હળવું કરવાની તક આપતાં પૂછ્યું, 'શરીરે - મને કોઈ અશાતા છે, બહેન ?'

'બહેન' જેવું કુટુમ્બવત્સલ સંબોધન સાંભળતાં જ કુસુમશ્રીનો હૃદયનો બંધ તૂટી પડ્યો. સાધ્વીએ બેઠાં થઈ, નજીક આવી શાતા આપતાં કહ્યું, 'જીવનનો આવો ભવ્ય અને ઉદાત્ત માર્ગ ગ્રહણ કરવા છતાં તારું હૃદય આવી અસ્વસ્થતાનો ભોગ શાથી બન્યું છે કુસુમશ્રી ! મન–હૃદય શું સંસારી રાગદ્વેષથી મુક્ત નથી બન્યાં ?'

'સંસારનો તો કોઈ મોહ નથી, માયા પણ નથી. એ બધું અસાર જણાતાં તો આ મોક્ષમાર્ગ અપનાવ્યો છે. પરંતુ એક મોહ છૂટતો નથી.'

'કયો ?'

'મારે એકનો એક નાનો ભાઈ છે. હું એની એકની એક બહેન છું. કાલે રક્ષાબંધન છે, કાલે મારો ભાઈ...' કુસુમશ્રીનો હૈયાનો બંધ તૂટી પડ્યો.

સાધ્વીએ એને રડવા દીધી. થોડીક ક્ષણો વીત્યે કહ્યું, 'સંસાર સ્વપ્ન, માયા છે, સંસારના સંબંધો મિથ્યા છે. કોણ ભાઈ, કોણ બાપ, કોણ માતા ! બધાં જ માત્ર સંસારી સંબંધના માળખાના અસ્થિર સંદર્ભો માત્ર છે.'

'એ હું સમજું છું, પણ...' કુસુમશ્રી બોલતાં અટકી ગઈ. સાધ્વીના મુખ પર મંદ સ્મિત રેલાયું. મનોમન કશુંક વિચારી લીધું, ગોઠવી દીધું.

સવારે સાધ્વી કુસુમશ્રીને લઈ ગોચરી માટે નીકળ્યાં અને મથુરાના વિશાળ માર્ગ પર આગળ વધ્યાં. જાણીતા શ્રાવકોના આવાસો પસાર થવા છતાં સાધ્વી આગળ ચાલતાં રહ્યાં. કુસુમશ્રીએ પૂછ્યું,

'હજુ આગળ જવાનું છે ?'

'હા.' સાધ્વીએ સૂચક સ્મિત કર્યું અને આગળ ચાલતાં રહ્યાં. છેવટે નગરના છેવાડે આવેલા વિશાળ મહાલયમાં પહોંચ્યાં. દાખલ થયાં ત્યારે ભવ્ય પડશાળ પાસેના ઘોડિયામાં બાળક રડતું હતું. ગૃહિણી કે બીજાં કોઈ ચાકર હાજર ન હતાં. બાળકના આછા રુદનનો અવાજ મહાલયના ઊંડાણમાં રહેલા કોઈએ સાંભળ્યો ન હતો.

સાધ્વી સસ્મિત ચહેરે ઓસરીમાં પહોંચ્યાં ને ઘોડિયાની દોરી હાથમાં લઈ બાળકને હીંચોળતાં વિચિત્ર હાલરડું ગાવા લાગ્યાં :

સૂઈ જા મારા ભાઈ ! સૂઈ જા.
સૂઈ જા મારા દિયર ! સૂઈ જા.
સૂઈ જા મારા દીકરા ! સૂઈ જા.
સૂઈ જા મારા કાકા ! સૂઈ જા.
સૂઈ જા મારા ભત્રીજા ! સૂઈ જા.

– સાધ્વીનું આ વિચિત્ર હાલરડું સાંભળી કુસુમશ્રીને હસવું આવ્યું. બહારના સંચારથી ગૃહિણી અને ચાકરો આવી પહોંચ્યાં. આદર સાથે ગોચરી વહોરાવી. સાધ્વી સાથે બહાર નીકળતાં જ કુસુમશ્રીએ પૂછ્યું, 'પેલા બાળકને તમે તમારો ભાઈ, દિયર, દીકરો, કાકો, ભત્રીજો કહ્યો એ મને સમજાય છે. ભવોભવમાં તો જીવને આવા અનેક સંબંધો બંધાય છે.'

'ભવોભવમાં જ નહીં, એક ભવમાં જ એકના બીજા સાથે સંસારી સંદર્ભજન્ય સંબંધ હોઈ શકે!'

'એ કેવી રીતે ?' કુસુમશ્રીએ સાશ્ચર્ય પૂછ્યું, 'એક જ ભવમાં જે ભાઈ હોય તે ભત્રીજો, કાકો, દિયર થોડો બની શકે ?'

'હા, કુસુમશ્રી ! એક જ ભવમાં એક જ જીવને બીજા જીવ સાથે આવા પરસ્પરવિરોધી સાંસારિક સંબંધ હોઈ શકે છે. આ વાત સમજાય એ માટે એક વાર્તા કહું છું.' સાધ્વીએ કહ્યું ને વાર્તા કરી :

– આ મથુરા નગરીમાં એક પ્રખ્યાત નગરવધૂ રહેતી હતી. એ વૃદ્ધ થઈ ત્યારે એની યુવાન પુત્રી કુબેરસેનાએ નગરવધૂનું સ્થાન સંભાળ્યું અને પ્રથમ ગર્ભ ધારણ કર્યો. પેટમાં પીડા થતાં માતાએ નગરના પ્રખ્યાત વૈદ્યને બોલાવ્યો અને રોગના કારણનું નિદાન કરીને વૈદ્યે ઔષધનો ઉકાળો આપ્યો અને તેનો પ્રભાવ જણાવ્યો.

માતાએ ઔષધનો કઢો કુબેરસેનાને આપતાં કહ્યું, 'દીકરી ! આ કાઢો પી જા. તારું દર્દ શમી જશે અને સાથે જ તારા ગર્ભનો પણ નિકાલ થઈ જશે.'

ઔષધને હડસેલતાં કુબેરસેના બોલી, 'માતા ! મારે આ ઔષધ પીને મારા ગર્ભનો અને મારા પ્રથમ સંતાનનો નાશ નથી કરવો. હું બધી જ પીડા સહન કરીને મારા ગર્ભને ધારણ કરીશ અને મારા સંતાનને જન્મ આપીશ.'

માતાએ ખૂબ સમજાવ્યું, 'પુત્રી, સંતાનને જન્મ આપી ઉછેરવાનું આપણને ન પોષાય ! તારી તો ઊગતી યુવાની છે અને માગે તે મૂલ્ય તને મળે છે. આ વય કમાઈ લેવાની છે. માતા બની સંતાન ઉછેરવાની પળોજણમાં પડીશ તો તારું મૂલ્ય ઘટી જશે ને કામીજનોને તારું આકર્ષણ નહીં રહે.'

'ગમે તે થાય, મારા પ્રથમ ગર્ભને પોષીશ અને સંતાનને જન્મ તો આપીશ જ.' કુબેરસેના દૃઢતાપૂર્વક બોલી. માતાની કોઈ જ દલીલ કુબેરસેનાએ ન સ્વીકારતાં માતાએ અંતિમ તોડ કાઢતાં કહ્યું, 'તારી રઢ અફર હોય તો તારે મારી એક શરત માનવી પડશે. તારા સંતાનને જન્મ આપી તારે તજવું પડશે. એના ઉછેરની હું બીજી વ્યવસ્થા કરીશ.'

કુબેરસેનાને માતાની શરત સ્વીકારવી પડી. યોગ્ય સમયે કુબેરસેનાએ જોડિયાં ભાઈ-બહેનને જન્મ આપ્યો. માતાએ શરત પ્રમાણે જ બંને સંતાનોની ગુપ્ત રીતે યોજના કરી. પુત્રનું નામ કુબેરદત્ત અને પુત્રીનું નામ કુબેરદત્તા પાડ્યું અને બંનેનાં નામ સાથેનાં માદળિયાં બનાવી બંનેને અલગ - અલગ પેટીમાં મૂકી નદીમાં વહાવી દીધાં.

બંને પેટીઓ યમુનાના પ્રવાહમાં તરતી તરતી આગળ વધી. દૂરના નગરનો એક વેપારી સ્નાન કરવા નદીએ ગયો અને એની નજરે પેટી ચડી. તે હાથ કરી તો સુંદર હૃષ્ટપુષ્ટ પુત્ર ! વેપારીએ એને પોતાના પુત્ર કુબેરદત્ત તરીકે ઉછેર્યો. બીજી પેટી બીજા નગરના વેપારીને હાથ ચડી. જોયું તો અત્યંત સુંદર બાળકી અને ગળામાં કુબેરદત્તા નામનું સોનાનું માદળિયું ! આ બાળકીને બીજા વેપારીએ કુબેરદત્તા તરીકે ઉછેરી.

આમ કુબેરસેનાનાં પુત્ર અને પુત્રી પાલક પિતાએ ઉછેર્યાં. બંને યુવાન થયાં ને લગ્ન માટે યોગ્ય પાત્રની શોધ ચાલી. એમાં વિધિવશ કુબેરદત્તના પાલક પિતાએ કુબેરદત્તાને જ પુત્રવધૂ તરીકે પસંદ કરી. આથી કુબેરદત્ત અને કુબેરદત્તાનાં લગ્ન થયાં અને એક જ ભવનાં માજણ્યાં ભાઈ-બહેન સંસાર-સંબંધે પતિ-પત્ની બન્યાં.

લગ્નની પહેલી રાતે પતિ-પત્ની બનેલાં કુબેરદત્ત અને કુબેરદત્તા ચોપાટ રમવા બેઠાં. કુબેરદત્તાના હાથે બે-ચાર વારા નિષ્ફળ ગયા ને જોઈતા દાણા ન પડ્યા. આથી કુબેરદત્તાએ પોતાના નસીબદાર મનાતા માદળિયા પર મુઠ્ઠી મૂકીને જોઈતા દાણા માગી દાવ નાખ્યો કે જોઈતા દાણા પડ્યા ને સોગઠું ચોકઠે બેઠું ! કુબેરદત્તા બોલી, 'જોયું મારું માદળિયું ? મારા માટે શુકનિયાળ છે ને જે માંગું એ આપે છે!'

માદળિયું જોતાં જ કુબેરદત્ત બોલ્યો, 'અરે ! મારા ગળામાં પણ આવું જ માદળિયું છે ને મારા માટે એ પણ મનોવાંછિત ફળ આપનારું છે. ને મારે એક વાત જણાવવી જોઈએ કુબેરદત્તા ! મને મારા પિતાએ ઉછેર્યો છે. એ તો અપુત્ર હતા. મને પછી જાણ થઈ કે હું તો એમને યમુના નદીમાં તણાતી જતી પેટીમાંથી મળ્યો ! ત્યારનું આ માદળિયું મારા ગળામાં છે !'

એ સાથે જ કુબેરદત્તા બોલી ઊઠી, 'અરે, હું પણ મારાં માતાપિતાની પાલકપુત્રી જ છું ને હું પણ એમને યમુના નદીમાં તણાતી પેટીમાં આ માદળિયા સાથે મળેલી!'

ઘટસ્ફોટે બંને ચોંકી ઊઠ્યાં, વિચારમાં પડ્યાં, પરસ્પરનાં સમાન ચિહ્નો તપાસતાં ગયાં ને અંતે કુબેરદત્ત બોલ્યો,

'માનો કે ન માનો પરંતુ મને લાગે છે કે આપણે સહોદર છીએ. એક જ માતાનાં સંતાનો છીએ. હવે મને સમજાય છે કે મને તારા પ્રત્યે કોઈ જુદો જ સ્નેહભાવ કેમ જાગે છે !'

થોડીવાર બંને મૌન થઈ ગયાં. અંતે કુબેરદત્તા બોલી, 'મને ખાતરી છે કે આપણે એક જ માતાનાં સહોદર સંતાનો છીએ. આ માદળિયાએ જ આપણને પરિસ્થિતિજન્ય અનિષ્ટમાંથી બચાવ્યાં છે.'

આ ઘટના બંને માટે અસાધારણ અને અસહ્ય બની. એ જ રાતે કુબેરદત્ત વ્યથા અનુભવી ગૃહત્યાગ કરીને ચાલ્યો ગયો અને દેશ-પરદેશ અથડાતો-કુટાતો પોતાની સૂઝશક્તિ અને નસીબે ખૂબ કમાયો અને અંતે મથુરા નગરીમાં જ સ્થિર થયો.

કુબેરદત્તા પણ ઘેરો આઘાત પામી દીક્ષા ગ્રહણ કરી સાધ્વી બની ગઈ ! કાળક્રમે કુબેરદત્ત

માનસિક રીતે સ્વસ્થ થયો અને સંસાર માંડવાની ઇચ્છા જાગી. નિયતિ કે વિધિની જ કરામત એવી બની કે કુબેરદત્ત મથુરાની પ્રખ્યાત નગરવધૂ કુબેરસેનાના સંપર્કમાં આવ્યો, પ્રેમમાં પડ્યો અને લગ્ન કર્યાં.

કુબેરસેનાએ પુત્રને જન્મ આપ્યો. યોગાનુયોગ સાધ્વી બનેલી કુબેરદત્તા પણ મથુરા નગરીમાં વિહાર કરતી પહોંચી અને કુબેરદત્ત-કુબેરસેનાના આવાસે પહોંચી ત્યારે ઘોડિયામાં રહેલું બાળક રડતું હતું ! આ બાળક એના ભાઈનું હતું એથી ભત્રીજો ! એની માતાનું હતું તેથી ભાઈ પણ ! પતિથી નાનો ભાઈ દિયર પણ !

સંસારસંબંધના કેવા-કેટકેટલા તાણાવાણા ! આ દૃષ્ટાંતકથા સાંભળતાં જ કુસુમશ્રીની મોહમાયા છૂટી ગઈ અને એને પ્રતીત થયું કે સંસારના સંબંધો મિથ્યા છે; વિવિધ પરિસ્થિતિ અને સંદર્ભનું જ પરિણામ છે.

# જ્યોતિ મેં જ્યોતિ મિલાઈ

કુમારપાળ દેસાઈ

આશય આનંદઘન તણો અતિ ગંભીર ઉદાર,
બાળક બાંહ પસારિ જિમ કહે ઉદધિવિસ્તાર.

ઈ. સ. ૧૮૩૦(વિ. સં. ૧૮૮૬)માં 'આનંદઘન બાવીસી' પર વિસ્તૃત સ્તબક લખતી વખતે શ્રી જ્ઞાનસાર વારંવાર આનંદઘનજીના ગહન આત્મજ્ઞાન પ્રત્યે આદર અને અહોભાવ પ્રગટ કરે છે. તેઓ આનંદઘનના ગહન આત્મજ્ઞાનને વર્ણવતાં કહે છે કે કોઈ બાળક હાથ પ્રસારીને ઉદધિવિસ્તાર એટલે કે વિરાટ અને અફાટ સાગરને દર્શાવતો હોય તેવો અનુભવ એમને થઈ રહ્યો છે. આનંદઘન એ જૈન પરંપરામાં પણ વિરલ લાગે તેવા યોગી છે. એમની ઓળખ શું? એક પદમાં તેઓ આ રીતે સ્વ-પરિચય આપે છે.

મેરે પ્રાન આનંદઘન, તાન આનંદઘન,
માત આનંદઘન, તાત આનંદઘન,
ગાત આનંદઘન, જાત આનંદઘન, મેરે. ૧
રાજ આનંદઘન, કાજ આનંદઘન
આજ આનંદઘન, લાભ આનંદઘન મેરે. ૨
આભ આનંદઘન, ગાભ આનંદઘન
નામ આનંદઘન, લાભ આનંદઘન. મેરે. ૩

અને હા, આમાં જ છે આનંદઘનની ઓળખ. આનંદઘન ચોવીસીના સંશોધન અર્થે ૫૦૦થી વધુ હસ્તપ્રતો જોઈ, પરંતુ કર્તાપરિચયમાં માત્ર એટલું જ મળે કે એમનું મૂળ નામ લાભાનંદ હતું અને ઉપનામ આનંદઘન હતું. એમને વિશેની કેટલીક દંતકથાઓ મળે છે, પણ પ્રમાણભૂત માહિતી તો આટલી જ. જોકે દંતકથામાં પણ પ્રતિભાનો ય અણસાર ખરો.

એકવાર ઉપાધ્યાય યશોવિજયજી વ્યાખ્યાન આપી રહ્યા હતા. આખોય સભાખંડ ખીચોખીચ ભરાયેલો હતો. તેઓ એક આધ્યાત્મિક શ્લોક પર વિવેચન કરી રહ્યા હતા. ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય અને કૂર્ચાલશારદ (દાઢી,મૂંછવાળા સરસ્વતી)નું બિરૂદ પામેલા ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ વ્યાખ્યાન આપી રહ્યા હતા. 'મૂછાળી સરસ્વતી'ને કોઈ પૂજ્યભાવે માથું નમાવતા હતા, તો કોઈ મુગ્ધ ભાવે માથું હલાવતા હતા. સર્વત્ર અહોભાવ પ્રગટ થતો હતો. વ્યાખ્યાન પૂર્ણ થયું, ઉપાધ્યાય યશોવિજયજીએ જોયું કે સભાગૃહમાં બેઠેલા એક વૃદ્ધ સાધુ વ્યાખ્યાન સમયે સાવ કોરા કાગળ જેવા નિર્લેપ હતા. ઉપાધ્યાયજીએ પૂછ્યું, 'અધ્યાત્મના આ શ્લોકના વિવેચનમાં કંઈ સમજ પડી કે ?' વૃદ્ધ સાધુ ન બોલ્યા, ન હાલ્યા, ન ચાલ્યા. કોઈને થયું કે તેઓ બધિર લાગે છે. એક વ્યક્તિએ એમને જરા હલાવતાં કહ્યું, 'ગુરુજી, મહારાજ તમને પૂછી રહ્યા છે. જવાબ આપો.' વૃદ્ધ સાધુએ ઊંચું જોયું. એમના ચહેરા પર યોગસાધનાનું તેજ પ્રગટેલું હતું. બોલ્યા, 'અધ્યાત્મના આવા ઉચ્ચ શ્લોકનું આવું સામાન્ય વર્ણન ! આ તો સાવ બાળપોથી જેવું કહેવાય. ઉપાધ્યાયજી, હજી તમારે ઘણાં ડુંગરા ઓળંગવાના છે અને ઘણાં ઝરણાં પાર કરવાનાં છે.' આખી સભા સ્તબ્ધ બની ગઈ. યોગીના સ્વરમાં રણકો હતો. મુખ પર યોગનું તેજ અને અવાજમાં સચ્ચાઈનો રણકો હતો. ઉપાધ્યાય યશોવિજયજીને ખ્યાલ આવી ગયો કે આ તો સ્વયં યોગીરાજ આનંદઘનજી છે. પાટ પરથી ઊઠી પાસે ગયા અને વંદન કરીને ક્હ્યું, 'ક્ષમા કરો, મહાયોગીના યોગને ઓળખવા જેટલી પાકટ મારી વય નથી. હજી બાળ છું. મેં વિવેચન કરેલ શ્લોક પર આપની વાણીગંગા પહેવડાવો.'

મહાયોગી આનંદઘનજી પાટ પર બેઠાં અને એકધારું રસવિવેચન કર્યું. ઉપાધ્યાય યશોવિજયજી હાથ જોડી ઝીલતા રહ્યા.

જીવનભર પરિભ્રમણ કરતા રહેલા આ મસ્તયોગી આનંદઘન કેટલાય સાધુ, સંત, જતિ, સંન્યાસી અને સૂફીને મળ્યા હશે અને આથી એમની કવિતામાં વૈષ્ણવ ભક્તિ જોવા મળે, સૂફી અસર અનુભવાય અને હઠયોગની ક્રિયાની વાત મળે. આનું કારણ એ કે આ બંધનમુક્ત યોગી હતા. ઉપાશ્રય, પરિગ્રહ અને સ્વનામ ઇત્યાદિનો ત્યાગ કરીને તેઓ અવધૂત આનંદઘન બન્યા. ગચ્છાદિથી મુક્ત થઈને સર્વમાન્ય બન્યા. આગમિક, દાર્શનિક, આત્માનંદી અને રહસ્યવાદી યોગીનાં સ્તવનોમાં યોગમાર્ગનું આલેખન છે.

એમનાં સ્તવનોનો પ્રારંભ તેઓ તીર્થંકરના નામોલ્લેખથી કરે છે, પરંતુ એમના સ્તવનમાં જ્ઞાન, ભક્તિ અને યોગની અનુપમ ત્રિવેણીમાં જિજ્ઞાસુ સ્નાન કરે છે. એ સાધકને એકાએક સાધનાના ઊંડાણમાં લઈ જતા નથી, પરંતુ ક્રમશઃ ઉત્તરોત્તર ઉન્નત સોપાનનું દિગ્દર્શન કરાવે છે. જ્યારે એમનાં પદોમાં યોગના અગમપિયાલાના પાન પછીની અનુભવલાલી પ્રગટ થાય છે. આ મસ્તી અને અનુભવલાલી એવી છે કે તીર્થંકરને પ્રિયતમની દૃષ્ટિથી નિહાળે છે. 'ઋષભ જિનેસર પ્રિતમ મ્હારા, ઓર ન ચાહુ રે કંત.' એમ કહે છે.

અહીં નિર્ગુણ પરંપરાના મહાન સંત કબીરની અંતરભાવનાનો અનુભવ થાય છે. કબીર કહે છે, 'રામ મેરો પીવ, મેં તો રામ કી બહુરિયા.' આનંદઘનજી ભગવાન ઋષભદેવની પ્રેયસીના રૂપમાં શબ્દાંતરે આ વાત કરે છે. એ કહે છે કે ભગવાન ઋષભદેવ મારા પ્રિયતમ છે મારે કોઈ બીજા પતિ

કે પ્રિયતમની જરૂર નથી. એ પ્રસન્ન થઈ જાય તો બધું જ મળી જાય. વળી આ પ્રેમ સબંધ તો નિરૂપાધિક છે. કોઈપણ પ્રકારની સાંસારિક અભિલાષાઓના બંધનથી મુક્ત છે. એમના પદોમાં વિરહિણીની વેદના મળે છે. રાજસ્થાનનું મેડતા ગામ એ મીરાં અને આનંદઘનની પાવનભૂમિ છે. જાણે મીરાંના વિરહનો ભાવ આનંદઘનમાં એ જ રીતે આકારિત થતો લાગે છે.

આ કવિની શ્રી પુણ્યવિજયજી આદિ સંગ્રહમાંની ૧૩૪૪૨ ક્રમાંક ધરાવતી પ્રતમાં મળતું એક અપ્રગટ પદ તીર્થંકર ઋષભદેવનું કેવું અનોખુ અવધૂતરૂપ આલે છે.

બાવા રીષભ બેઠો અલબેલો,
ડારું ગુલાલ મુંઠી ભરકે. બા.
ચોવા ચોવા ચંદન ઓર અરગજા
કેસરકી મટકી ભરકે. બા. ૧
મસ્તક મુગત કાંને દોય કુંડલ,
ફૂલનકા ગજરા સિરપે. બા.૨
બાંહે બાજૂબંધ સોહે બહોરખા
અંગી બની હીરા ઝલકે બા.૩
આનંદઘન કે નાથ નિરંજન
તાર લીજ્યો અપનો કરકે. બા. ૪

આનંદઘનનાં પદોમાં 'અવધૂ' શબ્દનો પ્રયોગ મળે છે. ઘણાં પદોનો પ્રારંભ જ એ 'અવધૂ' સંબોધનથી કરે છે. ગુરુ દત્તાત્રેયના ચેલાઓ શરીરે ભસ્મ લગાડી, હાથમાં ચીપીયો રાખી અલેક અલેક પોકારે તેને 'અવધૂ' કહેવામાં આવે છે પણ અહીં અવધૂ શબ્દપ્રયોગ આત્મજ્ઞાનમાં મસ્ત એવા જિજ્ઞાસુ કે જ્ઞાનીને માટે છે.

યોગી આનંદઘને એક ભિન્ન પ્રકારના યોગનું આલેખન કર્યું છે. એક અર્થમાં કહીએ તો એમણે આચાર્ય હરિભદ્રસૂરિનું 'યોગદૃષ્ટિ સમુચ્ચય' અને હેમચંદ્રાચાર્યના 'યોગશાસ્ત્ર'ની યોગની વિચારણાની સાથોસાથ રાજયોગ અને હઠયોગની પરિભાષાનો પણ પ્રયોગ કર્યો છે. એમણે હઠયોગ અને રાજયોગની પદ્ધતિ સાથે જૈન સિદ્ધાંતો અનુસાર આત્માના મૂળ ગુણો અને ઉત્તર ગુણોનો સ્વીકાર કરીને એને યોગપદ્ધતિ સાથે જોડ્યા છે, જેથી એનું રૂપ આધ્યાત્મિક બની ગયું છે, કારણ કે મૂળગુણ, સંવેગ, નિર્વેદ, શીલ, વૈરાગ્ય, સંયમ, સમિતિ, ગુપ્તિ આદિ સાધનાના આંતરિક પક્ષો સાથે જોડાયેલા છે.

બીજી બાજુ એકવીસમા નમિનાથ ભગવાનના સ્તવનમાં ભારતીય દર્શનના છએ દર્શનની વાત કરી છે. આ છએ દર્શનો જિનેશ્વર ભગવાનના અંગરૂપ છે. અને એને જિનમતરૂપી કલ્પવૃક્ષની ઉપમા આપે છે. એના બે પગ એટલે કે વૃક્ષના મૂળરૂપ તે સાંખ્યદર્શન અને યોગદર્શન જ્યારે બૌદ્ધ દર્શન અને મીમાંસક મત એ જિનેશ્વર પ્રભુના બે સશક્ત હાથ. ચાર્વાક દર્શન એ જિનેશ્વરના પેટ અને જૈનદર્શન એ મસ્તિષ્ક.

આ રીતે છએ દર્શનોનો સમન્વય કરતાં આનંદઘનમાં ઉદારતા અને સમન્વયવાદિતા જોવા મળે છે. તેઓ ચાર્વાક મતને પણ ભૂલ્યા નથી અને છટાદાર રીતે નયવાદ-સ્યાદ્વાદનું આલેખન કરે છે. એ કહે છે,

જિનવરમાં સઘળા દરિશણ છે, દર્શન જિનવર ભજના રે;
સાગરમાં સઘળી તટની સહી, તટનીમાં સાગર ભજના રે.

આ યોગી દેહને કઈ રીતે જુએ છે ? નરસિંહ મહેતા આ દેહને "કાયા પાત્ર છે કાચું" કહીને "એ ચાંદરડું ચાર દિવસનું અંતે તો અંધારું.' એમ કહે છે.

જ્યારે ધીરો ભગત કાયાને આકડાના ફૂલ સાથે સરખાવે છે, "ફૂલ ખીલીને ખરી પડે, એવું કાયાનું છે કામ." તો અવધૂ આનંદઘન કાયાને મઠ સાથે સરખાવે છે અને એ ચેતનને જગાડી જગાડી ને કહે છે આ શરીરરૂપી મઠમાં મોહનિદ્રા ક્યાં સુધી રહીશ ? હવે જાગ ! ભીતરમાં દૃષ્ટિ કરે, આ પુદ્ગલ એનો નાશવંત ધર્મ ક્યારે છોડતો નથી, તો તું તારા સ્વભાવને કેમ છોડે છે ? તે તારા આત્મપ્રદેશોને કંપિત કરી રહ્યો છે. એ કહે છે,

'अवधू क्या सोवे तन मठमें, जाग विलोकन घटमें.... ।
अवधू तन मठ परतीत न कीजे, ठहि परे एक पलमें... ।
हलचल मेटि खबर ले घटकी, चिन्हे रमतां जलमें ...।'

હે અવધૂત આત્મા ! તું તારા શરીરરૂપી મઠમાં કેમ સૂઈ રહ્યો છે? જાગ અને અંતરઘટને જો, આ તનમઠનો ભરોસો કરતો નહિ. એ તો એક ક્ષણમાં ઢળી પડશે. માણસની બાહ્ય વ્યસ્તતાને છોડીને ભીતરમાં જોવાનું કહેતા આનંદઘન કહે છે તું 'હલચલ મેટી' એટલે કે આ બધી માથાકૂટ છોડીને અંતરની ખબર લે, તું પાણીમાં માછલીના પગની નિશાની શું શોધે છે ? મહાયોગી આનંદઘન વિશેની એક પ્રચલિત કથા એવી છે કે તેઓ મેડતા શહેરમાં ચાતુર્માસમાં સ્થિરવાસ કરી રહ્યા હતા. એ સમયે રાજાની અણગમતી રાણીને કાગળ પર એક મંત્ર લખીને આપ્યો. રાજાને એની જાણ થતાં એ કોપાયમાન થયો. એણે કહ્યું કે સાધુ થઈને આવું કરવું તે અનુચિત ગણાય. આનંદઘને તાવીજમાં રહેલો કાગળ વાંચવાનું કહ્યું. એમાં યોગી આનંદઘને લખ્યું હતું,

'તેરા પતિ વશ હોવે ઉસમેં આનંદઘન કો ક્યા,
તેરા પતિ વશ ન હોવે ઉસમેં આનંદઘન કો *ક્યા.'*

જીવનની વ્યર્થતા વિશે આનંદઘને અહીં માર્મિક રીતે કહ્યું છે. એ જ રીતે આ પદમાં એ કહે છે,

શિર પર પંચ બસે પરમેસર, ઘટમેં સૂછમ બારી
આપ અભ્યાસ લખે કોઈ વિરલા, નિરખે ધ્રૂ કી તારી....

(તારા મસ્તકમાં વસતા પંચ પરમેશ્વરને તારા હૃદયની સૂક્ષ્મ બારી વડે જો. કોઈ આત્મજ્ઞાનનો અભ્યાસી વિરલ પુરૂષ તેને ધ્રુવ તારાની જેમ નિરખે છે.)

શિર પર પંચ પરમેશ્વર વસે છે. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે પણ મસ્તકને ધ્યાનનું સ્થાન

બતાવ્યું છે, જ્યારે યોગમાર્ગમાં હૃદયથી મસ્તક સુધી જવા માટે સુષુમ્ના નાડી છે, ત્યાં થઈને બ્રહ્મરંધ્ર સુધી જવાય છે. પરિણામે સુષુમ્ના નાડી રૂપ બારી છે, ત્યાં આત્મઉપયોગ રાખીને છેક બ્રહ્મરંધ્ર સુધી આત્મ ઉપયોગે ચડવું. આમ થાય ત્યારે તે ત્યાં પોતાના આત્માને ધ્રુવ તારાની જેમ સ્થિર જુએ છે. આવી આત્માધ્રુવતાના દર્શન એ જ પરમેષ્ટિદર્શન છે.

કવિ અને લેખકોએ મસ્તકને ઉત્તમાંગ કહ્યું છે અને આ મસ્તકમાં બ્રહ્મરંધ્ર રહેલું છે. અવધૂત આનંદઘન યોગસાધકોની સાધનાનું દર્શન કરાવતા કહે છે કે,

આશા મારી આસન ધરી ઘટમેં, અજપાજાપ જગાવે...
આનંદઘન ચેતનમય મૂરતિ, નાથ નિરંજન પાવે... અવધૂ (૪)

આશાનો ત્યાગ કરી હૃદયરૂપ ઘટમાં સ્થિર ઉપયોગરૂપ આસન જમાવી વૈખરી વાણી વિના જો 'સોહમ્' નો જાપ કરે તો સાધક આનંદ-સમૂહ ચૈતન્યમૂર્તિરૂપ નિરંજન પરમાત્મ દેવને પામે છે અને તે વખતે જાપ સ્વયંમેવ લયરૂપ બની જાય છે અને અજપાજાપ ચાલુ થઈ જાય છે. જૈન યોગની દૃષ્ટિએ આત્મા અને પરમાત્માનું તાદાત્મ્ય સિદ્ધ થાય છે ત્યારે આત્માની જ્યોતિ મનન, ચિંતન, ધ્યાન દ્વારા પરમાત્મામાં લીન થઈ જાય છે. પરમાત્મ-સ્વરૂપને પ્રાપ્ત કરે છે. અને અલક્ષ્ય બની જાય છે. આ આનંદઘન આ અલક્ષ્ય - અલખના સાધક અને આરાધક છે.

કવિએ અહીં સાધકને ભલામણ કરી છે કે "હે સાધક ! સંસારમાં આશા અને અપેક્ષા રાખ્યા વિના કાર્ય કર્યે જા અને આત્મઘરમાં આસન જમાવી દે."

યોગસાધકો મનની સ્થિતતા માટે આસનો કરે છે. અહીં ધ્યાનસાધકોને આત્મઘરમાં આસન બિછાવવાનું કહ્યું છે અને વાણી વિના અજાપાજાપ કરવાનું કહ્યું છે. આમ કરે તો સાધક ચૈતન્યમૂર્તિનાથ નિરંજનને પામે છે. યોગસાધકોની સાધનાનું માર્મિક દર્શન છે.

કવિ આનંદઘન આશવરી રાગમાં આપતાં કહે છે,

'અવધૂ રામ રામ જગ ગાવે, વિરલા અલખ જગાવે.....'

આનંદઘન કહે છે, કે જગતમાં માત્ર રામ નામના નારા લગાવવાથી રામ મળતા નથી, તો રામ છે ક્યાં ? એ કહે છે કે જગતના જીવો રામ નામનો જાપ કરે છે, પરંતુ તેના અલક્ષ્ય સ્વરૂપને ભૂલી ગયા છે. સહુ પોતાના ઈષ્ટદેવતાનું રટણ કરતા હોય છે, પરંતુ એના વાસ્તવિક સ્વરૂપને ભાગ્યે જ કોઈ જાણતું હશે. કયાં છે આ રામ ? એક કવિએ કહ્યું છે,

એક રામ દશરથ ઘર ડોલે, એક રામ ઘટો ઘટ બોલે,
એક રામ જગત પસારા, એક રામ જગસે ન્યારા.

એક રામ દશરથ પુત્ર રામ, બીજા રામ પ્રત્યેક જીવના હૃદયમાં વસ્યા છે, તો કોઈ કહે છે કે રામ તો જગતવ્યાપી છે, પરંતુ સંત તેની છેલ્લી પંક્તિમાં મર્મ ખોલી આપતા કહે છે કે આ રામની વચ્ચે પણ એક રામ વસે છે અને તે સૌથી ન્યારા અને નિરાળા આતમરામ. આનંદઘન એ આતમરામની વાત કરે છે.

"લોકા બર્હિબુદ્ધય:" માત્ર બાહ્ય દૃષ્ટિને કારણે લોકો એના અલક્ષ્ય સ્વરૂપ સમજી શકતા નથી. સંત કબીર કહે છે કે 'લક્ષ્યના ઉપયોગ વિના કેવળ રામ-રામનું સ્મરણ કરે તે સર્વેને અંધ સંસારીઓ ગણવા' આથી આનંદઘનના કહેવા પ્રમાણે વેદપાઠી વેદ ભણીને, ગીતાપાઠી ગીતા કરીને અને જિનાગમ જાણનારાઓ જિનાગમની વાતો કરીને થાક્યા છે, કારણે કે એમણે આનો માત્ર અભ્યાસ કર્યો છે, પરંતુ આમ કરતી વખતે તેઓ બર્હિઆત્માને છોડી શક્યા નથી. આનંદઘન કહે છે,

'આગમ પઢિ આગમધર થાકે, માયાધારી છાકે;
દુનિયાદાર દુનિ સેં લાગે, દાસા સબ આશાકે....(અવધૂ)'

આનંદઘનજી એ યોગની વાત કરતાં કહ્યું છે કે માત્ર સંસારનો ત્યાગ કરવાથી, લંગોટ પહેરી લેવાથી કે ભભૂતિ લાગવવાથી યોગી થવાતું નથી. એનો વેશભૂષા સાથે સંબંધ નથી, પણ માનસિક, વાચિક અને કાયિક પ્રવૃત્તિ સાથે સંબંધ છે. અને તેથી જ તેઓ વેરાવલ રાગમાં કહે છે કે

"તા જોગે ચિત્ત લ્યાઓ રે, વહાલા તા જોગે"
એટલે કે હે વહાલા. તમે યોગમાં ચિત્ત લગાવો.

આ યોગમા ચિત્ત લગાવવા માટે તમારે જે કમર પર દોરી લગાવવાની છે તે સમકિતની સડસઠ બોલની દોરી છે, જે કમરના મધ્યભાગમાં બાંધવામાં આવે છે, કારણ કે તેમ કરવાથી અન્યત્ર ભાગતું મન સ્થિર થઈ જાય છે.

યોગના અંગ તરીકે બધા યોગદર્શનકારો બદ્ધકચ્છ થવાનો ઉપદેશ આપે છે એટલે કે યોગમાર્ગમાં પ્રવેશ કરવા અખંડ બ્રહ્મચર્ય પાલન જરૂરી છે. 'પાતંજલ યોગસૂત્ર'માં યોગના આઠ અંગ છે અને આચાર્ય હરિભદ્રસૂરિજીના 'યોગદૃષ્ટિ સમુચ્ચય'માં પણ યોગની આઠ દૃષ્ટિ છે. આચાર્ય હેમચંદ્રાચાર્ય એ પણ યોગશાસ્ત્રમાં આઠ અંગ બતાવ્યા છે. આમ પ્રથમ અંગ યમ છે જે યોગમાર્ગનો પાયો છે. કવિ આનંદઘને અહીં એ વાત કરતા કહ્યું છે કે,

'સમકિત દોરી શીલ લંગોટી, ધુલ ધુલ ગાઢ ધુલાઉં
તત્ત્વગુફામેં દીપક જોઉં ચેતન રતન જગાઉં રે વહાલા.'

આમ અહીં સમકિતની દોરી છે અને શીલની લંગોટી છે. જૈનશાસ્ત્રકાર શીલને યોગના અંગ તરીકે વર્ણવે છે. બ્રહ્મચર્ય એટલે બ્રહ્મ સ્વરૂપ આત્મા અને ચર્ય એટલે રમણ કરવું. આનંદઘન યોગીના દ્રવ્યવેશને બદલે ભાવવેશ પર મહત્ત્વ આપે છે. યોગને અંતે એ તત્ત્વગુફામાં સમ્યગ્ જ્ઞાનનો દીપક પ્રગટે છે. ત્યારબાદ આ ભાવ યોગી પોતાના ચેતન આંગણમાં અષ્ટકર્મની ધૂણી જગાવે છે. અને આ અષ્ટકર્મનો કચરો અગ્નિ વિના બળતો નથી એટલે સાધકો અષ્ટકર્મરૂપ છાણામાં ધ્યાનની અગ્નિ લગાવી ધૂણી જગાવે છે. કવિ કહે છે,

'અષ્ટ કર્મ કંડેલી ધૂની, ધ્યાના અગન જગાઉં
ઉપશમ છનને ભસમ છણાઉં, મલી મલી અંગ લગાઉં રે..'

યોગી આનંદઘનની કલ્પના તો જુઓ ! તેઓએ ઉપશમને ચારણીનું રૂપ આપ્યું છે. જીવ અનાદિકાળથી આર્તધ્યાન અને રૌદ્રધ્યાનરૂપ કર્મબંધ કરે છે અને શુભધ્યાનથી કર્મથી મુક્ત બને છે.

આવા ધર્મધ્યાન અને શુભધ્યાન રૂપ અગ્નિમાં કર્મરૂપી છાણાંને બાળી પછી તેની રાખ ઉપશમ ગળણાથી ચાળીને કે ભસ્મ શરીર ઉપર ઘસી ઘસીને લગાવવામાં આવે છે. રાખમાં કચરો કે નાના કાંકરા, કાંકરી વગેરે રહી જાય છે, માટે કવિએ ચાળવાની વાત કરી છે. આ ઉપશમ ચાળણી એટલે નિવૃત્તિ ભાવરૂપ ચાળણી. પછી કવિ કહે છે, કે કર્મનાશની ચાવી સદ્‌ગુરૂ પાસે છે. ગુરૂ વિના જ્ઞાન નહિ આથી સદ્‌ગુરૂની ઓથે કર્મથી મુક્ત થવા છે. કવિ કહે છે,

'આદિ ગુરૂ કા ચેલા હોકર, મોહકે કાન ફરાંઉં;
ધરમ શુક્લ દોય મુદ્રા સોહે, કરૂણાનાદ બજાઉં રે વહાલા.'

અને આમ યોગાભ્યાસ માટે ગુરૂશરણની આવશ્યકતા દર્શાવી છે. કબીરનું સ્મરણ થાય

'ગુરૂ ગોવિંદ દોનો ખડે, કિસકો લાગુ પાય;
બલિહારી ગુરૂ આપકી, જિસને ગોવિંદ દિયો બતાય.'

*અથવા*

શ્રીમદ્‌ રાજચંદ્ર કહે છે તેમ

'પ્રત્યક્ષ સદ્‌ગુરૂ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર
એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર'

યોગીઓ કાન વીંધે અને તેમાં મુદ્રા પહેરે છે. ધર્મધ્યાન અને શુક્લધ્યાનની મુદ્રાથી શુભતો હું કરૂણા નાદ બજાવીશ.

કવિ કહે છે, યોગીઓ શંખનાદ અથવા બીજા વાજિંત્રો વગાડે છે, પરંતુ હું કરૂણાનાદ કરીને 'મા હણો, મા હણો'નો અવાજ ફૂંકીશ અને અંતે કહે છે,

'ઇહ વિધ યોગ સિંહાસન બૈઠા, મુગતિ પુરી કું ધ્યાઉં;

આમ ચેતનનું મન યોગમાં આસક્ત થઈ ગયું છે અને યોગસિંહાસન બેસી અજરામર પદનું ધ્યાન કરે છે.

નાદ વિલુબ્ધો પ્રાનકું, ગિનૈ ન ત્રિણ મૃગલોઈ,
આનંદઘન પ્રભુ પ્રેમ કી, અકથ કહાની કોઈ.

લોકમાં પણ રાગમાં અસક્ત મૃગલો પોતાના પ્રાણની તણખલા જેટલી પણ કીંમત ગણતો નથી.

નાદ શબ્દનો યૌગીક અર્થ અનાહત નાદ થાય છે. યોગમાં ધીમે ધીમે વધારો કર્યા પછી જ્યારે સ્થિરતા થાય છે ત્યારે અતિ મધુર નાદ અંતરમાંથી ઊઠે છે. એના પર આસક્ત જીવ પોતાના શરીરની પણ દરકાર કરતો નથી. યોગમાં ડૂબેલી વ્યક્તિઓ જગત તરફ બેદરકાર હોય છે. પ્રેમથી તેઓ આ માર્ગ પકડે છે અને પ્રેમ ખાતર જ તેઓ તેને નભાવે છે.

સામાન્ય રીતે ભક્ત અને યોગીમાં અંતર માનવામાં આવે છે. ભક્તિમાં સમર્પણ હોય છે. અહીં એક યોગી પાસે ભક્તિ, જ્ઞાન અને યોગનો સમન્વય પ્રગટ થાય છે.

જૈન પરંપરામાં પરમાત્માને પ્રિયતમ માનીને ઉપાસના કરવાની પદ્ધતિ નથી, પરંતુ

આનંદઘનજીની રચનાઓમાં વૈષ્ણવ ભક્તિમાર્ગનો પ્રભાવ છે. કબીર, મીરાં, સૂરદાસ અને રૈદાસ આદિ ભક્તકવિઓની કવિતા એમણે સાંભળી હશે. પ્રેમ એ હૃદયની સાધારણ ભાવુક સ્થિતિ નથી, પરંતુ આત્માનુભવ જન્ય પ્રભુપ્રેમ છે અને આવા અનિર્વચનીય પ્રેમની બાબતમાં તેઓ કહે છે,

"કહાં દિખાવું ઔર કું, કહાં સમજાવું ભોર,
તીર ન ચૂકે પ્રેમ કા, લાગ સો રહૈ ઠોર.

એમના સ્તવનોમાં પણ ભગવાન શાંતિનાથની સ્તુતિમાં આત્મશાંતિ, અધ્યાત્મયોગ અને તેને અપેક્ષિત ધ્યાનયોગનું સુંદર ભાવચિત્ર મળે છે. જ્યારે મુનિસુવ્રત-સ્વામીના સ્તવનમાં જગતનાં બધાં પ્રપંચો છોડીને આત્મધ્યાનમાં રમણ કરવાથી એના શાંત સ્વરૂપની પ્રાપ્તિ થશે.

આતમધ્યાન કરે જો કોઉ, સો ફિર ઇણમેં નાવે;
વાગજાળ બીજું સહુ જાણે, એહ તત્ત્વ ચિત્ત લાવે.

જે પ્રાણી આત્મધ્યાન કરે છે તે ફરી વખત રાગદ્વેષ અને મોહઅજ્ઞાનમાં ફસાતો નથી આ સિવાય બીજું સર્વ વાણીનો વિલાસ છે એમ એ સાચી વાતને ચિત્તમાં ગ્રહણ કરે છે.

નેમરાજુલની કથા સ્તવનમાં આલેખીને એ જ દર્શાવે છે કે સાચી એકનિષ્ઠા - ધ્યેય પ્રત્યેની ધ્યાતાની એકાગ્રતા - જ તેને ગંતવ્ય સ્થાન સુધી પહોંચાડે છે. મોહાદિ ષડ્‌વિકારોથી પર થઈને મુક્તિપદ પ્રાપ્તિના ભવ્ય મુમુક્ષુ આત્માઓને આ સ્થિતિ દ્વારા કહ્યું છે કે બાહ્ય ધ્યેય તો નિમિત્ત હોય છે. સાચું અને અંતિમ ધ્યેય તો ધ્યાતાના શરીરમાં રહેલું આત્મતત્ત્વ છે, આથી આત્મતત્ત્વ સાથે એકતા સાધવી જોઈએ અને તો જ ધ્યાતા અને ધ્યેયની એકરૂપતા થાય છે ત્યારે શું થાય ?

આનંદઘનના સ્તવન અને પદની પંક્તિથી સમાપન કરીએ. સોળમા સ્તવનની તેરમી ગાથામાં એ કહે છે,

'અહો હું અહો હું મુઝને કહું,
નમો મુઝ નમો મુઝ રે.'

અને આનંદઘન ગ્રંથાવલીના પદ ૧૧માં તેઓ કહે છે,

'આનંદઘન કહે સુનો ભાઈ સાધુ, તો જ્યોતિ મેં જ્યોતિ મિલાઈ'

# ખેમો દેદરાણી

જોરાવરસિંહ જાદવ

ઇતિહાસનાં પાનાં બોલે છે. ઈ. સ. ૧૨૯૮માં અલ્લાઉદ્દીન ખલજીએ ગુજરાત પર આક્રમણ કર્યું ત્યારે ગુજરાતમાં વાઘેલા સોલંકીવંશનો છેલ્લો રાજા કર્ણદેવ રાજ્ય કરતો હતો. ધસમસતા પૂરની જેમ પ્રસરેલા સુલતાનના સૈન્યે ગુજરાતને જીતી લીધું. કર્ણદેવ જીવ બચાવીને નાસી છૂટ્યો. આ વિજય પછી અલ્લાઉદ્દીન ખલજીએ તેના સાળા અલ્ફખાનને ગુજરાતના નાઝિમ (સૂબા) તરીકે નીમતાં, ગુર્જર રજપૂતોની રાજ્યસત્તાનો અસ્ત થયો અને મુસ્લિમ સત્તાનો ઉદય થયો. મુસલમાન શાસકોમાં અમદાવાદ વસાવનાર અહમદશાહે ગુજરાતમાં સલ્તનતનો પાયો નાખ્યો.

પંદરમી સદીના અંતકાળની આ વાત છે. અહમદશાહ પછીના સુલતાનોમાં મહમૂદશાહ બેગડો સૌથી મહાન સુલતાન ગણાય છે. તે એક બહાદુર લડવૈયો અને પ્રખર વિજેતા હતો. ન્યાયપ્રિયતા, યુદ્ધકૌશલ્ય, વિવેકબુદ્ધિ, હિંમત, પ્રજાવત્સલતા જેવા ગુણોને લઈને પ્રજાપ્રિય થયો અને દૃઢ મનોબળને કારણે વિજયની વરમાળા એના ગળામાં આવીને પડવા માંડી. નાની નાની જીતોથી એને સંતોષ નહોતો. આથી મહત્ત્વાકાંક્ષી સુલતાને સોરઠી સિંહ રા'માંડલિકને મહાત કરીને જૂનાણા(જૂનાગઢ)નો ગઢ જીતી લીધો.

એ કાળે મધ્ય ગુજરાતમાં ચાંપાનેરની જાહોજલાલી ઇન્દ્રને પણ ઈર્ષા આવે એવી હતી. નગરની સોહામણી શેરીઓમાં સમૃદ્ધિની છોળો ઊડતી. વૈભવી નગરના રહીશો ચંદનકાષ્ઠનાં મકાનો બાંધતા. એ સર્વ સંપત્તિનું રક્ષણ કરતો પાવા(પાવાગઢ)નો મજબૂત ગઢ ગૌરવશાળી યોદ્ધાની માફક અડીખમ ઊભો હતો. ત્યાં જયસિંહદેવ પત્તાઈ રાવળની આણ વરતાતી. 'મિરાતે સિકંદરી' ગ્રંથના કર્તા કહે છે કે મહમૂદશાહે

જૂનાગઢ પછી પાવાગઢને જીતીને ત્યાં વિજયનો વાવટો ફરકાવ્યો. આમ બબ્બે ગઢ જોટે જીતનાર મહમૂદશાહ 'બેગડો' કહેવાયો.

એ પછી ચાંપાનેરની જાહોજલાલી સોળે કળાએ ખીલી ઊઠી. નગરના પાદરમાં ફૂલવાડિયું લહેરાવા લાગી. વેપાર-વાણિજ્યથી નગર ધમધમવા માંડ્યું. ચાંપાનેરના નગરશેઠ અને મહાજનનો માનમરતબો વધ્યા. વેપારી વાણિયા 'શાહ-સોદાગર'ના નામે માનપાન પામ્યાં. સુલતાનના દરબારમાં એમનાં માન-આદર વધ્યાં. સુલતાનની હારોહાર શાહની બેઠકો પડવા મંડાણી. નગરજનોના પ્રશ્નોમાં મહાજનની સલાહ માન્ય થવા માંડી. એવા સમયે મેઘરાજાએ રુસણાં લીધાં. મેઘાને મનાવવા લોકોએ દેવમંદિરોમાં હોમહવન કર્યાં, યજ્ઞો કર્યા, પરંતુ માનવીની કોઈ કારીને કુદરતે યારી આપી નહીં. હરિયાળા ગુજરાતની ધરતી સૂકીભઠ બની ગઈ. નદી-સરોવરો સુકાઈ ગયાં. ઘાસચારા વગર ઢોર ટપોટપ મરવા માંડ્યાં. ગાયો મકોડા ખાવા મંડાણી. ભૂખના દુ:ખે માએ બાળરાજા(બાળકો)ને છોડ્યાં. ધરતી પરથી માનવીનો ધરમ ને આંખની શરમ સઘળું જાણે કે જાતું રહ્યું. ભૂખ્યા માનવીઓનાં ટોળાંએ ઝાડનાં પાંદડાં કે થડની છાલેય રહેવા દીધી નહીં. લોકકવિઓના મુખમાંથી કાળના દુહા ઠેકીઠેકીને બહાર નીકળવા માંડ્યા.

દુકાળિયામાં ચાર ગયા, દાન, માન ને દીવો,
મે'માનુની મે'માનગતિ ગઈ, જેમ તેમ કરીને જીવો.
આકરા દિન આવિયા, કાળે ખોલ્યું મુખ કરાળ;
ધરતીમાંથી નીર ચળ્યાં, માવતરે છાંડ્યાં બાળ.
રાંકાનો ફાટ્યો રાફડો, જોનારા ભણે જાકાર;
આકરા દિન આવિયા, ભોં ભાસે ભેંકાર.
શિયળ વેચે નારિયું, પિતા વેચે બાળ;
ભાઈભાઈ જુદો પડે, વરત્યો હાહાકાર.

એવો કડેડાટ કાળ (દુકાળ) પડ્યો. દુ:ખિયાઓની વણઝાર ઠેર ઠેર દેખાવા માંડી. કાળની થપાટમાં તો કંઈક સતિયાઓનાં સત અને ધનવાનોની સાયબી સડડાટ કરતી ગામતરે વઈ ગઈ. ખોરડે ખોરડે ભૂખ અને દુ:ખના ભયંકર ભોરિંગે ભરડો લીધો. લોકોના ઘરમાં હનુમાન હડિયું કાઢવા માંડ્યા. ગોકુળ આઠમ રાહડે રમવા લાગી. ભૂખની ભેંકાર ભૂતાવળ ભૂસકા મારવા માંડી.

ભૂખ નચાવત રંકહી રાવહી,
ભૂખ નચાઈ જુ વિશ્વ બિગોઈ,
ભૂખ નચાવત ઇંદ્ર સુરાસુર
ઔર અનેક જહાં લગ જોઈ.
ભૂખ નચાવત હૈ અધઊર્ધહી
તીનહુ લૌક ગિનૈ કહ જોઈ.

(ભૂખ રંક અને રાજાને નચાવે છે. ભૂખ મલક આખાને નચાવીને નિમાણો કરે છે. નીચું જોવરાવે છે. ભૂખ ઇંદ્રને, દેવદાનવોને અને જ્યાં સુધી નજર પડે ત્યાં સુધી સૌ કોઈને નચાવે છે. ભૂખ નીચે અને ઉપર ત્રણે લોકમાં સૌને નચાવે છે.)

કાળના કોલુમાં પિસાતી ભૂખી પ્રજાના દુઃખને જોઈને પ્રજાવત્સલ મહમૂદશાહ બેગડાની આંખમાંથી ઊંઘે ઉચાળા ભર્યા છે. ચિંતાની સારડી એના હૃદય પર ચક્કર-ભમ્મર ફરવા મંડાણી છે. પ્રજાની ભૂખનું દુઃખ ટાળવાનો ઉપાય શું? મોટાં મોટાં નગરોના શ્રેષ્ઠીઓ સાથે બેસીને સુલતાન સલાહ લ્યે છે. એવામાં એક વખત બેગડાનો મુકામ ચાંપાનેરમાં થયો. નગરશેઠને રાજનું તેડું આવ્યું છે. ચાંપશી શેઠે તો સોનેરી કસબી કોરનું ધોતિયું પહેર્યું છે. ઘેરદાર જામો (લાંબો ડગલો) પહેર્યો છે. માથે રાતી ચાંચાળી પાઘડી મૂકી છે. કેડ્યે ભેટ બાંધી છે. ભેટે તલવાર ઝૂલી રહી છે. પગમાં મારવાડી મોજડી ઓપી રહી છે. ખંભે ખેસ વાયરે લપેટા ખાઈ રહ્યો છે.

આ બાજુ શેઠ સાબદા થયા ને બીજી બાજુ ગામનું મહાજન. સૌ દરબાર ભણી ચાલવા લાગ્યાં. ચાંપશી મહેતાની ઢૂંકડો સાદુલખાં નામનો ઉમરાવ પણ હાલ્યો આવે છે. આ આખો રસાલો બારોટવાડા પાસેથી પસાર થતો હતો ત્યાં ઓસરીમાં ખાટલો નાંખીને હોકો ગડગડાવતા બંભ બારોટ નગરશેઠને ભાળી ગયા. શેઠિયાને લાટાપાટા થયેલા જોઈને બારોટે બિરદાવલીના દુહાનો ઘા કર્યો:

ચતુરાઈ, ચારણતણી, ઠા રજપૂતા,
વરણચકોર વાણિયો, કો' કો' અવધૂતા.

બારોટની વાણીથી નગરશેઠ ભારે પ્રસન્ન થયા. એમણે ગળામાં પહેરેલી સાચા મોતીની માળા બંભ બારોટને ભેટ આપી. મહાજન સઘળું ખુશ થયું પણ સાદુલખાંનું કાળજું આ વાતથી ઘવરાણું. એણે આવીને સુલતાનને સઘળી વાત કરી.

'જહાંપનાહ, બારોટની આ હિંમત? બંભ બારોટ જાગીર તમારી ખાય ને વખાણ વાણિયાનાં કરે ? તમારી બિરદાવલી બોલવાને બદલે નગરશેઠને બિરદાવે છે. નગરમાં નિમકહરામનો તૂટો છે?'

આટલી વાત પૂરી થાય ત્યાં તો ચાંપશી મહેતા અને મહાજન દરિયાનાં મોજાંની જેમ કચેરીમાં પ્રવેશ્યા. બેગડાની આંખ્યું ખોબોએક ગુલાલ નાખ્યો હોય એવી ધગેલ ત્રાંબારોખી થઈ ગઈ. ત્યાં બારોટજી હાજર થયા. એમણે જેવું આસન લીધું એવું જ બેગડે શરૂ કર્યું :

'ચાંપાનેરનું મહાજન જીવદયાપ્રેમી કહેવરાવે છે. નગરના વણિકો 'શાહ'નો ખિતાબ ધારણ કરીને ફરે છે. બારોટજી એમની મોટાઈનાં બિરુદ લલકારે છે. રાજ્યમાં લોકો મુઠ્ઠી અનાજ માટે તરફડીને મરે છે. બારોટજી ! સામે બેઠેલા શ્રેષ્ઠીઓને કહી દ્યો કે મહાજન રાજ્યની પ્રજાને આ દુકાળમાંથી પાર ઉતારે અથવા તો શાહનું બિરુદ છોડી દે. એક માસની મહેતલ આપું છું. સારું ઈ તમારું.'

ગુજરાતમાંથી 'શાહ' નામ મિટાવવાના શાહી અખતરાને સહન ન કરી શકનાર બંભ બારોટે ઊભા થઈને એટલું જ કીધું :

'રાજા, ચારણ ને વાણિયો, ચોથી નખરાળી નાર,
એ તે ભક્તિ ન ઊપજે, ઊપજે તો બેડો પાર.'

'ચાંપશી મહેતા, મૂંઝાશો મા. સુલતાનના પડકારને વધાવવા સાબદા થાઓ.' ત્યાં તો આંખ્યું વડે ભોં ખોતરતા મહાજનોમાં થોડી હિંમત આવી. ચાંપશી મહેતાએ કહ્યું,

'નેક જાળવવા મહાજન આકાશપાતાળ એક કરશે. રાજ જો પ્રજાને દુષ્કાળમાંથી પાર નહીં ઉતરાવી શકે તો મહાજન એ પડકાર ઝીલી લ્યે છે. આપ સૌ મોવડીઓ મારી વાત સાથે સંમત છો ને?' સૌ મહાજને માથાં હલાવીને હા પાડી પોતાનો મૂંગો સૂર પુરાવ્યો.

'આ મોટાઈના પારખામાંથી જો પાર નહીં ઊતરો તો બારોટજી, પહેલાં તમારા અને પછી તમે જેમની મોટાઈનાં અહર્નિશ ગુણગાન ગાઓ છો એ બધાના ભૂંડા હાલ થશે.'

'રણે ચડેલા સૈનિકોને કદી મોતની બીક લાગતી નથી. રાજનું એલાન સૌ શ્રેષ્ઠીઓને, મહાજનને શિરોમાન્ય છે. એમાંથી જો હવે પારોઠમાં પગલાં ભરાશે તો બંભ બારોટને પેટમાં કટારી ખાઈને મરવા સિવાય બીજો કોઈ આરોવારો નહીં હોય.' બારોટે પેટછૂટી વાત કરી.

કચેરીની વાત વાએ ચડીને નગરમાં પહોંચી. યુદ્ધના ધોરણે કામગીરી આરંભાઈ. ચાંપાનેરના વણિકો ભેગા થયા. બધાનો એક જ સૂર હતો કે ભલે ધનના ભંડાર ખાલી થઈ જાય પણ 'શાહ'નો સરતાજ જાવા નથી દેવો. ખરડો થયો. નગરના મહાજને ચાર મહિના લખાવ્યા. આઠ મહિનાની જોગવાઈની ટીપ કરવા માટે ચાંપાનેરનું મહાજન ઘોડે ચડીને ચાલી નીકળ્યું. એક નગર મૂકે છે ને બીજું નગર ઝાલે છે. એમ કરતાં કરતાં સૌ પાટણ આવ્યા. પાટણના મહાજને બે મહિના માથે લીધા. ત્યાં તો વીસ દિવસનાં વહાણાં વાઈ ગયાં. હજુ તો છ માસની જોગવાઈ કરવાની હતી. દસ દિવસ બાકી રહ્યા હતા. ચાંપશી મહેતાને મૂંઝવણનો પાર નહોતો. કોલ ન પળાયો તો ગુજરાતભરના વાણિયાઓને 'શાહ' અટક છોડી દેવી પડશે. મહાજનના માથે કલંકની કાળી ટીલી બેસી જશે. બારોટ આપઘાત કરીને મરશે તો પાપનો ભાર જીવનભર નહીં ધોવાય. હવે તો હરિ કરે ઈ ખરી. આમ ચિંતાના ભારનું પોટલું માથે લઈને ચાંપશી મહેતા અને મહાજન પાટણથી ધોળકા થઈને ધંધુકા જવા નીકળ્યા ભાલપ્રદેશની ધરતી માથે ઘોડાના ડાબલા પડતા જાય છે. એવામાં મારગ માથે લાખેણી લાડીના લલાટે કરેલા ચાંલ્લા જેવું હડાળા (ભાલ) નામનું ગામ આવ્યું.

ચાંપાનેરનું મહાજન દુકાળની ટીપ કરવા માટે ધંધુકા ભણી જાય છે. એ વાતની જાણ થતાં મેલાંઘેલાં લઘરવઘર લૂગડાં પહેરેલો એક માણસ પાદરે પોગ્યો. બે હાથ જોડીને મહાજનની આડો ફર્યો, ને બોલ્યો; 'ચાંપશી શેઠ, મારી એક અરજ સાંભળતા જાઓ.'

'અરે ભલા માણસ ! અટાણે અરજ સાંભળવાનો વખત ક્યાં છે ? મારું નામ જાણીને ગામડાના લોકો મારી પાસે ધનની માગણી કરતા આવે છે. અત્યારે હું જ ધનની વિમાસણમાં છું. ગુજરાતનો દુકાળ તરવા હું મહાજનનો મોવડી બનીને નીકળ્યો છું. ઘડીકેય વખત બગાડાય એમ નથી. પૈસોય આપવાનું પોહાય એવું નથી.'

'શેઠ, હું વણિક છું. હું તમારી પાસે પૈસાની માગણી કરવા નથી આવ્યો. સાધર્મિક છું એટલે અરજ ગુજારવા આવ્યો છું કે મહાજન મારા ઘેર છાશું પીવા પધારે.'

'આપનું નામ ?'

'લોકો મને ખેમો દેદરાણી તરીકે ઓળખે છે. મહાજન મારા આંગણે પગલાં કરી આંગણું પવિતર કરતા જાય એટલી જ મારી અરજ છે. સાંભળ્યું છે કે જૈન ધર્મના શ્રેષ્ઠીઓનું મહાજન દુકાળના ટાણે જગતને જિવાડવા માટે નીકળ્યું છે. શ્રેષ્ઠીઓ પોતાના સંગ્રહો ખાલી કરવા મંડાણા છે. ગરીબ ખેડૂતો કણમાંથી અર્ધા કણ આપે છે. મોટા મનના મહાજનો એ કણને મણ માની એનો સ્વીકાર કરે છે. હુંય યથાશક્તિ કંઈક અર્પણ કરીશ.'

આમ કહેતો ખેમો દેદરાણી મહાજનના પગમાં પાઘડી ઉતારી એમને પોતાને ઘેર લઈ ગયો. દેદરાણીની ડેલીમાં મહાજને મુકામ કર્યો. ઓશરીમાં રાતી જાજમ માથે ગાદલાં ને તકિયા નંખાઈ ગયાં. ઓતારિયા(ગામ)ના ટાઢાબોળ ગોળામાંથી પાણીના કળશ્યા આવ્યા. હાથ-મોં ખંગાળી શેઠિયાઓએ જામા ને પાઘડિયું ખીંટીએ ટાંગ્યાં ને મુસાફરીનો થાક હળવો કરવા સૌ આડા પડખે થયા.

ત્યાં તો ગામના શેઠિયાઓ આવી ગયા. રસોઈ તૈયાર થતાં સૌ પ્રેમથી જમ્યા. જમ્યા પછી ચાંપશી મહેતાએ ટીપ કાઢીને મંઈ નામ માંડ્યું : ખેમા દેદરાણી હડાળા ભાલ. અને ટીપ દેદરાણીના હાથમાં મૂકી.

સોનારૂપાની વાટકીઓમાં દૂધ પીને મોટા થયેલા ખેમા દેદરાણીના પિતા જીવા દેદરાણી ખાટલામાં બેઠા બેઠા હોકો ગગડાવે છે. નેવું વર્ષના કાળના ઝપાટા ખમીને બેઠેલા નવકારસી બાપ બેઠા બેઠા નવકારમંત્ર જપે છે. ખેમા દેદરાણીએ આવીને બાપને ટીપ બતાવીને એટલું જ કીધું :

'બાપુ, દેશમાં દુકાળ ડાકલિયું વગાડે છે. ભૂખના દુઃખે માનવી રિબાઈ રિબાઈને મોતને ભેટે છે. આ માનવીઓને જીવતદાન દેવા માટે બેગડાએ બે હાથ જોડીને મહાજનને વિનંતી કરી છે. મહાજન ગામોગામ જઈને અનાજ અને પશુઓ માટે ઘાસચારો એકઠો કરવા અરજ ગુજારે છે. આ બધા શ્રેષ્ઠીઓ આપણા આંગણે પધાર્યા છે. આપણે બાપુ, શું આલશું ?'

મોં પર આનંદની રીંછડી રમાડતા તપસ્વી બાપ એટલું જ બોલ્યા,

'બેટા ખેમા ! વધુ પૈસા ભેગા કરવાથી આપણે ન ઇચ્છીએ તોય અધરમ થાય. અન્યાય થાય. લક્ષ્મીને સારા કામમાં ન વાપરીએ તો બૂરાં કામ કરાવે. ધન ઘડી ધન ભાગ્ય. દીકરા આપણી સાત પેઢી તરી જાય એવો ઊજળો અવસર આવ્યો છે. મહાજન આગળ કણના સંધાય કોઠાર ઉઘાડા મૂકી ઘો. માનવતાનો સાદ પડે ત્યાં આપણાથી મૌન કેમ બેસાય ? જીવોને જિવાડવાનું પુન્ય શાસ્ત્રોમાં મોટું મનાયું છે. આપણા પૂ. સૂરીશ્વરજી મહારાજસાહેબે આજથી પાંચ વર્ષ પૂર્વે કોઠારો કરાવી એમાં કણ (અનાજ) સંઘરવાનો આદેશ આપ્યો હતો. મેં અઢળક દ્રવ્ય ખર્ચીને કણના કોઠારો ભર્યા છે. સંતની આગમવાણી આજ સાચી પડતી જણાય છે.'

ખેમા દેદરાણીએ મહાજનને બે હાથ જોડીને કહ્યું, 'ટીપ બંધ કરો. મુજ ગામડિયાને આવા લાભ મળતા નથી. બાર મહિનાનું પ્રજાનું ખર્ચ હું આપીશ. અનાજ તથા ઘાસનો સઘળો બંદોબસ્ત કરીશ. આપ ચિંતામુક્ત બનો.'

આટલું કહીને ખેમા દેદરાણીએ હૈયાકપાટ સરીખા સઘળા સંઘને સમર્પિત કરી દીધાં. મહાજનોએ જોયું તો જીવા દેદરાણીએ પોતાના એકસો ને આઠ મકાનોના મધ્યભાગમાં ઊંડા કૂવા જેવા કોઠારો કરાવેલા. એમાં ઘઉંનું કુંવળ ભરી વચ્ચેના ભાગમાં ઘઉં ભરેલા. સંઘરવાની આ સૂઝને લઈને પાંચ પાંચ વર્ષનાં વહાણાં વાયા છતાં અનાજનો એક પણ કણ સડ્યો નહોતો. સઘળા કોઠાર ઘઉંથી છલોછલ ભર્યા હતા.

જૈન શ્રેષ્ઠીઓ મેલાઘેલા માનવીની દિલાવરી જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા. ચાંપશી મહેતાને મોટાઈનું અભિમાન ઓસરી ગયું. ગામડાગામના વણિકને મહાજન વંદન કરી રહ્યું. સૌની આંખમાંથી હરખનાં આંસુડાં વહ્યાં જાય છે. ભૂખ્યા લોકોને માટે ગાડામાં અનાજ ભરાવા માંડ્યું.

બળદ, પોઠિયા, ગાડાં અને એકાની હેકડેઠઠ હાર લાગી ગઈ છે. આ સમાચાર કાસદ મારફતે મહેમૂદ બેગડાને મળ્યા. એનાથી એટલું જ બોલી જવાયું :

'યા અલ્લાહ પરવરદિગાર ! તેરા અહેશાનમંદ હૂં.'

કહેવાય છે કે એ પછી મહેમૂદ બેગડાએ ખેમા દેદરાણી અને તેના બુઢ્ઢા તપસ્વી બાપને ચાંપાનેર તેડાવ્યા. દરબાર ભરીને બેગડાએ દાનવીર બાપદીકરાનું - ચાંપશી શેઠ અને મહાજનનું - સન્માન કર્યું. એ વખતે મહેમૂદ બેગડાએ પ્રજાજનોને જાહેરમાં કહ્યું કે, 'ગુજરાતમાં આજથી પ્રથમ શાહ વાણિયો અને બીજો શાહ સુલતાન બેગડો !' બસ ત્યારથી જૈન તેમજ અન્ય વણિકોને પ્રથમ 'શાહ' શબ્દનો શિરપાવ મળ્યો. દુષ્કાળમાં જગ જિવાડનાર જૈનોનો જયજયકાર થયો. આ પહેલાં માત્ર રાજ દરબારમાં 'શાહ' શબ્દ રાજ્યાધિકારી કે સુલતાનને માટે જ વપરાતો હતો. આ દિવસથી 'શાહ' શબ્દ વણિકોને માટે વપરાતો થયો. એની લોકજીભે કહેવત રમતી થઈ :

'પ્રથમ શાહ વાણિયા, બીજા શાહ સુલતાન'

અને દાનેશ્વરીની કીર્તિને ચાર ચાંદ લાગી ગયા.

# અધ્યાત્મયોગી અવધૂત
# શ્રી ચિદાનંદજીની વાણી

નિરંજન
રાજ્યગુરુ

સંતસાહિત્ય અને સંતસાધનાનું ક્ષેત્ર અતિ ગૂઢ અને રહસ્યભર્યું છે. સમગ્ર જીવતરની આત્મસાધના-અધ્યાત્મસાધના-ને અંતે મળેલું આ શબ્દનવનીત સંતોએ ભવિષ્યની પેઢીના ઉત્કર્ષ અને આત્મવિકાસ માટે તારવીને સંતવાણી રૂપે પ્રસ્તુત કર્યું છે. એનું રહસ્ય, એનો મર્મ શબ્દકોશના અર્થોથી આપણે ક્યારેય ન પામી શકીએ.

સગુણ અને નિર્ગુણ, સાકાર અને નિરાકાર, સંત અને ભક્ત, ભક્તિ અને ઉપાસના કે સાધના... એમ સાહિત્યવિવેચનના ક્ષેત્રમાં, વ્યાપક અર્થમાં બે પરસ્પરવિરોધી ધારાઓ હોય એવું આલેખન થયા કરે છે. સંતસાહિત્ય એટલે માત્ર ને માત્ર નિર્ગુણ-નિરાકારને માનનારા સંત દ્વારા રચાયેલું જ્ઞાનમાર્ગી-યોગમાર્ગી કે ઉપાસનાલક્ષી સાહિત્ય અને ભક્તિસાહિત્ય એટલે સગુણ-સાકારને પૂજનારા ભક્ત દ્વારા રચાયેલું પ્રેમલક્ષણા ભક્તિધારાને વહાવતું સાહિત્ય... એવા ભેદ અભ્યાસની સરળતા ખાતર ક્યારેક પાડવામાં આવ્યા હશે પણ એ ભેદ સાચા નથી. આપણા મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં માત્ર 'નિર્ગુણિયા' ગણાવી શકાય જે સગુણ-સાકારની ભક્તિનો સંપૂર્ણ નિષેધ કે વિરોધ કરતા હોય એવા સંતોનું પ્રમાણ કેટલું ? આપણે ત્યાં તો સમન્વય થયો છે. 'સંત' શબ્દ સગુણ અને નિર્ગુણ બંને ધારાઓ ઉપર ચાલનાર સંત-ભક્તો યોગી-સાધકો માટે સમાન અર્થમાં જ વપરાતો રહ્યો છે. એકનો એક કવિ જ્ઞાનમાર્ગી-વેદાન્તી તત્ત્વચિંતન આપતો હોય, વૈરાગ્યનો ઉપદેશ આપતો હોય અને પ્રેમલક્ષણા ભક્તિ ધારાની - સગુણ સાકાર ઉપાસનાની વિરહ-મિલનની ક્ષણો વર્ણવતી ઊર્મિકવિતાનું પણ સર્જન કરતો હોય...એને મન સગુણ બ્રહ્મ કે નિર્ગુણ-નિરાકાર બ્રહ્મ વચ્ચે કોઈ જ ભેદ ન હોય અને તેને જ કહેવાય સંત કે ભક્ત.

આત્મસાધનાની આત્માનુભૂતિથી જે સાધક બ્રહ્મતત્ત્વનો અનુભવ કરે છે તેને પછી આવા ભેદ નથી રહેતા. પણ તેના પછી આવનારા અનુયાયીઓ કે જેણે કશી અનુભૂતિ નથી કરી પણ માત્ર પંથ-સંપ્રદાયની ગતાનુગતિક માન્યતાની કંઠી બાંધી છે તેઓ કટ્ટરપંથી બની જાય છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં આપણે જેને તત્ત્વજ્ઞાની-જ્ઞાનમાર્ગી-વેદાન્તી-યોગમાર્ગી કે આત્મજ્ઞાની કવિઓ કે ભજનિક સંત-ભક્તો તરીકે ઓળખીએ છીએ તેમણે પણ ભક્તિકાવ્યો આપ્યાં જ છે. પ્રેમલક્ષણા ભક્તિનું પણ ગાન કર્યું છે. ક્યારેક એમાં નિર્ગુણ-સાકાર પણ આવી જાય તો ક્યારેક સગુણ-નિરાકાર.

ચિદાનંદજીની ઉપાસના-આરાધના-ભક્તિસાધનાનું લક્ષ્ય હતું અનુભવ. અધ્યાત્મનો અનુભવ, આત્માનો અનુભવ. અને અનુભવ એટલે ચેતનાનો પૂર્ણ ચેતનમાં પ્રવેશ. પરમ ચેતના સાથેના સાયુજ્યની પૂર્ણ પ્રતીતિ. 'ચિદાનંદ' એ એમનું મૂળ નામ નહીં, પણ તખલ્લુસ છે. મૂળ નામ તો કર્પૂરચંદજી. પણ કવિનામ તરીકે એમણે સ્વીકાર્યું 'ચિદાનંદ'.

'ચિદાનંદ' શબ્દ જ 'આનંદઘનજી'ની અવધૂત પરંપરાનું સૂચન કરતો હોય એમ લાગે છે. તમામ પ્રકારના બાહ્ય ક્રિયાકાંડો અને ગચ્છ-પંથની માન્યતાઓના હઠાગ્રહો છોડીને સીધો-સરળ આત્મ-સાક્ષાત્કારી યોગસાધનાનો માર્ગ પોતે પસંદ કરીને પોતે એકાકી સાધના અને આનંદ-મસ્તીભર્યું જીવન જીવવાનો રાહ અપનાવ્યો હશે,

'વેદ ભણો જ્યું કિતાબ ભણો અરુ,
દેખો જિનાગમ હું સબ જોઈ
દાન કરો અરુ સ્નાન કરો,
મૌન ધરો વનવાસી જ્યું હોઈ.
તાપ તપો અરુ જાપ જપો કોઈ,
કાન ફિરાઈ ફિરો ફૂનિ દોઈ
આતમ ધ્યાન અધ્યાતમ જ્ઞાન,
સમો શિવ સાધન ઔર ન કોઈ.'

અધ્યાત્મ યોગીરાજ શ્રી ચિદાનંદજી કે જેનું બીજું નામ શ્રી કર્પૂરચંદજી હતું એ અર્વાચીન કાળના જૈન ધર્મ સાથે સંકળાયેલા સંતકવિ હતા. ઈ. સ. ૧૮૫૦માં તેઓ હયાત હતા એટલે કે આજથી માત્ર એકસો બાસઠ વર્ષ પહેલાં સૌરાષ્ટ્રમાં ભાવનગર મુકામે એમણે કેટલીક રચનાઓનું સર્જન કર્યું છે.

એમના જીવન વિશે સંપૂર્ણ પ્રમાણભૂત કહી શકાય એટલું વિગતપૂર્ણ ચરિત્ર મને નથી સાંપડ્યું. કદાચ ક્યાંક છપાયું હશે પણ મારી નજરમાં નથી આવ્યું. મુ. શ્રી ધનવંતભાઈના સૌજન્યથી મને 'પદ્યાવલી' ભા.-૧,૨ ગ્રંથ પ્રાપ્ત થયેલો.

ભારતીય જૈન સંપ્રદાયના અનેક ફાંટાઓમાં અગણિત સાધુ-કવિઓ થઈ ગયા છે. શ્રી મોહનલાલ દેસાઈના 'જૈન ગૂર્જર કવિઓ' ગ્રંથની મુ. શ્રી જયંતભાઈ કોઠારી દ્વારા સંશોધિત-સંવર્ધિત બીજી આવૃત્તિના ૧૦ ભાગોમાં ૧૪૦૦થી વધુ જૈન કવિઓ અને તેમની પાંચ હજાર ઉપરાંતની સાહિત્યકૃતિઓ વિશે પ્રમાણભૂત નોંધ મળી આવે છે. આ મહાગ્રંથના છઠ્ઠા ભાગમાં પૃ. ૩૫૦થી ૩૫૩ સુધીમાં ચિદાનંદજીની આઠ કૃતિઓ વિશે સંદર્ભ સહિત વિગતો અપાયેલી છે, તેના પરથી જાણવા મળે છે કે ૧૪૩ વર્ષ પહેલાં વિ. સં. ૧૯૨૫માં જ ભાવનગરમાંથી શિલાછાપ પ્રેસમાં 'મુનિરાજશ્રી કર્પૂરચંદજી કૃત ગ્રંથાવલિ' પ્રકાશિત થયેલી. એ પછી શ્રી કર્પૂરવિજયજી મહારાજ દ્વારા 'ચિદાનંદજી કૃત પદ્યાવલી' ભા-૨ જૈન ધર્મપ્રચારક સભા ભાવનગરના સહયોગથી પ્રકાશિત થઈ. જેનું પુનઃ પ્રકાશન વિ. સં. ૨૦૫૧માં શ્રી જિનસાધન આરાધના ટ્રસ્ટ, મુંબઈ દ્વારા થયું છે.

'દયા છત્રીશી', 'પ્રશ્નોત્તરમાલા' 'સ્વરોદય', 'અનુભવ વિલાસ' નામે બહોંતેરી અથવા પદસંગ્રહ, 'પુદ્ગલ ગીતા', 'પરમાત્મ છત્રીશી', 'હિત શિક્ષારૂપ દોહા' અને છૂટક 'સવૈયાઓ' જેવી રચનાઓ અધ્યાત્મયોગી ચિદાનંદજીના નામે મળી આવે છે, પરમ ચેતનાને મેળવવાની ભક્તની વ્યાકુળતા એના રોમરોમમાંથી પ્રગટે છે. ચિદાનંદજીની વાણીનો શબ્દસાધનાનો યાત્રાનો પ્રારંભ પોતાની વિરહાનુભૂતિનું શબ્દમાં અવતરણ કરવાની સાથે થાય છે. ત્યાંથી શરૂ કરીને ચિદાનંદજી આત્મસાક્ષાત્કાર અને પછી પરમાત્મ સાક્ષાત્કારની ભૂમિકાઓ સુધી કઈ રીતે પહોંચ્યા એનો સંપૂર્ણ આલેખ આપણને ચિદાનંદજીની રચનાઓમાંથી પ્રાપ્ત થાય છે.

ચિદાનંદજી સાધક છે, ભક્ત છે, અવધૂત છે, યોગી છે અને જીવન્મુક્ત સિદ્ધ પણ છે. એમના શબ્દો જ ભવિષ્યના સાધકો માટે અધ્યાત્મયાત્રાની કેડી કંડારી ગયા છે. પરમ પ્રિયતમ-ચેતન; પ્રિયા સુમતા-સુમતિ કે સદ્‌વિદ્યા; અને કુમતિ, કુમતા, શોક્ય-અવિદ્યા; એ ત્રણ પાત્રોને લઈને ચિદાનંદજીએ પોતાની અનુભૂતિને વાચા આપી છે. કવિ ચિદાનંદજીનાં પદો, સ્તવનો અને અન્ય તમામ રચનાઓ તપાસતાં એમના વ્યક્તિત્વની જે લાક્ષણિકતાઓ નજરે ચડે છે તે જોઈએ તો -

(૧) વિવિધ સ્તવનોમાં ગહન સિદ્ધાંતબોધ, જૈન શાસ્ત્રની પરિભાષાનો પરિવેશ, માર્મિક શાસ્ત્ર- દૃષ્ટિ અને ઘૂંટાઈને આવતો યોગાનુભવ પછી એ તીર્થંકરની સ્તુતિ-સ્તવન રૂપે હોય કે મુમુક્ષુઓને ઉપદેશ રૂપે...

(૨) પદોમાં ઊર્મિનો કવિત્મય ઉછાળ, જુદા જુદા અનેક ભાવોને લાડથી ઉછાળતી, રમાડતી -વીજળીની જેમ ચમકારા કરતી અંતરમાંથી પ્રગટેલી ઉલ્લાસમયી શબ્દસરવાણી...

(૩) પ્રેમલક્ષણા ભક્તિના ગાયક, મરમી સંત, ઊર્મિકવિ, સિદ્ધ યોગી, અવધૂત, વિદ્રોહી સાધુ, જગત પ્રત્યે બેપરવાઈ અને અભેદ દર્શન.

અવધૂત એને જ કહેવાય જેમણે બધું જ ઉડાડી દીધું હોય, આચાર-વિચાર, ક્રિયાકાંડ, વિધિ-નિષેધ... સર્વ બંધનોથી મુક્ત, સર્વતંત્ર, સ્વૈરવિહારી, સ્વાધીન આત્મા, મુક્ત માનવ જે પોતાના આત્મામાં જ સ્થિર હોય અને સંસારના તમામ બાહ્ય અવરોધોને અતિક્રમી ગયો હોય; જેને સહજ સમાધિ પ્રાપ્ત હોય, મનુષ્યની સાથે કાયમ અનુસંધાન છતાં મનુષ્યત્વની સીમાઓ વટાવી દીધી હોય

એવું વ્યક્તિત્વ; સંસાર અને નિર્વાણ વચ્ચેના સઘળા ભેદથી પર ઊઠેલો સિદ્ધોનો રાજા એટલે અવધૂત.. જે લોકાભિમુખ પણ હોય, સંસારાભિમુખ પણ હોય ને છતાંયે સદૈવ આત્માભિમુખ-અંતર્મુખ હોય.

'આપકું આપ કરે ઉપદેશ જ્યું,
આપકું આપ સુમારગ આણે
આપકું આપ કરે સ્થિર ધ્યાનમેં,
આપકું આપ સમાધિમેં તાણે
આપકું આપ લખાવે સ્વરૂપ શું,
ભોગન કી મમતા નવિ ઠાણે
આપકું આપ સંભારત યા વિધ,
આપણો ભેદ તો આપ હી જાને...'

ચિદાનંદજીની વાણીમાં ગુરુમહિમાનું ગાન પણ અગત્યનું સ્થાન ધરાવે છે :

'કલ્પવૃક્ષ ચિંતામણિ, દેખહુ પરતખ જાય;
સદ્‌ગુરુ સમ સંસારમેં, ઉપકારી નહીં કોઈ.'
'ચરણકમળ ગુરુદેવ કે, સુરભી પરમ સુરંગ
લુબ્ધા રહત તિહાં સદા, ચિદાનંદ મન મૃગ.'

તીર્થંકરોનાં સ્તવનોમાં પણ એની કવિત્વશક્તિ ઝળહળી ઊઠે છે. 'નેમિનાથ સ્તવન'માં એમણે ગાયું છે :

'અખીયાં સફળ ભઈ રે, અલિ ! નિરખત નેમિ જિણંદ.
'નયન કમલ દલ, શુક મુખ નાસા, અધર બિંબ સુખકંદ,
દંતપંક્તિ જ્યું કુંદકલી હે, રસના દલ શોભા અમંદ'

- પણ અદ્‌ભુત રચનાઓ તો તેમની છે અધ્યાત્મ સાધનાની અનુભૂતિઓનું બયાન કરતી :

સંતો ! અચરિજ રૂપ તમાશા...
કીડી કે પગ કુંજર બાંધ્યો, જળમેં મકર પિયાસા;
સંતો ! અચરિજ રૂપ તમાશા...
કરત હલાહલ પાન રુચિધર, તજ અમૃત રસ ખાસા,
ચિંતામણિ તજ ધરત ચિત્તમેં, કાચ શકલકી આશા..
સંતો ! અચરિજ રૂપ તમાશા...
બિન બાદર બરસા અતિ બરસત, બિન દિગ બહત બતાસા;
વજ્ર ગલત હમ દેખા જલ મેં, કોરા રહત પતાસા...
સંતો ! અચરિજ રૂપ તમાશા...

વેર અનાદિ પણ ઉપરથી, દેખત લગત બગાસા,
ચિદાનંદ સોહિ જન ઉત્તમ, કાપત યમકા પાસા...
સંતો ! અચરિજ રૂપ તમાશા...

અવળવાણી પ્રકારના આ પદમાં ચિદાનંદજી કહે છે : આશા-તૃષ્ણા જેવી સૂક્ષ્મ વાસનાઓના પગે અનંત શક્તિવાળો આત્મા બંધાઈ ગયો છે, અને આત્મજ્ઞાનરૂપી જળથી ભરેલા સંસાર-સાગરમાં જીવરૂપી મગર કાયમ તરસ્યો રહે છે. એની તૃષા છિપાતી નથી. સત્ય, સાધના, તપ, ત્યાગના અમૃત રસનો ત્યાગ કરીને જીવ કાયમ વિષયવાસના અને અહંકારનું હળાહળ ઝેર પીતો રહે છે. રત્નચિંતામણિરૂપી ધર્મ કે અધ્યાત્મને તજીને સાંસારિક ક્ષણિક વસ્તુઓ કે જે કાચના ફૂટેલા કટકા જેવી છે એની આશા કર્યા કરે છે, ને એને પ્રાપ્ત કરવા અનેક પ્રપંચો કરે છે. આ સૃષ્ટિની અજાયબી કેવી છે? સાધનાની અનુભૂતિ થાય ત્યારે વિના વાદળીએ વર્ષા થાય, આંખ વિના બધું જ જોઈ શકાય, એમાં અહંભાવ જેવા વ્રજકઠિન ભાવો ઓગળી જાય ને પ્રેમભાવ જેવું કોમળ પતાસું કોરું જ રહી શકે. બગલાની જેમ ધ્યાન ધરીને સાધનાનો ખોટો દેખાવ કરનારા કરતાં જે પોતાનાં બંધન કાપી શકે તે ઉત્તમ.

પરંપરિત રામગરી ઢંગમાં ચિદાનંદજી ગાય છે :

હે જી રે જોગ, જુગતિ જાણ્યા વિના કહાં નામ ધરાવે,
રમાપતિ કહો રંક કું, ધન એને હાથ ન આવે,
એવી જોગ જુગતિ જાણ્યા વિના...
હે જી રે ભેખ ધરી, માયા કરી, સારે જગકું ભરમાવે,
પૂરણ પરમાનંદકી, સૂધિ રંચ ન પાણે;
હે જી રે મન મુંડ્યા વિના મૂંડકું, અતિ ઘેટાં મૂંડાવે;
જટાજૂટ શિર ધારકે, કોઉ તો કાન ફડાવે,
એવી જોગ જુગતિ જાણ્યા વિના...
હે જી રે ઊર્ધ્વ બાહુ કે અધોમુખે, તનડાંને તાપ તપાવે,
ચિદાનંદ સમજ્યા વિના, એની ગિણતી નવિ આવે
એવી જોગ જુગતિ જાણ્યા વિના...

યોગયુક્તિ જાણ્યા વિના કોઈ પોતાને યોગી, જતિ, સિદ્ધ, સંન્યાસી, સાધુ, ફકીર એવું નામ આપીને પોતાને ઓળખાવે તેથી શું વળવાનું ? કોઈ ગરીબનું નામ રમાપતિ કે લક્ષ્મીનારાયણ હોય તેથી શું ? એ શ્રીમંત થઈ જાય ? ઉપર ઉપરનાં ટીલાં-ટપકાં, વેશ, કંઠી, માળા, ટોપીનું કોઈ જ મૂલ્ય નથી. પોતાના આત્માની ઓળખ થઈ હોય તે જ સાચો જતિ, સાચો મુનિ, સાચો ગુરુ... બાકી બધું જ વ્યર્થ છે. દીક્ષા લેવી હોય તો આતમ દીક્ષા; બીજી તો બધી માયા છે.

**સ્વરોદય શાસ્ત્ર :**

ભારતીય અધ્યાત્મવિદ્યાના ક્ષેત્રમાં સ્વરોદય શાસ્ત્રનું મહત્ત્વ યોગી સાધકો દ્વારા વારંવાર પોતાની રચનાઓના માધ્યમથી દર્શાવવામાં આવ્યું છે. હિંદુ ધર્મનું શિવ સ્વરોદય, આચાર્ય હેમચંદ્રનું યોગશાસ્ત્ર, કબીર સંપ્રદાયનું જ્ઞાન સ્વરોદય અને અધ્યાત્મયોગી જૈન કવિ ચિદાનંદજી દ્વારા રચિત 'સ્વરોદય જ્ઞાન' જેવી રચનાઓનો તુલનાત્મક અભ્યાસ કરીએ તો ખ્યાલ આવે છે કે માનવશરીરની મુખ્ય ત્રણ નાડીઓ ઇડા, પિંગલા અને સુષુમ્ણા; તથા પાંચ મુખ્ય વાયુ પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન... એનાં ચોક્કસ સ્થાનો અને કાર્યો; પાંચ તત્ત્વ : પૃથ્વી, પાણી, આકાશ, તેજ અને વાયુ; ત્રણ ગુણ સત્ત્વ, રજ અને તમ; પચીસ પ્રકૃતિ... વગેરે બાબતોનું નિરૂપણ સંપૂર્ણ વૈજ્ઞાનિક ઢંગથી અતિ સૂક્ષ્મ ચર્ચા રૂપે આ યોગી કવિઓએ કર્યું છે. વેદાન્તમાં પણ 'પંચીકરણ'નું આખું શાસ્ત્ર છે.

મનુષ્યનું શરીર ટકે છે પ્રાણથી, વાયુથી. આપણે શ્વાસ-ઉચ્છ્વાસની ક્રિયા કરીએ છીએ પણ જાણતા નથી કે અત્યારે કઈ નાડી ચાલે છે; કયા નસકોરામાંથી શ્વાસની આવન-જાવન ચાલુ છે; કયો સ્વર ચાલુ છે; એનાં રંગ, સ્વભાવ, પ્રકૃતિ કેવાં છે; અને એનો પ્રભાવ શરીર અને મન ઉપર કેવો પડે છે ?

ચિદાનંદજીએ ૪૫૩ કડીની રચના આપી છે 'સ્વરોદયજ્ઞાન'. દોહા, છપ્પય છંદ, ચોપાઈ વગેરે છંદોમાં હિંદી ભાષામાં રચાયેલી આ કૃતિની શરૂઆત થાય છે :

> નમો આદિ અરિહંત, દેવ દેવનપતિ રાયા;
> જાસ ચરણ અવલંબ, ગણાધિપ ગુણ નિજ પાયા.
> ધનુષ પંચશત માન, સપ્ત કર પરિમિત કાયા,
> વૃષભ આદિ અરુ અંત, મૃગાધિપ ચરણ સુહાયા,
> આદિ અંત યુત મધ્ય, જિન ચોવીશ ઈમ ધ્યાઈએ
> ચિદાનંદ તસ ધ્યાનથી, અવિચલ લીલા પાઈએ...

ચોવીસ તીર્થંકરોનાં ચરણોમાં વંદના કરીને પછી વાણીની દેવી સરસ્વતીનું સ્મરણ કરીને 'ગુરુ કિરપા કરી કહત હું, શુચિ સ્વરોદય જ્ઞાન' એવી ભૂમિકા બાંધીને સીધા શરીરની પ્રધાન ચોવીશ નાડીઓ, એમાં મુખ્ય એવી ત્રણ ઇંગલા, પિંગલા, સુષુમ્ણા - જેને સૂર્ય, ચંદ્ર કે મધ્યમા સૂક્ષ્મ એવાં અપર નામો અપાયાં છે એની પૂરી ઓળખાણ આપે છે. જ્યારે ડાબા નસકોરામાં શ્વાસ ચાલતો હોય ત્યારે ચન્દ્ર નાડી અને જમણો શ્વાસ ચાલતો હોય ત્યારે સૂર્ય નાડી ચાલે છે એમ કહેવાય. જ્યારે બંને નસકોરામાં સમાન રૂપે શ્વાસ ચાલે ત્યારે સુષુમ્ણા નાડી જાગ્રત થઈ એમ કહેવાય. દરેક સ્વર અઢી ઘડી ચાલે પછી બદલી જાય. એક સૂર્યોદયથી સૂર્યોદય વચ્ચેના ૨૪ કલાકના સમયમાં મનુષ્ય એકવીશ હજાર છસો વખત શ્વાસ-ઉચ્છ્વાસની ક્રિયા કરે છે.

જ્યારે ડાબી ચન્દ્ર નાડી ચાલતી હોય ત્યારે લક્ષ્ય સૌમ્ય કાર્યો કરવાં જોઈએ અને સૂર્ય નાડી ચાલતી હોય ત્યારે ચલિત કે ક્રૂર કાર્યો કરીએ તો તે તુરત જ સિદ્ધ થાય. સુષુમ્ણા કે મધ્યમા નાડી

ચાલતી હોય ત્યારે વ્યક્તિગત સ્વાર્થનાં કોઈ જ કામ કર્યા વિના ધ્યાન, તપ, પૂજા, દાન વગેરે પવિત્ર કાર્યો કરવાં જોઈએ.

ચિદાનંદજીએ ગાયું છે :

શોભિત નવિ તપ વિણ મુનિ, જિમ તપ સુમતા ટાર,
તિમ સ્વરજ્ઞાન વિના ગણંક, શોભત નહિ ય લગાર.
સાધન વિણ સ્વર જ્ઞાન કો, લહે ન પૂરણ ભેદ;
ચિદાનંદ ગુરુ ગમ વિના સાધન હુ તસ ખેદ.
દક્ષિણ સ્વર ભોજન કરે, બાડે પીવે નીર;
ડાબે કર ખટ સૂવતાં હોય નીરોગી શરીર.

સૌરાષ્ટ્રનાં સંત કવયિત્રી ગંગાસતીએ આ જ વાત આ રીતે કરી :

સૂર્યમાં ખાવું ને ચંદ્રમાં જળ પીવું
એમ કાયમ લેવું વ્રતમાન જી,
એકાન્તે બેસીને અલખને આરાધવા ને
હરિ ગુરુ સંતનું ધરવું ધ્યાન જી.

જ્યારે આકાશમાં સૂર્ય હોય ત્યારે આપણો ચન્દ્રસ્વર વધુ ચાલવો જોઈએ તો શરીરમાં ગરમી ઓછી લાગે અને જ્યારે રાત્રિએ ચન્દ્ર પ્રકાશમાન હોય ત્યારે જો સૂર્ય નાડી ચલાવીએ તો શરદીનો રોગ કદી પણ ન થાય.

દિનમેં તો શશિ સ્વર ચલે, નિશા ભાન પરકાશ;
ચિદાનંદ નિશ્ચે અતિ દીરઘ આયુ તાસ.

શ્વાસ એ મનુષ્ય જ નહીં પ્રાણીમાત્ર - જીવમાત્ર માટે અમૂલ્ય ધન છે, એનું મૂલ્ય જાણ્યા વિના આપણે સૌ એને વેડફીએ છીએ. એક એક શ્વાસનું મૂલ્ય જાણવું હોય તો પાણી બહાર કાઢેલી માછલીની તડપ આપણામાં જાગવી જોઈએ.

જો શ્વાસ સ્થિર થાય તો શરીર સ્થિર થાય, શરીર સ્થિર થાય તો મન સ્થિર થાય. અધ્યાત્મના ક્ષેત્રમાં ચાર વસ્તુઓ ખૂબ જ મહત્ત્વની છે : મન, પવન, વાણી અને શુક્ર. ચારમાંથી એક જો બંધાય તો અન્ય ત્રણે આપોઆપ બંધાઈ જાય. પ્રાણાયામ, ધ્યાન, બ્રહ્મચર્ય અને મૌન એ ચાર માર્ગે આત્મસાક્ષાત્કારની દિશામાં આગળ વધી શકાય.

ચિદાનંદજી દ્વારા રચિત 'સ્વરોદય જ્ઞાન'માં તો શુક્લ પક્ષમાં અને કૃષ્ણ પક્ષમાં, સાતે વારમાં, પંદરે તિથિમાં, ત્રણે ઋતુમાં, બારે રાશિ કે સૂર્ય સક્રાન્તિમાં, બારે મહિના, નક્ષત્ર અને ષડ્ઋતુમાં મનુષ્ય પ્રાતઃકાળે જાગે તો ત્યારે કઈ નાડી ચાલતી હોય એનું સંપૂર્ણ વિજ્ઞાન પણ અપાયું છે.

એ સિવાય પ્રશ્નજ્યોતિષ, આત્મસાધના, પિંડશોધનની પ્રક્રિયા, ચન્દ્રયોગ, ક્રિયાયોગ અને

સંપૂર્ણ શ્વાસ-ઉચ્છ્વાસનું ગણિત આપવામાં આવ્યું છે. એના વિશે વિગતે વાત કરવી હોય તો એકેક શ્લોક કે કડી ઉપર વિસ્તારથી લખવું પડે. પણ આપણે તો અત્યંત સંક્ષેપમાં ચિદાનંદજીની સાહિત્ય-સરવાણીમાં વિહાર કરવાનો છે.

મુસાફિર, રેન રહી અબ થોરી...
જાગ જાગ તું નીંદ ત્યાગ દે,
હોત વસ્તુકી ચોરી... મુસાફિર...
મંજિર દૂર ભર્યો ભવ સાગર,
માન ઉર મતિ મોરી... મુસાફિર
ચિદાનંદ ચેતનમય મુરત,
દેખ હૃદય દગ જોરી..મુસાફિર

ચિદાનંદજી વારંવાર અજ્ઞાન-માયામાં સૂતેલાં પ્રાણીઓને જગાડવા આલબેલ પોકારે છે !

જાગ રે બટાઉ ! ભઈ
અબ તો ભોર વેરા.. જાગ રે..

***

અવસર બિત જાયે, પીછે પસતાવો થાયે
ચિદાનંદ નિહચે એ માન કહા મેરા.. જાગ રે

***

ઓ ઘટ વિણસત વાર ન લાગે
યા કે સંગ કહા અબ મૂરખ
છિન છિન અધિકો પાગે... ઓ ઘટ વિણસત...
કાચા ઘડા, કાંચકી શીશી, લાગત ઠણકા ભાંગે;
સડણ પડણ વિધ્વંસ ધરમ જસ, તસથી નિપુણ નિરાગે
ઓ ઘટ વિણસત...

***

જે જાગી જાય, જેના ઘરમાં અજવાળાં જોકાર થઈ જાય એની દશા કેવી હોય ?

જ્ઞાન કળા ઘટ ભાસી જાકું,
જ્ઞાન કળા ઘટ ભાસી...
તન ધન નેહ કહ્યો નહીં તાકું,
છિન મેં ભયો ઉદાસી, જ્ઞાન કળા...
હું અવિનાશી ભાવ જગત કે,

નિશ્ચે સકલ વિનાશી;
એહવી ધાર ધારણા ગુરુગમ,
અનુભવ મારગ પાસી.. જ્ઞાન કળા...
મેં મેરા એ મોહજનિત જસ,
એસી બુદ્ધિ પ્રકાશી,
તે નિઃસંગ પગ મોહ શિશ દે,
નિશ્ચે શિવપુર જીસી...જ્ઞાન કળા....
સુમતા ભઈ સુખી ઈમ સુન કે,
કુમતા ભઈ ઉદાસી;
ચિદાનંદ આનંદ લહ્યો ઈમ,
તોર કરમ કી પાસી... જ્ઞાન કળા...

જેના પિંડમાં જ્ઞાનકળાનો ઉદય થાય છે એને શરીરનો કે સંપત્તિનો કશો જ મોહ નથી રહેતો. એક જ ક્ષણમાં ઉદાસી-વિરક્ત બની જાય. આ જગત ક્ષણિક છે, વિનાશી છે અને મારો આત્મા અવિનાશી છે. એવી ધારણા સદ્‌ગુરુની કૃપાથી પ્રગટે અને અનુભવમાર્ગે તે આત્માનુભવ તથા બ્રહ્માનુભવ કરતા રહે. હું ને મારું એ માયા તથા મોહનું કારણ છે. જ્યારે આત્મજ્ઞાનનો સૂર્ય ઝળહળી ઊઠે ત્યારે પોતે વિરક્ત થઈ મોહના માથા ઉપર પગ દઈને ડગલાં માંડે અને મોક્ષપુરીમાં પહોંચી જાય. કર્મનાં બંધનોથી મુક્ત થઈ ગયેલા અવધૂતની સુમતિ, સતવૃત્તિઓ આનંદિત થઈ જાય અને કુમતિ-કુષ્ટ બુદ્ધિ ઉદાસ બની જાય છે. ચિદાનંદજી કહે છે કે મેં ભાગ તમામ કર્મબંધનો કાપી નાખ્યાં છે અને અવિનાશી-અહર્નિશ આનંદ પ્રાપ્ત કર્યો છે.

અબ હમ ઐસી મન મેં જાણી,
પરમારથ પંથ, સમજ વિના નર, વેદ પુરાણ કહાણી
અબ હમ ઐસી મનમેં જાણી.
અંતર લક્ષ વિગત ઉપરથી, કષ્ટ કરત બહુ પ્રાણી;
કોટિ યતન કર તુપ લહત નહીં, મથતાં નિશદિન પાણી.
અબ હમ ઐસી મનમેં જાણી.
લવણ પૂતળી થાહ લેણ કું, સાગરમાંહી સમાણી;
તા મેં મિલ ભદ્રુપ ભઈ તે, પલટ કહે કોણ વાણી..,
અબ હમ ઐસી મનમેં જાણી.
ખટ મત મિલ માતંગ લખ, યુક્તિ બહુત વખાણી;
ચિદાનંદ સરવંગ વિલોકી, તત્ત્વારથ લ્યો તાલી.
અબ હમ ઐસી મનમેં જાણી.

આજ મને ખાતરી થઈ ગઈ છે કે પરમાર્થના પંથની સમજણ વિનાના નર માટે વેદ-પુરાણ-શાસ્ત્રો માત્ર વાતો જ છે. આત્મસ્વરૂપની ઓળખાણ ન થાય, અંતર્લક્ષી દૃષ્ટિ ન સાંપડે ત્યાં સુધી

ગમે તેટલા સાધનામાર્ગો દ્વારા શરીરને કષ્ટ આપવામાં આવે પણ જેમ રાતદિવસ પાણીનું મથન કરવા છતાં ઘી પ્રાપ્ત થતું નથી એમ બધા પ્રયત્નો નકામા જાય છે. દરેક ધર્મનાં દર્શનો-શાસ્ત્રો-ગ્રંથો પોતપોતાની રીતે આંધળા જેમ હાથીનું એક અંગ પકડીને હાથીને ઓળખાવવાનો પ્રયત્ન કરે એવાં છે. સર્વાંગ દર્શન થાય પછી તો જેમ મીઠાની પૂતળી સાગરમાં ઓગળી જાય, એનો તાગ લઈ શકે નહીં, ભળી જાય પછી પોતાનો અનુભવ કેમ વર્ણવી શકે ? પોતાનું અસ્તિત્વ જ પલટી ગયું હોય - આવો તત્ત્વાર્થ પ્રાપ્ત કરવાની શીખ સંતકવિ આપે છે.

આજ સખી મેરે વાલમા, નિજ મંદિર આયે;
અતિ આનંદ હિયે ધરીને, હસી હસી કંઠ લગાયે રે.
આજ સખી મેરે વાલમા....
સહજ સ્વભાવ જળે કરી, રુચિ ધર નવરાયે;
થાળ ભરી ગુણ સુખકી, નિજ હાથેથી જિમાયે રે...
આજ સખી મેરે વાલમા...
સુરભિ અનુભવ રસ ભરી, પાન બીડાં ખવરાયે,
ચિદાનંદ મિલ દંપતી, મન વાંછિત પાયે રે.
આજ સુખી મેરે વાલમા...

પોતાની અતિ રહસ્યભરી ગોપનીય વાત કોઈ પણ નારી માત્ર પોતાની સખી-સાહેલીને જ કહી શકે. ચિદાનંદજીનો નારીભાવ આ પદમાં આ રીતે વ્યક્ત થયો છે. મિલન-શૃંગારનું વર્ણન અતિ સંયમિત રીતે કરતાં કવિ પરમાત્મ સાક્ષાત્કારની ક્ષણોને અધ્યાત્મની પરિભાષામાં વ્યક્ત કરે છે. 'હે સખી, આજે મારા પ્રીતમ મારી આંતરચેતનાના ઘરમાં - હૃદયમંદિરમાં પધાર્યા, મારા અંતરમાં અતિ આનંદ ઊભરાયો ને મેં હસી હસીને આલિંગન આપીને એનો સત્કાર કર્યો. શુદ્ધ ભાવરૂપી જળમાં એને પ્રેમસ્નાન કરાવ્યું. સત્ત્વગુણની સુખડી જમાડી અને અનુભવરસનાં પાનબીડાં ખવરાવ્યાં. આત્મા અને પરમાત્માનું આ મિલન થતાં મનવાંછિત્ત ફળ પ્રાપ્ત થઈ ગયું.' ચિદાનંદજીની પ્રેમલક્ષણા ભક્તિની કાવ્યસરવાણી પણ આપણા હૈયાને ભીંજવી દે તેવી છે.

હો પ્રીતમજી ! રે, પ્રીત કો રીત અતીત તજી ચિત્ત ધારીએ

ooo

મત જાવો જોર વિજોર વાલમ ! અબ મત જાઓ રે...
પિઉ પિઉ પિઉ રટત બજૈયા, ગરજત ઘન અતિ ઘોર;
ચમ ચમ ચમ ચમકત ચપલા, મોર કરત મિલ શોર
વાલમ ! અબ મત જાઓ રે..

ooo

પિયા, નિજ મહેલ પધારો રે, કરી કરુણા મહારાજ...

ooo

પિયા ! પિયા ! પિયા ! મત બોલ ચાતક
　　પિયા ! પિયા મત બોલ...
રે ચાતક તુમ શબદ સુણત મેરા,
　　વ્યાકુલ હોત રે જિયા;
ફૂટત નાંહી કઠિન અતિ ઘન સમ
　　નિઠુર ભયા હૈ હિયા...બોલ મત...

OOO

આ રચનાઓ વિશે અતિ લંબાણથી - વિસ્તારથી વાત કરી શકાય. પણ એ વિરહભાવમાં જ્યારે સૂરની, શબ્દની અને સંવેદનાની ત્રણ સરવાણીની ત્રિવેણી વહેતી હોય એમાં સ્નાન કરીને પાવન થવાનું આ સૌભાગ્ય આપણને મળ્યું એ જિનપ્રભુની અપરંપાર કૃપા.


અવધુ ! પિયો અનુભવ રસ પ્યાલા
　　કહત પ્રેમ મતવાલા

OOO

ધન અરુ ધામ સહુ, પડ્યો હિ રહેગો નર
ધાર કે ધરામેં તું તો ખાલી હાથ જાવેગો,
દાન અરુ પુન્ય નિજ કરથી ન કર્યો કછુ
　　હોય કે જમાઈ કોઈ દૂસરો હી ખાવેગો.
કૂડ કપટ કરી પાપ બંધ કીનો તા તેં
　　ઘોર નરકાદિ દુઃખ તેરો પ્રાણી પાવેગો,
પુન્ય વિના દૂસરો ન હોયગો સખાઈ તબ
　　હાથ મલમલ માખી જિમ પસતાવેગો...

OOO

માખી કરે મધ ભેરો સદા, તે તો આન અચાનક ઔર હી ખાવે;
કીડી કરે કણકું જિમ સંચિત, તાસુ કે કારણ પ્રાણ ગુમાવે;
લાખ કરોર કું જોર અરે નર ! કાહે કું મૂરખ સુમ કહાવે ?
ધર્યો હીં રહેગો ઈહાં કો ઈહાં સહુ, અંત સમે કુછ સાથ ન આવે.




**અષ્ટાપદ તીર્થ પટ**

ભગવાન ઋષભદેવના નિર્વાણસ્થળ શ્રી અષ્ટાપદ મહાતીર્થનો
રાજસ્થાનની જયપુર કલમ શૈલીમાં આશરે ઈ. સ. ૧૮૫૦માં
તૈયાર થયેલો યાત્રા-પટ
[શ્રી શ્રેયસ કે. દોશીના સંગ્રહમાંથી]



**નવપદજીનું ચિત્ર**

સુવર્ણકામ સાથે વેલ-બુટ્ટાની ડિઝાઈન યુક્ત નવપદજી (ગટ્ટાજી)નું ચિત્ર




**યોગશાસ્ત્રની અતિ પ્રાચીન પ્રત**

કલિકાલસર્વજ્ઞ આચાર્યદેવશ્રી હેમચંદ્રસૂરિજી કૃત યોગશાસ્ત્ર વિ.સં. ૧૪૭૩ના પાટણમાં લખાયાનો ઉલ્લેખ કરતી આ પ્રતનું અંતિમ પત્ર છે. એ સમયે કાગળનો વપરાશ પ્રારંભિક અવસ્થામાં હતો, ત્યારે એ સમયમાં તાડપત્ર જેટલી મોટી સાઈઝમાં લખાયેલી કાગળની આ હસ્તપ્રત શ્રી કૈલાસસાગરસૂરિજી જ્ઞાનમંદિર (કોબા)ના સંગ્રહની પ્રાચીન પ્રતોમાંની એક શ્રેષ્ઠ પ્રત છે.



**કલામય હસ્તપ્રત**

જિનાગમ 'શ્રી જ્ઞાતાધર્મકથા' આગમની આ પ્રત વિ.સં. ૧૫૭૩ના માગસર સુદ ૧૪ના લખાયેલ છે. અંચલગચ્છીય આચાર્યદેવ શ્રી ભાવસાગરસૂરીશ્વરજીના શિષ્ય વાચક દયાવર્ધનગણિવરના ઉપદેશથી પં. જિનવર્ધનગણિ દ્વારા લખાયેલ 'જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર'ની આ પ્રત લેખન દૃષ્ટિએ વિશેષતા ધરાવે છે. આજુ-બાજુના હાંસિયામાં કરેલ લાલ રંગની પાર્શ્વકુલ્લિકાઓ તેમજ જ્ઞાન પ્રત્યેની પ્રીતિ અને બહુમાન ભાવને સૂચવતા અંત ભાગે ખાલી જગ્યામાં નંદાવર્ત વગેરે ચિહ્નો જોવા મળે છે.



**જ્ઞાનબાજી**

જ્ઞાનબાજી એટલે વર્તમાન સાપસીડીનું આધ્યાત્મિક રૂપ, આત્માને વળગેલા કર્મ અને એના પરિણામોથી જીવને પ્રાપ્ત થતા ગુણદોષોના સ્થાનોનો બોધ કરાવતી નિર્દોષ રમત ગમ્મતની સાથે જ્ઞાન અને બોધ આપે છે. ચારે બાજુ ફુલપત્તીની જાડા થરની બોર્ડર અને ઉપર, વચ્ચે અને નીચેના ભાગે ફુલ ગુચ્છનું સુશોભન ચિત્રની શોભાનો વધારો કરે છે. દેરીના શામરણના ચિત્રણમાં-વ્યક્ત થતી મુગલ શૈલી આ ચિત્રમાં નોંધરૂપે વૈશિષ્ટ્ય ઉમેરે છે. આશરે ૨૫૦ વર્ષથી વધુ પ્રાચીન એવી ૮૪ લાખ જીવયોનિના ઉલ્લેખ સ્વરૂપે ૮૪ ખાના દ્વારા દર્શાવતા આ ચિત્રમાં જ્ઞાન સાથે ગમ્મતનો સુમેળ છે.

# શીલભદ્ર શ્રેષ્ઠી : શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ

રજની વ્યાસ

"પણ મા, મારે તો આગળ ભણવું છે, ખૂબ ભણવું છે."

"બેટા, હું જાણું છું. મને ખબર છે કે તને ભણવામાં રસ છે. તું હોશિયાર છે પણ તારા પિતા આમ અચાનક આપણી વચ્ચેથી જતા રહ્યા. ૪૯ વર્ષ એ કાંઈ મરવાની ઉંમર છે ? પણ કુદરતની કોને ખબર છે ? મિલોનો આટલો મોટો કારોબાર છે. બધું રફેદફે થઈ જશે. તારા પિતાએ કરેલી બધી મહેનત પાણીમાં જશે. આટલો મોટો ધંધો છોડીને તું ઓછો નોકરી કરશે ? બેટા, મારી વાત માની જા. તું શું ભણ્યો છું એ તને કોઈ પૂછવાનું નથી. તારી અક્કલ-હોશિયારીથી ધંધો જમાવી દે. તું તો ડિગ્રીધારીઓને નોકરીએ રાખીશ." માતા મોહિનીબાએ કહ્યું.

કસ્તૂરભાઈના પિતા લાલભાઈ અને દાદા દલપતભાઈએ પણ સામાજિક સેવા ઉપરાંત જૈન ધર્મનાં તીર્થસ્થાનોનું રક્ષણ, નવાં દેરાસરો બંધાવવામાં ને જૈન સંઘના પ્રભાવનો વિસ્તાર કરવામાં પોતાનાં જીવન અને ધનસંપત્તિને કૃતાર્થ કર્યાં હતાં. કસ્તૂરભાઈનાં માતા મોહિનાબા પણ વ્યવહારદક્ષ અને જાજરમાન સન્નારી હતાં. એમના કુટુંબમાં એમની આજ્ઞા શિરોમાન્ય હતી. કસ્તૂરભાઈએ મૅટ્રિકનો અભ્યાસ પૂરો કરી કૉલેજમાં હજી જ્યાં પ્રવેશ મેળવ્યો ત્યાં એમના પિતાશ્રીનો માત્ર ૪૯ વર્ષની વયે અચાનક સ્વર્ગવાસ થયો.

પિતા - શેઠ લાલભાઈ દલપતભાઈએ આંખ મીંચી ત્યારે પુત્ર કસ્તૂરભાઈ માંડ ૧૬-૧૭ વર્ષના. એવી નાની ઉંમરે તે રાયપુર મિલના માલિક બન્યા. વળી મિલની આર્થિક પરિસ્થિતિ પણ તે વખતે કથળેલી હતી એટલે જ તો મિલની ડૂબતી નાવ બચાવી લેવા માતાએ આવો કપરો આદેશ આપ્યો.

કૉલેજનું બેફિકરું જીવન છોડીને તેઓ મિલના વહીવટમાં

પરોવાઈ ગયા. આ પ્રસંગે એમના જીવનનો રાહ સુનિશ્ચિત કરી દીધો. સત્તર-અઢાર વર્ષની ઉંમરે શરૂ થયેલી એ કાર્યશક્તિનો અનેક રૂપે વિકાસ થતો જ રહ્યો. જાણે પ્રશાંતપણે સંગૃહીત થયેલું ખમીર યોગ્ય તકની રાહ જોતું હતું. લગભગ છ દાયકા સુધી અવિરતપણે કરેલી એમની કામગીરીને કંઈક આ રીતે વહેંચી શકાય :

દેશવિદેશમાં ભારતના ઉદ્યોગપતિ તરીકે ગુજરાતના શ્રેષ્ઠ મહાજન તરીકે, કેળવણીના સમર્થ હિમાયતી અને પુરસ્કર્તા તરીકે, કાર્યદક્ષ રાષ્ટ્રીય વ્યક્તિ તરીકે, જૈન સંઘના મુખ્ય અગ્રણી તરીકે તેમજ તીર્થસ્થાનોનાં બાંધકામ તથા જીર્ણોદ્ધારના નિષ્ણાત તરીકે – આમ વિવિધ ક્ષેત્રે તેમણે અસાધારણ કીર્તિ પ્રાપ્ત કરી.

માત્ર ગુજરાતના જ નહિ, પરંતુ દેશના એક મોટા ઉદ્યોગપતિ તરીકેની એમની જ્વલંત સફળતાની કીર્તિગાથા તો એમણે સંચાલિત કરેલી અને સ્થાપેલી એકેએક મિલ અને એકેએક કારખાનાં કે સંસ્થાની વિકાસગાથામાં જ સાંભળવા મળે. ઈ. સ. ૧૯૧૨માં તેમણે રાયપુર મિલનો વહીવટ હાથમાં લીધો ત્યારે શરૂમાં તો એક કારકુનની જેમ એમણે કામ કર્યું હતું. મિલનો વહીવટ વડીલોની સલાહ મુજબ ચાલતો, પરંતુ તેમની બુદ્ધિ જેવી કુશાગ્ર હતી તેવી જ પરિણામલક્ષી અને વ્યવહારુ પણ હતી. મિલોના મુશ્કેલીના સમયમાં પોતાની કાર્યદક્ષતા અને કુશળતાથી તેમણે મિલોને નફામાં તરતી કરી દીધી હતી. ઈ. સ. ૧૯૨૯માં એમણે અરુણ મિલ અને ૧૯૩૧માં આજની વિખ્યાત અરવિંદ મિલ ઊભી કરી. ઈ. સ. ૧૯૩૩માં નૂતન મિલ અને ઈ. સ. ૧૯૩૬માં ન્યૂ કૉટન મિલ થઈ. સાત સાત મિલોનાં સંકુલ કસ્તૂરભાઈ ગ્રૂપ ઑફ મિલ્સ તરીકે ઓળખાવા માંડ્યાં. તેમણે આ મિલોના શૅરહોલ્ડરોને પૂરું વળતર આપીને તેમનો વિશ્વાસ ટકાવી રાખ્યો હતો.

કાપડ ઉદ્યોગને વિકસાવવાની આ કામગીરી પૂરી કરીને એમણે બીજા વિશ્વયુદ્ધની શરૂઆતથી અન્ય ઉદ્યોગ તરફ પણ ધ્યાન આપ્યું. ઈ. સ. ૧૯૩૯માં 'અનિલ સ્ટાર્ચ' શરૂ કર્યું અને ૧૯૪૮માં વલસાડ પાસે અતુલ પ્રોડક્ટ્સ - રંગો, રસાયણો અને દવાઓનું જંગી કારખાનું સ્થાપ્યું. આ કારખાનું કસ્તૂરભાઈના સફળ અને કુશળ ઉદ્યોગપતિ તરીકેની સિદ્ધિના સુવર્ણકળશ સમાંન છે. કસ્તૂરભાઈની વહીવટી સફળતા ઘણી બાબતોને આભારી છે : એક તો પ્રામાણિક અને કરકસરયુક્ત વહીવટ. વહીવટ ચલાવવામાં જવાબદારીવાળાં સ્થાનો પર તેઓ નિષ્ણાત અને કાબેલ વ્યક્તિઓને સ્વતંત્ર રીતે કામ કરવાની મોકળાશ આપતા. અલબત્ત, આ સમગ્ર સામ્રાજ્યના કારોબાર પર તેમની ઝીણી નજર સતત ફર્યા કરતી. ઉદ્યોગ અને વ્યવહારુ અર્થશાસ્ત્રની નિપુણતાને કારણે બીજી મિલો, વીમા કંપનીઓ, બૅંકો ઉપરાંત અનેક કંપનીઓના ડિરેક્ટર તરીકે એમની વરણી ઉપરાંત એમને રાષ્ટ્રીય કામોની પણ જવાબદારી સોંપાતી ગઈ. તેઓ આ કાર્યોને ખંત, નિષ્ઠા અને અભ્યાસશીલતાથી સાંગોપાંગ પૂરાં કરતા રહ્યા. પરિણામે રાષ્ટ્રની એક વિશિષ્ટ વ્યક્તિ તરીકે તેમની ખ્યાતિ પ્રસરતી રહી.

આર્થિક અને સામાજિક ક્ષેત્રે પ્રગતિ અને પ્રતિષ્ઠા ઉપરાંત તેઓ રાષ્ટ્રધારાથી પણ અલિપ્ત રહ્યા ન હતા. ઈ. સ. ૧૯૧૮માં માત્ર ૨૪ વર્ષની ઉંમરે ગુજરાતમાં પડેલા દુકાળના સમયે ગાંધીજી અને વલ્લભભાઈની પ્રેરણાથી કસ્તૂરભાઈ તથા અંબાલાલ સારાભાઈએ પ્રશસ્ય કામગીરીથી સરદારનું

દિલ જીતી લીધું. એવી જ કામગીરી તેમણે ૧૯૨૭માં ગુજરાતના રેલસંકટ વખતે પણ બજાવી હતી.

ઈ. સ. ૧૯૨૯માં જિનીવામાં મળેલી ઇન્ટરનૅશનલ લેબર કૉન્ફરન્સમાં ભારતના પ્રતિનિધિમંડળના નેતા તરીકે એમણે હાજરી આપી હતી. ૧૯૩૭થી ૧૯૪૯ તથા ૧૯૫૭થી ૧૯૬૦ સુધી તેઓ રિઝર્વ બૅંક ઑફ ઇન્ડિયાના ડિરેક્ટર હતા. ૧૯૪૩માં ઇજિપ્શિયન રૂની એક લાખ ગાંસડીના સોદામાં ગૂંચ પડી તેનો નિકાલ લાવવા ભારત સરકારે તેમની મદદ લીધી હતી. ૧૯૪૬માં કાપડ ઉદ્યોગને લગતાં યંત્રો મેળવવાની વાટાઘાટો કરવાની કામગીરી સરકારે તેમને સોંપી હતી.

આ ઉપરાંત ૧૯૪૮માં કરાંચીની ખોટ પૂરે એવું બંદર હિંદમાં ઊભું કરવા માટે રચાયેલી કંડલા પૉર્ટ ડેવલપમેન્ટ કમિટીના તેઓ ચૅરમૅનપદે નિયુક્ત થયા હતા. ૧૯૪૮માં જ હિંદ સરકારે પોતાનાં જુદાં જુદાં ખાતાંઓની તપાસ કરીને કરકસરનાં પગલાં સૂચવ્યાં. નીમેલા કમિશનનું અધ્યક્ષપદ કસ્તૂરભાઈને સોંપ્યું હતું. કામ જંગી અને જટિલ હતું. સવા વર્ષ સુધી ખૂબ જહેમત લઈને તેમણે અહેવાલ તૈયાર કરીને સરકારને સુપરત કર્યો હતો.

એક દીર્ઘદ્રષ્ટા ઉદ્યોગપતિ મૂડીને વાપરી નાખવા કરતાં મૂડીનું રોકાણ કરવામાં વધારે માને છે. એ જ રીતે કસ્તૂરભાઈએ પોતાના દાનના વિનિયોગ માટે મુખ્યત્વે શિક્ષણનું ક્ષેત્ર પસંદ કર્યું. તેઓ કહેતા કે શિક્ષણક્ષેત્રે મૂડીરોકાણ એ ખર્ચ નહિ, પણ વાવેતર છે. કસ્તૂરભાઈએ પોતાની તથા પોતાનાં કુટુંબીજનો વતી, શિક્ષણના ક્ષેત્રમાં લગભગ એક કરોડ રૂપિયાની સખાવત કરી છે. તેમણે જીવનમાં કરેલાં મહત્ત્વનાં કાર્યોમાં એક છે, અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની સ્થાપના. શેઠશ્રી અમૃતલાલ હરગોવિંદદાસ અને ગણેશ વાસુદેવ માવળંકર સાથે એમણે આ કાર્યમાં જે જહેમત ઉઠાવી હતી તે અસાધારણ હતી. આ સંસ્થાના સુફળ રૂપે જ અમદાવાદમાં આટલી કૉલેજો શરૂ થઈ શકે. આ ઉપરાંત ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ (આઈ.આઈ.એમ.), સ્કૂલ ઑફ આર્કિટેક્ચર તથા અટીરા જેવી સંસ્થાઓ સ્થાપવાનો યશ પણ કસ્તૂરભાઈને છે. વિદ્યમાન મુનિશ્રી પુણ્યવિજયજીની પ્રેરણાથી અને પોતાનાં કુટુંબીજનોની સખાવતોથી સ્થપાયેલું લાલભાઈ દલપતભાઈ ભારતીય વિદ્યામંદિર (ઇન્ડૉલોજી) તો ભારતીય તેમજ પ્રાચ્યવિદ્યાઓના અભ્યાસીઓ માટે એક વિદ્યાતીર્થ છે. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલોજી જેવી ભારતવ્યાપી સંસ્થાના પણ તેઓ અધ્યક્ષ હતા.

કસ્તૂરભાઈ જૈન ધર્મના ઉપાસક, ગૃહસ્થ સંઘના સુકાની હોવા છતાં સાંપ્રદાયિક અભિનિવેશથી મુક્ત રહ્યા હતા. એમની વિચારસરણી અને કાર્યપદ્ધતિ રૂઢિચુસ્ત અને સુધારાવાદીની વચ્ચેની – મધ્યમમાર્ગી હતી. જૈન તીર્થસ્થાનોનો વહીવટ સંભાળતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનું પ્રમુખપદ તેમણે લગભગ ૫૦ વર્ષ સુધી સંભાળ્યું હતું. આ પદ દ્વારા કળાનાં ધામ સમાં પ્રાચીન તીર્થો સુવ્યવસ્થિત બન્યાં અને અનેક નવાંની તેમણે રચના કરી હતી. સાદું અને શીલસંપન્ન તેમનું જીવન હતું. મહાજન પરંપરાના આ છેલ્લા શ્રેષ્ઠીને ગુજરાત સદાય યાદ કરશે.

સતત ઉદ્યોગરત રહેતા કસ્તૂરભાઈમાં પ્રગાઢ કલાપ્રીતિ અને ઊંચી રસદૃષ્ટિ હોવાનો ખ્યાલ સહજ ન આવે. એમણે જ્યારે ઊંડી સૂઝબૂઝ અને ઝીણવટભરી દૃષ્ટિથી શત્રુંજય, આબુ, તારંગા, રાણકપુર આદિનાં પ્રાચીન જૈન મંદિરોનો પૂર્વવત્ જીર્ણોદ્ધાર કરાવ્યો ત્યારે લોકોને એની જાણ થઈ. તેમાંયે શત્રુંજય

પરનાં મંદિરોની ઉત્કૃષ્ટ કામગીરી પર ચડાવેલા પ્લાસ્ટરના થથેડા અને ખૂણેખૂણા ભરીને અવિચારી રીતે ખડકેલાં નાનાં મંદિર-મૂર્તિઓને રૂઢિચુસ્ત ધર્માચાર્યોના વિરોધવંટોળ સામે પણ અડગ રહીને એમણે એ ઉખેડીને જે દૂર કરાવ્યાં અને એની સ્થાપત્યરચના અસલ રૂપમાં દીપી ઊઠી ત્યારે એમની શુદ્ધ કલાપ્રીતિની સાચી પ્રતીતિ થઈ. એ જીર્ણોદ્ધાર બાબતમાં સોમપુરા શિલ્પીઓને સલાહસૂચન આપતા કે પરદેશી મુસાફરોને ભારતની કલાલક્ષ્મીનો પરિચય આપતા આપણે એમને સાંભળીએ ત્યારે જ એમની રસદૃષ્ટિનો ખ્યાલ આવે. એમનો કલાસંગ્રહ ભારતની આધુનિક કલા-અસ્મિતાના ઉગમ કાળે સંઘરાયેલા કેટલાક બહુમૂલ્ય નમૂનાઓ ધરાવે છે. તેમાં લગભગ ૨૫૦૦ ચિત્રો-સ્કેચો ઉપરાંત ધાતુની તથા પાષાણની મૂર્તિઓ, તિબેટના કાપડ પરના પટ આદિ મળીને ૧૫૦થી ૨૦૦ કલાકૃતિઓ એ સંગ્રહમાં છે.

વિવિધ ક્ષેત્રે આટલું વ્યસ્ત જીવન હોવા છતાં કુટુંબ પ્રત્યે પણ તેઓ એવો જ પ્રેમ અને નિસબત ધરાવતા હતા. તેમની સંવેદનશીલતાનો એક પ્રસંગ જોઈએ : ૯મી ફેબ્રુઆરી - ૧૯૫૦નો દિવસ. કસ્તૂરભાઈ મુંબઈ હતા. ત્યાંથી કંડલા બંદર સમિતિની સભામાં હાજરી આપવા ભુજ જવાના હતા. ત્યાં જ પત્ની શારદાબહેનની માંદગી અંગે નરોત્તમભાઈનો ફોન આવ્યો, એટલે અમદાવાદ આવ્યા.

શારદાબહેનને પેટમાં સખત દુખાવો થતો હતો. દાક્તરો નિદાન કરી શકતા ન હતા. બીજે દિવસે બપોર પછી ઑપરેશન કરવાનું નક્કી થયું. ચાર જ દિવસ પછી ૧૪મીએ શારદાબહેનનું અવસાન થયું.

કસ્તૂરભાઈને માથે આભ તૂટી પડ્યું. ઊંડો આઘાત લાગ્યો. પાંત્રીસ વર્ષના સહવાસે જીવન જે ભર્યું ભર્યું બન્યું હતું તે એક જ વ્યક્તિના જતાં જાણે લુખ્ખું વેરાન બની ગયું. સંયમી અને દૃઢ મનોબળવાળા કસ્તૂરભાઈ પત્નીના વિયોગથી ભાંગી પડ્યા. લાંબા સમય સુધી આ ઘા રુઝાયો નહિ.

લગભગ બે મહિના જેટલો સમય વીતી ગયો હતો. સાઇનેમાઇડ કંપનીના પ્રતિનિધિઓ ન્યૂયૉર્કથી આવેલા. તેમને માટે કસ્તૂરભાઈએ હોટેલમાં એક ભોજનસમારંભ ગોઠવેલો. શારદાબહેનના અવસાનને એકાદ-બે માસ જ થયેલા. પરદેશી મહેમાનો પ્રત્યે અવિવેક ન થાય એટલા માટે જ માત્ર તેઓ હાજરી આપવા ગયેલા. ધંધાકીય વાતચીત થઈ. ત્યારબાદ કૌટુંબિક સ્તર પર આવતાં જ કસ્તૂરભાઈ સંયમ ન જાળવી શક્યા. તે વખતે હૃદયમાં પત્નીના સ્મરણથી એવો ડૂમો ભરાઈ આવ્યો કે બધાની વચ્ચે ખુલ્લેખુલ્લું રડી પડાયું હતું.

પછીનાં વર્ષોમાં તેમણે ભાગ્યે જ દિવાળી અમદાવાદમાં ગાળી હશે. એ દિવસોમાં તેઓ કોઈ તીર્થસ્થાને જઈ આત્મચિંતન કરતા.

# પાલમાં પ્રાગટ્ય, ઉનામાં અસ્ત

દોલત ભટ્ટ

આબુના પેટાળમાંથી પ્રગટ થઈને ગુજરાતની પૃથ્વીને પખાળતી, જીવસૃષ્ટિને ચેતનવંતી રાખતી, પશુધનને પાળતી, પોષતી, હરિયાળી વેરતી, હૈયે હેરતી કુંવારિકા રૂપે કચ્છના રણમાં સમાતી બનાસનો અસબાબ અહોનિશ પથરાયેલો રહેતો.

જેની ઉત્તરે મારવાડનો મારગ પડેલો છે, દક્ષિણે પાટણના સીમાડા સૂતા છે, પૂર્વે પર્વતમાળની કાતર બંધાયેલી છે તો વૃક્ષ વિહોણા વિસ્તારનો ખારોપાટ પશ્ચિમે પથરાયેલો છે જેની ઉપર કાઠિયાવાડના કેડા કંડારાયા છે એવા પાલના નગરને ટીંબે.

ખીમસરા ગોત્રના અને ઓશવાળ વંશના વેલા કુંરાશાહના ખોરડે નાથીબાની કૂખે વિક્રમ સંવત અઢારસો ત્યાશીની માગશરના શુક્લપક્ષની નોમ ને સોમવારે શિશુએ જન્મ ધારણ કર્યો ત્યારે શિશિરની શરૂઆતનો શીળો સમીર ગુલાબી મોસમની મીઠપ વેરતો વિહરી રહ્યો હતો. કુંરાશાહની ડેલીએ થાળી પર દાંડી પડી. થાળીના ઊઠતા રણકારે શેરીમાં સૌને ખબર દીધા કે કુંરાશાહના ઘેર કંદોરાના પહેરનારનો જન્મ થયેલો છે.

સંસારનાં સપનાં પૂરાં થયાં. સૌનાં ચિત્ત આનંદથી છલકાતાં હતાં. હૈયાં હરખાતાં હતાં. શેઠને ઓરડે છઠનો દીવડો ઝબૂકતો હતો. વિધાતા લેખણ કર ધરીને શિશુના તકદીરની ટાંક મારતી હતી. લેખણમાંથી આવનારા વખતની વાત મંડાતી હતી. વિધિએ શા શા લેખ લખ્યા ?

જિનશાસનને શોભાયમાન કરશે. ઈર્ષ્યાળુઓની આંખનાં ઝેર પારખશે ને પોતાના પ્રેમથી તેને ઉતારશે. ત્યાગ, તપનાં તેજે ઝળાંઝળાં થશે. હિંદના વિધર્મી સમ્રાટને જ્ઞાનગંગામાં ઝબોળશે. દલ્લીના દરબારમાં દબદબાભર્યાં આદરમાન થશે. કવિઓ જેના યશોગાન

ગાશે. દીવના દરિયાકાંઠે અણખૂટ અજવાળાં પાથરનાર આતમદીફ ઓલવશે. લાખો હૈયાં રુદન કરશે. આવા આવા લાંબી લેખણે લેખ લખીને ભવિષ્યની ભાખનારી દેવીએ વિદાય લીધી. ત્યારે ઉગમણા આભમાં ઉજાસનાં કિરણો ફૂટફૂટ થઈ રહ્યાં હતાં. શિશુનું નામ પાડ્યું હીરજી.

ત્રણ ભાઈઓ અને ત્રણ બહેનોમાં સૌથી નાના હીરજી પર હૈયાનાં હેત વરસતાં હતાં. હીરજીના શૈશવ સમયની કાયા પર કિશોર અવસ્થાની કૂંપળો ફૂટી. પિતાએ પુત્રને વહેવારિક જ્ઞાન સાથે ધર્મસંસ્કારના સિંચન માટે ચિંતા સેવી. હીરજીને સાધુના સાન્નિધ્યમાં મૂક્યો.

બાર વર્ષની વયે આંબતા પૂર્વેના સુકર્મના સૂર્યોદય પૂર્વેનું ભીતરમાં પુણ્યવંત પ્રભાતનું પહોર ફાટી રહ્યું. તપની તેજરેખાઓ ધીરે ધીરે તણાઈ રહી. ગૂઢ-નિગૂઢનાં ગ્રહણ-મંડાણ મંડાઈ ગયાં. વિશ્વનિયતિ અનુસાર હીરજીનાં માતા-પિતા પરલોકને પંથે પરહર્યાં. આ ઘટના હીરજીના હૈયાને સંસારની અસારતાનો અણસારો આપી ગઈ.

હીરજીની બે બહેનો વિમળા અને રાણી પરણીને પાટણ પર હરેલી. પાટણમાં વસવાટ, હીરજીને પાલનપુરથી પાટણ તેડી ગઈ. પાટણમાં તે સમયે શ્રી વિજયદાનસૂરિજી મહારાજનો પુણ્યપ્રભાવ પથરાયેલો હતો. તેમના પગલે પુનિત પમરાટ પથરાતો હતો. જેની વાણીમાંથી નરી નિર્મળતા નીતરતી હતી. આવા ભગવંતને વંદન કરવા જવાનો હીરજીનો નિત્યનો નિયમ થઈ ગયો. દિવસ ઊગ્યા ને આથમ્યા, વહેવારીને તહેવારોની ઘટમાળો ફરતી રહી પણ હીરજીના હૈયામાં હીરગાંઠ ગંઠાતી રહી. દશેય દિશાઓના દરવાજા ઉઘાડવાનું સામર્થ્ય એકમાત્ર દીક્ષામાં સમાયેલું છે. દીક્ષાનો ભાવ દૃઢ થયો. ભીતરમાં પાયા જામેકામી ધરબાણા.

એક દિવસ મનના મનોરથ હીરજીના મુખારવિંદમાંથી સરી ગયા. બહેનો ચોંક્યાં અને ચેત્યાં. નારીહૃદયની સહજ લાગણી ભાઈને સંસારી સુખમાં જોવાની ઇચ્છુક હતી. તેમ બંને બહેનોના ચિત્તમાં ધર્મભાવનાનાં સુમન પણ મહેકતાં હતાં. તેથી તેમને સમજણ હતી કે માનવજન્મનો મુક્તિમાર્ગ દીક્ષાની દિવ્યતામાં સમાયેલો છે. બહેનોએ અનુમતિ આપી નહીં અને વિરોધ વ્યક્ત કર્યો નહીં.

પાટણના પ્રાંગણમાં પુનિત દિવસ પ્રગટ્યો. શ્રી વિજયદાનસૂરિના શિષ્ય તરીકે હીરજીએ દીક્ષા ગ્રહણ કરી. સંસારનો જેને છેડો છબ્યો નહોતો એવા હીરજીમાંથી હીરહર્ષ મુનિનો ઉદ્ભવ થયો. એ દિવ્ય દિવસ હતો સંવત પંદરસો છન્નુ (સં. ૧૫૯૬)ના કારતક કૃષ્ણપક્ષની બીજનો. પછી તો સાધુતાનાં શિખરો ચઢીને સૂરિપદને પામીને હીરવિજયસૂરિના નામે પંકાયા અને પૂજાયા.

તે વખતે દેશના તખ્ત પર સમ્રાટ અકબરની સત્તાનો સૂરજ સોળે કળાએ તપતો હતો. કલાનો પોષક અને સંગીતનો ઉપાસક બાદશાહી દરબાર ડોલરના બગીચાની જેમ મઘરો મઘરો મહેક મહેક થતો હતો.

એક દિવસ શાહી મહેલના ઝરૂખામાં સમ્રાટ અકબર આરૂઢ છે. એની ગુરુર નજર ચારેય સીમાડાને આંબી રહી છે. યમુના અને ચંબલનાં વહેતાં વારિનો નિનાદ સંભળાઈ રહ્યો છે. તે વખતે રાજમાર્ગ પરથી પસાર થતાં વાજિંત્રોનો ઊઠતો રવ ઝરૂખે બેઠેલા બાદશાહને કાને જઈને ગુંજ્યો.

અકબરે જોરાવર ભુજાની બે હથેળીઓની તાળી પાડી હાક મારી, 'કોણ છે હાજર ?'

'જી હજૂર.' બોલતા તાબેદારોએ શિર ઝુકાવી ફરમાન સાંભળવા કાનને સાબદા રાખ્યા.

'આ ધામધૂમ શાની છે ?'

'જહાંપનાહ, એક શ્રાવિકાએ છ માસના ઉપવાસ કર્યા તે તપ પૂરું થયાનો આ ઉત્સવ ઊજવાઈ રહ્યો છે.'

'છ માસના ઉપવાસ !' આશ્ચર્યથી સમ્રાટ અકબરની બેય ભમ્મરો ખેંચાઈને ભેળી થઈ ગઈ. 'તાજ્જુબી'. સમ્રાટ અકબરે વાતનો તાળો મેળવવા મંગળ ચૌધરી અને કમરૂખાન નામના બે માણસોને શ્રાવિકાના ઘેર મોકલ્યા.

આદર સાથે ચંપાબહેનને પૂછ્યું, 'છ મહિના સુધી અન્નત્યાગ કર્યા પછી તમે ટકી શકો એ કેવી રીતે શક્ય બને ?'

ચંપાબહેનનો એક જ ઉત્તર હતો, 'દેવ-ગુરુદેવની બેવડી કૃપા બળ પૂરે છે ને હું તપમાં પાર ઊતરું છું.'

'કોણ છે તમારા ગુરુ ?' શાહી નોકરોએ સગડ શોધવા સીધા સવાલનો આધાર લીધો.

'મારા દેવ છે તીર્થંકરો અને ગુરુ છે હીરવિજયસૂરિ. ગુજરાતમાં વિહાર કરે છે.'

તપસ્વિની ચંપાબાઈને વંદન કરીને બંને જણા વળી નીકળ્યા.

સમ્રાટને વાતથી વાકેફ કર્યા. વાત સાંભળીને શાહી તખ્તના સર્વેસર્વા સમ્રાટને હીરવિજયસૂરિનાં દર્શનની દિલમાં ઝંખના જાગી. ગુજરાતના સૂબા ઉપર રૂકો લખાણો કે 'હસ્તી-અશ્વો-પાલખી સહ-સન્માન સહ શ્રી હીરવિજયસૂરિને અહીં મોકલો.'

સૂબાએ અમદાવાદના સંઘના મોવડીઓની મુલાકાત લીધી. સમ્રાટ અકબરના આમંત્રણની જાણ કરી. વાત સાંભળી પહેલાં તો મોવડીઓ મૂંઝાણા પણ પછી નિરધાર ઉપર આવ્યા કે આપણે હા-ના કહેવી નહીં. ગુરુદેવને વાતની જાણ કરવી.

હીરવિજયસૂરિજી તે વખતે ગાંધારમાં બિરાજતા હતા. વચ્છરાજ પારેખ, મૂળા શેઠ, નાના વિપુશેઠ અને કુંવરજી ઝવેરી ગાડીઓ જોડાવી ગાંધાર પૂગ્યા.

ખંભાતથી ઉદયકરણ સંઘવી, વજીઆ પારેખ, રાજીઆ પારેખ અને શ્રીમલ્લરાજા પરબારા ગાંધાર આવ્યા.

અકબરનું તેડું આવ્યાની સૂરિજીને માંડીને વાત કરી. કેમ કરવું ? જવું જોઈએ કે નહીં ? તેના વિચારોનાં વર્તુળો રચાતાં રહ્યાં. કોઈ સંઘ નિરધાર પર આવી શક્યો નહીં. આખરે હીરવિજયસૂરિએ પોતાનો દૃઢ સંકલ્પ સંઘને જણાવ્યો.

'અકબરના આમંત્રણને પાછું ઠેલવું નહીં, મારે જવું એવું હું માનું છું.'

ભય ભાગી ગયો. શંકા-કુશંકા સમેટાઈ ગઈ. વિહારનાં તિથિ-વાર નક્કી થયાં. ધર્મયાત્રાનો કેડો કંડારાયો. સૂરિજીના ચરણ ચાલ્યા. પહેલો પડાવ ચાંચોલમાં થયો. પછી તો ઝંબુસર ધુઆરણાના કાંઠે મહિસાગર પાર કરી પુનિત પગલાં વટાદરે પૂગ્યાં. ખંભાતના સંઘે વટાદરામાં વંદન કર્યા. સોજીત્રા, માતર, બારેજા થઈને અમદાવાદનું આંગણું ઉજાળ્યું. થોડા દિવસની સ્થિરતા કરીને સૂરિજીનાં પગલાં પંથ કાપવા લાગ્યાં. ઉસમાનપુર, સોહલા, હાજીપુર, બોરીસણા, કડી, વીસનગર અને મહેસાણા થઈને પાટણ પધાર્યા. ગુજરાતની સીમા છોડીને રાજસ્થાનની ડુંગરી કેડીઓને જીવંત કરતા પહોંચ્યા ફતેહપુર સિક્રીની લગોલગ.

હીરવિજયસૂરિના આગમનની જાણ સમ્રાટને કરવામાં આવી. બાદશાહનું ફરમાન છૂટ્યુંઃ ‘સ્વાગતની તૈયારીઓ કરો !’

હાથી, ઘોડા, ઊંટ, ડંકા, નિશાન, નેજા, નોબતોના નાદ થઈ રહ્યા. ત્યાગ, ટેક અને તપનો ત્રિવેણીસંગમ જેમનામાં રચાઈ ગયો છે એવા સૂરિજીનો સાક્ષાત્કાર કરવા હજારો નરનારીઓ, આબાલવૃદ્ધો આતુર આંખે ખડાં થઈ રહ્યાં.

શ્રાવક નાથસિંઘ અને વિદ્વાનમાં જેની ગણના થતી હતી તે અબુલ ફજલે સૂરિજીનું સ્વાગત કર્યું. ઉપાશ્રયે સ્થિરતા કરી. સમ્રાટના દરબારમાં પધારવાનો સમય નિર્ધારિત થયો. સૂરિજી સહિત તેર સાધુઓ તેરસના દિવસે બાદશાહના દરબારમાં અહિંસાના ઉપદેશનો અમી-છંટકાવ કરવા દાખલ થયા કે સમ્રાટ સિંહાસન ઉપરથી ઊઠીને સૂરિજીને આવકારવા-સત્કારવા સામા ચાલ્યા.

જ્યારે સમ્રાટને અબુલ ફઝલે બયાન કર્યું કે ‘સૂરિજી ગુજરાતના ગાંધારથી ઉઘાડા પગે ચાલીને અહીં આવ્યા છે, તેઓ એક વખત ભોજન લે છે અને ભૂમિ પર સૂએ છે.’ આવું કથન સાંભળીને અકબરને અચંબો થયો.

સમ્રાટ અકબરે જૈન તીર્થધામો અંગે જાણવાની જિજ્ઞાસા કરી કે તત્ક્ષણ સૂરિજીએ શત્રુંજય, ગિરનાર, સમેતશિખરજી, અષ્ટાપદ વગેરે તીર્થધામોનો મહિમા કહ્યો. સમ્રાટ અકબરને સૂરિજીના ધર્મસિદ્ધાંતો રસપૂર્વક સમજવાની ઇંતેજારી થઈ. તેમણે ચિત્રશાળાના એક ખંડમાં બેઠક ગોઠવી. ચિત્રશાળામાં પ્રવેશદ્વારે ગાલીચો પથરાયેલો જોઈ સૂરિજી થંભી ગયા એટલે સમ્રાટે કારણ પૂછ્યું.

બાદશાહને જવાબ જડ્યો કે ગાલીચા ઉપર ચાલવાનો અધિકાર અમારો નથી તેનું કારણ એટલું જ – અહિંસા ! આ ગાલીચા નીચે જીવજંતુ કચડાય કે પીડાય તે પણ હિંસા !

પછી તો ચિત્રશાળાના ખંડમાં સમ્રાટ અને સાધુ વચ્ચે સત્સંગનો સેતુ રચાયો. સવાલો, સંશયો અને ધર્મકર્મની આંટીઓના ઉકેલ મંગાયા. સૂરિજીએ સમ્રાટને પરમપદની પ્રાપ્તિનો સાર સમજાવ્યો. એની ટૂંકમાં નોંધ આટલી જ લઈએ કે રૂપ, રસ, ગંધ અને સ્પર્શ પણ જેને નથી તેમ રોગ, શોક અને ભય પણ જેને નથી તે અનંત સુખનો અનુભવ કરે છે. ગુરુનું ગુણવર્ણન પણ તેમણે પોતાની દિવ્યવાણી દ્વારા દર્શાવ્યું.

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનું પાલન કરે છે. ભિક્ષામાત્રથી પોતાનું

પોષણ કરે છે. જેના સમભાવરૂપ સામાયિકમાં નિરંતર સ્થિરતા ધારણ કરેલી છે. જેઓ સદા ધર્મનો ઉપદેશ કરી સૌનું કલ્યાણ કરે તે ગુરુ. આવા અમાપ ઊંડાણવાળા જ્ઞાન દ્વારા સૂરિજીએ સમ્રાટના ચિત્તતંત્રને ચેતનવંતું બનાવી દીધું.

આમ, સૂરિજી અને સમ્રાટ વચ્ચે વાર્તાલાપનો સતત દોર સંધાયો. એમાં જ્યોતિષ, ગ્રહો, જ્ઞાનગ્રંથ વગેરે અનેકવિધ વિષયો વિસ્તારથી વર્ણવાયા. સૂરિજીના સત્ વચન અને સત્ વહેવારનો વિરાટ મેરુ રચાતો રહ્યો. સમ્રાટ સૂરિજીની ઇચ્છાઓને આજ્ઞા સમજી પાળતા રહ્યા. સૂરિજીએ કહ્યું, 'પાંજરામાંથી પક્ષીઓને મુક્તિ મળે તો જન્મારાનો ફેરો ટળે.' પિંજરે પુરાયેલાં પક્ષીઓ મુક્ત થયાં. અનંત આભાની છાયામાં એની પાંખો વીંઝાતી જોઈ સૂરિજીની આંખમાં અમીભાવ છલકાયા.

જીવોને અભયદાનની અપેક્ષા રાખી. ડાબર તળાવના તીરે માછલાંના મોતનો પૈગામ લઈને પળે પળે પથરાતી જાળ સંકેલાણી. આમ, અનંત જીવોનું કલ્યાણ ઇચ્છતા હીરવિજયસૂરિજીએ ફતેહપુર સિક્રી જેવાં અન્ય સ્થળોએ વિહાર કરીને પુનઃ ગુજરાત તરફ પ્રયાણ કર્યું. તે પહેલાં સમ્રાટ અકબરે કેટલાંક ફરમાનો બહાર પાડીને તેમના પ્રત્યે ઊંડા આદરની લાગણી જાહેર કરી હતી અને સૂરિજીની માંગણી મંજૂર કરી હતી.

સૂરિજી પાટણ પધાર્યા. ત્યાંથી પાલીતાણા યાત્રા આરંભી. સંઘ અમદાવાદ પહોંચ્યો. અમદાવાદથી શત્રુંજય સૌ પહોંચ્યા. યાત્રા કરી સૌ વિખરાયા. હીરવિજયસૂરિજી ચૌટા અને દેલવાડાના માર્ગે દીવ ગયા. દીવથી તેઓએ ઉનામાં નિવાસ કર્યો. ત્યાં સ્થિરતા કરી અને સંવત ૧૬૫૨ ને ભાદરવા સુદ ચોથ, ઈ. સ. ૧૫૯૫ના સપ્ટેમ્બર માસની ચોથી તારીખે કાળધર્મ પામ્યા.

# સંત-કવિ મેકણદાદા

ગુલાબ દેઢિયા

"સંત, સાધ, સતિયું ને શૂરા;
તપસી, પીર ફકીર જ પૂરા."

દુલેરાય કારાણીસાહેબે કહ્યું છે : કચ્છમાં સંત, સાધુ, સતી, શૂરવીર, તપસ્વી, પીર અને ફકીરોએ ધરણીને ધન્ય બનાવી છે.

કચ્છના સંત કવિઓનો વિચાર કરતાં પહેલું નામ મેકણદાદાનું યાદ આવે. એમનો જન્મ કચ્છના નાની ખોંભડી ગામે ઈ. સ. ૧૬૬૭માં વિજયાદશમીના દિને થયો હતો. માતાનું નામ પબાબા અને પિતાનું નામ હરધોરજી ભટ્ટી હતું. તેઓ જ્ઞાતિએ ક્ષત્રિય રાજપૂત હતા.

મેકણદાદાએ કાપડી સંપ્રદાયમાં મહંત ગંગારામ પાસે માતાનો મઢ(આશાપુરા)માં બાર વર્ષની વયે દીક્ષા લીધી હતી. સાઠ વર્ષની વયે ઈ. સ. ૧૭૨૭માં મેકણદાદાએ ધ્રંગ ગામમાં સમાધિ લીધી હતી.

આ વિગતો ઉપયોગી છે પણ મહત્ત્વની તો એમની વાણી છે. એમની સહજ, સરળ કવિતા તત્ત્વજ્ઞાનની અઘરી વાતોને લોકબોલીમાં સમજાવી દે છે.

એમની ખૂબ પ્રચલિત સાખીથી શરૂઆત કરીએ. સાખી કચ્છી ભાષામાં છે. પછી એનો અર્થ જાણીશું.

'મું ભાયો તડ હિકડો, પણ તડ લખ હજાર;
જુકો જ્યાં લંગયો, સે ઉતરી જ્યો પાર.'

મેં માન્યું હતું કે પાર ઊતરવા માટે એક જ કિનારો છે પણ કિનારા તો અનેક - લાખ-હજાર છે. જે કોઈ જ્યાંથી, જે માર્ગે તરી ગયો તે ઊતરીને પાર પામી ગયો છે. સાધનાની વિશાળતાની અહીં વાત છે. સાધનાને કોઈ વાડા, બંધન કે કાયદા ન હોય. એ તો આકાશ જેવી હોય છે. અંદરથી પ્રગટે અને પાર પહોંચાડી દે.

કવિ, સાધક, સંત કે જાણતલને હંમેશાં એવું થયા કરે કે, મને સમજનાર સમજુ મળી જાય તો મજા પડી જાય. કવિ લખે છે :

'ગુઢારથ જ્યું ગાલિયું, વધીને વડ થયું,
ચંગે માડુએં ન પૂછિયું, મનજ્યું મનમેં રઇયું.'

ગૂઢાર્થની વાતો વધીને વડ થઈ ગઈ. ચંગા-ડાહ્યા-સમજુ માણસોએ મને પૂછી નહીં એ વાતો મનની મનમાં જ રહી ગઈ. કોઈ પણ સાધક, કલાકાર, જ્ઞાની કે ડાહ્યા માણસના અંતરતમને ખૂલવા માટે મર્મજ્ઞ શ્રોતાવર્ગ, ભાવકવર્ગ જોઈએ; તો રસ જામે.

સંત કવિ માટે સર્જન કેવું સહજ છે, અંતર કેવું ઊઘડી રહ્યું છે !–

'મુંજે મનજ્યું ગાલિયું, જેડિયું સમંધર લેરિયું,
હિકડીયું પૂગ્યું તડ મથે, બઇયું ઊપડીયું.'

મારા મનની વાતો ઉદધિતરંગ જેવી છે. એક કાંઠે પહોંચી નથી કે બીજી ઊપડે છે. સાખી કેવી ચિત્રાત્મક છે ! સાગરતરંગ અને સર્જનમનની લીલા અદ્ભુત છે. અનુભવજન્ય સર્જન અનોખું જ હોય છે. જે ભીતરથી આવે, સરળ હોય, ગામડાના જીવનની સુગંધ હોય. અઘરી વાતને સરળ છતાં અસરકારક બનાવતાં મેકણદાદા લખે છે :

'અજ અજુણી ગુજરઇ સિભુ થીંધો બ્યો;
રાય ઝલીંધી કિતરો ? જેમેં માપ પેઓ.'

આજનો દિવસ તો વીતી ગયો, કાલે બીજી સુબહ થશે, ખળામાં રાખેલ અનાજનો ઢગલો (રાય-રાશિ) કેટલી વાર ટકશે ! જેમાં અનાજ કાઢવાનું કામ માપિયાથી શરૂ થઈ ગયું છે. સમયનું સોનું સાચવી લેવાની, પ્રમાદમાં સમય ન વેડફી દેવાની ઉત્તમ સલાહ કેવા ચિત્રાત્મક ગ્રામ્ય પરિવેશ દ્વારા કહેવાઈ છે!

બધા જ્ઞાની સંતો જીવનની નિસ્સારતા ઓળખી ગયા હોય છે. આ દેહ નશ્વર છે. આપણે સૌ મૃત્યુની સન્મુખ કતારમાં ઊભા છીએ. ચેતવા જેવું છે. અજ્ઞાની, અંધશ્રદ્ધાળુ કે ઢોંગી લોકોને સંત મેકણે આ સલાહ આપતાં સાખી લખી :

'જાં વિનાં જીરાણમેં ત કોરો ઘડો મસાણ,
જડેં તડેં જીતવા ! ઈ પલ થીંધી પાણ.'

જ્યારે મસાણમાં જઈને હું નજર કરું છું તો કોરો ઘડો ત્યાં પડ્યો છે, કોઈકે વિદાય લીધી છે. હે જીવ ! ક્યારેક આપણી પણ એ જ ગત થવાની છે.

તત્ત્વજ્ઞાનની, સિદ્ધાંતની વાતો ગૂઢ હોય, અઘરી પણ હોય, શાસ્ત્રને સમજવા બહુ ઊંડે ઊતરવું પડે પણ સંતની વાત તો તંત વગરની સરળ હોય, અભણને પણ સમજાય. મેકણદાદા શું પૂછે છે?

'ભલો કરીંધે ભલો થીએ, ભૂછો કરીંધે ભૂછો;
પંધ ઈ તાં પધરો, મું કે કુલા પૂછો ?'

ભલું કરશે તો સારું થશે, બૂરું કરીશ તો બૂરું થશે. એ પંથ પાધરો છે, મને શું પૂછ્યા કરો છો? સત્ અને અસત્‌ની વાત બધા જ ધર્મોએ, જ્ઞાનીઓએ આ રીતે જ કરી છે. જ્ઞાની કવિ અખો કે કબીરદાસ જેવા મરમીઓની યાદ આ સાખીઓ સાંભળતાં જ આવી જાય છે.

પ્રિયજન કોને ન ગમે ! પ્રિયજનનો મેળાપ કેવો હોય છે ! એ સત્સંગ, એ મેળાપ, એ મહેફિલ માટે કવિ મોંઘા મોલની વાત કરે છે :

'વિઠે જિની વટે, સો ઘટે શરીરજો;
મોંઘા દઈને મટ, પરિયન રખજે પાસમેં.'

જેમની સંગાથે, પાસે બેસતાં દેહનાં દુઃખ ઓછાં થઈ જાય, મટી જાય એવા પ્રિયજનોને તો મોંઘા દામ દઈને પણ પાસે રાખવા જોઈએ. પ્રિયજનથી મોંઘેરું કંઈ નથી. અંતર સુખ દેનાર એ જ છે.

અંદર વળવાની વાત, જાતને ઓળખવાની વાત, આત્મનિરીક્ષણની વાત કોણે નથી કરી ? મરમી સંત મેકણદાદા કહે છે,

'ખોજ કર ખંત સેં, નાંય કિડાં પરો;
નકામી ધોડું કઢીએં, આય તાં મિંજારો.'

ખંતથી, દિલથી, લગાવથી, એકાગ્ર થઈને, ખોજ કર, શોધ કર, તો એ પરમ તત્ત્વ ક્યાંય દૂર નથી. અતિ નિકટ છે. નિરર્થક જ્યાંત્યાં દોડાદોડી કરે છે. એ તો અંતરમાં જ બિરાજમાન છે.

વાદ-વિવાદ, પંથ, જાત, ભેદભાવ, ક્રિયાકાંડ, વાડાબંદી, અહંકાર એ બધાંથી દૂર રહીને સંત મેકણે પોતાના સમયમાં હિંદુ અને મુસ્લિમ ભાવકોને એક કર્યા. જેને સમાજ છેલ્લી પંગતમાં બેસાડતો એવા ગરીબ, અજ્ઞાની જનોને પોતાના કર્યા, અરે ત્યાં સુધી લાલિયા ગધેડા અને મોતી કૂતરાને પોતાના સાથી બનાવી રણના તાપમાં લોકોને પાણી પાયાં.

મેઘકરણ-મેહકરણ-મેકરણ અને મેકણ એવું એમના નામની વ્યુત્પત્તિ માની શકાય. કચ્છ ભલે એમની માતૃભૂમિ રહી, કચ્છ અને કચ્છી ભાષાને ન્યાલ કર્યાં પણ મેકણદાદાએ દ્વારકા, ગિરનારમાં વસવાટ પણ કર્યો હતો. બીલખા, જંગી, લોડાઈ અને ધ્રંગમાં બાર-બાર વર્ષ રહી એમણે સત્સંગની સર્વજીવ સેવાની ધૂણી ધખાવી હતી.

નિઃસ્પૃહી એવા કે કચ્છના રાજા રા' દેશળજીએ સામે ચાલીને કોરી (કચ્છનું નાણું) આપવાની વાત કરી તો આ ઓલિયા ફકીરે કહી દીધું,

'કોરિયું કોરિયું કુરો કર્યો, કોરિએમેં આય કુડ,
મરી વેંધા મેકો ચેં, મોંમેં પોંધી ધૂળ.'

નાણું નાણું શું કરો છો, ધનની લાલચ ખોટી છે. મોત આવશે ત્યારે કોઈ સાથ નહિ આપે. ધનથી બધું ખરીદી શકશો, મોતને નહિ રોકી શકો. ત્યારે મોઢામાં ધૂળ પડશે, બધું ધૂળમાં મળી જશે.

ઢોંગી, ધુતારા, કથાકાર, કુસાધુઓની બોલબાલા દરેક જમાનામાં રહી છે. સંત-કવિ તો એવા બનાવટી ભજનિકોની પોલ ખુલ્લી કરતાં કહી દે છે બેધડક :

'તંભૂરે તે તંધ ચડાઇંએ, વડીયું ડિએં તા ધાંઉં,
રામ તડેં રાજી થીએ, જડેં છડાજે આઉં.'

તૂંબરાના તારને વળ ચડાવે, મોટા આલાપ દઈ ભજન લલકારે એમને પ્રભુ નથી મળવાના. જ્યારે અહં છોડાશે, અહંકાર ગળી જશે ત્યારે જ પ્રભુ મળશે. સામાન્યજનને સમજાય, ગળે ઊતરે એવી લોકભોગ્ય ભાષા એ સૌ સંત-કવિઓની વિશેષતા રહી છે.

એક ઘરગથ્થુ ચિત્રને કવિ કઈ ઊંચાઈ સુધી લઈ જાય છે તે જોઈએ. અહીં મર્મ છે, કવિતા છે અને અંતરની વાત પણ છે.

'જબ લગ દીબી ઊફણે, તબ લગ સીઝી નાહિ;
સીઝી કો તબ જાનીયે, જબ નાચત કૂદત નાહિ.'

ખીચડી રાંધવા મૂકી હોય. જ્યાં લગી ખીચડી કાચી છે ત્યાં લગી હાંડલીમાં એ ખીચડી ઊંચીનીચી થાય. જ્યારે બરાબર રંધાઈ જાય ત્યારે ખીચડી શાંત થઈ જાય. જીવતરની પૂર્ણતાની વાત પણ આવી જ હશે ને ! અધૂરા ઘડાની કહેવત કંઈ અમથી થોડી આવી છે !

આજના મનોવૈજ્ઞાનિકો જે કહે છે, આપણો સૌનો અનુભવ છે તે વાત સૈકાઓ પહેલાં મેકણદાદાએ કઈ રીતે કહી !

'કડેંક મન માકુડી, કડેંક મનડો સીં,
હેડો હિકડી ધાણ, રે ન સજો ડીં.'

મન ક્યારેક કીડી-મંકોડી જેવું નાજુક, તુચ્છ વિચારે છે તો ક્યારેક બહાદુર સિંહ પણ એ જ મન બની જાય છે. મનની ભાવદશા દિવસમાં દસ વાર બદલાતી રહે છે. દિનભર એક મનોદશા રહેતી નથી. મનને સમજવું, વશ કરવું, અંદર વાળવું અઘરું છે તે મનોવિજ્ઞાનની વાત આ કચ્છી સાખીમાં કહેવાઈ છે.

જીવનના ઉચ્ચ લક્ષ્યને પ્રાપ્ત કરવા જીવનને ઉદાત્ત બનાવવા કવિ કેવી અસરકારક વાત કહે છે!

'પોખા ! કર પોખ, વત્તર વેંધી વરી;
થીંધી શોધાશોધ, મેકણ ચેં હથ હણને હારી.'

હે ખેડૂત ! તું વાવણી કરી લે, બીજ વાવી દે; આ ખેતરની — મનની ઉષ્મા, ભીનાશ ચાલી જશે પણ તારી શોધખોળ કામ નહીં આવે. તું હાથ ઘસતો રહી જશે.

અક્ષર કોને કહીએ ? જે ક્ષર ન થાય, નાશ ન પામે તેને. અમુક વાતો અકાટ્ય, અવિનાશી હોય છે. કાળ જેને કંઈ નથી કરી શકતો. કવિ મિત્રભાવે જે શિખામણ આપે છે તે ગાંઠે બાંધવા જેવી છે:

'જિયો ત ઝેર મ થિયો, સક્કર થીજા સેણ;
મરી વેંધા માડુઆ, રોંધા ભલેંજા વેણ.'

હે ભલા માણસો ! તમે સાકર જેવા મીઠા, સદ્‌ગુણી થજો. રાગ-દ્વેષથી ભરેલા ઝેરી ન થતા. મરણ તો આવશે પણ ભલા માણસોની વાતો ભુલાશે નહીં, જીર્ણ નહીં થાય, સદાકાળ રહેશે.

સર્વત્ર પ્રભુદર્શન કરનાર, સમભાવી સરળ આત્મા મેકણદાદાએ પ્રકૃતિને કઈ દષ્ટિએ નિહાળી છે!

'પિપ્પરમેં પણ પાણ, નાંય બાવરમેં બ્યો;
નિમમેં ઉ નારાણ પોય, કંઢેમેં ક્યો ?'

પીપળાના ઝાડમાં પરમાત્માનો વાસ છે. બાવળમાં પણ એ જ છે. લીંબડામાં નારાયણ છે તો કાંટાના વૃક્ષ ખીજડામાં કોણ છે ?

ઉપમાઓની ઉજાણી જોઈએ :

'દેહ ગોલો, દયા ગોફણ, ચેતન હણણહાર;
તિની સંધે ખેતર કે, કુરો કરીંધો કાળ ?'

દેહરૂપી ગોળો હોય, દયારૂપી ગોફણ હોય, ઘા કરનાર ચૈતન્ય હોય તો એ ક્ષેત્રને કાળ શું કરશે? દેહમાં દયાભાવ, ચૈતન્યની જાગૃતિ સામે કાળ પણ લાચાર છે.

મેકણદાદાએ અનેક સાખીઓ અને ભજનની રચના કરી છે અથવા સહજ રીતે એમના દ્વારા થઈ છે. પાઠાંતર મળે છે, એમના નામે જોડી કાઢેલી રચનાઓ પણ મળે છે. પરંતુ એમની વાણી હજી કચ્છની ધરતીમાં કચ્છીઓનાં હૈયાંમાં ગુંજ્યા કરે છે.

# શ્રી આત્મારામજી મહારાજ

**(શ્રી વિજયાનંદસૂરિ મહારાજ)**

વિષયવિરાગી, પરિગ્રહત્યાગી, ધૂલ પડી હૈ કંચનમેં;
નમન કરત હૈ નરપતિ યતિયતિ જનમ સફલ હૈ વંદનમેં.

વિજયાનંદસૂરિ મહારાજા, જય જય રહો સદાનંદમેં,
કાંતિવિજય ગુરુ ચરણ કમલમેં વંદન હોવે અનંતનમેં.
(કાંતિવિજય)

પંડિત સુખલાલજીએ લખ્યું છે, 'આત્મારામજી પરમ બુદ્ધિશાળી હતા. શક્તિસંપદા હતા અને તત્ત્વપરીક્ષક પણ હતા. પરંતુ એ બધા કરતાં વિશેષ તો એ છે કે તેઓ ક્રાંતિકારી પણ હતા. એમણે સંપ્રદાયબદ્ધતાની કાંચળી ફેંકી દેવાનું સાહસ કર્યું. તે જ બતાવે છે કે તે શાંત ક્રાંતિકાર હતા. ક્રાંતિકારની પ્રેરણાએ જ એમને જૂના ચીલે ચાલવાની ના પાડી. રૂઢિના ચીલા એમણે ભૂંસ્યા.'

**કલાબહેન શાહ**

છેલ્લા બે સૈકામાં થયેલા બહુશ્રુત પ્રભાવક આચાર્યોમાં આત્મારામજી મહારાજનું સ્થાન મુખ્ય છે. ડૉ. રમણલાલ ચી. શાહ લખે છે,

'ન્યાયામ્ભોનિધિ તાર્કિક શિરોમણિ, સર્વદર્શનનિષ્ણાત, નૈષ્ઠિક બ્રહ્મચારી, મહાન ક્રાંતિકારી અને દીર્ઘદ્રષ્ટા, શાસનપ્રભાવક, યુગપ્રવર્તક, કવિ અને સંગીતજ્ઞ, તપસ્વી અને સંયમી, તેજસ્વી જ્યોતિર્ધર, મહાન જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરિ (શ્રી આત્મારામજી મહારાજ) - પંજાબની ધરતી પર જૈન ધર્મનો ધ્વજ ફરકાવનાર હતા.'

**જીવનપરિચય :**

પંજાબના જીરાનગર નજીક લહેરા ગામમાં પિતા ગણેશચંદ્ર અને માતા રૂપાદેવીને ત્યાં શીખ પરિવારમાં કપૂર બ્રહ્મક્ષત્રિય જાતિમાં તેમનો જન્મ વિ. સં. ૧૮૯૨ના ચૈત્ર સુદ ૧ ને મંગળવારના રોજ થયો હતો. એમનું જન્મનામ દિત્તારામ હતું. દિત્તારામના પિતા કેદમાં જતાં તેમના મિત્ર જોધમલ ઓસવાલને ત્યાં તેમનો ઉછેર થયો. ત્યાં તેમનું નામ દેવીદાસ રાખવામાં આવ્યું. જોધમલને ત્યાં દેવીદાસને જૈન ધર્મના સંસ્કાર મળ્યા અને દિત્તાએ વિ. સં. ૧૯૧૦માં અઢાર વર્ષની વયે માલેરકોટમાં દીક્ષા લીધી. તેઓ જીવનરામજી મહારાજના શિષ્ય બન્યા અને તેમનું નામ આત્મારામ મહારાજ રાખવામાં આવ્યું.

તેજસ્વી એવા આ નવયુવાન સાધુની ગ્રહણશક્તિ અને સ્મરણશક્તિ અદ્ભુત હતી. તેમની અધ્યયનની ભૂખ તીવ્ર હતી. તેઓ રોજની ત્રણસો ગાથાઓ કંઠસ્થ કરી શકતા હતા. હિંદુ ધર્મના વેદો, ઉપનિષદો, પુરાણો, ગીતા, રામાયણ, મહાભારત, શાંકરભાષ્ય તથા કુરાન, બાઇબલ અને જૈન ધર્મનાં આગમો, પ્રતિમાપૂજન, ભાષ્યો વગેરેનો અભ્યાસ તેમણે કરી લીધો હતો.

સ્થાનકવાસી સમાજના પંડિત રત્નચંદ્રજી મહારાજે એક વાર આત્મારામજી મહારાજને કહ્યું,

'સ્થાનકવાસી સાધુ આપણે છીએ પણ તું જિનપ્રતિમાની અને મુહપત્તિની નિંદા કરતો નહીં.'

આત્મારામજી મહારાજ અમદાવાદમાં બુટેરાયજી અને મૂળચંદજી મહારાજને મળ્યા અને મૂળચંદ મહારાજના કહેવાથી અન્ય ૧૭ સાધુઓ સાથે સંવેગ પક્ષની દીક્ષા બુટેરાયજી પાસે લીધી અને તેમનું નામ આનંદવિજય રાખવામાં આવ્યું.

**વ્યક્તિત્વ :**

આત્મારામજી મહારાજનું વ્યક્તિત્વ અત્યંત પ્રભાવશાળી હતું. તેઓનું શરીર ભરાવદાર હતું. તેઓ નીડર અને શારીરિક શક્તિ ધરાવતા હતા. તેઓ વિનયી હતા. તેમના શિષ્યોએ પણ તેમના વિનયગુણના અનેક પ્રસંગો નોંધ્યા છે. પોતાનાથી દીક્ષાપર્યાયમાં જો કોઈ મોટા હોય અને પદવીમાં નાના હોય તોપણ આત્મારામજી મહારાજ તેમને વંદન કરતા. તેઓ સમયપાલનના કડક અને ચુસ્ત આગ્રહી હતા. આ કારણને લીધે જ તેઓ સાઠ વર્ષના સમયગાળામાં આટલાં બધાં કાર્યો કરી શક્યા. આત્મારામજી મહારાજ હાજરજવાબી હતા. તેમના કદાવર શરીરને જોઈ એક કુસ્તીબાજે મજાકમાં તેમને કુસ્તીબાજ કહ્યા. ત્યારે આત્મારામજીએ જવાબ આપ્યો,

'હા, હું કુસ્તીબાજ છું પણ દેહ સાથે નહીં, પણ હું મારી ઇન્દ્રિય સાથે કુસ્તી લડી રહ્યો છે.'

આત્મારામજી મહારાજ આપેલું વચન પાળવાના આગ્રહી હતા. તેઓ પોતાના શિષ્યો પાસે પણ વચનપાલન કરાવતા. તેઓ પોતાના શિષ્યોને કહેતા,

'વચન આપવાની ઉતાવળ ન કરવી અને વચન આપ્યા પછી તેનું પાલન કરવું જ જોઈએ. તમારા શબ્દોની કિંમત જો તમે જ નહીં કરો તો પછી તમારા શબ્દોની કિંમત કોઈ જ નહીં કરે.'

આત્મારામજી મહારાજ પોતાના શિષ્યો સંયમપાલનમાં દૃઢ રહે અને તેમનામાં કષાયો ન આવી

જાય તે માટે ધ્યાન રાખતા. તેઓ બીજાની શક્તિની કદર કરનારા ઉદારદિલના હતા. તેમણે સુરત સંઘના આગેવાનોને કહ્યું હતું કે, 'મોહનલાલજી મહારાજ મારા કરતાં પણ વધારે જ્ઞાની અને તેજસ્વી છે, તમે તેમને ચાતુર્માસ માટે વિનંતી કરજો.'

આમ તેઓમાં રહેલાં વિનયગુણ, શિસ્તબદ્ધતા, સંયમપાલન, ઉદારભાવના વગેરે ગુણોને કારણે તેઓ પ્રજામાં અને શિષ્યોમાં પ્રિય હતા. આત્મારામજી મહારાજ સાચા ત્યાગી હતા. તેઓ શ્રીમંતો તરફ સદ્ભાવ રાખતા પણ તેમની શ્રીમંતાઈ તરફ આકર્ષાતા નહીં.

**મંત્રવિદ્યાના જાણકાર :**

મેડતાના મંત્રવિદ્યાના એક વયોવૃદ્ધ યતિ જેઓ ઘણી મંત્રવિદ્યાઓ જાણતા હતા તેમની પાસેથી આત્મારામજીને મંત્રવિદ્યા મળી હતી. આત્મારામજીની પાત્રતા જોઈ તેમને આ વિદ્યાઓ આત્મારામજીને આપી હતી. તે સમયે આત્મારામજીએ કહ્યું હતું, 'પોતે આ વિદ્યાઓનો ઉપયોગ પોતાના અંગત કાર્ય માટે ક્યારેય નહીં કરે પરંતુ માત્ર ધર્મના હેતુ માટે કરશે. અને ભવિષ્યમાં યોગ્ય પાત્રને આ વિદ્યાઓ આપશે.'

આત્મારામજીએ આ વિદ્યાઓ શ્રી શાંતિવિજય તથા શ્રી વિજયવલ્લભસૂરિને આપી હતી એવી માન્યતા છે.

**પ્રવચનશૈલી અને ભાષાજ્ઞાન :**

આત્મારામજી મહારાજે ગુજરાત, રાજસ્થાન અને પંજાબમાં ઉગ્ર વિહાર કર્યો હતો. સામાન્ય જનોને તેમની વિશિષ્ટ અને અનોખી વ્યાખ્યાનશૈલીમાં રસ પડતો. તેઓ ગુજરાતી છાંટવાળી હિંદી ભાષામાં બુલંદ અવાજે વ્યાખ્યાન આપતા. તેમનાં વિદ્વત્તાભર્યાં વ્યાખ્યાનોમાં સંગીતમય લય અને તાલની અનુભૂતિ થતી. તેમનું સંસ્કૃત, પ્રાકૃત અને અર્ધમાગધી ભાષા પર અસાધારણ પ્રભુત્વ હતું. તેમણે પોતાના શિષ્યોને સંસ્કૃત ભાષામાં વ્યાખ્યાન આપી શકે અને ચર્ચા પણ કરી શકે એવા તૈયાર કર્યા હતા. પોતાના શિષ્યોને તેઓ રોજ શાસ્ત્રાભ્યાસ કરાવતા. તેમના સમયમાં શાસ્ત્રાભ્યાસ માટેની રુચિ લોકોમાં ઓછી હતી. તેથી તેઓ ટકોર કરતા.

'શ્રાવકોએ પોતાની શ્રવણેન્દ્રિયને અને નયનેન્દ્રિયને વધુ સતેજ રાખવાની જરૂર છે. જેથી તેઓને શાસ્ત્રગ્રંથો વાંચવા ગમે, તત્ત્વમાં રુચિ જન્મે અને ધર્મચર્ચા સાંભળવી ગમે.'

આત્મારામજી મહારાજના અનેક શિષ્યોમાં વલ્લભસૂરિ મહારાજે તેમનું નામ રોશન કર્યું. વલ્લભવિજયની કુશાગ્ર બુદ્ધિ, દૃઢ ચારિત્રપાલન તથા વ્યવહારદક્ષતાના ગુણોની પરખ કરી આત્મારામજીએ તેમને શાસ્ત્રાભ્યાસ કરાવ્યા અને સમજદાર અને વ્યવહારદક્ષ શિષ્યના હાથમાં પોતાના સમુદાયની જવાબદારી સોંપી. વલ્લભસૂરિએ પંજાબમાં અનેક ધાર્મિક અને સમાજોપયોગી કાર્યો કર્યાં. અન્ય શિષ્યોમાં શ્રી કાંતિવિજયજી તથા શ્રી હર્ષવિજયજીનું સ્થાન મહત્ત્વનું હતું.

આત્મારામજી મહારાજ અંતિમ દિવસોમાં ગુજરાનવાલામાં (હાલ પાકિસ્તાનમાં) હતા. વિ. સં. ૧૯૫૩નું ચાતુર્માસ તેઓ ત્યાં કરવાના હતા. ગુજરાનવાલામાં સં. ૧૯૫૩માં જેઠ સુદ સાતમની

રાત્રિએ તેમને એકદમ શ્વાસ ચડ્યો અને અર્હમ્ અર્હમ્ અર્હમ્‌ના મંત્રોચ્ચાર કર્યા અને પોતે બોલ્યા, 'લ્યો ભાઈ, અબ હમ ચલતે હૈં, સબકો ખમાતે હૈં.' અને આંખ મીંચી દીધી. આ રીતે એક મહાન આત્મા પરમાત્મામાં લીન થઈ ગયો.

**લેખનકાર્ય :**

આત્મારામજી મહારાજની વિશેષતા એ હતી કે તેમણે જ્ઞાન પર વધુ ભાર મૂક્યો હતો. જિનમંદિરોની સાથે સાથે સરસ્વતી મંદિરો પણ ઊભાં કરવાનું કાર્ય કર્યું હતું. તેમણે રચેલા ગ્રંથોનાં નામો આ પ્રમાણે છે :

જૈનતત્ત્વદર્શન, અજ્ઞાનતિમિર ભાસ્કર, તત્ત્વનિર્ણય પ્રસાદ, સમ્યક્ત્વ શલ્યોદ્ધાર, શ્રી ધર્મવિષયક પ્રશ્નોત્તર, જૈન મત કા સ્વરૂપ, નવતત્ત્વ ઉપદેશ બાવની, ચિકાગો પ્રશ્નોત્તર, ઈસાઈ મત સમીક્ષા, ચતુર્થ સ્તુતિ નિર્ણય ભાગ-૧-૨.

આ ઉપરાંત તેઓ કવિ હતા તેથી હિંદીમાં તેમણે પ્રભુભક્તિનાં સ્તવનો તથા વિવિધ પૂજાઓ કાવ્યમય બાનીમાં રચ્યાં છે, જેમાં તેમણે જૈનશાસ્ત્રોના સિદ્ધાંતોને લોકભાષામાં ગૂંથ્યા છે. હિંદીમાં પૂજા- સાહિત્યનું સર્જન કરનાર તેઓ પ્રથમ હતા. તેમની આ સેવા સદાકાળ યાદગાર બની રહેશે. લગભગ દોઢસો વર્ષના ઇતિહાસમાં શ્વેતાંબર કે દિગંબર બંને પંથમાં એક મહાન વિભૂતિ આત્મા આત્મારામજી જ નજરે પડે છે. તેમનામાં શાસન પ્રત્યે અડગ શ્રદ્ધા અને અનુરાગ હતાં. જે સમયે છાપેલાં પુસ્તકો બહુ ઓછાં હતાં એવા સમયમાં જૈન-જૈનેતર દર્શનોનાં અનેક વિષયોનાં સંખ્યાબંધ પુસ્તકો તેમણે વાંચી લીધાં હતાં. જે સમયે જૈન પરંપરામાં ઐતિહાસિક દૃષ્ટિ ન હતી, એ સમયે ઐતિહાસિક દૃષ્ટિએ જૈન દર્શનની પ્રાચીનતા અને મહત્તા સ્થાપિત કરવાનો પહેલવહેલો પ્રયત્ન તેમણે કર્યો. તેમનું વિશાળ વાંચન, અદ્‌ભુત સ્મરણશક્તિ અને હાજરજવાબીપણું એમના ગ્રંથોમાં પ્રતીત થાય છે.

**કાર્યો :**

આત્મારામજી મહારાજે જૈન સમાજ અને ખાસ કરીને પંજાબના લોકો માટે અનેક કાર્યો કર્યાં હતાં. પોતાના ૬૦ વર્ષના જીવનકાળમાં લોકોમાં ધર્મ પ્રત્યે એક અદ્‌ભુત જાગૃતિ તેમના પ્રયત્નથી આવી. શિક્ષણ અને સંસ્કારના ક્ષેત્રે પોતે જ્યાં જ્યાં વિચર્યા ત્યાં અનેક પ્રશ્નો હતા. તેનું નિરાકરણ તેઓ કરાવી આપતા. અનેક શુભ કાર્યો માટે તેમણે લોકોને પ્રેરણા આપી. તેમના જીવનકાળ દરમિયાન અને તેમની હયાતી પછી પંજાબ, રાજસ્થાન અને ગુજરાતમાં તેમની યાદમાં અનેક સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી.

તેમનું પ્રથમ નામ વિજયઆનંદસૂરિ અને બીજું નામ આત્મારામજી હતું. આ બંનેનો સુમેળ કરી 'આત્માનંદ'ના નામે શાળાઓ, કૉલેજો, પુસ્તકાલયો, ધર્મશાળાઓ, દવાખાનાં વગેરેની સ્થાપના થઈ. મુંબઈમાં પણ આત્માનંદ જૈન સભાની સ્થાપના થઈ. અનેક કવિઓએ કાવ્યમય અંજલિ આપી છે. જેમાં આત્મારામજીનાં જીવનકાર્યોને બિરદાવ્યાં છે. તેમણે રચેલાં અનેક પદો અને ભજનો જે આજે પણ પંજાબમાં ગવાય છે.

**પૂ. આત્મારામજી મહારાજ અને વીરચંદ રાઘવજી :**

ઈ. સ. ૧૮૯૩ અને વિ. સં. ૧૯૫૦માં ચિકાગોમાં ભરાનારી વિશ્વધર્મ પરિષદમાં જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે આચાર્ય આત્મારામજીને આમંત્રણ આવ્યું. પરંતુ જૈન સાધુ અપવાદ સિવાય સમુદ્ર ઓળંગી ન શકે તેથી તેઓ ન ગયા. પણ વીરચંદ રાઘવજી ગાંધીને જૈનોના પ્રતિનિધિ તરીકે પરિષદમાં મોકલવાનું નક્કી કર્યું. વીરચંદભાઈએ પૂ. આત્મારામજી પાસે જૈન તત્ત્વજ્ઞાનનો ઊંડો અભ્યાસ કર્યો અને વિશ્વધર્મ પરિષદમાં ભાગ લેવા ચિકાગો ગયા. આ પરિષદમાં હિંદુ ધર્મના પ્રતિનિધિ તરીકે સ્વામી વિવેકાનંદ પણ આવ્યા હતા. આ પરિષદમાં વીરચંદ રાઘવજીએ જૈન ધર્મનું સ્વરૂપ : નીતિ અને તત્ત્વજ્ઞાન બંને ઉત્તમ રીતે પરિષદ સમક્ષ મૂક્યાં. તે સાંભળીને પરિષદના વિદ્વત્‌મંડળે વીરચંદ રાઘવજીને રૌપ્ય પદક અર્પણ કર્યો. પછી અમેરિકાનાં મોટાં શહેરો બૉસ્ટન, ન્યૂયૉર્ક, વૉશિંગ્ટન વગેરેમાં જૈન ધર્મ પર વ્યાખ્યાનો આપી તેનું રહસ્ય, તેની વ્યાપકતા અને સુંદરતા સમજાવ્યાં. કાસાડોગા શહેરના નાગરિકોએ તેમને સુવર્ણપદક આપ્યો. અને જૈન તત્ત્વજ્ઞાનનો પરિચય અમેરિકાના લોકોને થયા કરે તે માટે 'ગાંધી ફિલોસૉફિકલ સોસાયટી'ની સ્થાપના કરી. ત્યારબાદ ઇંગ્લૅન્ડમાં પણ જૈન ધર્મનો પ્રચાર તેમણે કર્યો. આ પૂર્વે અમેરિકા, ઇંગ્લૅન્ડમાં જૈન ધર્મનો પ્રચાર કરવા કોઈ ગયું ન હતું. તેથી વિદેશમાં જૈન ધર્મનો પ્રચારપ્રસાર કરવાનું માન જૈન શ્રાવકોને ઘટે છે અને તેનો યશ પૂ. આત્મારામજીના ફાળે જાય છે.

આજે શ્રી મહાવીર જૈન વિદ્યાલયનું શતાબ્દી વર્ષ ઉજવાય છે, ત્યારે એ યાદ કરીએ કે આ વિરાટ વટવૃક્ષની માફક ફેલાયેલી સંસ્થાનું વિચારબીજ પૂ. આચાર્ય આત્મારામજી મહારાજે આપ્યું હતું. એમણે જોયું કે ગમે તેટલાં તીર્થો કે જિનમંદિરોની રચના થાય, પરંતુ જો જૈન સમાજમાં જ્ઞાનનો પ્રસાર નહીં થાય, તો સમય જતાં સમાજ નિર્બળ બનતો જશે. આથી એમણે અનેક ગામો અને શહેરોમાં વિદ્યાલયો, કૉલેજો અને ગુરુકુળો સર્જવા માટે પ્રેરણા આપી. સમાજમાં વધુને વધુ સરસ્વતીમંદિરો સર્જાય અને જ્ઞાનના પ્રકાશથી સમાજ વધુ તેજસ્વી બને એવી એમની ભાવના એમના શિષ્યના પ્રશિષ્ય એવા આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજે યથાર્થ રીતે ઝીલી લીધી અને એને પરિણામે એમણે શ્રી મહાવીર જૈન વિદ્યાલય જેવી સંસ્થા સ્થાપવા માટે સમાજને પ્રેરણા આપી. આમ પૂ. આચાર્યશ્રી આત્મારામજી મહારાજના વિચારબીજને આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીએ મુંબઈની ધરતી પર વાવ્યું અને સમય જતાં એ વડમાંથી ઊગેલી અનેક વડવાઈઓની માફક આજે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સંસ્થા અનેક શહેરોમાં વિકસી રહી છે.

પૂ. આત્મારામજીના પ્રભાવક વ્યક્તિત્વ વિશે વિદ્વાન સાક્ષર શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ લખે છે, 'જૈન શ્રુતનો જે વારસો મળ્યો તે જ વારસો સંભાળીને બેસી રહ્યા હોત અને બહુશ્રુત કહેવાયા હોત તોપણ તેમનું આ સ્થાન ન હોત. તેમણે દેશકાળની વિદ્યાસમૃદ્ધિ જોઈ અને તેમનો આત્મા તનમની ઊઠ્યો. તે સાથે જ તે માટે જેટલું પોતાનાથી થઈ શકે તે કરવા માંડ્યા. તેમણે વેદો વાંચ્યા, ઉપનિષદો જોયાં. શ્રોતસૂત્રો, સ્મૃતિઓ અને પુરાણોનું પારાયણ કર્યું. સામયિક નવું ઉદ્‌ભવતું સાહિત્ય જોયું. મૃત અને જીવની બધી જૈન શાખાઓનું સાહિત્ય, તેમનો ઇતિહાસ અને તેમની પરંપરાઓ જાણ્યાં અને ત્યારબાદ પોતાને જે કહેવું હતું તે કહ્યું. તેમના કથનમાં શાસ્ત્રનો પ્રચંડ સંગ્રહ

છે. વ્યવસ્થાની પ્રતિભા છે અને અભ્યાસની જાગૃતિ છે.'

'મહારાજશ્રીએ જે બહુશ્રુતપણાની ગંગા શરૂ કરી તે નવી પરિસ્થિતિ જોતાં માત્ર ગંગોત્રી છે અને સંપ્રદાયની ભૂમિકા પર ઊભા રહી તેમણે સંશોધનવૃત્તિ તેમજ ઐતિહાસિક વૃત્તિ દાખવી છે. તે ભાવિ સંશોધકો અને ઐતિહાસિકોને ઇતિહાસના મહેલ બાંધવા માટે પાયામાં પથ્થરની ગરજ પૂરી પાડે છે.' ('જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ', પૃ. ૬૯૦-૬૯૧)

ડૉ. હોર્નલ ઉવાસગ 'દસાઓ સૂત્ર'માં અર્પણ-પત્રિકામાં લખે છે,

'હે દુરાગ્રહરૂપી અંધકારને તોડવામાં સૂર્યસમાન! હિતોપદેશ કે અમૃતના સાગર જેવા ચિત્તવાળા ! સંદેહના સમૂહનો નિરાસ કરનારા ! તમે જિનોએ પ્રરૂપેલા ધર્મની ધોંસરીને ધરનારા ધુરંધર છો. સહૃદયોના અજ્ઞાનને દૂર કરવા આપે 'અજ્ઞાનતિમિર ભાસ્કર' તેમજ 'જૈન તત્ત્વાદર્શ' નામનો બીજો ગ્રંથ પણ આપેલ છે. આનંદવિજય !? શ્રીમાન્ આત્મારામ ! મહામુનિ ! શાસ્ત્રની પાર જનારા ! આપે મારા બધા પ્રશ્નોની વ્યાખ્યા કરી આપી. હે ધન્ય ! આ ગ્રંથનું યત્નથી સંપાદિત કરેલું સંસ્કરણ કૃતજ્ઞતાના ચિહ્ન રૂપે આપને અર્પણ કરું છું. ('જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ', પૃ. ૬૮૪)

# કવિ લબ્ધિસૂરિજીનું જીવન અને કવન

કવિન શાહ

અર્વાચીન જૈન સાહિત્યના પ્રતિભાસંપન્ન કવિશ્રી લબ્ધિસૂરિજીના જીવનનો મિતાક્ષરી પરિચય નીચે પ્રમાણે છે. ગુજરાતના સુપ્રસિદ્ધ ભોયણી તીર્થની પાસે બાલશન નામના ગામમાં મોતીબાઈની કુક્ષિએ વિ. સં. ૧૯૪૦ પો. સુ. ૧૨ના રોજ એમનો જન્મ થયો હતો. એમના પિતાનું નામ પીતાંબરદાસ હતું. એમનું નામ લાલચંદ પાડવામાં આવ્યું હતું. બાલ્યાવસ્થામાં ભોયણીની યાત્રા કરી અને આચાર્ય કમલસૂરિની વાણીથી વૈરાગ્યવાસિત થયા હતા. ત્યાર પછી બેરૂગામમાં સં. ૧૯૫૯માં દીક્ષા અંગીકાર કરીને લાલચંદે લબ્ધિવિજયના નામથી સંયમજીવનની યાત્રા શરૂ કરી. દીક્ષા લીધા પછી સંયમને અનુરૂપ આવશ્યક સૂત્રનો અભ્યાસ કર્યો ને તીક્ષ્ણ બુદ્ધિને કારણે તત્ત્વજ્ઞાનનો પણ ઊંડો અભ્યાસ કર્યો. સ્યાદ્વવાદ મંજરી, રત્નવતાનાકરતારિકા, પ્રમાણમીમાંસા, ન્યાયદીપિકા વગેરેથી તત્ત્વજ્ઞાન સમૃદ્ધ થયું. ગુજરાત, મહારાષ્ટ્ર અને દક્ષિણમાં ચાતુર્માસ કરીને શાસનપ્રભાવનાનાં કાર્યો કર્યાં. સં. ૧૯૯૧માં છાણી નગરમાં આચાર્યપદ પ્રદાન કરવામાં આવ્યું. એમનું અંતિમ ચોમાસું મુંબઈ લાલબાગમાં થયું અને સંવત ૨૦૧૭માં શ્રા. સુ. પાંચમના રોજ કાળધર્મ પામ્યા. એમનો દીક્ષાપર્યાય ૫૮ વર્ષનો હતો. આયુષ્ય ૭૭ વર્ષનું પૂર્ણ કરીને સ્વર્ગે સિધાવ્યા.

સંયમજીવનમાં ગુરુભક્તિ, ઉપધાન, પ્રતિષ્ઠા, સંઘયાત્રા જેવાં શાસનપ્રભાવનાનાં કાર્યોની સાથે કવિએ પ્રમાદનો ત્યાગ કરીને સમયનો સદુપયોગ કરીને ત્રણ ભાષામાં શ્રુતજ્ઞાનની ઉપાસના કરી હતી, તેનો પરિચય આ સાથે આપવામાં આવ્યો છે. એમની શ્રુતભક્તિ પ્રતિભાશાળી કવિનું બિરુદ ચરિતાર્થ કરે છે.

કવિ લબ્ધિસૂરિજીની કાવ્યકૃતિઓનો પરિચય નીચે પ્રમાણે છે.

પૂજા : ૧૭મી સદીમાં ભક્તિમાર્ગનો એક નવો પ્રકાર 'પૂજા'નો પ્રાપ્ત થયો. શ્રી સકલચંદ ઉપાધ્યાયજીએ સત્તરભેદી પૂજાની રચના કરી ત્યારપછી વિવિધ કવિઓએ જૈનદર્શનના વિષયોને કેન્દ્રમાં રાખીને પૂજાસાહિત્ય સમૃદ્ધ કર્યું. તેમાં કવિની પૂજારચનાઓ પણ ગૌરવપ્રદ બની છે.

કવિ લબ્ધિસૂરિજીએ દ્વાદશ ભાવનાની પૂજાની સંવત ૧૯૬૦ના પોષ સુદ પૂર્ણિમાના દિવસે પાટણમાં રચના કરી હતી. આત્માને શુભ ભાવમાં લીન કરવા માટે બાર ભાવનાની પૂજામાં જ્ઞાન અને ભક્તિનો સમન્વય કર્યો છે. કવિએ પરંપરાગત રીતે પૂજાની રચના કરી છે. દુહા, ઢાળ, સંસ્કૃતમાં કાવ્યરચના અને મંત્રથી પૂજાની રચના પૂર્ણ થઈ છે.

બાર ભાવના એ જૈનદર્શનની યોગસાધનાનો એક પ્રકાર છે. પ્રભુભક્તિથી આત્મા તલ્લીન બને છે. તો ભાવનાથી આત્મા ધ્યાનસ્થ દશાની વિશિષ્ટ પ્રકારની અનુભૂતિ કરે છે અને કર્મક્ષય થાય છે. કવિએ પૂજાની રચનામાં દેશી ઉપરાંત સંસ્કૃત છંદનો પ્રયોગ કર્યો છે. રાજકીય પ્રભાવથી ગઝલનો પણ પ્રયોગ નોંધપાત્ર છે.

બાર ભાવના નીચે મુજબ છે.

અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આસ્રવ, સંવર. નિર્જરા, બોધિદુર્લભ, ધર્મસૌંદર્ય, લોકસ્વરૂપ.

અનિત્ય ભાવના ભાવવાથી પૌદ્‌ગલિક પદાર્થોની આસક્તિ દૂર થાય છે. કવિએ ગઝલની રાહમાં અનિત્ય ભાવનાના પરિચયમાં જણાવ્યું છે કે -

આ વિનાશી જગત જાણો ન સ્થિર વાસ વસવાનું
નહીં કોઈ સાથમાં આવે પ્રથમ એ ભાવના જાણે. ॥૧॥
રહ્યા નહીં રાય ને રાણા મૂરખ શાણા અને કાણા
વળી બે આંખ ધરનારા પ્રથમ એ ભાવના ભાવો. ॥૨॥

અશરણ ભાવનામાં આત્માની અસહાય દશાનું નિરૂપણ કરતાં કવિ જણાવે છે કે -

શરણ નહીં કોઈ સૃષ્ટિમાં શરણ વિન ભાઈ મરવું છે.
શરણ પ્રભુ પાર્શ્વનું સાચું બીજી એ ભાવના ભાવો ॥૧॥

સમ્યકત્વ ભાવનામાં આત્મલક્ષી વિચારો વ્યક્ત થયા છે. કવિના શબ્દો છે :

નહીં છે આ શરીર તારું તો બીજું શું થવાનું છે ?
બધાં ન્યારાં છે તારાથી, પંચમ એ ભાવના ભાવો.

અશુભ કર્મોનો નાશ કરવા માટે સંવર ભાવના ઉપયોગી છે. આત્માને પ્રભુભક્તિમાં એકરૂપ થવા માટે અષ્ટમંગલની પૂજા સંવર ભાવનાના સંદર્ભમાં રચી છે.

કવિએ દરેક પૂજામાં દુહા પછી ગઝલ અને ઢાળમાં નિરૂપણ કર્યું છે. પૂજાના અંતે કલશ રચના કરીને ગુરુપરંપરા અને રચનાસમયનો ઉલ્લેખ કર્યો છે. એમની નાનીમોટી દરેક રચનાઓમાં આત્મકમલલબ્ધિનો વિશિષ્ટ રીતે પ્રયોગ થયો છે.

દરેક ભગવાનનાં પાંચ કલ્યાણક ભવ્ય જીવોને માટે ઉપકારી છે. ઇન્દ્રો ને દેવો મેરુપર્વત ઉપર શાહી ઠાઠથી ભવ્યાતિભવ્ય રીતે જન્મકલ્યાણકની ઉજવણી કરે છે. પૃથ્વી પરના લોકો ભગવાનના જન્મકલ્યાણકની ઉજવણી નિમિત્તે સ્નાત્ર અભિષેક કરે છે. જન્માભિષેકની ઉજવણી માટે કલશ રચના થઈ છે તે ઉપરથી સ્નાત્રપૂજાની રચના પ્રચલિત થઈ છે. કવિએ વિવિધ દેશીઓમાં રચના કરી છે. નમૂના રૂપે કુસુમાંજલિની ઢાળ :

શિવસુખકારી રે, જગદુઃખવારી રે
વ્હાલા સ્નાત્ર કિજિયે હો
સ્નાત્ર કરે આતમ પાત્ર થાય
પાત્ર થયે રિદ્ધિસિદ્ધિ મળે... શિવસુખકારી...

સામાન્ય રીતે કવિઓએ પૂજાની રચના કરી છે, પણ કવિ લબ્ધિસૂરિએ પૂજા પછી આરતી અને મંગલદીપકની પણ રચના કરી છે. કવિનું રાગવૈવિધ્ય નોંધપાત્ર છે. ધન્યાશ્રી રાગમાં આરતીની પંક્તિઓ જોઈએ તો -

આરતિ વીર જિણંદ કરોને ભવિ ! આરતિ વીર જિણંદ
આરતિ અરતિકંદકો કાપી કરત હૈ પરમાનંદ કરેને ।।૧।।

**નવ તત્ત્વની પૂજા :**

જૈનદર્શનમાં તાત્ત્વિક વિચારણા કરવામાં આવી છે. તેમાં જીવ અને જગતના સ્વરૂપ વિશે નવ તત્ત્વનો સમાવેશ થયો છે. કવિએ તત્ત્વજ્ઞાનની કઠિન વિચારધારાને પૂજામાં સ્થાન આપ્યું છે. દુહામાં વસ્તુનિર્દેશ કર્યા પછી કાળમાં તાત્ત્વિક વિચારોનું નિરૂપણ કર્યું છે. નવ તત્ત્વમાં જીવ-અજીવ, પુણ્ય-પાપ, આસ્રવ-સંવર, બંધ-નિર્જરા અને મોક્ષ. પૂજામાં ઉપરોક્ત નવ તત્ત્વોની માહિતી આપવામાં આવી છે. જીવતત્ત્વને કેન્દ્રમાં રાખીને આ તત્ત્વો મોક્ષપ્રાપ્તિ માટે માર્ગદર્શક બને છે. નવ તત્ત્વની વિચારધારા જૈન તત્ત્વજ્ઞાનમાં મહત્ત્વની ગણાય છે. નમૂના રૂપે અત્રે નિર્જરા તત્ત્વની પંક્તિઓ પ્રગટ કરવામાં આવી છે. અશુભ કર્મોના નાશ માટે નિર્જરા તત્ત્વ ઉપયોગી છે.

તત્ત્વવેદી જિનવર કહે, નિર્જરા બાર પ્રકાર
ઉપાદેય એ તત્ત્વ કો રાખો દિલ મોઝાર ।।૧।।
કાલ અનંતસે કર કહે, ભવ પર્યટ(ન) અનંત
નિર્જરા તત્ત્વ લિયે વિના અભી ન આયો અંત ।।૨।

જૈનદર્શનમાં પાંચ જ્ઞાનનો વિશેષ સંદર્ભ પ્રાપ્ત થાય છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન. કવિએ પૂજાના વિશેષોમાં તત્ત્વજ્ઞાનનો પ્રયોગ કરી એક નવી દિશા તરફ ભક્તોનું ધ્યાન દોર્યું છે. વિશ્વના પ્રત્યેક ધર્મમાં જ્ઞાનનો મહિમા સ્વીકારવામાં આવ્યો છે. તેમાં જૈનદર્શન પાંચ જ્ઞાનનો સ્વીકાર કરે છે. જ્ઞાનમાર્ગ કઠિન છે. તેમ છતાં કવિએ પૂજાની રચના કરીને જ્ઞાનના વિચારો ગ્રહણ કરવામાં સરળતા થાય તે માટે પ્રશસ્ય પુરુષાર્થ કર્યો છે.

પંચજ્ઞાનની પૂજામાં જ્ઞાનના ભેદની સાથે તેનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન વિશે કવિના દુહા પ્રગટ કરવામાં આવ્યા છે.

શ્રુત અક્ષર પ્રત્યેક્કે સ્વપર ભાગ વિચાર
કરનેસે પર્યાયકી રાશી અનંતી ધાર;
શ્રદ્ધા યુક્ત સુસંયમી કહરે ગુરુ કુલવાસ
કરી શ્રુત અભ્યાસકો ભવ તરી લહે શિવ. (પૃ. ૮૧)

કેવલજ્ઞાનની પૂજામાં તેનો મહિમા ગાવામાં આવ્યો છે. નમૂના રૂપે પંક્તિઓ નીચે મુજબ છેઃ

શમ દમ ઉપરતિ નિત્ય કરે ચોથા તિતિક્ષા સાર
સમાધાન શ્રદ્ધા કરી લહે કેવળ ચિદ્દકાર ॥૧॥
પરમજ્યોતિ પાવન કરણ પરમાતમ પ્રધાન
કેવલજ્ઞાન પૂજા કરી લે લો કેવલજ્ઞાન ॥૨॥

કવિએ કલશ રચનામાં જણાવ્યું છે કે -

જ્ઞાનપંચક સુખકાર સેવો ભવિ જ્ઞાનપંચક સુખકાર
પંચક મ્યું હાનિ વૃદ્ધિમેં, હાનિ વૃદ્ધિ પંચવાર ॥૧॥
જ્ઞાન આરાધ વિરાધન કરતે
લાભ હાનિમેં નહિ પાર ॥૨॥

દેવવંદનની રચનામાં પાંચ જ્ઞાનની વિસ્તારપૂર્વક માહિતી આપવામાં આવી છે. કવિએ આ પૂજામાં શાસ્ત્રીય રાગનો પ્રયોગ કર્યો છે. રાગ સારંગ, હોરી, સામેરી, પીલુ, કલ્યાણ, ધન્યાશ્રી વગેરેના પ્રયોગથી કાવ્યને અનુરૂપ ગેયતા સિદ્ધ થઈ છે. મંજુલ પદાવલીઓથી જ્ઞાનનો મહિમા ગાવામાં આવ્યો છે.

કવિએ તત્ત્વત્રયી પૂજાની રચના કરી છે. તેમાં દેવ, ગુરુ ને ધર્મ વિશેના વિચારો વ્યક્ત કર્યા છે. જૈન ધર્મના સારભૂત તત્ત્વ તરીકે દેવ એટલે કે વીતરાગ, ગુરુ એટલે પંચમહાવ્રતધારી સાધુ અને ધર્મ એટલે કેવલી ભાષિત જિનવાણી. આ પૂજામાં ધર્મનું સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે. દરેક પૂજા બે પ્રસ્તાવનામાં રચી છે. એટલે તત્ત્વત્રયીમાં છ પૂજા છે. પૂજાને અંતે કલશ રચના કરી છે. પૂજામાં અષ્ટદ્રવ્યનો ઉપયોગ કરવામાં આવે છે. એટલે આ પૂજા ભક્તિનું ઉત્તમ સાધન છે. ગુરુતત્ત્વ વિશે કવિ જણાવે છે કે -

ગુરુ તત્ત્વમેં જાણીયે આપોપાધ્યાય
મુનિ પદ ભી માનીએ ગુરુતત્ત્વ સુખદાય ॥૧॥ (પૃ. ૧૦૫)

**પંચ મહાવ્રત પૂજા :**

કવિના પૂજાસાહિત્યમાં પંચ મહાવ્રતની રચના વિરતિ ધર્મનો મહિમા પ્રગટ કરે છે. સર્વવિરતિ ધર્મ એ મોક્ષનો રાજમાર્ગ છે. તેમાં પ્રણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ - આ પાંચ વ્રતનું સ્વરૂપ પૂજાનો વિષય છે. કવિએ સંયમજીવન સ્વીકાર્યા પછી વ્રતપાલનમાં પુરુષાર્થ કર્યો

હતો અને પ્રતિભાશાળી વ્યક્તિત્વ વિકસ્યું હતું. કવિએ શાસ્ત્રીય રાગમાં પૂજા રચી છે. આરંભમાં ઠૂમરી અને સાખીનો પ્રયોગ કર્યો છે. પછી પૂજાના વિષયનો વિસ્તાર કર્યો છે. નમૂના રૂપે પંક્તિઓ નીચે મુજબ છે :

કર્મ સકલ વન કાટવા ચંદ્રહાસ સમ સાર
મુક્તિ માર્ગમેં જીવકો સાર્થવાહ આધાર
હું દેખી શ્રીવીર આભો આભો કરું ॥મંગલ॥૧
મમ જીવન મમ પ્રાણનાથ મમ મન એકાકાર
રાતદિવસ સુપનાંતરે તુંહી તુંહી આધાર
અબ મોહ પિશાચસે જરી ન ડરું ॥મંગલ॥૨ (પૃ. ૧૪૪)

મૃષાવાદ વિશેની રચના નીચે પ્રમાણે છે :

મહાવ્રત દુજો વારેજી દિલમેં લો ધાર
મન વચ કાયા ઝૂઠ ન બોલો યહ અતિ સુખ સારેજી ॥દિલ લો ॥૧॥
બોલે બોલાવે નહીં અનુમોદે જન્મમરણ દુઃખવારેજી

પૂજાને અંતે કલશ રચનામાં ગઝલનો પ્રયોગ કર્યો છે :

પ્રથમ જિન સ્તુતિ રસવાલા પિયા પ્યાલા સોમતવાલા
મિલા હૈ ભાગ્યસે આલા પીતા હૈ કૌ નસીબવાલા ॥૧॥
ન સોચે દુનિયાદારી કો અમીરી કો નાદારી કો
ગમીકો ઔર સાદીકો સવારી કો ખુવારી કો ॥૨॥

ઉપરોક્ત પૂજાઓની સાથે અષ્ટપ્રકારી પૂજા રચી છે. આ રીતે કવિનું પૂજાસાહિત્ય નવા વિષયો સાથે સમૃદ્ધ છે. દેશી, શાસ્ત્રીય રાગ, વસ્તુનું નિરૂપણ, ધર્મવિભાજન અને મધુર પદાવલીઓથી સમગ્ર પૂજા-સાહિત્ય, જ્ઞાન અને ભક્તિનું સર્વોત્તમ માધ્યમ છે. તેની સાથે સંગીતના સૂરોનો સમન્વય ભક્તિની રમઝટ જમાવવામાં સફળ નીવડે છે.

**સ્તવન :**

ભક્તિમાર્ગમાં પૂજા અને સ્તવન વધુ લોકપ્રિય છે. જિનમંદિર અને આવશ્યક ક્રિયામાં સ્તવન ગાવામાં આવે છે. ભગવાનની ભક્તિ માટે સ્તવનનું માધ્યમ સર્વ જનને સ્પર્શે છે. સ્તવન ચોવીસીમાં ઋષભદેવથી મહાવીર સ્વામીનો એમ ચોવીશ ભગવાનનો મહિમા ગાવામાં આવ્યો છે. મહાવીર જિનસ્તવન દૃષ્ટાંત તરીકે પ્રગટ કરવામાં આવ્યું છે.

પ્રભોઽહં દીનતાધારી સમપાતશ્ચરણયોસ્તે
જન્મ મૃત્યુનિ લગ્નાનિ રક્ષાંસિ નાથ પૃષ્ઠે જો ॥૧॥
મોચય માં મોચકોઽસિ ત્વં અદ્રાક્ષનૈવત્વતોઽન્યમ:
સકલ ગુણ શાલિનં દેવં સુરેશ્વરકૃતપદસેવમ્ ॥૨॥

કવિનાં અન્ય સ્તવનોમાં પર્યુષણ, સામાન્ય જિન અને તીર્થંકરોનો સમાવેશ થાય છે. તદુપરાંત તીર્થવિષય સ્તવનની રચના કરી છે.

આવશ્યક ક્રિયામાં આત્મલક્ષીપણા માટે સજ્ઝાયનું વિધાન છે. પ્રતિક્રમણ, પૌષધ, ઉપધાન વગેરે ક્રિયામાં સજ્ઝાય સ્થાન ધરાવે છે. સજ્ઝાયનો કેન્દ્રવર્તી વિચાર આત્મશુદ્ધિ માટે ત્યાગ અને વૈરાગ્યનો છે. સજ્ઝાય તો સાધુની - એ વિચાર સત્ય છે. સજ્ઝાયનું દૃષ્ટાંત જોઈએ :

સુનો ચેતનજી ! આતમ જ્ઞાન વિના સવિ વાતો ખોટી
નહીં જ્ઞાન કોઈ ચીજ મોટી ॥સુનો ચેતનજી ॥
તારું ક્ષણ ક્ષણ આયુષ્ય તૂટે છે;
તારું અંતર ધન મોહ લૂંટે છે, તારું અમૃત ભાજન ફૂટે છે ॥૧॥
ફસ્યો આઠ કર્મના ફંદામાં પડ્યો તેથી ધંધા ગંદામાં
તારી ધર્મ નીતિ મલી મંદામાં ॥ સુનો ચેતનજી ॥૨॥
ત્હેં કામે વ્રતપણું વામ્યું તારું દિલ દુરાચા રે જામ્યું
તારું જ્ઞાન બધું તેમાં નામ્યું ॥ સુનો ચેતનજી ॥૩॥

કવિ લબ્ધિસૂરિની કાવ્યસૃષ્ટિમાં પ્રભુભક્તિની ગીતરચનાઓ લોકપ્રિય બની છે. ધાર્મિક તહેવારો અને મહોત્સવ દરમિયાન ભાવના રાખવામાં આવે છે તેમાં ગીતોની રમઝટ દ્વારા ભક્તો ભક્તિમાં તલ્લીન બને છે. વાજિંત્રના સૂરોની સાથે ગીતોનો સમન્વય થવાથી ભાવનાનું દૃશ્ય આકર્ષક બને છે. નમૂના રૂપે પંક્તિઓ નીચે મુજબ નોંધવામાં આવી છે. નૂતન સ્તવનાવલી ભા. ૧ થી ૬ અને અન્ય લઘુ પુસ્તિકાઓમાં ગીતોનો સંચય થયો છે.

નમૂના રૂપે પંક્તિઓ નીચે મુજબ છે.

જય જય વીર વિભુ શિવપદ આપો.
આ તો લાખેણી આંગી કહેવાય, શોભે જિનવરજી
વીર તારું નામ વ્હાલું લાગે.
જનારું જાય છે, જીવન જરા
જિનવરને જપતો જા.
સોહં સોહં બોલ મનવા
સિદ્ધ સ્વરૂપ તબ પાયેંગે સોહં.
આજ મેરે દિલ જિનજી આવે
રહત સુમનમેં દિલકે દિલારે
લીજીએ પ્રભુ વીરનાં ઉવારણાં
જેથી ઊઘડશે જ્ઞાન તણાં બારણાં રે.
ધમસાન ભાગે દરીશન પ્રભુ કે કિયે

દિલમેં જપ જપ ગુણ ગહત હૈ.
અબ તેરે સિવ કૌન મેરા જિનજી દિલારા
બતાવે મેરી કિસ્તી કો પ્રભુ કૌન કિનારા.
આજ શાન્તિજિન દર્શન કરકે
યહ હમને પોકારા હૈ
દૂર હટો દૂર હટો દૂર હટો.
તુમ માયાવાલે ધાર્મિકભાવ હમારા
મૂકોને વાતો એ પાપની
રાખજો ભવભયની થોડીસી બીક.

ઉપરોક્ત પંક્તિઓ કવિનાં ગીતોના નમૂના રૂપે છે. અહીં એમના ચિત્તમાં રહેલી પ્રભુભક્તિનો પરિચય થાય છે.

કવિએ ગઝલના રાગમાં સંસ્કૃત ભાષામાં ચંદ્રપ્રભુસ્વામી, સુવિધિનાથ, પાર્શ્વનાથ અને મહાવીર સ્વામીનાં સ્તવન રચ્યાં છે.

જૈન સાહિત્યમાં ગુરુસ્તુતિ માટે ગહુંલીઓ રચાઈ છે. વ્યાખ્યાનમાં ગહુંલી ગાવાનો રિવાજ પ્રચલિત છે. જૈન ધર્મના ગ્રંથોનો મહિમા, ગુરુભગવંતનું આગમન, વિહાર, તીર્થયાત્રા, મહોત્સવ વગેરેના પ્રસંગોમાં વ્યાખ્યાન વખતે ગહુંલી ગવાય છે. કવિએ વિજયાનંદસૂરીશ્વરજીની ગહુંલીની રચના કરી છે. નમૂના રૂપે પંક્તિઓ નીચે મુજબ છેઃ

નિત્ય વો આતમ રૂપમેં રમતે અનુભવ સુખભંડાર સે ॥૧॥
નિજ સમ પરકો નિત્ય સમઝતે નીતિનિગુણ થે ઉદાર સે ॥૨॥

ગુરુ કમલસૂરિજી, લક્ષ્મીવિજયજી પર્યુષણ વિહારની ગહુંલીનો સમાવેશ થાય છે.

કવિએ ગુજરાતી ભાષામાં પૂજાસ્તવન, ગીત, ગહુંલી, સજ્ઝાય, સ્નાત્રપૂજા વગેરેની રચના કરીને સાહિત્યને સમૃદ્ધ કર્યું છે. તદુપરાંત કવિનું સંસ્કૃતનું જ્ઞાન ઉચ્ચકોટિનું હતું. એમણે સંસ્કૃત ભાષામાં કલમ ચલાવીને સાહિત્યસર્જન કર્યું છે.

મેરૂત્રદશી કથા, વૈરાગ્યમંજરી, ચૈત્યવંદન, ચતુર્વિંશતિકા, શુકરાજ કથા. સન્મતિ તર્ક અને તેની તત્ત્વબોધિવૃદ્ધિનું સંક્ષિપ્તકરણ, દ્વાદશારનયચક્ર અને તેની વૃત્તિ - કવિનું સંસ્કૃત સાહિત્ય એમના ભાષાપ્રભુત્વનું પ્રતીક છે. તેમાં કથાનુયોગ, ભક્તિયોગ અને તત્ત્વજ્ઞાનનો ત્રિવેણીસંગમ છે.

કવિએ હિંદી ભાષામાં સાહિત્યસર્જન કર્યું છે.

આ રીતે કવિ લબ્ધિસૂરિજીનું સાહિત્યસર્જન ગુજરાતી, સંસ્કૃત અને હિંદી ભાષામાં પ્રાપ્ત થાય છે. તે ઉપરથી એમનું ભાષાજ્ઞાન, કવિત્વશક્તિ અને તત્ત્વજ્ઞાનનો પરિચય થાય છે. એમના ચિત્તમાં જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યનો સાગર લહેરાતો હતો. એમની વાણીમાં રણશૂરા રજપૂતનું વીરત્વ હતું. શ્રોતાઓ પ્રવચન સંભાળીને મંત્રમુગ્ધ થઈ જતા અને પ્રવચનના વિચારોમાં લીન બની જતા. તેમને અપાયેલ 'વ્યાખ્યાન વાચસ્પતિ'નું બિરુદ પણ ખરેખર ઉચિત હતું. કવિએ છંદ, શાસ્ત્રીય રાગ,

દેશીઓ અને પ્રચલિત પંક્તિઓની રાહમાં રચના કરીને કાવ્યને અનુરૂપ ગેયતા સિદ્ધ કરી હતી. એમનું સમગ્ર સાહિત્ય જ્ઞાન, ભક્તિ અને તત્ત્વજ્ઞાનનો આસ્વાદ કરાવે છે. પરિણામે ધર્મમાં શ્રદ્ધાવાન થવાની અનેરી ક્ષણો પ્રાપ્ત થાય છે.

એમના સાહિત્યમાં 'શીલ એવી શૈલી'નું સૂત્ર નિહાળી શકાય છે. સંસ્કાર અને સાહિત્યકલાનો ઉલ્લાસ પણ સાહિત્યનું આકર્ષણ બને છે.

**સંદર્ભ :** 'પૂજા તથા સ્તવનાદિ સંગ્રહ', સંપા. શાહ કરમચંદ મનસુખલાલ, રાધનપુર

'જૈન ગૂર્જર સાહિત્યરત્નો', ભા.૨, પ્રકા. સંપા. નગીનદાસ ચંદુભાઈ, સુરત

# ગુજરાતનો સાંસ્કૃતિક સંદર્ભ અને પાંચ સૂરિરત્નો

શાંતિકુમાર એમ. પંડ્યા

આપણા ગુજરાત રાજ્યનો ઐતિહાસિક, સાંસ્કૃતિક અને સાહિત્યિક ઇતિહાસ ઘણો સ્પષ્ટ છે. ઐતિહાસિક યુગના પ્રારંભકાળથી આજદિન સુધીના લગભગ અઢી હજાર વર્ષોના ગાળામાં ગુજરાતની ઓળખ વધુ ને વધુ સ્પષ્ટ થતી રહી છે. હિંદુ ધર્મ, બૌદ્ધ ધર્મની સાથે જૈન ધર્માચાર્યો અને મુનિભગવંતોએ સાહિત્ય અને શાસ્ત્રનાં ક્ષેત્રોમાં ઘણું યોગદાન આપ્યું છે.

ગુજરાતની પ્રાચીનકાળની સાહિત્યિક પ્રવૃત્તિઓનું પરિશીલન કરતાં જણાય છે કે વેદ-વેદાંગોના અધ્યયન અને પ્રશિષ્ટ સંસ્કૃત, પ્રાકૃત અને પાલિ સાહિત્યના અસ્તિત્વ અને વિકાસમાં ગુજરાત પણ કદમ મિલાવતું રહ્યું હતું. મૌર્યકાળથી ગુપ્તકાલના લગભગ ઈ. સ. પૂ. ૩૨૦થી ૪૭૦ સુધીના લગભગ આઠસો વર્ષના એ પ્રાચીન કાલખંડમાં ગુજરાતની ભાષાકીય કે સાહિત્યિક પ્રવૃત્તિઓ તપાસવા માટેનાં પ્રમાણભૂત અને શ્રદ્ધેય સાધનો અલ્પ પ્રમાણમાં છે, તોપણ આ સમયમાં સાહિત્યિક વિકાસના જે નિર્દેશો પ્રાપ્ત થાય છે તે નિઃશંક એના ઇતિહાસનું દૃઢ અનુમાન કરવા પ્રેરે તેવા છે. વલભી આ પ્રાચીન કાલખંડનું એક અતિ મહત્ત્વનું વિદ્યાધામ હતું. ચીની યાત્રી હ્યુ-એન-સ્વાંગે એનું વિસ્તૃત વર્ણન કર્યું છે. ઈ. સ.ની ચોથી શતાબ્દીમાં વલભી નજીકના વિહારમાં રહીને સ્થિરમતિ અને ગણમતિ નામના બૌદ્ધ વિદ્વાનોએ પોતાના પ્રસિદ્ધ ગ્રંથો રચ્યા હતા. લગભગ એ જ અરસામાં જૈન આચાર્ય નાગાર્જુનસૂરિની અધ્યક્ષતામાં (ઈ. સ. ૩૦૦ આસપાસ) તૈયાર થયેલી જૈન શ્રુતપરંપરા પણ તત્કાલીન ઉત્તમ સાહિત્યિક પ્રવૃત્તિ

અને જૈન, બૌદ્ધ અને હિંદુ ધર્મોના પારસ્પરિક સદ્ભાવનું પણ સૂચન કરે છે.[1]

મૈત્રક કાળ (લગભગ ઈ. સ. ૪૭૧થી ૭૮૮) અને અનુમૈત્રક કાળ(ઈ. સ. ૭૮૮થી ૯૪૨)માં ભાષા અને સાહિત્ય અધિક વિકાસ પામે છે. મૈત્રક કાળમાં વલભીએ જીવંત વિદ્યાધામ તરીકે ભારે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. એ માત્ર રાજકીય જ નહીં, પણ સાંસ્કૃતિક તેમજ ધાર્મિક પ્રવૃત્તિઓનું પણ અતિ મહત્ત્વનું કેન્દ્ર હતું. આ વિદ્યાધામમાં બ્રાહ્મણો, જૈનો અને બૌદ્ધ વિદ્વાનો પોતપોતાના ધર્મગ્રંથોનો ઉદ્ધાર કરવાની સાથે સાથે કેટલાક લલિત સાહિત્ય અને શાસ્ત્રીય વાઙ્મયનું પણ સર્જન કરતા હતા. સામાન્યતયા બ્રાહ્મણો સંસ્કૃત, જૈનો પ્રાકૃત અને બૌદ્ધો પાલિ ભાષા સાથે સંકળાયેલા હોવાનું મનાય છે. પણ આ વિદ્યાધામમાં જૈનો, બ્રાહ્મણો તેમજ બૌદ્ધો એમ ત્રણે ધર્મ સાથે સંકળાયેલા વિદ્વાનો સમાન રીતે સંસ્કૃત ભાષાને સમૃદ્ધ કરવામાં રત રહેતા હતા. આવા વિદ્વાનોમાં છઠ્ઠા સૈકામાં થયેલા લાટ પ્રદેશ (તત્કાલીન દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાત)ના બૌદ્ધ ભિક્ષુ ધર્મગુપ્ત, આચાર્ય હેમચંદ્રસૂરિએ જેમને શ્રેષ્ઠ વ્યાખ્યાનકાર તરીકે બિરદાવ્યા હતા તે જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ, કોટ્યાર્યવાદિગણિ ક્ષમાશ્રમણ, સિદ્ધસેનગણિ, સાતમા સૈકાના જ્યોતિષાચાર્ય બ્રહ્મગુપ્ત, બૌદ્ધભિક્ષુ શાંતિદેવ, ચૂર્ણીવ્યાખ્યાનકાર જિનદાસગણિ મહત્તર, આઠમા સૈકાના જિનભદ્રસૂરિ, જિનહ્નસૂરિ, હરિભદ્રસૂરિ, બપ્પભટ્ટિસૂરિ ઉદ્દ્યોતનસૂરિ, જિનસેનસૂરિ અને દસમા સૈકાના આચાર્ય સિદ્ધર્ષિહરિષેણાચાર્ય વગેરે વિદ્વાનો મુખ્ય છે. ગુજરાતમાં જેને સહુથી પહેલું મહાકાવ્ય કહી શકાય એની રચના અનુમૈત્રક કાળમાં જ થઈ હતી. 'હરિવંશપુરાણ' નામનું શકવર્તી મહાકાવ્ય ઈ. સ. ૭૮૩-૮૪માં રચાયું હતું. એના મહાકવિ હતા જિનસેનસૂરિ, જે પુન્નાટ સંઘના દિગંબર સાધુ હતા. એમાં હરિના વંશમાં જન્મેલા વસુદેવ, બલરામ, શ્રીકૃષ્ણ તથા અરિષ્ટનેમિ (નેમિનાથ) જેવા મહાનાયકોનું જીવનચરિત આલેખાયું છે.[2]

ગુજરાતમાં આજ દિન સુધી જૈન સાહિત્ય નિરંતર વિકસ્યા કર્યું છે. કાળક્રમે એની ભાષા બદલાતી રહી છે. ગુજરાતના વિવિધ કાલખંડોમાં અનેક જૈન યતિઓએ સતત વિદ્યાપરાયણ રહી જે સાહિત્યિક, શાસ્ત્રીય અને તાત્ત્વિક કૃતિઓની રચના કરી છે એની ચર્ચા અનેક ગ્રંથોમાં સમાઈ શકે. અગણિત જૈન સૂરિઓમાંથી પાંચ અતિ મહત્ત્વના સૂરિવર્યોનો આપણે પરિચય પ્રાપ્ત કરીએ.

મૈત્રક અને અનુમૈત્રકકાળમાં વલભી અને શ્રીમાલ મોટાં વિદ્યાધામો હતાં. અનેક વિદ્યાશાખાઓમાં વિવિધ શાસ્ત્રોનો ત્યાં અભ્યાસ થતો. વિક્રમ સંવતના ૧૧મા સૈકા સુધી આ વિદ્યાધામોની જાહોજલાલી રહી. એ પછી મોટી રાજકીય ઊથલપાથલો થઈ. ગુજરાતમાં વનરાજ ચાવડાએ અણહિલવાડની સ્થાપના કરી અને વિ. સં. ૮૦૨માં અણહિલવાડ પાટણની સ્થાપના થઈ. 'પ્રબંધચિંતામણિ'માં મેરુતુંગાચાર્યે નોંધ્યું છે તેમ ગુર્જરોનું આ રાજ્ય વનરાજથી માંડીને જૈન મંત્રીઓએ દૃઢ કર્યું. ભિન્નમાલના પતન પછી ત્યાંના ઘણા નિવાસીઓ ઓસવાલ, પોરવાડ અને શ્રીમાળીઓ અણહિલવાડ આવ્યા. સાથે સાથે વલભી અને શ્રીમાલની વિદ્યાવ્યાસંગની પ્રવૃત્તિઓનું કેન્દ્ર અણહિલવાડ પાટણ બન્યું.

વિન્સેન્ટ સ્મિથ[3] અને બૉમ્બે ગૅઝેટિયર[4]માંની નોંધ પ્રમાણે અનુક્રમે વલભી અને ભિન્નમાલનું વિદ્યાધામ તરીકે પતન થતાં પાટણ વિદ્યાધામ બન્યું. વલભી અને શ્રીમાલની ભવ્યતાના, યશના અને વિદ્યાના અંશો પાટણમાં તબદિલ થયા. સરસ્વતી માહાત્મ્ય પ્રમાણે શ્રીમાલમાં જૈન ધર્મનો પ્રચાર સારો હતો. પ્રસિદ્ધ જૈનાચાર્ય હરિભદ્રસૂરિનો વિહાર આ નગરમાં વારંવાર થતો અને એમણે પોરવાડોને પોતાના ઉપદેશથી જૈન ધર્મના અનુયાયી બનાવ્યા હતા. વનરાજ ચાવડાએ સ્થાપેલું અણહિલવાડ પાટણ સોલંકી સામ્રાજ્યમાં એની સોળે કલાએ ખીલી ઊઠ્યું. ભીમસેન નામના રાજાના સમયમાં ૧૮૦૦૦ ગુર્જરોએ ભિન્નમાલ છોડ્યું. 'શ્રીમાલપુરાણ'ના મત મુજબ વિ. સં. ૧૨૦૩માં શ્રી (લક્ષ્મી)એ શ્રીમાલનો ત્યાગ કર્યો. ભિન્નમાલનો ત્યાગ કરી જે નગરજનો પાટણ આવ્યા હતા તેમણે રાજવીઓની સાથે સાથે એમની સાહસિકતા, શક્તિ, બુદ્ધિ, આત્મગૌરવ, પ્રતાપ અને તેજસ્વિતાથી જે તે રાજાઓનું મંત્રીપદ સંભાળ્યું હતું. વનરાજ ચાવડાના મંત્રી જાંબ અને નિન્નયથી માંડી વસ્તુપાલ અને અમદાવાદના નગરશેઠ શાંતિદાસ ઝવેરી સુધી સહુએ પોતાનાં સાહસ, શૌર્ય, ધર્મપરાયણતા અને સાહિત્યપ્રેમથી ગુજરાતને ગૌરવ અપાવ્યું છે. સોલંકીકાળમાં ગુજરાતના સાંસ્કૃતિક સમાજમાં જૈન ધર્મની ગાઢ અસર હતી. મૂળરાજ (વિ. સં. ૯૯૮થી ૧૦૫૩) એક ખૂબ મહત્ત્વાકાંક્ષી અને ગતિશીલ રાજવી હતો. તેણે માળવાના લોકપ્રિય, પ્રતાપી અને વિદ્યાપ્રિય રાજા મુંજનો સામનો કર્યો હતો અને એના સમયથી જ ગુજરાતને સાંસ્કૃતિક ક્ષેત્રે માળવા જેવું બનાવવાનો ઉપક્રમ આદરેલો. વિદ્વત્તાના ક્ષેત્રે ગુજરાત માળવાની બરોબરનું થાય એ માટે એણે ઔદીચ્યોને ઉત્તર ભારતમાંથી ખાસ આમંત્રણ આપી વસાવ્યા હતા. પડોશના પ્રતિપક્ષી રાજવીઓ અને આક્રમકોનો હિમ્મતભેર સામનો કરી એમણે ગુજરાતના સામ્રાજ્યનો પાયો નાખ્યો. મૂળરાજ પછી એનો પુત્ર ચામુંડ, ચામુંડના બે ઉત્તરાધિકારીઓ દુર્લભરાજ અને વલ્લભરાજ, અને દુર્લભરાજ પછી એના ભાઈ નાગરાજનો પુત્ર ભીમદેવ પહેલો રાજગાદીએ (વિ. સં. ૧૦૭૮) બેઠો. આ ભીમદેવે ગુજરાત સંસ્કૃત અને સમૃદ્ધ બને એ મૂળરાજની ભાવનાને બળવત્તર બનાવી. ગુજરાતને માળવાથી પણ વધારે સમૃદ્ધ બનાવવાના પ્રયત્નો છેક રાજા કુમારપાળ સુધી ચાલુ રહ્યા. આચાર્ય હેમચંદ્રાચાર્યના જીવન અને કવનનો ઊંડો અભ્યાસ કરનારા વિદ્વાન સંશોધક શ્રી મધુસૂદન મોદીએ યથાર્થ જ લખ્યું છે કે[5], 'ગુજરાતની સંસ્કૃતિની ભવ્યતાના સવિતાનો ઉદય મૂળરાજના સમયમાં થયો, તેનાં બધાં કિરણોનો આવિષ્કાર ભીમદેવના સમયમાં થયો; સિદ્ધરાજના સમયમાં તે મધ્યાહ્નને પહોંચ્યો; કુમારપાળના સમયમાં તેમાં મધ્યાહ્ન પછીની સુકુમારતા પ્રવેશી અને કર્ણ વાઘેલાના સમયમાં તે અસ્ત પામ્યો.' સમગ્ર સોલંકીકાળને સમયાંતરે જે પાંચ વિદ્વાન સૂરિરત્નો પ્રાપ્ત થયાં એનો પરિચય પ્રાપ્ત કરવો એ એક આહ્લાદક લ્હાવો છે.

**આચાર્ય શાંતિસૂરિ અને બુદ્ધિસાગરસૂરિ :**

મૂળરાજના પુત્ર ચામુંડરાજ ઉપર જૈનાચાર્ય વીરસૂરિનો પ્રભાવ હતો. એમણે અનુગ્રહ કરીને કરેલા વાસક્ષેપથી ચામુંડની રાણીને વલ્લભરાજ નામે પુત્ર થયો. ચામુંડ પોતે યુવરાજ હતો ત્યારથી જ જૈન ધર્મ તરફ આદર દર્શાવતો હતો. એ શૈવધર્મી હોવા છતાં જિનમંદિરને ધૂપ, દીપ તેમજ ફૂલહારના નિભાવ માટે એક ખેતર દાનમાં આપ્યું હતું. દુર્લભરાજના શાસન પછી એના ભાઈ

નાગરાજનો પુત્ર ભીમદેવ ગાદીએ આવ્યો. એણે માળવા સાથેના સંઘર્ષ ઉપરાંત વિદ્વાનોને રાજ્યાશ્રય આપવાનું ચાલુ રાખ્યું. એના દરબારમાં મોભાભર્યું સ્થાન પ્રાપ્ત કરનાર આચાર્ય શાંતિસૂરિ 'કવીન્દ્ર' અને 'વાદીચક્રી' તરીકે પ્રસિદ્ધ હતા. સોલંકી રાજાઓના પ્રબળ પ્રતિપક્ષી મુંજરાજે પણ એમની અદ્વિતીય પ્રતિભાથી આકર્ષાઈને એમને 'સરસ્વતી'નું બિરુદ આપ્યું હતું.[5] કવિ ધનપાલે એમની પ્રસિદ્ધ કથા 'તિલકમંજરી' કથામાં એમની પાસે જ યોગ્ય સુધારાવધારા કરાવ્યા હતા. આ શાંતિસૂરિજીએ પોતાના સમકાલીન કૌલ મતના પ્રકાંડ પંડિત ધર્મને અણહિલપુરમાં વાદવિવાદમાં હરાવ્યો હતો.

દુર્લભરાજ અને ભીમદેવના સમયમાં શૈવ ધર્મ અને જૈન ધર્મ વચ્ચે ઊંડો સદ્‌ભાવ પ્રવર્તતો હતો. અન્ય ધર્મના અનુયાયીઓ પણ જૈન ધર્મને આદર આપતા હતા. 'પ્રભાવકચરિત'માં શ્રી સૂરાચાર્ય પ્રબન્ધ અંતર્ગત પ્રાપ્ત થતા એક કથાનકમાં તત્કાલીન સમયમાં ધર્મોમાં પરસ્પર કેવો સદ્‌ભાવ પ્રવર્તતો હતો એ જોવા મળે છે. દુર્લભરાજના રાજપુરોહિત સોમદેવે જૈન ધર્મના બે સુવિહિત વિદ્વાનો - જિનસેનસૂરિ અને બુદ્ધિસાગરસૂરિને પોતાના ઘરમાં પોતાની જવાબદારીથી આશ્રય આપ્યો હતો. ચૈત્યવાસીઓના વિરોધને અવગણીને પુરોહિત સોમદેવે આ આશ્રય આપેલો અને પોતાના નિર્ણયને રાજનું સમર્થન જ નહીં. રાજા પાસે તે મુનિઓના નિવાસ માટે ભૂમિ વગેરેનો પણ પ્રબંધ કરી આપ્યો હતો. એ મુનિઓ પૈકી આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિએ સ્વકીય પ્રતિભાથી આઠ હજાર શ્લોકપ્રમાણનું 'બુદ્ધિસાગર' નામે વ્યાકરણ રચ્યું હતું.[6] આ વ્યાકરણ શ્વેતાંબર પરંપરાનું પ્રથમ વ્યાકરણ છે. ભીમદેવનું જ્યારે શાસન હતું ત્યારે જબાલિપુરમાં નિવાસ કરીને એમણે આ વ્યાકરણ રચ્યું હતું. એમની સાથેના આચાર્ય જિનેશ્વરસૂરિએ 'પ્રમાલક્ષણ' નામે ન્યાયશાસ્ત્રનો ગ્રંથ રચ્યો હતો અને એમના જ શિષ્ય અભયદેવસૂરિએ 'સન્મતિતર્ક' નામના મહાન તર્કગ્રંથ પર 'વાદાર્ણવ' નામે ટીકા લખી હતી.

**કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રસૂરિ :**

આચાર્ય હેમચંદ્રસૂરિ સોલંકીકાળના મહાન જ્યોતિર્ધર હતા. એમનો જન્મ ઈ. સ. ૧૦૮૯માં ધંધુકામાં થયો હતો. એમના પિતાનું નામ ચંચદેવ અને માતાનું નામ પાહિનીદેવી હતું. તેઓ મોઢ વણિક હતા. એમનાં માતાપિતાએ એમનું નામ ચંગદેવ પાડ્યું હતું. બચપણથી જ એ અધ્યાત્મપ્રિય અને તેજસ્વી હતા. આઠ વર્ષની નાની ઉંમરે એમણે દીક્ષા અંગીકાર કરી હતી. એ વખતે એમનું નામ સોમચંદ્ર રાખવામાં આવ્યું હતું. ખંભાતમાં રહેતા ઉદયન મંત્રીએ જ ચંગદેવને દીક્ષા આપવા એમનાં માતાપિતાને તૈયાર કર્યાં હતાં. દેવચંદ્રસૂરિએ એમને દીક્ષા આપી હતી. ખંભાતમાં રહીને પોતાના ગુરુ પાસે એમણે પ્રારંભિક શાસ્ત્રાભ્યાસ કર્યો. તે સમયે સંસ્કૃત ભાષાના અધ્યયન માટે કાશ્મીરની બોલબાલા હતી. મુનિ સોમચંદ્રની પ્રબળ જિજ્ઞાસા જોઈને અને જાણીને ઉદયન મંત્રી અને એમના ગુરુજીએ કાશ્મીરથી ગ્રંથો મંગાવવા ઉપરાંત કેટલાક પંડિતોને પણ ખાસ આમંત્રણ આપીને બોલાવ્યા અને સોમચંદ્રસૂરિને જ્ઞાનનાં વિવિધ શાસ્ત્રોમાં પારંગત બનાવ્યા. એકવીસ વર્ષના એકધારા અધ્યયન બાદ એમને એમના ગુરુશ્રી દેવચંદ્રસૂરિએ આચાર્યપદે પ્રસ્થાપિત કર્યા અને તેઓ સોમચંદ્રસૂરિમાંથી

આચાર્ય હેમચંદ્ર તરીકે ઓળખાવા લાગ્યા. એ વખતે પાટણમાં રાજા સિદ્ધરાજ જયસિંહનું શાસન હતું. એક વાર નગરયાત્રામાં આચાર્યશ્રીના શીઘ્રકવિત્વને સાંભળી રાજા સિદ્ધરાજ અત્યંત પ્રભાવિત થયા.[૯] પછી શ્રી અને સરસ્વતીનો એ સંગમ દિનપ્રતિદિન વધતો જ ચાલ્યો. આચાર્ય હેમચંદ્રે એમની તેજસ્વી વિદ્વત્પ્રભાથી રાજાના મનમાં અનન્ય સ્થાન પ્રાપ્ત કરી લીધું. રાજા આચાર્યશ્રી પાસેથી વારંવાર માર્ગદર્શન મેળવતો હતો.

સિદ્ધરાજ જયસિંહે વિ. સં. ૧૧૯૩માં માલવરાજ યશોવર્માનો પરાજય કર્યો, પણ રાજાને તો સાંસ્કૃતિક ક્ષેત્રે પણ ગુજરાતને સમૃદ્ધ કરવું હતું. શ્રી મ. ચૂ. મોદી લખે છે એમ 'રાજા સિદ્ધરાજને માળવાના સંસ્કારનાં, સાહિત્યનાં અને કલાનાં બધાં જ પ્રતીકો તેમજ સાધનોને ગુજરાતમાં વસાવવાં હતાં. ગુર્જર રાજ્યને સામ્રાજ્યની ભવ્યતા અને બૃહસ્પતિનો વિવેક આપવાં હતાં, પોતાનું ચક્રવર્તિત્વ સિદ્ધ કરવું હતું અને પાટણને માનવસમુદ્ર બનાવવું હતું. રાજાએ પોતાની અંતરની ઇચ્છા પ્રગટ કરી અને આચાર્ય હેમચંદ્રસૂરિએ સંસ્કૃત તેમજ પ્રાકૃત ભાષામાં પ્રવર્તિત બધાં જ શાસ્ત્રો અને સર્જનાત્મક સાહિત્યમાં પોતાનું અનન્ય પ્રદાન કર્યું. રાજાએ એમને માટે સમગ્ર દેશમાંથી પ્રસિદ્ધ ગ્રંથો મંગાવી આપ્યા. વિદ્વાનોને નિમંત્ર્યા. રાજાના પ્રેરક પ્રોત્સાહનથી આચાર્ય હેમચંદ્રે ત્રણ શાસ્ત્રીય ગ્રંથો - (૧) સિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસન (વ્યાકરણ) (૨) કાવ્યાનુશાસન (અલંકારશાસ્ત્ર) અને (૩) છંદોનુશાસન (છંદશાસ્ત્ર) ઉપરાંત 'દ્વયાશ્રય' તથા 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત' નામનાં મહાકાવ્યોએ એમને અમર બનાવી દીધા. એમની સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ એમ ત્રણે ભાષાઓમાં અબાધ ગતિ હતી. સોમપ્રભસૂરિએ એમના 'શતાર્થ' કાવ્યમાં આચાર્ય હેમચંદ્રના અજોડ પ્રદાન સંદર્ભે લખ્યું છે, 'નવું વ્યાકરણ કલ્પ્યું, નવું છંદશાસ્ત્ર રચ્યું, દ્વયાશ્રય મહાકાવ્ય અને અલંકારશાસ્ત્રને વિસ્તાર્યાં અને નવાં જ પ્રગટ કર્યાં. શ્રી યોગશાસ્ત્રને પણ નવું રચ્યું. નવા તર્કશાસ્ત્રને જન્મ આપ્યો, જિનવરોનાં ચરિત્રોનો નવો ગ્રંથ રચ્યો. કઈ કઈ રીતે શ્રી હેમચંદ્રાચાર્યે અજ્ઞાનને દૂર કર્યું નથી ?'[૧૦]

આચાર્યશ્રીએ માત્ર સિદ્ધરાજ જયસિંહને જ નહીં પણ એના અનુગામી કુમારપાલને પણ એટલો બધો પ્રભાવિત કર્યો કે તેમના ઉપદેશે તે પરમાર્હત્ થયો. જૈન ધર્મને રાજ્યાશ્રય પ્રાપ્ત થયો. 'કુમારપાલપ્રતિબોધ' નામના મુનિશ્રી જિનવિજયજી સંપાદિત ગ્રંથમાં આચાર્ય હેમચંદ્રસૂરિના અદ્ભુત વ્યક્તિત્વનો આપણને તાદૃશ પરિચય મળે છે. 'શ્રી હેમચંદ્રાચાર્યનું વ્યક્તિત્વ અદ્ભુત હતું. એમનો વર્ણ હેમ જેવો તેજસ્વી હતો. તેમના મુખચંદ્રમાં ચંદ્રની શીતળતા વસી હતી. તેમનાં નેત્રો કમલસમાં રમણીય હતાં. તેમની દેહકાંતિ લોકોના લોચનમાં હર્ષના વિસ્તારને પલ્લવિત કરે એવી હતી. તેઓ બાલબ્રહ્મચારી હતા. તેમનું શુદ્ધ ચારિત્ર્ય લોકોને ચમત્કાર ઉપજાવે તેવું હતું. બાવીસ પ્રકારના પરિષહોને સહન કરી શકે તેવું અને તીવ્ર તપથી કસાયેલું તેમનું ખમીર હતું. હેમસૂરિનાં આ લોકોત્તર લક્ષણો જોઈ કોઈ પણ બુદ્ધિશાળી માનવીને આસ્થા બેસતી કે આપણે તીર્થંકર કે ગણધરોને જોયા નથી છતાં પણ ખરેખર પુરાતન કાળમાં તેમનું વ્યક્તિત્વ સૌરભ ફેલાવતું હશે.'[૧૧] આ યુગમૂર્તિ હેમચંદ્રાચાર્ય ૨૫ ગ્રંથોનો અક્ષરદેહ જગતને આપી, ૮૪ વર્ષનું કૃતાર્થ જીવન જીવી કાળધર્મ પામ્યા.

**'પ્રબંધશત'કર્તા રામચંદ્રસૂરિ :**

આચાર્ય હેમચંદ્રસૂરિએ એમના જીવનકાળ દરમિયાન એમના કાળધર્મ પૂર્વે ૪૦થી ૪૨ વર્ષે રામચંદ્રસૂરિની પોતાના પટ્ટધર શિષ્ય તરીકે અને ઉત્તરાધિકારી તરીકે ઉદ્દ્ઘોષણા કરી હતી. એક વાર રાજા સિદ્ધરાજે આચાર્યશ્રીને એમના ઉત્તરાધિકારીનું નામ પૂછ્યું ત્યારે એમણે પૂરા ઉમંગ અને ઉત્સાહથી રામચંદ્રસૂરિનું નામ આપ્યું. સાથે સાથે પોતાના શિષ્યની શાસ્ત્ર-સર્વજ્ઞતા તેમજ ગુણોત્કર્ષ દર્શાવી એ પદ માટેની રામચંદ્રસૂરિની યોગ્યતાનું પ્રતિપાદન કર્યું. આચાર્યશ્રી દ્વારા એમનો પરિચય કરાવવામાં આવતાં રામચંદ્રસૂરિએ પોતાની શીઘ્ર કવિત્વશક્તિની પ્રતિભા પ્રગટ કરતાં રાજાને કહ્યું,

मात्रयाऽप्यधिके किञ्चिन्न सहन्तेजिगीषवः ।
इतीव त्वं धरानाथ धारानाथमपाकृथाः ।।

'વિજયશીલ વીરો પોતાના પ્રતિપક્ષીઓનું એક માત્રા જેટલું આધિક્ય પણ ચલાવી લેતા નથી અને માટે જ હે ધરાનાથ ! (પૃથ્વીપતિ) તમે ધારાનાથ (માળવાના રાજા)નો પરાભવ કર્યો.' રામચંદ્રસૂરિની આ ચમત્કૃતિપૂર્ણ કાવ્યોક્તિ સાંભળી સિદ્ધરાજ જયસિંહ પ્રસન્ન થયા અને આચાર્યની પસંદનું સમર્થન કર્યું. કવિએ પાટનગર પાટણનું જે મનોરમ વર્ણન કર્યું તે વાંચી રાજાએ રામચંદ્રસૂરિને 'કવિ કટારમલ્લ'નું બિરુદ આપ્યું.[૧૨]

રામચંદ્રસૂરિ પોતે જાણીતા નાટકકાર અને વિશેષ તો નાટ્યશાસ્ત્રવિશારદ હતા. એમના ગુરુભાઈ ગુણચંદ્રસૂરિ સાથે એમણે રચેલો 'નાટ્યદર્પણ' નામનો ગ્રંથ નાટ્યશાસ્ત્રનો એક પ્રતિષ્ઠિત અને પ્રમાણભૂત ગ્રંથ છે. પોતાના 'કૌમુદીમિત્રાણંદ' અને 'નિર્ભયભીમવ્યાયોગ' નામનાં રૂપકોમાં કવિ પોતાને 'प्रबन्धशतकर्तृ' તરીકે ઓળખાવે છે. એ ઉપરથી વિદ્વાનો એવું અનુમાન કરે છે કે રામચંદ્રસૂરિ જેવા પ્રતિભાસંપન્ન કવિએ એમના જીવનમાં વિપુલ પ્રમાણમાં લલિતસાહિત્યનું સર્જન કર્યું હશે. મુનિ શ્રી જિનવિજયજી અને મુનિશ્રી પુણ્યવિજયજીને મતે કવિએ 'પ્રબંધશત' નામનો નાટ્યશાસ્ત્રીય ગ્રંથ લખ્યો હતો જ્યારે 'નાટ્યદર્પણ' પર શોધપ્રબંધ લખનાર ડૉ. કે. એચ. ત્રિવેદીને મતે 'પ્રબંધશત' દ્વારા કવિને મોટા પ્રમાણમાં રચેલી પોતાની કૃતિઓનો નિર્દેશ કરવાનું જ અભિપ્રેત છે.[૧૩] કુમારપાલના ઉત્તરાધિકારીની બાબતમાં રાજગૃહમાં જે કાવાદાવા ચાલ્યા, એનો આ ગુણિયલ મુનિ ભોગ બન્યા. અને રાજા અજયપાલે એમને અકાળે મોતને ઘાટ ઉતાર્યા એ એક કમનસીબ અને ક્રૂર ઘટના ઘટી હતી.

**કવિસાર્વભૌમ અમરચંદ્રસૂરિ :**

સોલંકીકાળના ઉત્તરાર્ધમાં વીસલદેવ (રાજ્યકાળ ઈ. સ. ૧૨૩૮થી ૧૨૬૨)ના વિચક્ષણ અને પ્રતિભાસંપન્ન કવિ મહામાત્ય વસ્તુપાળે ઘણા વિદ્વાનોને રાજ્યાશ્રય આપ્યો હતો. આવા વિદ્વાન કવિઓમાં અમરચંદ્રસૂરિનું નામ અગ્રગણ્ય હતું. આ મહાકવિ એમના મહાભારતના પ્રસિદ્ધ સારકાવ્ય 'બાલભારત' અને કાવ્યશાસ્ત્રીય ગ્રંથ 'કાવ્યકલ્પલતા'ની રચનાથી સંસ્કૃત સાહિત્યમાં સવિશેષ જાણીતા છે. એમના મહાકાવ્ય 'બાલભારત'ના અંતિમ ૪૪મા સર્ગમાં કવિ પોતાનો ટૂંકો પરિચય આપે છે. તેઓ દીક્ષા લઈને જૈન યતિ બન્યા તે પૂર્વે ઉત્તર ગુજરાતમાં પાટણ પાસેના વાયડ ગામના

બ્રાહ્મણ હતા. જૈન સૂરિ હોવા છતાં એમણે મહાભારતની કથાને અનુસરીને 'બાલભારત' નામનું સારકાવ્ય રચ્યું છે. આ મહાકાવ્યમાં સૂરિશ્રીએ પોતે નોંધ્યું છે તેમ વાયડ ગામના બ્રાહ્મણોના આગ્રહને વશ થઈને આ મહાકાવ્ય રચ્યું છે. નયચંદ્રસૂરિએ એમના 'હમ્મીરમહાકાવ્ય'માં આ કવિને માટે કહ્યું છે, 'ब्रह्मज्ञप्रवरो महाव्रतधरो वेणीकृपाणोऽमरः ।।'૧૪.૩૧. 'વિવેકવિલાસ'ના રચયિતા અને જૈન શ્વેતાંબર સંપ્રદાયના વાયડગચ્છના આચાર્ય જિનદત્તસૂરિ અમરચંદ્રસૂરિના ગુરુ હતા. 'પ્રબંધકોશ'માં રાજશેખરે લખ્યું છે કે જિનદત્તસૂરિના શિષ્ય અરિસિંહ પાસેથી આ અમરચંદ્રસૂરિને 'સિદ્ધ સારસ્વત મંત્ર' મળ્યો હતો. પદ્મમંત્રીના વિશાળ મહેલમાં બેસીને કવિએ ૨૧ દિવસ સુધી મંત્રના જપ કર્યા જેને પરિણામે એમને દેવી સરસ્વતી પાસેથી રાજામહારાજાઓથી સન્માન પ્રાપ્ત થાય એવી કવિપ્રતિભા પ્રાપ્ત થયાનું વરદાન મળ્યું હતું.[૧૪]

'પ્રબંધચિંતામણિ'માં જણાવ્યા પ્રમાણે અમરચંદ્રસૂરિની ચારે બાજુએ પ્રસરેલી કીર્તિ સાંભળીને ધોળકાના રાજા વીસલદેવે મંત્રી વઈજલ દ્વારા એમને પોતાના દરબારમાં પધારવા આમંત્રણ આપ્યું હતું. કવિએ રાજસભામાં પ્રવેશતાં જ બે ચમત્કૃતિપૂર્ણ પદ્યોથી રાજા વીસલદેવ અને સભાજનોને મંત્રમુગ્ધ કર્યા હતા. રાજસભામાં બેઠેલા પંડિત કવિઓ સોમેશ્વર, સોમાદિત્ય, કમલાદિત્ય અને નાનાકે કવિ સમક્ષ કેટલીક કૂટ અને કાવ્યમય સમસ્યાઓ પ્રસ્તુત કરી જેને અમરચંદ્રસૂરિએ આવી ૧૦૮ સમસ્યાઓની કુશળતાપૂર્વક રચના કરી સમસ્યાપૂરણ કર્યું. કવિના આ શીઘ્રકવિત્વથી સભાજનો મંત્રમુગ્ધ થઈ ગયા. એ સભા છેક સાંજ સુધી ચાલુ રહી. રાજાએ કવિને 'કવિસાર્વભૌમ' ખિતાબ સાથેનો રાજ્યાશ્રય આપ્યો. 'બાલભારત'ના એક હૃદયંગમ શ્લોકમાં પ્રભાતે દધિમંથન કરતી સુંદરીની વિલોલ (ચંચળ) વેણીની તુલના કામદેવના કૃપાણ સાથે કરી હોઈ એને 'વેણીકૃપાણ'નું બિરુદ પ્રાપ્ત થયું હતું.[૧૫] અમરચંદ્રસૂરિની પ્રતિમા પાટણના ટાંગડિયાવાડાના જૈનમંદિરમાં આજે પણ અસ્તિત્વ ધરાવે છે.

સોલંકી યુગમાં તો અનેક બહુશ્રુત જૈન યતિઓ થયા હતા, પણ આ પાંચ સૂરિરત્નોને અમાપ યશ પ્રાપ્ત થયો હતો એ બાબત સોલંકીકાળના સુવર્ણયુગની દ્યોતક છે.

## પાદટીપ

૧. પરીખ ર. છો. અને શાસ્ત્રી હ. ગં., ગ્રંથ-૧, 'ઇતિહાસની પૂર્વભૂમિકા', ગ્રંથ-૨ 'મૌર્યકાલથી ગુપ્તકાલ', ગ્રંથ ૩. 'મૈત્રકકાલ અને અનુમૈત્રક કાલ'.

૨. ડૉ. શાસ્ત્રી હ. ગં. : 'મૈત્રકકાલીન કાલ ગુજરાત', પૃ. ૪૬૩થી ૪૭૭

૩. Vincet Smith : 'Early History of India', p. 314-315

૪. Bombay Gazeteer: Vol. I Part i: History of Gujarat, p. 469

૫. મોદી મધુસૂદન ચૂ. 'હેમસમીક્ષા', પૂર્વરંગ, પૃ. ૧૪.

૬. એજન, પૃ. ૧૬

૭. પ્રભાવકચરિત, શ્રી સૂરાચાર્યપ્રબંધ પૃ. ૨૬૦, શ્લોક ૨૫૧-૨૫૨

૮. श्रीबुद्धिसागरसूरिश्चक्रे व्याकरण नवम् ।
सहस्राष्टकनामानं तत् श्री बुद्धिसागराभिधम् ।। 'प्रभावकचरित', पृ. २६७

૯. सिद्धराज गजराजमुच्चकैः कारय प्रसरमेतमहातः।
संत्रसन्तु हरितां मतंगजस्तैः किमद्य भवतैव भूर्धृता ।। 'प्रभावकचरित', पृ. ३००, श्लोक-६७

૧૦. क्लृप्तं व्याकरणं नवं विरचितं छन्दं नवं द्वयाश्रया
लंकारौ प्रथितौ नवौ प्रकटितं श्री योगशास्त्रं नवम् ।
तर्कः संजनितो नवो जिनवरादीनां चरित्रं नवं
बद्धं येन न केनकेन विधिना मोहः कृतो दूरतः ।। - हेमसमीक्षा, पृ. २३

૧૧. એજન, પૃ. ૨૪

૧૨. तुष्टेन सर्वसमक्षं कविकहारमल्लं इति बिरुदं दत्तम् । 'रत्नमंदिरगणि', उपदेशतरंगिणी, पृ. ६२

૧૩. Dr. K. H. Trivedi, The Natyadarpana of Ramchandra And Gunachandra, A Critical Study p. 219 ff.

૧૪. ડૉ. ભો. જ. સાંડેસરા, 'મહામાત્ય વસ્તુપાલનું સાહિત્યમંડળ તથા સંસ્કૃત સાહિત્યમાં તેનો ફાળો', પૃ. ૯૨

૧૫. दधिमथनविलोलल्लोलहग्वेणिदम्भा
दयमदयमनङ्गो विश्वविश्वैकजेता ।
भवपरिभवकोपत्यक्तबाणः कृपाण
श्रममिव दिवसादौ व्यक्तशक्तिर्विनक्ति ।। 'बालभारत', ३३.६

# મોતીશાહ શેઠ

*"લાવે લાવે મોતીચંદ શેઠ નવણ જલ લાવે રે,*
*નવરાવે મરુદેવીનંદ, પ્રભુ પધરાવે રે."*

મુંબઈ ભાયખલામાં શત્રુંજયની ટૂક જેવું આદિનાથ દાદાના દેરાસરનું નિર્માણ કરનાર, કુંતાસરનો ખાડો પુરાવી 'મોતીશાની ટૂક' બંધાવનાર, અબોલ પ્રાણીઓ માટે પાંજરાપોળની પહેલ કરી અંગ્રેજોને પણ સાનંદાશ્ચર્યમાં ગરકાવ કરનાર, એક જ દાયકામાં નાનાં-મોટાં મજબૂત વહાણોનો દેશદેશાવર ખેડતો મોટો કાફલો મહાસાગરમાં વહેતો મૂકનાર, પાલિતાણામાં વિશાળ ધર્મશાળા બંધાવનાર, કેટલીય ઉદાર સખાવતો કરનાર, ગોડીજી પાર્શ્વનાથમાં અતૂટ શ્રદ્ધા ધરાવનાર ધર્મનિષ્ઠ - મોતીશાહ શેઠનાં કેટકેટલાં આત્મસ્વરૂપના ગુણ ગાવા ? કે જેથી

*'ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ.'*

**રૂપા એ. શેઠ**

૧૯મી સદીની શરૂઆતમાં મુંબઈ જ્યારે એક અવિકસિત સાત બેટનો ટાપુ કહેવાતો ત્યારે સં. ૧૮૧૪ની સાલમાં શ્રી અમીચંદ સાકરચંદ માત્ર ૧૩ વર્ષની ઉંમરે રોટલો રળવા ખંભાતથી મુંબઈ આવેલા. મૂળે ક્ષત્રિય જાતિમાંથી વણિક થયેલ હોવાથી ક્ષાત્રતેજ ધરાવતા ઓશવાળોમાંના તે જૈન વીસા ઓસવાળ જ્ઞાતિના હતા. આ અમીચંદ પ્રથમ સોજિત્રા અને પછી ખંભાત આવી વસ્યા હતા. મુંબઈ આવ્યા પછી તેમણે ઝવેરાતનો ધંધો કરવા માંડ્યો હતો અને તેમાં સારું કમાયા પણ હતા. તેમનાં પત્નીનું નામ રૂપાબાઈ હતું. રૂપાબાઈ ખાસ ભણેલાં ન હોવા છતાં વ્યવહારદક્ષ અને કુશળ હતાં. તેમને ત્રણ દીકરા અને બે દીકરી એમ પાંચ સંતાનો હતાં. સૌથી મોટો દીકરો નેમચંદ, નાનો દેવચંદ અને વચલો

દીકરો મોતીચંદ - તે જ આપણા મોતીશાહ શેઠ.

શેઠ અમીચંદ પોતાના પુરુષાર્થ, આવડત અને બાહોશીથી વ્યાપારના ક્ષેત્રમાં આગળ વધ્યા અને જૈન સમાજમાં પણ સારી એવી નામના મેળવી હતી. પરંતુ પછીથી નસીબે સાથ ન આપ્યો. ધંધામાં ખોટ ગઈ અને યુવાન વયે અવસાન થતાં કુટુંબનો ભાર મોટા પુત્ર નેમચંદભાઈ પર આવ્યો. તેમણે ઝવેરાતનો ધંધો છોડી વહાણવટાના ધંધામાં દલાલીનું કામ ચાલુ કર્યું જેના કારણે હોરમસજી બમનજી વાડિયા - પારસી કુટુંબ સાથે નિકટના પરિચયમાં આવ્યા. પરંતુ દુર્ભાગ્યે એમનું યુવાન વયે મૃત્યુ થયું. હવે સઘળી જવાબદારી ત્રીસ-બત્રીસ વર્ષના મોતીચંદને માથે આવી પડી. આ વર્ષોમાં તેમનાં લગ્ન દિવાળીબાઈ સાથે થયાં હતાં. તેમને ખીમચંદભાઈ નામે એક પુત્ર પણ હતો. માતા રૂપાબાઈની છત્રછાયા તો ભાઈના પહેલાં ગુમાવી હતી. વળી નેમચંદભાઈના બંને દીકરા અને નાનો ભાઈ દેવચંદ ગુજરી જતાં સં. ૧૮૭૦ની એક સવારે બહોળા પરિવારમાં જન્મેલા અને ઊછરેલા મોતીચંદ તદ્દન એકલા થઈ ગયા.

સં. ૧૮૭૦નો સમય મોતીચંદના જીવનમાં મોટો ફેરફાર કરે છે. નેમચંદભાઈએ વહાણવટાના ધંધામાં દલાલીનું કામ ચાલુ કર્યું જ હતું અને વાડિયા કુટુંબ સાથે ઘરોબો કેળવ્યો હતો. વળી એ વખતે વહાણવટીનો ધંધો ધીકતો હતો. મોતીચંદે પણ આ ધંધામાં ઝુકાવ્યું હતું. વાડિયા કુટુંબના માર્ગદર્શન હેઠળ અને પોતાની વેપારી બુદ્ધિ, આવડત અને હોશિયારીથી આ ધંધામાં તેમનો હાથ એટલો સારી રીતે બેસી ગયો હતો કે તેમાંથી સારી એવી કમાણી કરી. મોટા મોટા સઢવાળાં અનેક વહાણો ઉપરાંત ગામઠી બતેલાંઓ અને ફતેમારીઓ તેમની માલિકીનાં હતાં. વેપાર બહરીનથી ચીન સુધી ચાલતો હતો. ભારતનાં બંદરો ઉપરાંત અરબસ્તાન, જાવા, સુમાત્રા, ચીન, લંકા વગેરે બંજારોમાં તેમનું નામ મશહૂર બની ગયું હતું. તેઓ અફીણ, સોનું, રૂપું, મોતી, ઝવેરાત, રેશમ વગેરેના વેપારમાં સારું એવું કમાયા હતા. પોતાની દીર્ઘદૃષ્ટિ, ગણતરી, સદ્વર્તન અને સાહસ થકી તેઓએ મુંબઈના એક આગેવાન શાહસોદાગર તરીકે ગોરા વેપારીઓ અને અમલદારોમાં પ્રતિષ્ઠા અંકિત કરી લીધી હતી તથા નાત-જાતમાં પણ અગ્રસ્થાન પ્રાપ્ત થયું હતું.

મોતીશાહ શેઠ શરીરે સુદૃઢ તથા ગૌરવર્ણા હતા. તે આજાનબાહુ હતા. પિતા-પુત્રને સૂરત સાથે વેપાર અને કુટુંબને કારણે ઘણો ગાઢ સંબંધ હોવાથી તેમનો પહેરવેશ અને રહેણીકરણી ધીમે ધીમે સૂરતી જેવી થતી ગઈ તે એટલે સુધી કે તેમની ગણતરી ખંભાતીને બદલે સૂરતી તરીકે થઈ. તે માથે સૂરતી પાઘડી પહેરતા અને શરીર પર લાંબી કરચલીવાળું બાલાબંધી કેડિયું પહેરતા હતા. તેઓ યશનામી હોઈ જે કામ હાથમાં લેતા તેમાં કીર્તિનો વધારો થતો હતો અને તેમની આવડત, ધીરજ અને ચીવટને કારણે સં. ૧૮૭૧ પછી તો તેમાં ઉત્તરોત્તર વધારો થતો જ ગયો. ત્યારબાદ તેમણે આખા જીવનમાં ધન સંબંધી દુઃખ જોયું નથી.

તેમનામાં દાન-સખાવતનો ગુણ પણ બહુ જ સાહજિક તથા ઉત્તમ હતો. ધર્મપ્રેમ અને ધર્મનિષ્ઠા પણ તેટલી જ. તેમની દિનચર્યામાં પણ આ ગુણો ઊભરી આવે છે. મુંબઈ-કોટની અંદર આવેલા પોતાના ઘરમાં સવારે ઊઠી નિત્ય નિયમ કરતા; પૂજા-સેવા કર્યા પછી જ બહારના કામ માટે

નીકળતા. નીકળતી વખતે અનાજથી ભરેલો એક મોટો પિત્તળનો વાડકો અને તેમાં એક રૂપિયો રોકડો મૂકી જે કોઈ બ્રાહ્મણ અથવા ભિક્ષુક પહેલાં મળે તેને ઓટલા પરથી આપી દેતા અને ત્યારપછી કામ પર જતા.

તેમને ગોડીજી પાર્શ્વનાથ ઉપર ખૂબ શ્રદ્ધા હતી. એ પોતાના ચોપડામાં દરરોજ ગોડીજી મહારાજનું નામ - 'શ્રી ગોડીજી પારસનાથજીની કરપા હોજો' અથવા 'શ્રી ગોડીજી પારસનાથજી સાહેબની મંગલ હોજો' લખીને પછી જ કાર્ય ચાલુ કરતા. પોતાના વસિયતનામામાં પણ એ પ્રમાણે જ એમણે આરંભમાં લખેલું હતું. તેમનું વારંવાર સ્મરણ કરતા અને દરરોજ તેમનાં દર્શને જતા. કોઈ સાધુમહારાજ મુંબઈમાં હોય તો વ્યાખ્યાન શ્રવણ કરતા અને ત્યારબાદ પેઢીએ આંટો મારી પોતાને ઘેર જતા. જમીને બપોરે બંદર પર અથવા જ્યાં કામ હોય ત્યાં જતા અને વેપારીઓ તથા મિત્રોને મળતા. તે એટલા ચીવટવાળા હતા કે પોતે સ્થાપેલી કે પોષેલી ધર્મસંસ્થાઓની વારંવાર મુલાકાત લેતા હતા. જિનમંદિરે પૂજા-સેવા કરીને જ બહાર નીકળવાનો નિયમ હોઈ બહારગામ હોય તોપણ પૂજા કરવાનું ચૂકતા નહીં. તેથી તેમણે અગાશી બંદરે દેરાસર પણ બંધાવ્યું હતું.

આ સમયે મુંબઈમાં ધર્મક્રિયા માટે કોઈ જિનમંદિર કે બીજી સગવડ નહોતી. તેમના મોટાં ભાઈ નેમચંદભાઈએ કોટ વિસ્તારમાં શાંતિનાથ ભગવાનનું દેરાસર બંધાવ્યું. પછી તો કોટ બહારના વિસ્તારમાં પણ બીજા શ્રેષ્ઠીઓના સહકારથી ચિંતામણિ પાર્શ્વનાથ, શાંતિનાથ દાદા, ગોડીજી પાર્શ્વનાથ, પાયધુનીના ખૂણા પર આદીશ્વર ભગવાનનાં વગેરે દેરાસરો બંધાવવામાં શેઠ મોતીશાહે મુખ્ય ફાળો આપ્યો છે.

શાંતિનું સ્થાન અને ભક્તિનું નિવાસસ્થાન; શેઠ મોતીશાહનું ચિરસ્મરણીય સ્મારક અને જૈન ભક્તિનું કેન્દ્ર એટલે મુંબઈમાં ભાયખલામાં મોતીશાહે શત્રુંજયની ટૂક સમાન પોતાની વાડીમાં બંધાવેલ આદીશ્વરદાદાનું દેરાસર ! આ એક ઐતિહાસિક ઘટના છે. સં. ૧૮૮૮માં પંડિત શ્રી વીરવિજયજી મહારાજે લખેલા 'ભાયખલાના ઢાળિયા' પ્રમાણે દેવે સ્વપ્નમાં આવીને મોતીશાહ શેઠને ભાયખલાના પોતાના બાગમાં દેરાસર કરવા તથા અમદાવાદથી ઋષભદેવ ભગવાનના પ્રતિમાજી મંગાવી તેની અહીં પ્રતિષ્ઠા કરવા સૂચન કર્યું હતું. આમ પણ શેઠને શત્રુંજયની યાત્રામાં ઘણી શ્રદ્ધા હોવાથી તે વારંવાર ત્યાં જતા. વળી મુંબઈમાં પણ લોકો નવ્વાણુની યાત્રા કરી શકે તે માટે દેરાસરની સામે પુંડરિક ગણધરની સ્થાપના, પાછળ રાયણ પગલાં અને તેની પાછળ સૂરજકુંડ પણ કર્યાં. વળી ત્યાં વિશાળ ચૉક રાખી કાર્તકી અને ચૈત્રી પૂનમે શ્રી સિદ્ધગિરિનો પટ્ટ ખુલ્લો મૂકવાની યોજના કરી. આ આખા પ્રસંગને સામૈયા, જળયાત્રા, સંઘજમણ વગેરે કરી ધામધૂમથી ઊજવવામાં આવ્યો. બહારની બાજુ ધર્મશાળા કરવામાં આવી. વળી પોતે બંગલામાં બેઠા બેઠા પ્રતિમાજીનાં, શિખરનાં અને ધજાનાં દર્શન કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી. એ વિશાળ જિનાલય સાથે સંકળાયેલ 'મોતીશાહ શેઠ લેન' ખ્યાત-પ્રખ્યાત છે.

મોતીશાહ શેઠે પોતાના પિતાશ્રી અમીચંદ સાકરચંદની યાદગીરીમાં રૂ. ૮૬,૦૦૦/- ખર્ચીને પાલિતાણામાં એક વિશાળ ધર્મશાળા બાંધી હતી. સાધુ-સાધ્વીને સંઘની માલિકીનું ઘર હોય તેથી

'શય્યાતર' કરવામાં મુશ્કેલી ન પડે તેવો પણ હેતુ એમાં રહેલ છે. વળી ભાયખલાના દેરાસરની પ્રતિષ્ઠા વખતે અમદાવાદથી લવાયેલા આદીશ્વરદાદાને દેરાસરની બાજુમાં બંધાવેલા પોતાના બંગલે પધરાવવામાં આવ્યા ત્યારે આવા સંઘભક્તિ અને પ્રભુભક્તિના કાર્યમાં સમસ્ત શ્રીસંઘની પરવાનગી અને તેમના સહકારની જરૂર હોય છે. આ માટેનું આજ્ઞાતિલક એ વખતે શેઠ મોતીશાહને કરવામાં આવ્યું હતું. ત્યારથી આજ સુધી પાલિતાણામાં કોઈ પણ ગામનો સંઘ આવે, તેના સંઘવીનું સામૈયું થાય ત્યારે પ્રથમ 'ચાંલ્લો' શેઠ મોતીશાહની ધર્મશાળાનો મુનીમ કરે એટલે કે સંઘપતિને તિલક મોતીશાહના નામનું થાય છે.

શ્રી કુમારપાળ દેસાઈ લખે છે તેમ, 'જૈન ધર્મની એક આગવી વિશેષતા તે ખોડાં બની ગયેલાં અબોલ પ્રાણીને માટે પાંજરાપોળ કરવાની છે.' અહિંસા અને જીવદયાને પ્રાધાન્ય આપનાર જૈન ધર્મના અનુરાગી મોતીશાહ શેઠે મુંબઈમાં પહેલવહેલી પાંજરાપોળની શરૂઆત કરી. વાત એમ બની હતી કે કૂતરાંના ત્રાસથી ત્રાસી ગયેલ અંગ્રેજ સરકારે કૂતરાંઓને મારી નાંખવાનો હુકમ કર્યો. રોજેરોજ કૂતરાંઓનાં શબના ઢગલા થવા માંડ્યા. જૈન, હિંદુ, પારસી દરેક કોમની પ્રજાએ આથી સરકાર સામે મોટું બંડ પોકાર્યું. આ બાબતે કશુંક વિચારવું જોઈએ એવી અનેક લોકોની ભાવનાને સાકાર કરવા મોતીશાહ શેઠે આગેવાની લીધી. ગામ બહાર પાંજરાપોળ બાંધી તેમાં કૂતરાંઓને રાખવામાં આવે અને તેના નિભાવની જવાબદારી મહાજન ઉઠાવે તેવી દરખાસ્ત સરકાર સમક્ષ રજૂ કરીને કૂતરાં ન મારવાનું વચન મહાજને અંગ્રેજ સરકાર પાસેથી લીધું. મોતીશાહ શેઠે પોતે કોટ બહાર લીધેલી વિશાળ જમીનનો થોડો ભાગ પાંજરાપોળ બાંધવા માટે આપ્યો તથા પાંજરાપોળના બાંધકામ માટે પણ મોટી રકમ આપી. પછી તો તેમાં ગાય, બળદ, ઘેટાં, બકરાં, કબૂતર વગેરે જીવો માટે પણ વ્યવસ્થા થઈ. આટલા મોટા નિભાવખર્ચને પહોંચી વળવા દરેક કોમના લોકો જોડાયા હતા.

શેઠને સર્વધર્મ પ્રત્યે કેટલો સમભાવ અને આતિથ્યનો કેટલો મહિમા હતો તેનું પણ એક દૃષ્ટાંત ઉલ્લેખનીય છે. એક વખત હવેલીના ગોસાંઈજી મહારાજની પધરામણી શેઠના ઘેર થઈ. પરસ્પર ધર્મની ચર્ચા અને મુંબઈના જીવનની ચર્ચા બાદ શેઠે ગોસાંઈજીને ભેટ તરીકે ચાંદીના મોટા થાળમાં અનેક કીમતી રત્નો સાથે રૂ. ૧૫,૦૦૦ તેમને યોગ્ય લાગે તે રીતે વાપરવા ચરણે ધર્યા. જુઓ, વ્યક્તિની શુભભાવના અને વિચારો કેવા reciprocate થાય છે ! આશ્ચર્યચકિત થયેલા ગોસાંઈજીએ ગળગળા થઈ પોતાને લાયક કોઈ કામ હોય તે જણાવવા કહ્યું. શેઠે પાંજરાપોળ અને તેના મોટા નિભાવખર્ચની વાત કરી અને ગોસાંઈજીએ તો બીજે જ દિવસે 'મંગળા'નાં દર્શન ત્યારે જ ખૂલશે જ્યારે પાંજરાપોળ માટે ટીપ થશે એમ જાહેર કર્યું અને પોતાનો નિર્ણય જણાવી અન્નજળનો ત્યાગ કરી બેસી ગયા. આગેવાનો ભેગા થયા - જીવદયાના કામને પ્રોત્સાહન અપાયું. મુંબઈ બંદર ઉપર મોટા પાયે થતા માલની હેરફેર ઉપર લાગો નાંખવામાં આવ્યો. લાગાની શરત પ્રમાણે પાંજરાપોળને દર વર્ષે લગભગ ત્રણ લાખ રૂપિયા જેટલી ઘણી મોટી રકમ મળવા લાગી.

મોતીશાહ શેઠે સખાવતો પણ ઘણી કરી છે. તેમણે જે બધાં દેરાસરો, ઉપાશ્રયો, ધર્મશાળાઓ, પાંજરાપોળો વગેરે માટેની જે મોટી સખાવતો અને શુભ કાર્યો કર્યાં છે તેમાં તેમનો નોંધાયેલો

ધનવ્યય અઠ્ઠાવીસ લાખ રૂપિયા ઉપર થયો છે. પિતાનું દેવું ભરપાઈ કરવા કાયદેસર બંધાયેલા ન હોવા છતાં તેમણે તે પણ પાઈએ પાઈ ચૂકવી દીધું. એટલું જ નહીં પરંતુ પિતૃધર્મને ગૌરવ ગણી તેમની સર્વ સખાવત શેઠ અમીચંદ સાકરચંદના નામે જ થતી. વળી તે એટલા પરગજુ અને સહૃદયી હતા કે જ્યારે તે માંદગીના બિછાને હતા ત્યારે પોતાના દેવાદારોનાં દેવાં માફ કર્યાં જેનો આંકડો તે જમાનામાં પણ એક લાખ રૂપિયા જેટલો થતો હતો.

તેઓના વ્યક્તિત્વમાં કેવી પારદર્શિતા હતી, કેટલી કૃતજ્ઞતા હતી, મિત્રાચારીનું ગૌરવ અને માનવતાભરી ઉદારતા હતી તેના તો કેટલાય દાખલા નોંધાયેલા છે. શેઠ હોરમસજી બમનજી વાડિયા કુટુંબે તેમના પરિવાર પર કરેલા ઉપકારના બદલામાં શેઠ મોતીશાહે પોતાના પહેલા વહાણનું નામ 'હોરમસજી' રાખી પ્રેમાદર દર્શાવ્યો હતો. વળી હોરમસજીએ મૃત્યુ પથારીએથી મોતીશાહ શેઠને પોતાનાં સગીર વયનાં બાળકોનું ધ્યાન રાખવાનું કહ્યું હતું અને મોતીશાહે જીવનના અંત સુધી પોતાના કર્તવ્ય તરીકે નિભાવ્યું હતું. મોતીશાહને સર જમશેદજી જીજીભાઈ બેરોનેટ સાથે પણ કુટુંબી જેવો સંબંધ હતો. બંને અનેક વખત ભાગમાં વેપાર કરતા. શેઠે ઊભી કરેલી પાંજરાપોળના પહેલા ચૅરમૅન સર જમશેદજી જીજીભાઈ બનેલા. શેઠ મોતીશાહના દીકરા ખીમચંદભાઈ પાલિતાણાનો સંઘ કાઢે અને સર જમશેદજી જીજીભાઈ તેમને એક લાખ રૂપિયાનો ચાંલ્લો કરે એ ખૂબ નોંધવા જેવી બાબત છે.

અમદાવાદના ત્રણ શેઠિયા - શેઠ હઠીસિંહ કેસરીસિંહ, હેમાભાઈ વખતચંદ અને કરમચંદ પ્રેમચંદની પેઢીઓ મુંબઈમાં સ્થપાઈ ગઈ હતી. મોતીશાહ શેઠના દરેક કાર્યમાં આ ત્રણે ખૂબ ઉત્સાહથી ભાગ લેતા હતા અને લગભગ શેઠના સમવયસ્ક હોવાથી સામાજિક અને સાંસારિક વ્યવહારમાં જવા-આવવાનો સંબંધ પણ તેમની વચ્ચે સારો હતો. તેઓ એકબીજાની સગવડ સાચવતા અને એકબીજાની સલાહ લઈ કામ ઉપાડતા. પાલિતાણા સ્ટેટ હેમાભાઈ પાસે ગીરવી હોવાથી શેઠ એમને 'રજવાડું' કહે. વળતાં હેમાભાઈ મોતીશાહને 'સરકાર' કહે, કેમ કે ગવર્નરની કાઉન્સિલના તેઓ સદસ્ય હતા. શેઠને ભાયખલાના દેરાસરની પ્રતિષ્ઠા સં. ૧૮૮૪ના શ્રાવણમાં કરવી હતી. પરંતુ શેઠ હેમાભાઈએ ચોમાસામાં અમદાવાદથી મુંબઈ આવવાની અગવડ બતાવતાં મુહૂર્ત સં. ૧૮૮૫ના માગશર માસમાં લીધું. સં. ૧૮૭૮માં શેઠ હઠીસિંહ અને મહોક્કમભાઈ એક સંઘમાં કાઠિયાવાડની યાત્રાએ ગયેલા. જ્યારે સંઘ ચોરવાડ આવ્યો ત્યારે હઠીભાઈએ મોતીશાહ શેઠના નામનાં નોતરાં ફેરવી સાત હજાર રૂપિયા ખર્ચી સંઘજમણ કર્યું હતું. આ વાતની શેઠ મોતીશાહને ખબર પડી એટલે મિત્રઋણ ચૂકવવા અફીણ હઠીભાઈના નામે ચીન ચઢાવી દીધું. આ એક જ ફેરાના વેપારમાં નફો અને હકસાઈના ત્રણ લાખ રૂપિયા હઠીભાઈને રળાવી આપ્યા.

નાનજી જેકરણ ચીનાઈ - મૂળ માંગરોળના પણ પેટિયું રળવા મુંબઈ આવ્યા હતા. પ્રામાણિકતાથી પૈસો અને નામ પણ કમાયા. પરંતુ ચીંચબંદર પર મોટી આગ લાગતાં તેમની વખારો બળીને ખાખ થઈ ગઈ. 'ફિર લડેંગે' કહી શેઠના કુટુંબે સથવારો આપ્યો. શેઠે તેમને ચીન મોકલ્યા અને બાર વર્ષે જ્યારે પાછા ફર્યા ત્યારે વહાણ દ્વારા જે લાખોની કમાણી થઈ હતી તે તથા વહાણ

ભેટમાં આપી દીધાં અને આ બાર વર્ષ દરમિયાન તેમના કુટુંબનો (નાનજી જેકરણના) પણ ખ્યાલ કર્યો, સંભાળ લીધી.

મોતીશાહ શેઠ માત્ર તેમના જેવા શેઠિયાઓ સાથે જ મૈત્રી કે સદ્‌ભાવ રાખતા તેવું નથી. તેમને ત્યાં કામ કરતા મુનીમો, કારીગરો, સલાટ, મિસ્ત્રી દરેક તરફ સદ્‌ભાવ રાખતા. તેમને સવલતો પૂરી પાડતા, તેમના કામની પ્રશંસા કરતા અને વખતોવખત ઇનામો પણ આપતા. ભાયખલાના દેરાસરની પ્રતિષ્ઠા મહોત્સવ વખતે તેમણે રામજી સલાટને સૂંડલો ભરી દાગીના આપેલા. પરંતુ રામજીને દેવું ચૂકવવાનું હોવાથી તેણે શેઠના મુનીમ દ્વારા તે દાગીના વેચાવી કાઢ્યા. શેઠને આ વાતની ખબર પડતાં તેમણે રામજી સલાટને બોલાવી દેવાની રકમ કઢાવી, બધા પૈસા ચૂકવી આપ્યા અને દાગીના સલામત રાખ્યા. કારીગરોને સંતોષવાની પદ્ધતિનું બીજું પણ ઉદાહરણ ખંભાતથી બોલાવેલા કારીગરો સાથેના વ્યવહારથી ઊભરી આવે છે. મિસ્ત્રી અમથાલાલને કામની હોશિયારી બદલ કસબી શાલ તથા કાંડાનાં સોનાનાં કડાં ભેટ આપ્યાં હતાં જે હજુ પણ તેમના વંશજો પાસે મોજૂદ છે.

એક પાઠ પ્રમાણે મોતીશાહ શેઠને બ્રિટિશ સરકારે કંઈક સંઘર્ષ થતાં ત્રણ વખત ફાંસી ફટકારી હતી પરંતુ પુણ્યપ્રતાપે માંચડો જ તૂટી જતો. આ બ્રિટિશ સરકાર સાથેના સંઘર્ષમાં વેપારમાં જે નફો થાય તે ધનથી શત્રુંજય પર દેરાસર બંધાવવું એવી પણ એમની ઇચ્છાની એક વાતની નોંધ લેવાઈ છે.

મોતીશાહ શેઠનું સૌથી ચિરસ્મરણીય કામ તે તેમની જિંદગીનાં પાછલાં વર્ષોમાં શરૂ કરાયેલું શત્રુંજયગિરિ પર પાંચ દેરાસર અને ભમતી સાથેનું ચૈત્ય નિર્માણ કરવાનું કામ - જેને 'મોતીશાહની ટૂક' કહીએ છીએ. ભાયખલાના દેરાસરનું કામ પૂરું થતાં તે રામજી સલાટ સાથે આની વારંવાર વાત કરતા. પરંતુ આટલી મોટી ટૂક બાંધવા પર્વત પર વિશાળ પરિસર મેળવવો કઈ રીતે ? એ વખતે શત્રુંજય ડુંગર પર સામસામે બે ટેકરીઓ હતી અને આ બંને વચ્ચે લગભગ ૨૦૦ ફૂટ ઊંડી ખાઈ હતી. જે 'કુંતાસરની ખાઈ' કે 'ગાળો' તરીકે ઓળખાતી. મોતીશાહે વિચાર કર્યો કે જો તે ખાઈ પૂરી દેવામાં આવે તો મોટી જગ્યા પણ મળી જાય, બે ટેકરીઓ એક જ સ્તર પર આવી જવાથી જાત્રાળુઓને પણ સગવડતા રહે. પણ ખાઈ પૂરવી એટલે મહાભારત કાર્ય હતું. આ વિશેની જુદી જુદી વાતો આપણને જાણવા મળે છે. પંડિત વીરવિજયજીએ તો ગાયું કે - ચોથા આરામાં અનેક ધનવાનો અને પ્રતાપી પુરુષો થઈ ગયા, તેનાથી આ ખાડો પુરાયો નહીં, તે કાળે મોતીશાહ શેઠે રૂપાના રૂપિયે ભરાવ્યો.

જ્યારે કુંતાસરનો ખાડો પૂરવાની વાત આવી ત્યારે શેઠ હેમાભાઈ પણ સાથે હતા. શેઠ હેમાભાઈ ખાડાની ધાર ઉપર ઊભા ઊભા મોતીશાહ શેઠને કહે છે, 'શેઠ, આ વેંત વેંતના માણસો દેખાય છે, અને આવડી મોટી ખાડ ઉપર લઈ આવવી... શેઠ, કામ કપરું તો ખરું ! તમે ભારે પડતું કામ ઉપાડ્યું છે.' મોતીશાહ શેઠ જવાબ આપે છે, 'શેઠ ! આમાં મૂંઝવણ જેવું શું છે ? આ તો મુંબઈ દૂર પડી. નહીં તો મારી એક વખાર ઉઘાડું તો ચિનાઈ સાકરથી આ ખાડો પૂરી દઉં. ચાલો, ઉત્સાહ

રાખો અને પરમાત્માનું નામ લો. સારા કામમાં શંકા રાખવી નહીં.'

શેઠ હેમાભાઈ તો મોતીશાહ શેઠના નિશ્ચયબળથી આશ્ચર્ય પામ્યા. એમની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં.

બીજા એક પાઠ પ્રમાણે હેમાભાઈએ શેઠને ટોણો માર્યો એમ કહીને કે, 'શેઠ ! આપ આ ભગીરથ કામ માટે આપની વખારોનો માલ લાવી ખડકો તો ભલે. પછી તો આપ મુંબઈના નગરશેઠ છો !' શેઠ હઠીભાઈએ પણ આ વાતમાં સૂર પુરાવ્યો હતો.

કરોડોની કમાણી કરી જાણનાર આ કર્મી-ધર્મી ધનાઢ્યના કરમાં કંજૂસાઈની રેખા તણાયેલી નહોતી. તેમણે શુભ મુહૂર્ત જોવરાવી ભૂમિપૂજન કરવાનો નિરધાર પાક્કો કરી લીધો અને મોતીશાહ શેઠે પાલિતાણામાં પલાંઠી વાળી. શેઠને કાળજે એક જ સૂત્ર કોતરાયેલું હતું, 'કર્યું તે કામ, ભજ્યા તે રામ.'

છેવટે ખાડો પુરાયો અને ધમધોકાર કામ શરૂ થઈ ગયું. શેઠનો ઉમંગ એકદમ વધી ગયો અને વેપારમાં પણ ઘણી ફતેહ મળવા લાગી. શત્રુંજય ઉપર ટૂક બાંધવા એક આખું વ્યવસ્થાતંત્ર ઊભું કરી દીધું. શિલ્પ અને સ્થાપત્યની બધી જવાબદારી મિસ્ત્રી રામજી સલાટને સોંપવામાં આવી. ત્રણ શિખર, ત્રણ ગભારા અને ત્રણ માળનું દેવવિમાન જેવું મુખ્ય દેરાસર બાંધવાનું નક્કી થયું. સાત-આઠ વર્ષ સુધી સતત ચાલનારા આ કામ માટે જુદા જુદા સ્થળેથી કારીગરોની ભરતી થતી જ રહી. પાણીની પણ બરાબર વ્યવસ્થા થઈ રહે એટલે એક મોટી વાવ પણ ખોદવામાં આવી જે 'મોતીવાવ'ના નામે ઓળખાય છે. પોતે અવારનવાર પાલિતાણા જઈ કામકાજ નિહાળી આવતા, ક્યારેક પોતાના માણસોને પણ મોકલતા. પરંતુ મુખ્ય જવાબદારી એમના મુખ્ય મુનીમ શેઠ અમરચંદ દમણીને સોંપી હતી. વળી શેઠની ઇચ્છા આ વખતે હજારો પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવવાની હતી. એ પ્રતિમાઓની આકૃતિ 'પ્રશમરસનિમગ્ન' લાગે, એનાં દર્શનથી શાંતિનું વાતાવરણ ચોતરફ ફેલાઈ જાય, એની સન્મુખ ઊભા રહેતાં અહિંસા, સંયમ અને તપનાં તેજ ઝળક્યા કરે એવા કળાના નમૂના તૈયાર કરવાની હતી. લોકોએ તો પ્રશંસા કરી પરંતુ શિલ્પસ્થાપત્ય અને કળાના નિષ્ણાત એવા એક જૈનેતરે પણ તેની મુક્ત કંઠે પ્રશંસા કરી છે. અને એમાંયે મોતીશાહ શેઠના મુખ્ય દેરાસરની સામે પુંડરિકસ્વામીની પ્રતિમાજીને તો તેમણે આખા શત્રુંજય પરની સર્વ પ્રતિમાઓમાં અગ્રસ્થાને મૂકી છે.

મહિનાઓ ગયા, વર્ષો ગયાં, કામ તો ધમધોકાર ચાલતું હતું અને સં. ૧૮૯૨ના વૈશાખમાં શેઠની તબિયત બગડી. તે વખતે તે ૫૪ વર્ષના હતા. તબિયતનો ખ્યાલ આવતાં વસિયતનામું તૈયાર કર્યું અને તેના એકમાત્ર એક્ઝિક્યુટિવ તરીકે પુત્ર ખીમચંદભાઈને જ નીમ્યા એ વાત તેમનું વ્યવહારકુશળપણું દર્શાવે છે. જરૂર પડે પારસી મિત્રોની સલાહ લેવી તેમ પણ સૂચવ્યું. અંજનશલાકાનું મુહૂર્ત સં. ૧૮૯૩ના મહા સુદ ૧૦નું અને પ્રતિષ્ઠાનું મુહૂર્ત મહા વદ બીજનું આવ્યું. દરમિયાન શેઠની માંદગી વધી પડી. પ્રતિષ્ઠા કરાવવાની પોતાની તીવ્ર ઇચ્છા છતાં ગોડીજી મહારાજનો હુકમ હશે તેમ માની પુત્ર ખીમચંદભાઈને પોતાનું શરીર પડી જાય તો શોક ન કરવા ને મુહૂર્ત સાચવી લેવા ભલામણ કરી.

સં. ૧૮૯૨નાં પર્યુષણ આવી પહોંચ્યાં. રોગ વધી ગયો. ભાદરવા સુદ ૧, રવિવારના રોજ મહાવીર જન્મવાંચનને દિવસે પ્રભુસ્મરણ કરતાં અને સર્વની ક્ષમા માગતાં શેઠ મોતીશાહ આ લોકમાંથી ચાલ્યા ગયા. એક ધર્મધુરંધર મહાન સિતારો આથમી ગયો.

શેઠની ઇચ્છા મુજબ તેમનાં પત્ની દિવાળીબહેન તથા પુત્ર ખીમચંદભાઈએ શેઠના મિત્રો અને પેઢીના મુખ્ય સૂત્રધારોના સહકારથી પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારી કરી. મુંબઈથી સંઘ કાઢી, બીજા સંઘોને સમાવતાં, પાલિતાણા પહોંચી નક્કી કરેલા મુહૂર્તે બાવન સંઘવીઓના સંઘપતિ બની, વિધિવિધાનયુક્ત અંજનશલાકા કરી મૂળનાયક ઋષભદેવ ભગવાનની ભવ્યાતિભવ્ય પ્રતિષ્ઠા કરી. જોકે તે પહેલાં પાલિતાણામાં માતા દિવાળીબાઈનું પણ અવસાન થયું હતું. લોકો તો માનતા હતા કે શેઠ મોતીશાહનો જીવ દેવગતિમાં જઈને આ પ્રતિષ્ઠા પ્રસંગે સહાય કરે છે અને દિવાળીબાઈ પતિને પ્રતિષ્ઠાની વધામણી આપવા સ્વર્ગે સિધાવ્યાં.

ખરેખર, પરિણત ધર્મ સાથે મૃત્યુ પણ મહોત્સવ બને છે.

# 'શ્રી ભક્તામર સ્તોત્ર'ના રચયિતા આચાર્ય માનતુંગસૂરિજી

રેખા વોરા

જૈન સ્તોત્રના નવસ્મરણ સ્તોત્રમાં સાતમું સ્મરણ મહાપ્રભાવક 'ભક્તામર સ્તોત્ર'ના રચયિતા શ્રી માનતુંગસૂરિનું નામ સર્વત્ર પ્રસિદ્ધ છે. 'પટ્ટાવલી સમુચ્ચય'માં આપેલી પટ્ટાવલીઓમાં શ્રી મહાવીર સ્વામીની વીસમી પાટે **सिरिमाणतुंगसूरि** (20) શ્રી માનતુંગસૂરિ થયાનો ઉલ્લેખ છે.

આ માનતુંગસૂરિએ 'ભક્તામર સ્તોત્ર' અને 'ભયહર' તથા 'ભત્તિબ્ભર' આદિ સ્તોત્ર રચ્યાની નોંધ પણ ત્યાં ઉપલબ્ધ છે.

શ્રી માનતુંગસૂરિનું ગૃહસ્થ-જીવન અને દીક્ષાપર્યાય સંબંધી વિશેષ વિગતો સૌથી પહેલાં લગભગ ઈ. સ. 1277માં રચાયેલા 'પ્રભાવક ચરિત'માં મળે છે. તેમાં કહ્યું છે કે :

વારાણસી નગરીમાં હર્ષદેવ નામનો રાજા હતો. એ નગરીમાં બ્રહ્મક્ષત્રિય જાતિનો ધનદેવ નામનો શ્રેષ્ઠી તેની પત્ની ધનશ્રી સાથે રહેતો હતો. તેમને માનતુંગ નામનો પુત્ર હતો. આ પુત્રે વૈરાગ્ય પામીને ચારુકીર્તિ નામના દિગમ્બરાચાર્ય પાસે દીક્ષા લીધી હતી અને મહાકીર્તિ નામ ધારણ કર્યું હતું. આ જ વારાણસી નગરીમાં લક્ષ્મીધર નામે તેમના બનેવી રહેતા હતા જે ધનાઢ્ય અને આસ્તિક-શિરોમણિ હતા. એક વાર મહાકીર્તિ (માનતુંગ) ગોચરી લેવા માટે તેમને ત્યાં પધાર્યા. તે વખતે કોગળો કરવા માટે કમંડળમાંથી જળ લીધું તો તેમાં નિરંતર જળ ભરી રાખવાથી સંમૂર્ચ્છિમ પોરા ઉત્પન્ન થયેલા જણાયા. તેમની બહેને આ વસ્તુ તરફ તેમનું ધ્યાન દોર્યું અને "વ્રતમાં દયા એ જ સાર છે" વગેરે ધર્મવચનો કહી તેમને શ્વેતામ્બર મતની દીક્ષા ગ્રહણ કરવા અનુરોધ કર્યો, એટલે ભવભીરુ એવા માનતુંગે શ્રી જિનસિંહ નામના શ્વેતામ્બરાચાર્ય પાસે દીક્ષા ગ્રહણ કરી.

ગુરુએ તેમને વિવિધ શાસ્ત્રોનો અભ્યાસ કરાવ્યો અને સર્વ રીતે યોગ્ય જાણી સૂરિપદે સ્થાપ્યા. ત્યારથી તેઓ શ્રી માનતુંગસૂરિ તરીકે પ્રસિદ્ધિ પામ્યા.

ત્યારબાદ મયૂર-બાણવાળી ઘટના બનતાં 'ભક્તામર સ્તોત્ર' બનાવ્યું.

છેવટે માનસિક રોગ લાગુ પડતાં 'ભયહર સ્તોત્ર' રચીને તે રોગ દૂર કર્યો. છેવટે ગુણાકર નામના શિષ્યને પોતાના પદે સ્થાપી અનશન કરીને સ્વર્ગે સિધાવ્યા.

'પ્રભાવક ચરિત'ના આધારે એટલું સ્પષ્ટ થાય છે કે શ્રી માનદેવસૂરિની પાટે આવનાર માનતુંગસૂરિજીએ નહિ પણ શ્રી જિનસિંહસૂરિના શિષ્ય શ્રી માનતુંગસૂરિજીએ આ 'ભક્તામર સ્તોત્ર' બનાવેલું છે.

'પ્રભાવક ચરિત' અનુસાર રાજા હર્ષવર્ધન(સમય : ઈ. સ. 606થી 647 સુધી)ની રાજસભામાં પ્રતિસ્પર્ધક મહાકવિ બાણ અને કવિ મયૂર સંબંધિત લોકપ્રસિદ્ધ દંતકથાઓ અનુસાર કવિ મયૂર દ્વારા રચિત 'સૂર્યશતક સ્તવ' અને કવિ બાણ દ્વારા રચિત 'ચંડિકાશતક સ્તવ'ની ચમત્કારપૂર્ણ રચનાને લઈને જૈન મુનિઓ પણ એવી જ ચમત્કારી રચનાઓ કરી શકે છે – એવું બતાવીને રાજાના જૈન અનુયાયી મંત્રી દ્વારા શ્રી માનતુંગાચાર્યને બોલાવવા માટેનો અનુરોધ કર્યો. સૂરિજીને બોલાવીને જંજીરોથી બાંધીને એક ઓરડામાં બંદીવાન બનાવી દેવાયા. આ બંધનઅવસ્થામાં સૂરિજીએ 'ભક્તામર સ્તોત્ર'ની રચના કરીને તેના પ્રભાવથી એક એક શ્લોકની રચનાની સાથે સાથે જંજીરોના તૂટવાનો ઉલ્લેખ મળે છે. પ્રબંધ, ચૂર્ણિઓ, અવચૂર્ણિઓ, ચરિતો વગેરે મહિમાપ્રેરક સાહિત્યમાં ઘટનાસ્થળ, સમકાલીન રાજા, સમકાલીન કવિઓ સંબંધિત ભિન્ન ભિન્ન સ્તોત્રમાં તફાવત જોવા મળે છે.

પ્રસિદ્ધ કથાઓ સંબંધિત વિવિધ વિદ્વાનોએ પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં છે. તેમાં ઐતિહાસિક દૃષ્ટિએ સૌથી ઉપયોગી ચર્ચા શ્રી હર્મન યકોબી દ્વારા થઈ છે. તેનો સારાંશ કંઈક આ પ્રમાણે છે. શ્રી હર્મન યકોબીએ બતાવ્યું છે કે બાણ અને મયૂર સમકાલીન હોવાનું કોઈ પ્રમાણ મળતું નથી. દસમી સદીના પૂર્વાર્ધમાં આ બંને કવિઓને હર્ષ રાજાની સભાના સદસ્યો માનવામાં આવતા હતા. એવું શાર્ઙ્ગધર (ઈ. સ. 1368) અને રાજશેખરે (લગભગ ઈ. સ. 900) એક શ્લોકમાં આપેલા ઉદાહરણ પરથી કહી શકાય, જે નીચે મુજબ છે :

**अहो प्रभावो वाग्देव्या यन्मातग्ड दिवाकर ।**
**श्री हर्षस्या भवत्सभ्यः समं बाण मयूरयोः ।।**

ત્યાર બાદ લગભગ ઈ. સ. 1000માં થયેલા કવિ શ્રી પદ્મગુપ્તે 'નવસાહસાંકચરિત'માં કહ્યું છે કે :

**सचित्रवर्णविच्छति हारिणोरव्रती पतिः ।**
**श्री हर्ष इव संघट्टं चक्रे बाणमयूरयोः ।।**

અર્થાત્ બાણ અને મૂયરની વચ્ચે ચાલતી પ્રતિસ્પર્ધા શ્રી હર્ષ રાજા દ્વારા પ્રોત્સાહિત થતી રહેતી હતી.

લગભગ ઈ. સ. 1100માં શ્રી મમ્મટે કાવ્યપ્રકાશની સર્વોપજ્ઞવૃત્તિમાં દ્વિતીય કારિકાની ટીકા કરતાં લખ્યું છે કે : **'आदित्यादेमयूरादिनामिवानर्थनिवारणं'**

આમાં કવિરાજ મયૂરે 'સૂર્યશતક' રચીને કુષ્ઠરોગનું નિવારણ કર્યું હતું તે કથા તો પ્રચલિત છે તે સાથે **'आदि'** શબ્દથી ચમત્કારિક ઘટનાઓ જોડી દીધી. ઉદાહરણ તરીકે મહાકવિ બાણે મયૂર સાથેની સ્પર્ધામાં 'ચંડીશતક'ની રચના કરીને પોતાનાં કાપેલાં અંગોને ફરીથી જોડી દીધાં. આ ઉપરથી એવું સૂચિત થાય છે કે ઈ. સ. 1100 પહેલાં પણ મયૂર અને બાણની પ્રતિસ્પર્ધીની ફલશ્રુતિ સંબંધિત દંતકથાઓ પ્રસિદ્ધ થઈ ચૂકી હતી.

ઈ. સ. 1277માં પ્રભાચન્દ્રએ રચેલા 'પ્રભાવક ચરિત'માં 'માનતુંગ ચરિત'ની રચનાના સંદર્ભમાં જણાવે છે કે "અહીં-ત્યાંની સાંભળેલી અને કંઈક સંપ્રદાયમાં પ્રચલિત કિંવદંતીઓનો આધાર લેવામાં આવ્યો હતો. જેમ મયૂરના કુષ્ઠરોગના નિવારણ માટેની દંતકથા સૂર્યશતકનો છઠ્ઠો શ્લોક બની હશે, કદાચ એ જ પ્રભાચન્દ્રની પ્રેરણા અને આદર્શ રહ્યાં હશે.'

ભક્તામર સ્તોત્રના 42મા (દિગમ્બરના 46મા) શ્લોકમાં જણાવ્યું છે કે –

'आपादकण्ठ...भवन्ति ।।'

અર્થાત્ બેડીઓના બંધનથી બંધાયેલો મનુષ્ય જો નિરંતર શ્રી જિનેશ્વરદેવના નામનું સ્મરણ કરે તો બંધનમાંથી મુક્ત થઈ જાય છે.

આ સંદર્ભમાં શ્રી વિન્ટરનિત્ઝ જણાવે છે કે "આ શ્લોકનો આધાર બનાવીને ચમત્કારને કથામાં પરિવર્તિત કરવામાં આવ્યો છે."[1]

પ્રભાચન્દ્ર પછી શ્રી મેરુતુંગાચાર્ય ઈ. સ. 1305માં થઈ ગયા. તેઓએ આ સંબંધમાં અતિ સંક્ષિપ્ત વિવરણ આપ્યું છે. એમની કથામાં બાણ-મયૂર અને માનતુંગ એકીસાથે રહ્યા છે. છતાં પણ એમણે ચમત્કારનું ઘટનાસ્થળ ઉજ્જયિની બતાવ્યું છે. હકીકતમાં ઘટનાસ્થળ વારાણસી છે. રાજાનું નામ પરમાર રાજ ભોજ આપ્યું છે. બંધનગ્રસ્ત અવસ્થામાંથી મુક્તિની ઘટના તેમણે પણ બતાવી છે. જો કે આ ઘટના બંદીગૃહમાં નથી બની, પરંતુ નગરના યુગાદીશ્વરના મંદિરના પાછલા ભાગમાં બની હતી એવું કહેવામાં આવ્યું છે.

'ભક્તામર સ્તોત્ર'ના સૌથી પ્રાચીન વૃત્તિકાર રુદ્રપલ્લીય શ્રી ગુણાકરસૂરિ ઈ. સ. 1370માં થઈ ગયા. તેઓ તેમની સટીકામાં ઉજ્જયિનીને ઘટનાસ્થળ દર્શાવે છે. વૃદ્ધ ભોજ રાજને તેઓએ રાજા કહ્યો છે. પરંતુ બાણ અને મયૂરની પ્રતિસ્પર્ધાની કથા પ્રચલિત દંતકથા અનુસાર આપી છે. શ્રી માનતુંગસૂરિની ચમત્કારકથામાં એક નાની વિશેષ વિગત આપી છે કે સૂરિજીના એક એક શ્લોકની રચનાની સાથે જ એક પછી એક બંધન તૂટતાં જાય છે અને 42મા શ્લોકની સમાપ્તિ થતાં જ ઓરડાનાં તાળાં પણ તૂટી ગયાં અને સૂરિજી બહાર આવી ગયા.

15મી સદીના પ્રારંભમાં શ્વેતામ્બર સંપ્રદાયની પટ્ટાવલિઓમાં પણ આ ચમત્કારિક ઘટનાનો ઉલ્લેખ જોવા મળે છે. ઈ. સ. 1410માં થયેલા તપાગચ્છીય સોમસુંદરસૂરિના શિષ્ય મુનિસુંદરસૂરિની ગુર્વાવલીમાં આ ઘટનાનો ઉલ્લેખ મળે છે અને 'ભક્તામર' સિવાય 'ભયહર સ્તોત્ર' અને 'ભત્તિબ્ભર સ્તોત્ર'ની રચના આ માનતુંગ દ્વારા થઈ છે એમ જણાવવામાં આવ્યું છે.

સોમસુંદરસૂરિના ગુરુભાઈ ગુણરત્નસૂરિની ઈ. સ. 1410ની રચના ગુરુપૂર્વક્રમમાં માનતુંગસૂરિ વિષે ઉલ્લેખ છે. તેમાં કહ્યું છે કે "ભક્તામરની કાવ્યસિદ્ધિએ શ્રી માનતુંગસૂરિને બહુ પ્રસિદ્ધિ અપાવી."

15મી સદીમાં અંતભાગમાં નયચંદ્રસૂરિની રાજગચ્છ પટ્ટાવલીમાં માનતુંગને માળવાના માલેશ્વર ચાલુક્ય વયરસિંહદેવના અમાત્ય બતાવવામાં આવ્યા છે અને 'ભક્તામર' અને 'ભયહર સ્તોત્ર'ના રચયિતા હતા એમ જણાવ્યું છે.

માલેશ્વર વયરસિંહ પ્રથમ ઈ. સ. 825માં અને બીજા ઈ. સ. 875માં થયા. તેઓ ચાલુક્ય વંશના નહીં પરંતુ પરમાર વંશના હતા. એ નિશ્ચિત રૂપે છે કે આ બંને કરતાં 'ભક્તામર સ્તોત્ર' પ્રાચીન રચના છે.

લગભગ ઈ. સ. 1580માં 'તપાગચ્છીય લઘુસોપાલિકા પટ્ટાવલી'માં માનતુંગસૂરિના સંબંધમાં આ પ્રકારનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

मानतुंगसूरिर्भक्तामर-भयहर-भत्तिब्भर-अमरस्तपादिकृत
भक्तामरं च भयहरं च विद्यापनेन
नम्रीकृतः क्षितिपतिर्भुजगाधिपश्च ।
मालवके तदा वृद्धभोजराजसभायांमानं प्राप्तं भक्तामरतः ।

અર્થાત્ 'ભક્તામર-ભયહર' અને 'ભત્તિબ્ભર સ્તોત્ર'એ શ્રી માનતુંગસૂરિની અમર કૃતિઓ છે. માલવદેશના રાજા વૃદ્ધ ભોજરાજની સભામાં ભક્તામર સ્તોત્ર દ્વારા તેઓએ માન પ્રાપ્ત કર્યું હતું.

લગભગ એ જ સમય અર્થાત્ ઈ. સ. 1582માં તપાગચ્છીય ધર્મસાગરગણિના તપાગચ્છ પટ્ટાવલી સૂત્રમાં પણ આવું જ કાંઈક કહ્યું છે કે :

**येन भक्तामर स्तवनं कृत्या बाण मयूर पंडित विद्या चमत्कृतोऽपि क्षितिपातः प्रतिबोधितः ।**

**भयहर स्तवन वीरचेन च नागराजी वशीकृतः भक्तिब्भरेत्यादि स्तवनानि च कृतानि।।**

તાત્પર્ય કે બાણ અને મયૂર પંડિતોની ચમત્કારભરી વિદ્યા પ્રતિબોધિત કરવા માટે 'ભક્તામર સ્તોત્ર'ની રચના થઈ. નાગરાજને વશીકૃત કરવા માટે 'ભયહર' અને 'ભત્તિબ્ભર સ્તોત્ર'ની રચના કરી.

આમ, માનતુંગસૂરિના જીવન સંબંધી અનેક વિચારધારાઓ પ્રચલિત છે. શ્વેતામ્બરોમાં ભક્તામર સંબંધી સૌથી પ્રાચીન કથાઓ મળે છે. પરંતુ દિગમ્બર સાહિત્યમાં 'ભક્તામર સ્તોત્ર' કે શ્રી માનતુંગસૂરિ વિશેની જે કથાઓ મળે છે તે લગભગ 17મી સદી પછીની જોવા મળે છે. ઈ. સ. 1626માં થયેલા ભટ્ટારક સકલચંદ્રના શિષ્ય 'બ્રહ્મચારી રાયમલ્લની ભક્તામર વૃત્તિ' ઈ. સ. 1370 પહેલાં થયેલા શ્વેતામ્બરાચાર્ય શ્રી ગુણાકરસૂરિની વૃત્તિને નજર સમક્ષ રાખીને લખાઈ હોય તેમ લાગે છે. આ સંદર્ભમાં શ્રી સારાભાઈ નવાબનું કહેવું છે કે "ગુણાકરની આપેલી કથાઓ પાત્રોનાં નામ બદલી કરીને પોતપોતાના સંપ્રદાયને પુષ્ટિ આપતાં નામની ફેરબદલી કરી નાખી છે."[2]

ઈ. સ. 1667માં ભટ્ટારક વિશ્વભૂષણકૃત 'ભક્તામર ચરિત'માં બીજી કથા લખાઈ છે. એમાં ભોજ, ભર્તૃહરિ, ભારવિ, કાલિદાસ, ધનંજય, વરરુચિ અને માનતુંગ આદિને સમકાલીન ગણાવ્યા છે. એવું પણ જણાવ્યું છે કે, આચાર્ય માનતુંગસૂરિએ 'ભક્તામર સ્તોત્ર'ના પ્રભાવથી 48 કમરા(ઓરડા)નાં તાળાંને તોડીને પોતાનો પ્રભાવ બતાવ્યો હતો.

આમાંથી મહાકવિ કાલિદાસ ગુપ્તકાલીન હતા, મહાકવિ ભારવિ જેમણે 'કિરાતાર્જુન' ની રચના કરી તેઓ ઈ. સ. છઠ્ઠી સદીના પૂર્વાર્ધમાં થયા છે અને ગૂર્જર કવિ માઘના 'શિશુપાલ વધ' મહાકાવ્યનો સમય લગભગ ઈ. સ. 7મી સદીનો ઉત્તરાર્ધ છે.

તેથી જ ડૉ. જ્યોતિપ્રસાદ જૈને વિષ્ણુભૂષણના 'ભક્તામર ચરિત'માંથી દિગમ્બર સંપ્રદાયમાં થયેલા મહાકવિ ધનંજય માનતુંગના શિષ્ય હતા એટલો જ ઉલ્લેખ કર્યો છે.

ડૉ. નેમિચંદ્ર શાસ્ત્રીએ પણ ધનંજય સિવાયના વરરુચિ, કાલિદાસ, ભર્તૃહરિ અને શુભચંદ્રને સમાવિષ્ટ કર્યા છે.

આમાંથી વરરુચિનો સમય ગુપ્તકાળ કે તેનાથી પૂર્વનો રહ્યો છે. ભર્તૃહરિ પાંચમી સદીના પૂર્વાર્ધમાં થયા હતા. શુભચંદ્ર 10મી સદીમાં થઈ ગયા.

શ્વેતામ્બર કથાકારો કરતાં પણ દિગમ્બર કથાકારો માનતુંગના જીવનકાળ માટે વિશેષ અંધારામાં જણાયા છે. તેઓએ ધારાનગરીના રાજા ભોજના દરબારમાં આ સર્વે મહાકવિઓની એકસાથે ઉપસ્થિતિ બતાવી છે.

તાત્પર્ય કે 'પ્રભાવક ચરિત'ના થયેલા ઉલ્લેખથી એટલું તો સ્પષ્ટ થાય છે કે શ્રી માનતુંગસૂરિ કદાચ બ્રાહ્મણ જાતિમાં જન્મ્યા હોય.

"ભક્તામર-કલ્યાણમંદિરનમિઉણસ્તોત્રત્રયમ્" નામના ગ્રંથમાં સ્તોત્રયુગલનું તુલનાત્મક પર્યાવલોચન

કરતાં શ્રી હીરાલાલ કાપડિયાએ જણાવ્યું છે કે 'શ્રી માનતુંગસૂરિ બ્રાહ્મણ જાતિના હશે, નહિ તો વીસમા શ્લોકમાં સૂચિત હરિહરના પૂર્વદર્શનની વાત અને આ 23મા શ્લોકમાં શ્રુતવાક્યોનો શબ્દોલ્લેખ દુ:સંભવિત છે. વિશેષમાં અંતિમ ભાગ તો શ્રીમદ્ ભગવત્ ગીતાના આઠમા અધ્યાયના નવમા પદ્યમાં પણ દૃષ્ટિગોચર થાય છે. શુક્લ યજુર્વેદ (અ. 31)ના પુરુષસૂક્તમાં નીચે મુજબ ઉલ્લેખ જોવાય છે.'

वेदाहमेतं पुरुषं महान्तम्, आदित्यवर्णं तमसः परस्तात् ।

ઋગ્વેદમાં પણ આના અંતિમ શબ્દો નજરે પડે છે. કેમ કે ત્યાં એવો ઉલ્લેખ છે કે :

'ॐ नग्नं सुधीरं दिग्वाससं ब्रह्मगर्भं सनातनं उपैमि वरं

पुरुषमर्हनामादित्यवर्णं तमसः परस्तात् स्वाहा ।।'[3]

આના ઉપરથી અનુભવાય છે તેમ અંતિમ ચરણ એ શ્રુતિવાક્ય છે અને તેને કવિરાજે શ્લોકમાં ગૂંથી લીધું છે.

આવા જ વિચારોને પોતાની કલ્પના તરીકે જણાવતાં દિગમ્બર વિદ્વાન શ્રી અમૃતલાલ શાસ્ત્રીએ 'ભક્તામર સ્તોત્ર' (હિંદી)ના સંપાદનની પ્રસ્તાવનામાં 'એક કલ્પના' નામના પરિચ્છેદમાં લખ્યું છે કે 'ભક્તામર સ્તોત્રના અગિયારમા શ્લોક **'दृष्ट्वा भवन्त'** ઇત્યાદિ અને એકવીસમા શ્લોક **'मन्येवरं'** ઇત્યાદિ પદોથી મારા મનમાં એ કલ્પના ઊઠી રહી છે કે આચાર્ય માનતુંગ પહેલાં જૈનેતર સંપ્રદાયથી પ્રભાવિત હતા. જે ત્રણ પદોમાં ભગવાન આદિનાથને ક્રમશ: અપૂર્વદીપ, સૂર્ય અને ચંદ્ર બતાવવામાં આવ્યા છે તેથી એમ જણાય છે કે તેઓ પહેલાં જે સંપ્રદાયથી પ્રભાવિત હતા, તેમાં સાયંકાળે દીપકને, પ્રાત:કાળે સૂર્યને અને પ્રત્યેક માસના શુક્લપક્ષની બીજના દિવસે ચંદ્રમાને નમન કરવામાં આવતું હતું જે આજે પણ ચાલુ છે.

મહાકવિ ભારવિની કૃતિ જે 'કિરાત' નામથી પ્રસિદ્ધ છે તેની મલ્લિનાથની ટીકાથી બીજના ચંદ્રને નમન કરવાની વાતને પુષ્ટિ મળે છે. માનતુંગ એ સંપ્રદાયના પરમારાધ્ય દેવોના ચરિત્રગ્રંથોમાં એમનાં મન ડગવાની વાત વાંચી ચૂક્યા હતા. એમ લાગે છે કે તેથી જ તેમણે **'चित्र किमत्र'** ઇત્યાદિ પંદરમા પદ્યમાં ભગવાન આદિનાથને નિર્વિકાર અડગ મનના જણાવી પ્રતિવસ્તૂપમા અલંકારના માધ્યમથી સુમેરુ શિખરની ઉપમા આપી છે. આ કલ્પનાપુષ્ટિ પ્રસ્તુત સ્તોત્રના, 'त्वामामनन्ति' ઇત્યાદિ તેવીશમા પદ્યના આધારે કહી શકાય છે, કેમ કે ઉક્ત રચના શુક્લ યજુર્વેદના મંત્રને મળતી ઝૂલતી છે. આટલી સમાનતા આકસ્મિક શી રીતે થઈ શકે ?

જ્યાં સુધી પુષ્ટ પ્રમાણ ન મળે ત્યાં સુધી આ વિષયમાં હું કાંઈ કહી શકતો નથી, એટલે જ આ વાતને 'એક કલ્પના તરીકે લખી છે.'[4]

પ્રો. હીરાલાલ કાપડિયા એમ માને છે કે શ્રી માનુતંગસૂરિ બ્રાહ્મણ જાતિના હશે અને અમૃતલાલ શાસ્ત્રી તેમને વેદના અભ્યાસી માને છે. એ તેમની કલ્પનામાત્ર છે. પરંતુ એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે અનેકાનેક જૈન આચાર્યોએ પણ પોતાની રચનાઓમાં ભગવદ્ગીતા, વેદ, ઉપનિષદ, આદિ બ્રાહ્મણગ્રંથોનાં વાક્યો ગૂંથ્યાં છે. આમ છતાં તેઓ બ્રાહ્મણ જાતિમાં જન્મ્યા ન હતા. પણ આ બધાં શાસ્ત્રોનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ જ કર્યો હતો. ઉદાહરણ તરીકે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય, ઉપાધ્યાય શ્રી યશોવિજયજી વગેરે. ભક્તામર સ્તોત્રના રચયિતા શ્રી માનતુંગસૂરિ મહાવિદ્વાન હતા અને તેમણે જૈન ધર્મ ઉપરાંત જૈનેતર ધર્મશાસ્ત્રોનો પણ ખૂબ જ ગહનતાથી અભ્યાસ કર્યો હતો કે જે પ્રતિબિંબિત સ્વરૂપે આ સ્તોત્રમાં જોઈ શકાય છે. રૂપક, ઉપમા અલંકારનો ભંડાર, આકાશી તત્ત્વનો સમન્વય, છંદ વગેરે દ્વારા સ્તોત્ર રચનાની અદ્ભુત

કાવ્યશક્તિ તેમને પ્રારંભથી જ વરેલી હશે, નહિ તો આવું અલૌકિક ગંભીર પદાવલીવાળું કાવ્ય થોડી વારની બંધન-અવસ્થા દરમિયાન તત્કાલ શી રીતે રચી શકાય ? એ પણ એક પ્રશ્ન છે.

ઈ. સ. 1370માં રુદ્રપલ્લી શ્રી ગુણાકરસૂરિએ 'ભક્તામર સ્તોત્ર'ની ટીકામાં એવો ઉલ્લેખ કર્યો છે કે

**'भयहरभक्तिब्भर स्तवादिकरण प्रकटाः ।**
**श्री मानतुंगसूरयः श्वेताम्बराः सन्तिः ।।'**

અર્થાત્ 'શ્વેતામ્બરાચાર્ય શ્રી માનતુંગસૂરિએ 'ભયહર સ્તોત્ર', 'ભત્તિબ્ભર સ્તોત્ર'ની રચના કરી છે. આ સર્વમાન્ય હકીકત છે.

શ્રી મુનિસુંદરસૂરિએ ગુર્વાવલીમાં નીચેનાં પદ્યો દ્વારા તેનું સમર્થન કરેલું છે.

**आसीत् ततो दैवत सिद्धिऋद्धिः, श्रीमानतुंङ्गोऽय गुरूः प्रसिद्धः ।**
**भक्तामराद् बाणमयूर विद्याचमत्कृतं भूपबोधयद् यः ।।३५।।**
**भयहरतः कविराज यश्चाकार्षीद् वशम्यदं भगवान ।**
**भत्तिब्भरेत्यादि नमस्कार स्तवदब्ध बहुसिद्धिः ।।३६।।**

'રાજગચ્છ પટ્ટાવલી', 'તપાગચ્છ પટ્ટાવલી સૂત્ર', 'લઘુપોસાલિક પટ્ટાવલી', 'હીર સૌભાગ્ય' વગેરે અન્ય ગ્રંથોમાં પણ આ વિગતનો ઉલ્લેખ થયો છે.

શ્રી માનતુંગસૂરિ રચિત આ ત્રણ સ્તોત્રમાં ભત્તિબ્ભર સ્તોત્રના પ્રારંભમાં **'भत्तिब्भर अमरपाणयं पणमिय'** એ શબ્દોથી શરૂઆત થાય છે. 'ભયહર સ્તોત્ર' કે 'નમિઊણ'ના પ્રારંભમાં **'नमिऊण पणय सुरगण चुडामणि'** એ શબ્દો આવે છે અને 'ભક્તામર સ્તોત્ર'ના પ્રારંભમાં **'भक्तामर प्रणत मौलि'** એ શબ્દ આવે છે અને આ જ શ્લોકની ત્રીજી પંક્તિમાં **प्रणम्य** શબ્દ આવે છે.

આમાંની પ્રથમ બંને કૃતિઓ પ્રાકૃત ભાષામાં રચાયેલી છે જ્યારે ત્રીજી કૃતિ સંસ્કૃત ભાષામાં રચાયેલી છે. તાત્પર્ય કે શ્રી માનતુંગસૂરિ પ્રાકૃત અને સંસ્કૃત બંને ભાષાના મહાવિદ્વાન હતા એમ માનવું યથાયોગ્ય છે.

આ સ્તોત્રયમ્ની રચના કયા ક્રમાનુસાર થઈ હશે, અર્થાત્ ભત્તિબ્ભર, નમિઉણ કે ભક્તામર એ ત્રણમાંથી કયું સ્તોત્ર પ્રથમ રચાયું હશે. આ સંદર્ભમાં શ્રી ધીરજલાલ ટોકરશી શાહ જણાવે છે, "તેમણે સૌપહેલાં ભત્તિબ્ભર સ્તોત્ર રચ્યું હશે કારણ કે તેમાં શ્રી નમસ્કાર મંત્ર સંબંધી અનેક ગૂઢ રહસ્યો ભરેલાં છે અને તેની યથાવિધ આરાધનાથી તેમણે મંત્રશક્તિ મેળવી હશે. આ સ્તોત્ર પરની એક અવચૂર્ણિમાં અમે વાંચ્યું છે કે શ્રી માનતુંગસૂરિએ એક વખત નમસ્કાર મહામંત્રના કેટલાક ચમત્કારિક પ્રયોગો બતાવીને મિથ્યાદર્શનવાળાઓને ચૂપ કરી દીધા હતા અને કદાચ આવા પ્રસંગે જ તેમને મહાન ચમત્કાર સર્જવાનું શ્રદ્ધાબળ આપ્યું હશે. ત્યારબાદ 'ભક્તામર સ્તોત્ર'ની રચનાનો પ્રસંગ આવ્યો અને છેવટે ભયહર નામનું સ્તોત્ર બનાવ્યું."[5]

અર્થાત્ 'ભત્તિબ્ભર સ્તોત્ર', 'ભક્તામર સ્તોત્ર' અને છેલ્લે 'ભયહર સ્તોત્ર' રચાયું.

આ 'ભયહર સ્તોત્ર'ની રચના અંગે 'શ્રી પ્રભાવક ચરિત'માં કહ્યું છે કે :

'કોઈક વાર કર્મની વિચિત્રતાથી તેમને માનસિક રોગ થયો. કારણ કે જે કર્મોએ શલાકા પુરુષોને પણ છોડ્યા નથી તે કર્મોથી તેઓ પણ પીડા પામ્યા. એટલે તેઓશ્રીએ નાગરાજ ધરણેન્દ્રનું સ્મરણ કર્યું અને તેને અનશન માટે પૂછ્યું ત્યારે ધરણેન્દ્રે કહ્યું કે, "હે પ્રભો ! હજુ આપનું આયુષ્ય બાકી છે તો તે ક્ષીણ કેમ થઈ શકે ? વળી આપશ્રી જેવાની વિદ્યમાનતા ઘણાં પ્રાણીઓને ઉપકારક છે." એમ કહીને ધરણેન્દ્રે તેઓશ્રીને અઢાર

અક્ષરનો (ચિંતામણિ) મંત્ર આપ્યો કે જેના સ્મરણરૂપ જલથી નવ પ્રકારના રોગોનો નાશ થાય છે અને તે પોતાના સ્થાને પાતાલ લોકમાં ચાલ્યો ગયો. પછી પરોપકારપરાયણ શ્રીમાન માનતુંગસૂરિએ તે મંત્રાક્ષરોથી ગર્ભિત નવીન 'ભયહર સ્તોત્ર'ની રચના કરી કે જે અદ્યાપિ પર્યંત વિદ્યમાન છે. તે મંત્રાક્ષરોના પ્રભાવથી આચાર્ય મહારાજનો દેહ હેમંત રૃતુના કમળ જેવો શોભાયમાન થઈ ગયો.[6]

આમ 'ભક્તામર સ્તોત્ર'ની રચના કારાવાસમાં બંધનાવસ્થામાં હતા તેમાંથી મુક્તિ મેળવવા માટે થઈ અને 'ભયહર સ્તોત્ર'ની રચના રોગ રૂપે આવી પડેલા ઉપસર્ગને દૂર કરવા માટે થઈ.

પ્રથમ થયેલા માનતુંગસૂરિએ શ્રી વીરાચાર્યને ગચ્છનો ભાર સોંપી સ્વર્ગગમન કરેલું છે જ્યારે આ માનતુંગસૂરિએ છેવટે ગુણનિધાન એવા ગુણાકર નામના શિષ્યને ગચ્છનો ભાર સોંપી અનશન કરીને સ્વર્ગગમન કરેલું છે.

દિગમ્બર પટ્ટાવલી જે 17મી સદીમાં રચાયેલી છે તેમાં શ્રી માનતુંગસૂરિના નામે નીચેની પાંચ રચનાઓ લખાયેલી છે :

(1) ચિંતામણિ કલ્પ (2) મણિકલ્પ (3) ચારિત્રસાર (4) ઉપસર્ગહર સ્તોત્ર અને (5) ભક્તામર સ્તોત્ર.

એવો ઉલ્લેખ પણ પ્રાપ્ત થાય છે કે 'ચિંતામણિ કલ્પ'ની રચના માનતુંગશિષ્ય ધર્મઘોષે કરી હતી. આ માનતુંગ તે કયા તેનો નિર્ણય થઈ શકતો નથી.

વિન્ટરનિત્ઝે એવી સંભાવના વ્યક્ત કરી છે કે ભક્તામરકાર ક્લાસિકલ સંસ્કૃત યુગના કવિ હોવા જોઈએ. એવું તેમને શ્રી માનતુંગસૂરિની 'ભક્તામર સ્તોત્ર'ની ભાષા અને શૈલીના આધારે લાગે છે.

હર્મન યકોબીનો મત પણ તેમને લગભગ 7મી સદીમાં રાખવાનો છે. મયૂર, બાણ અને ધનંજય પણ આ જ સમયમાં થયા હોવાનું સમર્થન કરે છે.

ડૉ. જ્યોતિપ્રસાદ જૈને પણ ભક્તામરકાર માનતુંગનો સમય 7મી સદી જ નક્કી કર્યો છે.

પંડિત અમૃતલાલ શાસ્ત્રીએ પૂર્વાપર પ્રભાવોનું વિશ્લેષણ કરીને નિશ્ચિત કરી દીધું છે કે 12મી સદી પહેલાં ઘણા વિદ્વાનોએ ભક્તામર સ્તોત્રના પદ્યનો ઉપયોગ (ઉદ્ધૃત) કર્યો છે.

ઉદાહરણ રૂપે 'કલ્યાણમંદિર સ્તોત્ર' પરનો ભક્તામર સ્તોત્રનો સ્પષ્ટ પ્રભાવ બધા જ વિદ્વાનોએ સ્વીકૃત કર્યો છે. અભિમાન મેરુ પુષ્પદંતના 'શિવમહિમ્ન સ્તોત્ર' (10મી સદી), જિન સ્વામીનું આદિપુરાણ (9મી સદી), હરિભદ્રસૂરિની શાસ્ત્રવાર્તાસમુચ્ચય (8મી સદી) પર પણ 'ભક્તામર સ્તોત્ર'નો પ્રભાવ ક્યાંક ને ક્યાંક જોવા મળે છે.

પંડિત અમૃતલાલ શાસ્ત્રી કહે છે કે, 'એ પણ સુસ્પષ્ટ છે કે ભક્તામરકાર વૈદિક કે બ્રાહ્મણીય સાહિત્યથી ભલીભાંતિ પરિચિત હતા અને તેમના સંસ્કારોથી પણ કદાચ પ્રભાવિત હતા.'[7]

ડૉ. શેખરચંદ્ર જૈન આ સંદર્ભમાં જણાવે છે કે, 'આ બધાં તથ્યોના પરિપ્રેક્ષ્યમાં મને તો એવું લાગે છે કે માનતુંગ મૂલતઃ એક બ્રાહ્મણ ધર્માનુરાગી વિદ્વાન અને સુકવિ હતા. જૈન ધર્મથી આકર્ષિત થઈને તેઓ એક જૈન શ્રાવક બન્યા. કદાચ કોઈ શ્વેતામ્બર સજ્જન(સ્ત્રી કે પુરુષ)ની પ્રેરણાથી, ત્યારબાદ સંભવતઃ કર્ણાટકના કોઈ દિગમ્બરાચાર્યના પ્રભાવથી તેઓ દિગમ્બરમુનિ બની ગયા હોય.'[8]

આ ઉપરથી માનતુંગ કઈ જાતિના હતા અને કયા સમયમાં થયા એ કહેવું ખૂબ મુશ્કેલ જણાય છે.

શ્રી કટારિયાજી જણાવે છે તે મુજબ, 'આ નિર્માણકથાઓ કેટલી અસંગત, પરસ્પર વિરુદ્ધ અને અસ્વાભાવિક છે એ વિચારકોથી છુપાયેલું નથી. કોઈક કથામાં માનતુંગને રાજા ભોજના સમયમાં બતાવ્યા છે, તો કોઈકમાં કાલિદાસની સાથે તો કોઈકમાં બાણ-મયૂર વગેરેના સમયના બતાવ્યા છે જે પરસ્પર વિરુદ્ધ છે.'[9]

આ બધી ચર્ચાના અંતમાં એટલું જ કહી શકાય કે શ્રી માનતુંગસૂરિજી તેમના સમયના સમર્થ આચાર્ય હતા. તેમણે પોતાની અદ્‌ભુત કાવ્યશક્તિ, આધ્યાત્મિક શક્તિ તથા મંત્રશક્તિ વડે 'ભક્તામર સ્તોત્ર'ની રચના કરી હતી. તે ઉપરાંત 'ભયહર સ્તોત્ર' અને 'ભત્તિબ્ભર સ્તોત્ર'ની રચના કરી જૈન શાસનની મહાન પ્રભાવના કરી હતી. આ સ્તોત્રની રચના દ્વારા અજૈન ધર્મની સામે જૈન ધર્મની બોલબાલા વધારી હતી. રાજા તથા પ્રજા સર્વેને જૈન ધર્મ અંગીકાર કરવા માટે આકર્ષ્યા હતા. આજે પણ ભક્તામર સ્તોત્ર જૈન ધર્મી જનના હૃદયમાં એક અનોખું સ્થાન ધરાવે છે.

## પાદટીપ

1. Winternitz : 'A History of Indian Literature', Vol. VI, p. 556-661
2. પૂર્વાચાર્ય વિરચિત 'મહાપ્રભાવિક નવસ્મરણ', સારાભાઈ નવાબ, પ્રસ્તાવના, પૃ. 11
3. 'ભક્તામર-કલ્યાણમંદિર-નમિઊણસ્તોત્રત્રયમ્', દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધારક ફંડના ગ્રંથાંક 79, પ્રો. હીરાલાલ કાપડિયા, પૃ. 27
4. 'ભક્તામર સ્તોત્રમ્', પ્રસ્તાવના, અમૃતલાલ શાસ્ત્રી, પૃ. 7
5. 'ભક્તામર રહસ્ય', ધીરજલાલ ટોકરશી શાહ, પૃ. 40-41
6. 'પ્રભાવક ચરિત', સં. જિનવિજયજી, પૃ. 116
7. 'ભક્તામર સ્તોત્રમ્', અમૃતલાલ શાસ્ત્રી, પૃ. 7-8
8. 'ભક્તામર ભારતી', ભૂમિકા, ડૉ. શેખરચંદ્ર જૈન, પૃ. 38
9. 'ભક્તામર સ્તોત્ર જૈન નિબંધ રત્નાવલી', કટારિયાજી, પૃ. 349

# શાંતિદાસ ઝવેરી

**(જન્મ - આશરે ઈ. સ. ૧૫૮૫ આસપાસ,**
**અવસાન - આશરે ઈ.સ. ૧૬૬૦ આસપાસ)**

ઈસુની સત્તરમી સદીમાં મોગલ રાજ્યકાળ દરમિયાન સક્રિય જીવન પસાર કરનાર આગેવાન જૈન વ્યાપારી શાંતિદાસ ઝવેરીની પ્રતિભા આજે પણ સમાજને આદર્શ પૂરો પાડે તેવી છે. મારવાડ-રાજસ્થાનના સિસોદિયા વંશના કાકોલા શાખાના ઓસવાલ વણિક શાંતિદાસમાં ક્ષાત્રતેજ, રાજતેજ અને વેપાર-વણજની કુનેહનો સુભગ સમન્વય જોવા મળે છે.

શાંતિદાસ ઝવેરીના છઠ્ઠી-સાતમી પેઢીના પૂર્વજ પદ્મએ એક નાના હરણાનો શિકાર કર્યો. તેને લઈને નાસતા નાસતા પાછળ નજર કરી તો બાળ હરણની માતાને પદ્મે આંસુ સાથે દયાર્દ્ર ચહેરે પોતાના ઘાયલ બચ્ચાની પાછળ દોડતી જોઈ. કાબેલ શિકારી પદ્મ આ દૃશ્યથી મનોમંથન અનુભવવા લાગ્યા. લાંબો પંથ કાપી થાકેલા પદ્મ પાણીની આશાએ દૂર પોતાના શિષ્યવૃંદ સાથે બેઠેલા સાધુ પાસે ગયા. પદ્મના મોં પરની મૂંઝવણ જોઈને સાધુપુરુષે સહજભાવે જણાવ્યું કે, 'ક્ષત્રિયનો ધર્મ તો પ્રાણીઓનું રક્ષણ કરવાનો છે, હણવાનો નહીં.' આ વાત પદ્મના દિલસોંસરવી ઊતરી ગઈ અને તેમણે અહિંસાપ્રધાન જૈન ધર્મ અંગીકાર કર્યો.

માલતી શાહ

શાંતિદાસના પિતા સહસ્રકિરણ પોતાની પંદર-સત્તર વર્ષની ઉંમરે મેવાડમાં ગામ-ગરાસ વગેરે લૂંટાઈ જવાથી ભાગ્ય અજમાવવા અમદાવાદ આવ્યા અને મારવાડી ઝવેરીને ત્યાં નોકરીમાં રહ્યા અને આગળ જતાં ઝવેરાતના ધંધામાં પાવરધા થયા. પિતાનો આ ઝવેરાતનો હુન્નર શાંતિદાસને ગળથૂથીમાં મળ્યો હતો. શાંતિદાસ

બચપણથી જ મહત્ત્વાકાંક્ષી હતા અને કિશોરાવસ્થામાં ઝવેરાતના વ્યવસાયમાં તેઓએ કુશળતા પ્રાપ્ત કરી હતી. પોતાના ધ્યેય અંગે સ્પષ્ટ શાંતિદાસ પોતાની આકર્ષક રીતભાત, શાલીન પહેરવેશ અને ફારસી, પર્શિયન જેવી વિવિધ ભાષાના જ્ઞાન સાથે બોલવાની વાક્છટાને કારણે રાજા અને પ્રજા બંનેમાં આદરભર્યું સ્થાન પ્રાપ્ત કરી શક્યા હતા. તેમની આ સફળતાના વ્યક્તિગત, સ્થાનિક, પ્રાદેશિક, સામાજિક, સાંસ્કૃતિક તાણાવાણા પણ એટલું જ મહત્ત્વ ધરાવે છે.

પોતાની નાની ઉંમરમાં અકબરના દરબારમાં કુશળ ઝવેરી તરીકે નામના પ્રાપ્ત કરનાર શાંતિદાસ આગળ જતાં જહાંગીર, શાહજહાં, મુરાદબક્ષ તથા ઔરંગઝેબ સાથે પણ સારો ઘરોબો કેળવી શક્યા હતા. તેઓ વિશ્વાસુ ઝવેરી અને વેપારી તરીકે બેગમોના જનાનખાનામાં પ્રવેશ કરવા માટે પણ બાદશાહોનાં દિલ જીતી શક્યા હતા. પ્રસંગ એવો નોંધાયેલો છે કે રિસાયેલાં બેગમ અમદાવાદ આવ્યાં ત્યારે તેમણે તેઓને આત્મીયતાપૂર્વક સાચવ્યાં અને બેગમ દિલ્હી પાછાં ફર્યાં ત્યારે તેમને મૂલ્યવાન રત્નજડિત કંકણ વીરપસલીમાં ભેટ આપ્યાં. પોતાને તેડવા આવેલા સલીમ(જહાંગીર)ને બેગમે શાંતિદાસની ઓળખાણ મામા તરીકે કરાવી તેથી તેઓ રાજદરબારમાં 'ઝવેરીમામા' તરીકે ઓળખાયા. મોગલ બાદશાહોને અવારનવાર ઝવેરાત પૂરું પાડનાર શાંતિદાસને બાદશાહો તરફથી અવારનવાર ઉમદા પોશાક અને માન-સન્માન પ્રાપ્ત થતા.

પોતાના પિતાના ઝવેરાતના વ્યવસાયને શાંતિદાસે હીરા, મોતી, પન્ના, રત્નોને લગતાં પ્રાચીન શાસ્ત્રોના અભ્યાસ દ્વારા આગળ વધાર્યો. તેઓ રાજકુટુંબો અને શ્રીમંતોમાં ઘરેણાંનો વેપાર કરતા અને શરાફ હતા. જરૂરતમંદોને પૈસા ઉછીના આપતા, જરૂર પડ્યે રાજવીઓને પણ પૈસા ધીરતા. તેરમી સદીના જગડુશા, વસ્તુપાળ-તેજપાળની જેમ તેમણે પણ વ્યાપારી પ્રવૃત્તિઓને અહિંસા, સહકાર અને સહિષ્ણુતાની ભાવના સાથે જોડી હતી. જૈન ધર્મ અને નીતિશાસ્ત્રની વિચારધારા તેમના વ્યાપાર-ઉદ્યોગ સાથે પણ વણાયેલ હતી. તેમના જીવનમાં ધંધાકીય અને આધ્યાત્મિક બાબતોનો સુમેળ પ્રગટતો હતો.

તે સમયના અમદાવાદની વાત કરીએ તો શાંતિદાસ જેવા ઝવેરીઓ રહેતા તે ઝવેરીવાડ, તેની આસપાસ ટંકશાળની પોળ, સોદાગરની પોળ, માણેકચોક વગેરે બધા વેપાર-શરાફની પ્રવૃત્તિઓનાં કેન્દ્રસ્થાનો હતાં. શાંતિદાસના ઝવેરાતના ધંધાનો વ્યાપ અમદાવાદ ઉપરાંત બુર્હાનપુર, વીજાપુર, આગ્રા, દિલ્હી, સિંધ વગેરે કેન્દ્રોમાં હતો. દરિયાપારના દેશો સાથે પણ તેઓ વેપાર ખેડતા. પર્શિયન રેકોર્ડ વગેરેમાં મોટા વેપારી અને ઝવેરી તરીકે તેમનો ઉલ્લેખ મળે છે. તેઓ ગોલકોંડા, રાવલકોંડા, મૈસૂર, કુલુર જેવી હીરાની ખાણોના સ્થળે જતા. આમ ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, દિલ્હી અને દક્ષિણમાં છેક આંધ્રપ્રદેશ અને કર્ણાટક સુધી તેમની વ્યાપારી પ્રવૃત્તિઓ વિકસેલી હતી.

તે સમયના ગુજરાતી વેપારીઓ અને જહાજપતિઓ જરૂર પડે યુરોપીય ચાંચિયાગીરી સામે પણ લડ્યા હતા. ઈ. સ. ૧૬૩૫માં પ્રસિદ્ધ વેપારી વીરજી વોરાનો માલ મધદરિયે લૂંટાયો ત્યારે સર ટૉમસ રૉએ સૂચન કર્યું કે, 'અમારું વહાણવટું સ્વીકારીને તમે એના સભ્ય થઈ જાવ.' ત્યારે ખુમારીપૂર્વક તેનો વિરોધ કરતાં શાંતિદાસ ઝવેરીએ જણાવ્યું કે, 'અમારું સદીઓ જૂનું વહાણવટું હડસેલીને અમારે તમારું વહાણવટું નથી સ્વીકારવું.'

જરૂર પડે ત્યારે તેઓ નૈતિક તાકાતથી પોતાની વાત ભારપૂર્વક મૂકી શકતા. વેપારીઓ વચ્ચેના પરસ્પરના ઝઘડામાં તેઓ પંચ તરીકે નિમાતા ત્યારે સારાસારવિવેકથી તેનો નિવેડો લાવતા. જુદા જુદા શરાફોના મહાજનના પણ તેઓ અગ્રણી હતા. રાજસત્તાને પ્રજા સુધી કોઈ સંદેશો પહોંચાડવો હોય કે પ્રજાને પોતાની વાત સત્તાધીશો સુધી પહોંચાડવી હોય તો અમદાવાદના નગરશેઠ એવા શાંતિદાસ રાજા અને પ્રજા વચ્ચેના વિશ્વાસુ પ્રતિનિધિ તરીકે સારી નામના પ્રાપ્ત કરી શક્યા હતા. જેમ કે ઔરંગઝેબ દસમી ઑગસ્ટ ૧૬૫૮ના રોજ પ્રજાજોગ કલ્યાણ સંદેશ એક ફરમાનમાં શાંતિદાસ દ્વારા મોકલાવે છે.

જીવનમાં પુરુષાર્થ દ્વારા પ્રાપ્ત કરેલ સમૃદ્ધિમાંથી તેઓ છૂટા હાથે દાન પણ કરતા. ધર્મપરાયણ વેપારી હોવાના નાતે પોતાનાં શ્રદ્ધાનાં ક્ષેત્રોમાં સત્તા અને સંપત્તિનો છૂટથી ઉપયોગ કર્યો હતો. દુષ્કાળના સમયમાં તેઓ અન્નક્ષેત્રો ખોલતા, ગરીબોને ગુપ્ત મદદ કરતા. ઈ. સ. ૧૬૧૮માં તેમણે અમદાવાદથી શત્રુંજયનો છ'રી પાલિત સંઘ કાઢ્યો હતો. જેના રક્ષણ માટે અમદાવાદના સૂબા આજમખાને પાંચસો માણસોનું સૈન્ય આપેલ. આ સંઘમાં ગયેલા પંદર હજાર માણસો માટે ત્રણેક હજાર ગાડાં, સારવાર માટે વૈદ્યો, જિનાલય વગેરે વ્યવસ્થા કરવામાં આવેલ. શત્રુંજય ઉપર આદીશ્વરજીની મૂર્તિની બંને બાજુ તેમણે નવાં બિંબોની પ્રતિષ્ઠા કરેલ. તેઓએ અનેક પૌષધશાળાઓ બંધાવેલ, જિનમંદિર અને જિનમૂર્તિઓની પ્રતિષ્ઠા કરાવેલ. જ્ઞાનભંડારો માટે હસ્તપ્રતો લખાવેલ.

પોતાના શ્રદ્ધેય ગુરુ મુક્તિસાગરજીને ઈ. સ. ૧૬૩૦માં અમદાવાદમાં આચાર્યપદ આપીને તેમને રાજસાગરસૂરિ નામ આપવામાં આવ્યું તે પ્રસંગે અને સાગરગચ્છની સ્થાપના સમયે તેમણે છૂટથી નાણાં ખર્ચ્યાં હતાં. અમદાવાદ, ખંભાત, પાટણ, સૂરત, વડોદરા, ડભોઈ, ભાવનગર, સાણંદ, મહેસાણા, રાંદેર વગેરે અનેક સ્થળે તેઓએ સાગરગચ્છના ઉપાશ્રયો બંધાવેલ. શ્રી રાજસાગરસૂરિ પણ પોતાના અંગત સ્નેહી તરીકે શાંતિદાસની ગણના કરતા.

પોતાના ગુરુની પ્રેરણાથી તેમણે અમદાવાદના બીબીપુર (હાલના સરસપુર)માં જહાંગીર પાસેથી વિશાળ જમીન પ્રાપ્ત કરીને ઈ. સ. ૧૬૨૧માં દેરાસર બંધાવવાનું કાર્ય શરૂ કર્યું. ઈ. સ. ૧૬૨૫માં તેમાં 'ચિંતામણિ પાર્શ્વનાથ'ની અને અન્ય પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી. ઈ. સ. ૧૬૩૮માં જર્મન પ્રવાસી આલ્બર્ટ ડી. મેન્ડેલસ્લોએ તેની મુલાકાત લઈ તેનું વર્ણન કર્યું. ઈ. સ. ૧૬૪૦માં મુનિ વિદ્યાસૌભાગ્યએ તીર્થ સમાન આ દેરાસર માટે ૮૬ શ્લોકની 'ચિંતામણિ પ્રશસ્તિ'ની સંસ્કૃતમાં રચના કરી. બાદશાહ ઔરંગઝેબે ઈ. સ. ૧૬૪૫માં આ ભવ્ય દેરાસરને મસ્જિદમાં ફેરવવા માટે નુકસાન પહોંચાડ્યું અને તેમાં ગાયનો વધ કરાવ્યો. દેરાસરની મૂર્તિઓને ખંડિત કરીને તેમાં નવી મહેરાબો બનાવી અને આ ઇમારતને 'કુવ્વત-અલ-ઇસ્લામ' (ઇસ્લામની તાકાત) એવું નામ આપ્યું. આ કપરા સમયમાં પણ વિચક્ષણ શાંતિદાસે મુખ્ય પાંચ પ્રતિમાઓને ઝવેરીવાડમાં સુરક્ષિત રીતે પહોંચાડેલ. આ પ્રતિમાઓની પ્રતિષ્ઠા પાછળથી ઝવેરીવાડનાં દેરાસરોમાં કરવામાં આવેલ છે. દીર્ઘદ્રષ્ટા શાંતિદાસે ધીરજથી કામ લઈને યોગ્ય સમયે આ ઇમારતને પાછી મેળવવા માટે શાહજહાં પાસે માંગણી કરી, તેના પરિણામસ્વરૂપ ત્રીજી જુલાઈ ૧૬૪૮ના ફરમાન દ્વારા આ દેરાસરનો કબજો શાંતિદાસને પાછો મળે તે માટે શાહજહાંએ ઘૈરતખાન અને બીજા અમલદારોને આદેશ કર્યો. પણ ગાયનો વધ

થયેલ સ્થાનને અપવિત્ર ગણીને ઉપાસકો, આરાધના કરવા ફરીથી ત્યાં પાછા ન વળ્યા.

ઈ. સ. ૧૬૬૬માં ફ્રેંચ મુસાફર થેવેનોએ અને અન્ય એક ફ્રેંચ મુસાફર ટેવરનિયરે ભગ્ન થયેલ આ ઇમારતની મુલાકાત લઈને તેનું વર્ણન કરેલ છે. અંતે આ ઇમારત કાળના પ્રવાહમાં લુપ્ત થઈ ગઈ.

આ ફરમાન ઉપરાંત શાંતિદાસને શાહજહાં, મુરાદબક્ષ, ઔરંગઝેબ દ્વારા બીજાં બાવીસ ફરમાનો પ્રાપ્ત થયાં છે. ફરમાન એટલે બાદશાહ તરફથી વિશિષ્ટ સીલ (છાપ કે મહોર) સાથે બહાર પાડવામાં આવેલ હુકમ કે જેનો અમલ જે તે રાજ્યના અમલદારોએ કરવો પડે. શ્રી એમ. એસ. કોમિસેરિયેટનાં ત્રણ પુસ્તકો 'Imperial Mughal Farmans in Gujarat', 'Studies in the History of Gujarat' અને 'History of Gujarat - Vol.II'માં આ ફરમાનો ફોટાઓ સાથે રજૂ થયાં છે. તીર્થરક્ષાને લગતાં આઠ ફરમાનો અને અન્ય ચૌદ ફરમાનો તેમની મિલકત, ઝવેરાતના ધંધા વગેરે અંગે મળેલ છે.

ઈ. સ. ૧૬૨૯-૩૦માં શાહજહાં દ્વારા પ્રાપ્ત થયેલ ફરમાનમાં અમદાવાદનું ચિંતામણિ પાર્શ્વનાથનું દેરાસર, શત્રુંજય, શંખેશ્વર, ઉદેપુર પાસે ધુલેવામાં આવેલ કેશરીનાથનું દેરાસર તથા અમદાવાદની ત્રણ, ખંભાતની ચાર, સુરત અને રાધનપુરમાં આવેલ એક એક પોશાળ શાંતિદાસની છે તેથી તેમાં જૈન સિવાય બીજી વ્યક્તિઓએ પ્રવેશવું નહીં એમ અધિકારીઓને સૂચના અપાયેલ છે. ઈ. સ. ૧૬૫૭માં શાહજહાં દ્વારા શંખેશ્વર તીર્થના ઇજારાને લગતાં બે ફરમાનો તેમને મળેલ છે. ઈ. સ. ૧૬૫૭-૫૮ના રાજકીય અરાજકતાભર્યા માહોલમાં શાહજહાં દ્વારા બે, મુરાદબક્ષ દ્વારા એક અને ઔરંગઝેબ દ્વારા એક એમ પાલીતાણાનો હક્ક શાંતિદાસને આપતાં ચાર ફરમાનો નોંધાયેલ છે. શાહજહાંના ચાર પુત્રો દારા, સુજા, મુરાદબક્ષ અને ઔરંગઝેબ વચ્ચે થયેલ ગાદીવારસાની હુંસાતુંસીને કારણે જ્યારે જ્યારે જેની જેની પાસેથી પાલીતાણાના હક્ક માટે ફરમાન મેળવવાની જરૂર જણાઈ ત્યારે ત્યારે તેની પાસેથી ફરમાન દ્વારા તીર્થના હક્કોને જાળવી રાખવા માટેની તકેદારી તેઓએ રાખેલ. આ ઉપરાંત બારમી માર્ચ ૧૬૬૦ના રોજ ઔરંગઝેબ દ્વારા પાલીતાણામાં શત્રુંજય પર્વત, જૂનાગઢમાં ગિરનાર પર્વત, સિરોહીમાં આબુ પર્વત વગેરેને લગતા હક્ક-હિસ્સાઓ તેમને પ્રાપ્ત થયેલ છે. જૈન તીર્થોના હક્ક આપણા સુધી ટકી રહ્યા છે તેના આ પ્રાચીનતમ દસ્તાવેજો છે. જેની પાછળ શાંતિદાસ ઝવેરી જેવા વિચક્ષણ પુરુષોની દીર્ઘદૃષ્ટિ અને ચીવટ રહેલી જોઈ શકાય છે.

આ સિવાય તેમને પ્રાપ્ત થયેલ અન્ય ચૌદ ફરમાનોમાં પોતાની મિલકતની સુરક્ષા અંગે, ઝવેરી અને ઝવેરાતના ધંધા અંગે, લોંકા જાતિ સાથેના સંબંધો અંગે, લોન રૂપે મુરાદબક્ષને અન્ય વેપારીઓએ ધીરેલ સાડા પાંચ લાખ રૂપિયા જે તે વેપારીઓને પરત કરવા અંગેનાં ચાર ફરમાનો વગેરેનો સમાવેશ થાય છે. શાંતિદાસ બંદરો ઉપરથી ઝવેરાત અને બીજી વસ્તુઓ ખરીદે તેમાં કોઈએ માથું મારવું નહીં, શાંતિદાસે અમને ઘણા સમયથી અલભ્ય કહી શકાય એવું કોઈ ઝવેરાત મોકલાવ્યું નથી, વગેરે બાબતોની જાણ આ ફરમાનો દ્વારા થાય છે.

શાંતિદાસ ઝવેરીને અમદાવાદનું નગરશેઠ પદ મળે છે તે અંગે વિદ્વાનો જણાવે છે કે તેનું કોઈ પ્રમાણ આપણને મળતું ન હોવા છતાં રાજા અને પ્રજા બંનેનું દિલ જીતી લઈ બંને વચ્ચેના સંબંધોની સાંકળની ખૂટતી કડીરૂપ ભૂમિકા તો તેમની હતી જ અને લોકોના હૃદયમાં તો તેમનું સ્થાન અમદાવાદના નગરશેઠ તરીકેનું જ હતું. આ નગરશેઠ પદ પછી તો વંશપરંપરાગત રીતે તેમના કુટુંબના સભ્યોમાં ચાલ્યું આવે છે જેની યાદી આ પ્રમાણે છે :

નગરશેઠ શ્રી લક્ષ્મીચંદ, શ્રી ખુશાલચંદ, શ્રી નથુશા, શ્રી વખતચંદ, શ્રી હેમાભાઈ, શ્રી પ્રેમાભાઈ, શ્રી મણિભાઈ પ્રેમાભાઈ, શ્રી ચીમનભાઈ લાલભાઈ, શ્રી કસ્તૂરભાઈ મણિભાઈ અને છેલ્લે શ્રી વિમલભાઈ મયાભાઈ, પછી અમદાવાદના નગરશેઠની આ પ્રથા બંધ થઈ ગઈ.

શાંતિદાસ ઝવેરી અને તેમના જેવા અન્ય ગુજરાતી વેપારીઓએ 'મનુષ્યયત્ન, ઈશ્વરકૃપા', 'નવાં રોકાણો માટે બચત', 'પુરુષાર્થ દ્વારા સફળતા અને સામાજિક મોભો' જેવાં જૈન અને વૈષ્ણવ ધાર્મિક મૂલ્યોને વિકસાવીને આર્થિક વિકાસને વેગ આપવાનું મૂલ્યવાન કાર્ય કરેલ છે. વળી તેમના જેવા આગેવાનોએ અંતરાયો ધીરજથી સહન કર્યા તેથી જ વિરુદ્ધ શાસનમાં પણ મહાજન જેવી સંસ્થાઓ ટકી શકી. પરિસ્થિતિનો સામનો કરતાં કરતાં પ્રજા કેવી રીતે વિકસે છે, ટકે છે તેનો ખ્યાલ તેમના જીવન પરથી આવી શકે છે. ધીરજ, વિવેક, નમ્રતા, સાહસિકતા, દીર્ઘદૃષ્ટિ, સુમેળ કરવાની વૃત્તિ આ બધા તેમના સહજ ગુણો હતા. આને કારણે મુસ્લિમ શાસનમાં પણ તેઓ ખૂબ સન્માન પામ્યા હતા.

# માનવતાની મહેંક

## (શ્રી દીપચંદ ગાર્ડી)

કુમારપાળ દેસાઈ

સંસાર સ્વપ્નદ્દષ્ટાઓનો છે. સ્વપ્ન વગર કશું સર્જાતું નથી. સંસારને માર્ગ બતાવનારા હંમેશા સ્વપ્નદ્દષ્ટાઓ હોય છે. એ સ્વપ્નમાં સિદ્ધિનું દર્શન હોય છે. જીવન લક્ષ્યનું નિશાન હોય છે, પરંતુ જો એ સ્વપ્નમાં માનવતાની મહેંક મળે, તો એ વ્યક્તિગત વિકાસની સાથે માનવકલ્યાણની સુવાસ પ્રસરાવે છે.

આવા માનવતાપ્રેમી દીપચંદભાઈ ગાર્ડીએ ૧૧મા વર્ષે વિદાય લીધી, ત્યારે એમના અંગત સ્મરણો ચિત્તમાં જાગે છે.

***

સૌરાષ્ટ્રના મૂળી ગામમાં આવેલા પોતાના કુળદેવતા માંડવરાય દાદાને 1926માં અગિયાર વર્ષનો એક બાળક ગદ્ગદ્ કંઠે અને લાગણીભરી આંખે પ્રાર્થના કરે છે,

"હે માંડવરાય દાદા! આજે મારી ગમે તે દશા હોય, પણ હું તારી પાસે એટલું માગું છું કે હું દરરોજ એક હજાર રૂપિયા જેટલું દાન કરી શકું એવી મારી સ્થિતિ થાય."

માંડવરાય દાદાને પ્રાર્થના કરીને બાળક દીપચંદભાઈ મનોમન વિચાર કરે છે. મનમાં એક જ ખ્યાલ છે કે ભગવાને મને આ જીવન બીજાનાં આંસુ લૂછવાં માટે આપ્યું છે.

પડધરી ગામમાં પિતા સવરાજ ગાર્ડીને ઘેર માતા કપૂરબેનની કૂખે 25મી એપ્રિલ 1915ના રોજ દીપચંદભાઈ ગાર્ડીનો જન્મ થયો. જન્મ બાદ બાળક ન હાલે કે ન ચાલે ! સહુને થયું કે આ તો મૃત બાળક જન્મ્યું છે!

થોડો સમય રાહ જોઈ. કશું હલન-ચલન જોવા ન મળે. એને દફનાવવાનો વિચાર કર્યો. નાનકડો ખાડો પણ ખોદ્યો. પરંતુ જન્મની પિસ્તાળીસેક મિનિટ બાદ એ બાળકમાં હલનચલન જોવા મળ્યું. એ જીવતું રહ્યું. જન્મ સમયે આવી સ્થિતિ હોવા છતાં કોઈ ખોડ રહી ગઈ નહીં. તેથી દીપચંદ ગાર્ડી જીવનભર એમ માનતા હતા કે આ જીવન એ તો ઈશ્વરે આપેલી બક્ષિસ છે. બાકી ક્યાં એ મળવાનું હતું ?

ચાર વર્ષ અને બે મહિનાની ઉંમર થઈ, ત્યારે દીપચંદભાઈએ પિતાની છત્રછાયા ગુમાવી. પિતાના મૃત્યુનો એટલો બધો આઘાત લાગ્યો કે સારા કપડાં પહેરે નહીં કે ભોજનમાં કોઈ મિઠાઈને અડે નહીં. બસ, એક જ રઢ લાગેલી, કે મારે કશું જોઈતું નથી. મારે મારા પિતા જીવંત જોઈએ છીએ !

દીપચંદભાઈનું હૃદય એવું કરૂણામય કે પોતાનો કે પારકાનો આઘાત સહન કરી શકે નહીં. માતા કપૂરબેને એમને ઘણી હાડમારી વેઠીને મોટા કર્યા. એમના પિતાનું મૃત્યુ થયું, ત્યારે માતા કપૂરબેનની ઉંમર માત્ર વીસ વર્ષની હતી. એમણે એકલે હાથે આખા પરિવારનું પાલનપોષણ કર્યું.

કપૂરબેનની સૌથી મોટી વિશેષતા એ કે આટલી બધી આર્થિક ભીંસ અને તંગીમાં જીવતા હોવા છતાં એમણે ક્યારેય પોતાના જીવન વિશે ફરિયાદ કરી નહીં. તેઓ સ્વભાવે અત્યંત સહનશીલ હતા અને એથીય વધુ તો એ લોકોને નાની-મોટી સહાય કરતા રહેતા. ક્યારેક કીડીને લોટ નાખે, તો ક્યારેક માછલાંને ખવડાવે.

દીપચંદભાઈએ પડધરીમાં પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યું, પણ ગામમાં નિશાળ નહીં હોવાથી વાંકાનેરમાં ફૈબાને ત્યાં જઈને વિશેષ અભ્યાસ કર્યો. પાસે પૈસા નહીં, પણ સેવાની ભાવના અંતરમાં એટલી જાગી કે ઈશ્વર પાસે એટલું માગ્યું કે હું જરૂરતમંદોને ખૂબ સહાય કરું.

જે જમાનામાં રૂપિયાની કિંમત ગાડાના પૈડાં જેટલી હતી, એ જમાનામાં ખિસ્સામાં માત્ર ચાર આના હોય અને હજાર રૂપિયાની મદદનો વિચાર કરવો એ કેવું કહેવાય ! પોતાને કશું જોઈતું નથી. ઘણું મળી ગયું છે, ઈશ્વરે જીવાડ્યો એ જ એનો મોટો પાડ. પછી બીજી કઈ અંગત કૃપા એની પાસેથી મેળવવાની હોય.

એ દિવસોમાં પણ ક્યાંકથી એક પૈસો કે બે પૈસા મળતા, તો પોતાના સાથી ગરીબ વિદ્યાર્થીને આપી દેતા. કોઈક વાર એવું પણ થતું કે વાંકાનેરની હાઇસ્કૂલમાં કોઈ વિદ્યાર્થીને ફી ભરવાના સાંસાં હોય, દીપચંદભાઈ મિત્રોને એકઠા કરે અને દરેકને કહે કે આપણાથી આપણા સહાધ્યાયીને ભણ્યા વિના કઈ રીતે રહેવા દેવાય ? વર્ગના મિત્રો પાસેથી ભંડોળ એકઠું કરે, કોઈ એક પૈસો આપે તો કોઈ એક આનો આપે અને પછી આ મિત્રમંડળી એ ગરીબ વિદ્યાર્થીની ફી ભરી દેતી.

દીપચંદભાઈ વધુ અભ્યાસ માટે મુંબઈના શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં રહેવા આવ્યા. એ સમયે રૉયલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ કૉલેજમાંથી બી.એસ.સી. પસાર કર્યું અને ગવર્મેન્ટ લૉ કૉલેજમાંથી એલ.એલ.બી.માં ઉત્તીર્ણ થયા. અભ્યાસકાળના સમયે જ એક કાયદાની ફર્મમાં પાર્ટ-ટાઈમ જોબ કરતા હતા અને સાથે જમીનની દલાલીનું કામ કરતા હતા. ધીરે ધીરે પ્રોપર્ટી મોર્ગેજનું કામ શીખ્યા અને એ કાર્યમાં એવા તો નિપુણ બની ગયા કે પછી સતત પ્રગતિ કરવા લાગ્યા.

1933માં શ્રી દીપચંદભાઈ ગાર્ડી ઉચ્ચ શિક્ષણ માટે મુંબઈ આવ્યા અને શ્રી મહાવીર જૈન વિદ્યાલયના કાર્યનિષ્ઠ મંત્રી શ્રી મોતીચંદ કાપડિયાને મળ્યા અને કહ્યું કે 'મને એક વર્ષ માટે લોન-વિદ્યાર્થી તરીકે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ગોવાલિયા ટૅન્કની શાળામાં પ્રવેશ આપો. હું માત્ર એક વર્ષ માટે જ પ્રવેશ ઇચ્છું છું. એ પછી રહેવાની બીજી કોઈ વ્યવસ્થા કરી લઈશ.' આ પ્રતિભાશાળી વિદ્યાર્થીએ 1933માં ગોવાલિયા ટૅન્ક શાખામાં લોન-વિદ્યાર્થી તરીકે પ્રવેશ લીધો, પણ સાથોસાથ આ સ્વાભિમાની યુવાને નોકરી કરતા રહીને વિદ્યાલયની લોન પરત કરી. ચિત્તમાં જાણે એક જ વાત ઘૂમતી હોય કે મારો જન્મ લેવા માટે નહીં, પણ દેવા માટે થયો છે.

બે વર્ષ વકીલ તરીકે પ્રૅક્ટિસ કર્યા પછી ઇંગ્લેન્ડ જઈને 1942માં બેરિસ્ટર-એટ-લૉની પદવી મેળવી. આ સમયગાળા દરમિયાન એમને વકીલાતમાંથી જે કમાણી થતી, તે જમીન-ખરીદીમાં રોકતા ગયા. ક્યારેક મિત્રો કહે કે શેરબજારમાં થોડું રોકાણ કરતાં હો તો, પરંતુ દીપચંદભાઈ માનતા કે એક જૈન તરીકે હું આવા વ્યવસાયમાં પૈસા રોકવા માગતો નથી અને ગર્વ લેતા કે 'સીધી લીટીના શ્રાવકની જિંદગી જીવ્યો છું.'

એ સમયે જંગલની વચ્ચે આવેલી અંધેરી વિસ્તારની જમીન લીધી. એ આઠસો એકર જમીનમાં લોખંડવાલા કૉમ્પ્લેક્ષ સર્જાયું. આમ જમીન લેતા ગયા, અને અઢળક દ્રવ્ય ઉપાર્જન કરતા ગયા, પણ મનમાં એક જ રટણ ચાલે કે લોકોની સેવા કઈ રીતે કરવી ? બીજાનાં આંસુ કઈ રીતે લૂછવાં ?

વ્યવસાયમાં જેમ ચડતી-પડતી આવે તેવા દિવસો પણ આવવા લાગ્યા. 1976માં જમીનની ટોચમર્યાદાનો કાયદો આવતા અબજો રૂપિયા અચાનક શૂન્ય થઈ જાય એવી દશા થઈ. પણ એમણે પરાજય સ્વીકાર્યો નહીં. નિરાશા ઘણી હતી, પણ ફિનિક્સ પંખીની જેમ નિરાશામાંથી આશા જગાડી.

અઢળક કમાણી વચ્ચે મનમાં એક જ વાત થાય કે બેરિસ્ટર થઈને મોટી-મોટી અદાલતોમાં કેસ લડીને મારે કમાણી કરવી નથી, પણ સમાજના કચડાયેલા વર્ગોની બ્રીફ લઈને એમના ઉત્કર્ષ માટે અવિરત પ્રયાસ કરવો છે, આથી 49 વર્ષની ઉંમરે જનસેવા માટે દીપચંદભાઈએ વકીલાતને તિલાંજલિ આપી અને આજીવન સેવાનો માર્ગ સ્વીકાર્યો.

મહાત્મા ગાંધીની ટ્રસ્ટીશીપની ભાવના જીવનમાં ચરિતાર્થ કરવાનો પ્રયત્ન કર્યો. એકવાર એમણે કહ્યું, "કુમારપાળ, ક્યાં હું દાન કરું છું ? મારો શેઠ તો ઉપરવાળો છે, એની ચીઠ્ઠીનો હું ચાકર છું. અને આને તો કંઈ દાન કહેવાય. હું રોજ માત્ર પાંચ જ પૈસાનું દાન કરું છું. મારે પાસે રોજ પાંચેક કરોડથી વધુ રકમના દાનની માગણી આવે છે અને હું માંડ થોડીક માગણીને સંતોષી શકું છું. આ પાંચ પૈસાનું દાન આપતી વખતે પરમાત્માનો આભાર માનું છું કે એણે મને આવી સેવાને માટે યોગ્ય ગણ્યો."

કોઈ કાર્યક્રમમાં દીપચંદભાઈ ઉપસ્થિત હોય, તો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ બધાને નિરાંતે મળે. સામાન્યમાં સામાન્ય વ્યક્તિની વાત સાંભળે. એનું દુઃખ કે જરૂરિયાત જાણે. એની ભાવના સમજે અને પછી જરૂરી ઉત્તર આપે.

એમને ઘેર દાનની યાચનાની ભાવનાથી આવેલો માણસ પણ ઉત્તમ આતિથ્યસત્કાર પામે.

સ્નેહથી એને સોફા પર પોતાની બાજુએ બેસાડે. નિરાંતે એની સઘળી વાત સાંભળે. એનું આયોજન જાણે અને પછી પોતાના એ અંગેના પોતાના વિચારો કહે. ત્યારબાદ દાન મોકલી આપે. એમની પાસે દાન માગવા આવનારને ક્યારેય કોઈ લઘુતાગ્રંથિ કે હીનભાવ થાય નહીં તેની ચીવટ રાખે. એને સાચી વાત કરે, પણ પૂરા સ્નેહથી. હસતાં હસતાં કહે પણ ખરા કે, "હું તો ભાઈ બ્રીફ લેસ બેરિસ્ટર છું. મારી પાસે ક્યાં કશું છે ?"

સાદાં કપડાં, સાદું ભોજન અને સાદું જીવન એ એમનો મંત્ર. એમના રૂમમાં ક્યારેય એ.સી. ન હોય. નેવું વર્ષની ઉંમર હતી, ત્યારે પણ થાક્યા વિના લાંબા પ્રવાસ કરે. એ સંસ્થાના કાર્યક્રમમાં જાય. એની પ્રવૃત્તિઓ જુએ અને દાન આપે. સામાનમાં એક નાની બેગ હોય.

એક વાર એક કાર્યક્રમમાં જવાનું હતું. એ બહારથી આવ્યા અને એમણે કહ્યું, "આ બૂટની નીચે નવા સોલ નખાવી આવ્યો. જૂના સોલ ફાટી ગયા હતા. હવે આ બૂટ છ મહિના વધુ ચાલશે."

આમ પોતાને માટે કશું નહીં. પણ બીજાને માટે જ જીવન છે એમ માનતા. આટલું બધું દાન કરે, છતાં રાજકારણથી ખૂબ દૂર રહે. પાંચસો કરતાં વધુ શાળા, કૉલેજો, યુનિવર્સિટી, છાત્રાલયો, ધર્મશાળાઓ, પાંજરાપોળો, જીવદયાની સંસ્થાઓ, હૉસ્પિટલો, અનાથાશ્રમોનું નિર્માણ કર્યું. કોઈપણ સંસ્થાનું સુકાન સંભાળે એટલે એને આર્થિક રીતે પગભર કરવા માટે પહેલું આયોજન કરે. પોતે દાન આપે અને મિત્રો પાસે દાન અપાવે.

એમના સેવાકાર્યથી પ્રભાવિત થઈને એક સમયે તત્કાલીન વડાપ્રધાન શ્રીમતી ઇંદિરા ગાંધીએ એમને દેશના ઉપરાષ્ટ્રપતિ બનવાનું નિમંત્રણ આપ્યું હતું. દીપચંદભાઈ વિચારમાં પડ્યા. એમણે વિચાર્યું કે આવો હોદ્દો સ્વીકારીશ, તો આમ જનતા સાથેનો મારો મુનિમનો નાતો તૂટી જશે. આથી એમણે ના કહી. એ માનતા કે લોકોને મદદરૂપ થવું હોય તો સત્તા અને પ્રતિષ્ઠાથી દૂર રહેવું જોઈએ.

જીવનમાં જૈનધર્મના સિદ્ધાંતો પાળતા હતા, માત્ર 'જીવો અને જીવવા દો' જ નહીં, પરંતુ 'જીવો અને બીજાને સુખરૂપ જીવવામાં મદદ કરો' એમ કહેતા હતા. જૈનની એમની વ્યાખ્યા એવી હતી કે જૈન એટલે એવો જન કે જેનામાં બીજાને માટે કરૂણા અને અનુકંપા વહેતી હોય. એને પોતાના જીવનવિકાસમાં રસ હોય ખરો, પરંતુ એટલો જ આનંદ એને અન્યની પ્રગતિથી આવતો હોય.

એમને સૌથી વધુ રુચિ જીવદયામાં. નાના હતા ત્યારે માછલાંને ખવડાવવા જતાં અને એ પછી વર્ષો સુધી કીડીના દર પાસે લોટ નાખવા જતા. એ કહેતા કે પાણીમાં જીવતી કેટલીક જીવાતનું જીવન ચાર કલાકથી ત્રણ દિવસનું હોય છે. આવી જીવાતને માછલાં મારી નાખે છે. આથી પેલી નાની-નાની જીવાત તરફની કુરુણાને કારણે એ માછલાંને ખવડાવવામાં માનતા હતા. અભયદાનને મહાદાન માનતા દીપચંદભાઈ એમ કહેતા, "કતલખાને થતી પ્રાણીહત્યા મને ધ્રૂજાવી નાખે છે. કોઈ આપણને ખીલી મારે તો આપણને કેવું થાય." આથી પ્રાણીઓને માટે એમણે અહર્નિશ ચિંતા કરી. ગુજરાતની પાંજરાપોળોમાં પરિવર્તન લાવવાનો આહલેક જગાવ્યો. પાંજરાપોળની વર્તમાન સ્થિતિ, તેની જરૂરિયાતો અને મુશ્કેલીઓ પર સહુની સાથે મળીને વિચાર કર્યો.

એકવાર સરકારે પાંજરાપોળ હસ્તકની વધારાની જમીનો જપ્ત કરવાની નીતિ અમલમાં મૂકી. એક પાંજરાપોળ પાસે મોટું બીડ હતું. એમાં એ જમીન જાય નહીં તે માટે પોતાના ખર્ચે ત્રીસેક હજાર વૃક્ષો રોપાવ્યાં સાથોસાથ બાજરો અને જુવાર પણ વાવી દીધા. આ બાજરો અને જુવાર બજારમાં વેચવાને બદલે પશુઓનો પૌષ્ટિક ખોરાક માટે ઉપયોગમાં લીધા. પશુઓને લીલું ઘાસ ખવડાવવાની વ્યવસ્થા ઊભી કરી. વૃક્ષોમાંથી તેલ અને ખોળ મળવા લાગ્યા. ગૌમૂત્ર અને આયુર્વેદિક ઔષધો તૈયાર કરવાની વ્યવસ્થા કરી. અમુક રોપાઓ અને છોડવાઓ જુદા જુદા ખેડુતો વેચાતા લઈ જવા માંડ્યા અને પોતાનાં ખેતરોમાં વાવેતર કરીને ઉત્પાદન વધારી શક્યા. વળી વાવેતરનું ઉત્પાદન વધે તે માટે પાણી જરૂરી બને, આને માટે પાતાળકૂવા તૈયાર કરવામાં મદદ આપી. સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં વરસાદ થયો નહીં. સરકાર દુષ્કાળ સમયનું આયોજન કરે તે પહેલાં પ્રાણીઓની સતત ચિંતા કરનારા દીપચંદભાઈ સ્વયં ઘાસચારાની વ્યવસ્થા ગોઠવી દેતા હતા.

આ બધી સેવાભાવના દર્શાવતી વખતે તેઓ એટલું જ કહેતા કે, 'જરા વિચાર કરો કે આપણા શરીરના અવયવો સ્વાર્થી નથી હોતાં, જો હૃદય સ્વાર્થી બની જઈને લોહીને ચારે બાજુ નહીં મોકલે, તો હૃદય બંધ પડી જાય. શરીરનાં દરેક અંગોને પરસ્પર પ્રત્યે પ્રેમ છે. પોતાને પ્રાપ્ત થયેલી ચીજ બીજાને આપવાની ક્રિયા જેમ શરીરમાં, તેમ સમાજમાં પણ ચાલતી રહેવી જોઈએ. પ્રાપ્ત થયેલી ચીજ પોતાની પાસે સંગ્રહી ન રાખતા તેને વહેંચી દેવામાં જ લાભ છે.' આવી ઉત્કૃષ્ટ હતી એમની દાનભાવના અને જીવનસાધના.

માગનારા વધુ હોય અને આપનારા કોઈક જ હોય એવા આજના યુગમાં જિંદગીભર આપવાનો આહલેક જગાવીને જીવન સમર્પણ કરનારા દીપચંદભાઈ જેવા વિરલા જ હશે. કોઈ એમને ઇતિહાસમાં અમર નામના મેળવનાર દાનવીર જગડૂશા કહેતા, કોઈ એમને આધુનિક ભામાશાનું બિરૂદ આપતા હતા, પરંતુ એ પોતે તો હસતાં હસતાં એમ કહેતા કે 'જગડૂશા અને ભામાશાને દાન કરવાની વધુ સરળતા હતી, કારણ કે એ જમાનામાં ટેક્સની કોઈ માથાકૂટ નહોતી. ઇન્કમટેક્સ પણ ક્યાં હતો ?' એમના દાનનો પ્રવાહ પાંચસો કરતાં વધુ શાળા-કૉલેજો, યુનિવર્સિટી, છાત્રાલયો, ધર્મશાળાઓ, પાંજરાપોળો, જીવદયાની સંસ્થાઓ, હૉસ્પિટલો અને અનાથાશ્રમોમાં વહેતો રહ્યો.

દીપચંદભાઈએ રોજના એક હજારનું દાન આપીને પ્રારંભ કર્યો, પછી એક લાખ અને ત્રણ લાખનું દાન કરતા હતા. કહેવાય છે કે છેલ્લાં દસ વર્ષથી રોજનું એક કરોડનું દાન કરતા હતા.

એમણે એમની દાનગંગા એમના બંને પુત્ર ડૉ. રશ્મિભાઈ ગાર્ડી અને હસમુખભાઈ ગાર્ડીને સોંપી છે અને એથીય વધુ તો પોતાના પૌત્ર-પૌત્રીઓ પણ આ કાર્ય અવિરત રૂપે ચાલુ રાખે તે માટે ઘણી સંસ્થાઓનાં નામાભિધાન એમણે પૌત્ર-પૌત્રીઓ પરથી કર્યાં છે.

છેલ્લા સમયમાં સોલાપુરની સ્કૂલની વાત કરતાં એમની આંખોમાં આનંદ ઊભરાતો હતો. મહારાષ્ટ્રમાં સોલાપુરમાં એક અંગ્રેજી માધ્યમની કન્યાશાળા 'વાત્સલ્યધામ' શરૂ કરી. એમાં રૂપજીવીની તરીકે જીવન ગુજારતી સ્ત્રીઓની પુત્રીઓને ભણાવવાની વ્યવસ્થા હતી. 330 છોકરીઓને રહેવાની, અભ્યાસની અને એમની પૂરેપૂરી સંભાળ લેવાય. વળી કેટલીક બાલિકાઓ એઇડ્ઝના

રોગથી પીડાતી હતી. એમને પણ સઘળી સગવડ મળે. પોતે જ્યાં દાન આપે, એ કૉલેજ સાથે શરત કરે કે મારી આ દીકરીઓ માટે તમારે થોડી બેઠકો અલાયદી રાખવી. આ સંસ્થાને એમના પ્રપૌત્ર અને પ્રપૌત્રીઓ લિયાન, રોનેન અને આયેશાનું નામ આપ્યું. ભવિષ્યમાં તે પણ મોટા થઈને આ શાળાની સંભાળ લે, એ ભાવનાથી.

એકવાર એવું બન્યું કે 'વાત્સલ્યધામ'ના વાર્ષિકોત્સવ સમયે આ રૂપજીવીનીઓ દીપચંદભાઈ ગાર્ડીને મળવા આવી. એમના ચરણે પડી અને કહ્યું, "તમે અમારી દીકરીઓના જીવનદાતા-દેવ છો."

ત્યારે દીપચંદભાઈએ કહ્યું, "હું દેવ નથી, પણ પ્રભુનો સેવક છું. એણે મને આવી સેવા કરવાનો મોકો આપ્યો છે."

દીપચંદભાઈના ઘરમાં જે કોઈ ઘર-ઘાટી કામ કરતા હોય, એ ઘાટીના ગામમાં કોઈ સ્કૂલની જરૂર હોય, દવાખાનાની જરૂર હોય કે કોમ્યુનિટી હૉલની જરૂર હોય, તો તેઓ એને માટે દાન આપતા. દાન આપ્યા પછી એ સ્કૂલ, દવાખાનું કે હૉલને નામ આપવાનું થાય, તો એ ક્યારેય પોતાનું નામ ન આપે, પરંતુ પોતાના ઘરના ઘાટીનું નામ આપે. અર્જુન અને ગણપત જેવા એમના ઘરના સેવકોના નામે એમણે એમના ગામમાં નિશાળો બંધાવી હતી.

એ નિશાળના ઉદ્દઘાટન-સમારંભમાં દીપચંદભાઈને શાલ ઓઢાડવા આવ્યા, ત્યારે એમણે ના પાડી અને કહ્યું કે "એ તો અર્જુનને પહેરાવો, કારણ કે એનું નામાભિધાન કરીને હું તો ઋણ ચૂકવું છે. મારે માથે ચડેલું કરજ ચૂકવું છું." આમ ગામની વચ્ચે જ્યારે આ ઘાટીને હાર અને શાલ પહેરાવવામાં આવે અને એના નામની તકતી લાગે, ત્યારે એનો પોતાના સમાજમાં આપોઆપ એનો મોભો વધે.

તેઓ કહેતા કે આને કારણે લોકોની અર્જુન કે ગણપત તરફ જોવાની દૃષ્ટિ બદલાઈ ગઈ. એમને ઘણી ઇજ્જતથી જોવા લાગ્યા અને એ સેવકો પણ જીવનની ધન્યતા અનુભવવા લાગ્યા. આવો સેવક એ નિમકહલાલ નોકર બને. વળી આની પાછળ એક એ પણ આશય ખરો કે એનામાં શુભકામની ભાવના જાગે.

આવી અનેક સંસ્થાઓ અને યુનિવર્સિટીઓને એમણે કરોડોના દાન આપ્યા, પણ નિયમ એવો કે ક્યારેય સંસ્થાના વહીવટમાં પડવું નહીં. વહીવટમાં પડીએ તો હોદ્દાનો અહમ્ જાગે, જ્યારે મનમાં તો એ વલણ રહેવું જોઈએ કે બધું જ કર્યું હોવા છતાં આપણે કશું કર્યું નથી ! હજી ઘણું કરવાનું બાકી છે!

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કે ભાવનગર યુનિવર્સિટી જેવી યુનિવર્સિટીઓને આર્થિક મુશ્કેલીમાંથી બહાર લાવ્યા. ગુજરાતી વિશ્વકોશના રાહબર અને ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના આધારસ્થંભ બની રહ્યા, પણ દીપચંદભાઈ ગારડીને સૌથી વધુ સેવા-મહિમા તો પોતાના જીવદયાના કામનો હતો. એ કહેતા, "ગાંધીના ગુજરાતમાં આજે રાજકારણ આવી ગયું છે. જે કીડીને જીવાડવામાં માનશે, એ માણસને નહીં મારે. એનું કોન્શિયસ બાઇટ થશે.' આથી તમામ જીવોને સાતા પહોંચાડવી એ પાયાની બાબત છે."

ગાય મરતી હોય અને તેની છેલ્લી દસ મિનિટ શાંતિથી પસાર થાય તેવી કોઈ સેવા કરે, એની

એમને મન ઘણી મોટી કિંમત હતી. કીડીથી માંડીને પાંજરાપોળના પશુઓને જેટલી શાંતિ આપી શકે, એટલો પોતાના આત્માનો ઉદ્ધાર થશે એમ માનતા હતા. આથી એમની પાસે આવીને કોઈ એમ કહે કે "હું કીડીયારાને એક વર્ષ સુધી આપીશ" તો એમને અપાર આનંદ થતો.

શિક્ષણ અને આરોગ્ય માટે એ સતત દાનનો પ્રવાહ વહેવડાવતા રહ્યા અને કહેતા પણ ખરા કે જેટલા દૂર-દૂર છેવાડાના ગામમાં એકાદ શાળા સ્થપાય, ત્યારે અનેક બાળકોની પ્રગતિનો રસ્તો ખૂલી જાય છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થી તરીકે માતૃસંસ્થાનું ઋણ ચૂકવવાની ભાવનાથી ઈ. સ. 1992માં વિદ્યાલયના પ્રમુખ તરીકેની જવાબદારી એમણે સ્વીકારી અને એ પછી 1994માં આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીની ભાવના પ્રમાણે અમદાવાદમાં સર્વ પ્રથમ શ્રીમતી શારદાબહેન યુ. મહેતા કન્યા છાત્રાલય શરૂ કર્યું. ત્યારબાદ રાજસ્થાનના ઉદેપુરમાં ડૉ. યાવન્તરાજ પૂનમચંદજી અને સંપૂર્ણા જૈન વિદ્યાર્થીગૃહ શરૂ કર્યું. એમના બે દશકાના કાર્યકાળ દરમિયાન વિદ્યાર્થીઓની સંખ્યા બમણી થઈ ગઈ. વલ્લભવિદ્યાનગરમાં શ્રીમતી નલિનીબેન પ્રવીણચંદ્ર ચાંગાણી કન્યા છાત્રાલય અને પૂનામાં શ્રીમતી શોભાબહેન રસિકલાલ ધારીવાલ કન્યા છાત્રાલય શરૂ કર્યાં. વડોદરા ખાતે સી. કે. શાહ વિજાપૂરવાળા ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ શરૂ કરી. ગોવાલિયા ટેન્ક બિલ્ડિંગનું પુનઃનિર્માણનું કામ શરૂ કરેલ હોઈ, સેન્ડહર્સ્ટ રોડ શાખાનું નામકરણ શ્રી વાડીલાલ સારાભાઈ વિદ્યાર્થીગૃહ કરવામાં આવ્યું.

આ રીતે અનેક સંસ્થાઓની સ્થાપનામાં પ્રેરકબળ બનીને એમણે પૂર્વ વિદ્યાર્થીઓના એલ્મની એસોશિએશનના સભ્યોનો પણ વિદ્યાલયની અનેકવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સક્રિય સહયોગ મેળવ્યો. એમના ચિત્તમાં વિદ્યાલયને આર્થિક રીતે પગભર કરવાના વિચારો ચાલતા હતા. એમના માર્ગદર્શનને પરિણામે વિદ્યાલયના માનદ્મંત્રી શ્રી સુબોધભાઈ ગાર્ડીના પ્રયત્નો સફળ થતાં વિદ્યાલયને સારી એવી આર્થિક સદ્ધરતા સાંપડી. સહુના મનમાં એક ઇચ્છા હતી કે વિદ્યાલયની શતાબ્દીની સાથોસાથ એના પ્રમુખ શ્રી દીપચંદ ગાર્ડીનો પણ એકસોમો જન્મદિવસ ઉજવાય, પરંતુ તે શતાબ્દીમાં પ્રવેશે તે પૂર્વે એમનું અવસાન થતાં વિદ્યાલયે એક કાર્યદક્ષ રાહબર ગુમાવ્યા.

મને એમના ધાર્મિક અનુષ્ઠાનોમાં એક નોખી દૃષ્ટિનું સ્મરણ થાય છે. એમણે એમના ગામમાં એક દેરાસર બંધાવ્યું. દેરાસરની પ્રતિષ્ઠાનો સમય આવ્યો. સામાન્ય રીતે આવા પ્રતિષ્ઠાના મહોત્સવોમાં મોંઘીદાટ નિમંત્રણ-પત્રિકાઓ છપાય અને એમાં જેમની નિશ્રામાં પ્રતિષ્ઠા થવાની હોય, એ સાધુમહારાજની વિગતો અને લાભાર્થીની તસવીરો આર્ટપેપરમાં ફોર કલરમાં છપાય, દીપચંદભાઈને સાધુ-મહારાજોએ કહ્યું "હું મંદિરની પ્રતિષ્ઠા કરું છું, પણ પત્રિકા છપાવવાનો નથી. આપને અનુકૂળતા હોય તો જરૂર પધારો." એમણે તમામ ગ્રામજનોની એક સભા ભરી અને સભામાં કહ્યું, "આ કોઈ દેરાસરની પ્રતિષ્ઠા નથી, પણ ગામના પ્રત્યેક ધર્મસ્થાનોની પ્રતિષ્ઠા છે એટલે આ પ્રતિષ્ઠા સમયે માત્ર જૈન મંદિરમાં જ નહીં, પણ શિવ મંદિર તેમજ અન્ય સઘળાં મંદિરોમાં તેમજ મસ્જિદોમાં રોશની થશે."

એમણે કહ્યું, "આપણા માટે સૌથી મોટા આનંદનો વિષય એ છે કે આપણા ગામમાં તીર્થંકર

ભગવાન પધારે છે. આપણે ઘેર કોઈ અતિથિ આવે ત્યારે કેટલો બધો આનંદ થાય છે. ત્યારે આ તો સ્વયં તીર્થંકર ભગવાન આવી રહ્યા છે અને તે પણ આપણી સાથે વસવા. જ્યાં તીર્થંકર ભગવાન બિરાજમાન હોય, ત્યાં તેમની દૃષ્ટિ પડે ત્યાં સુધી કોઈપણ વ્યક્તિ ભોજન વિના ભૂખી ન હોય." આમ કહીને એમણે ગામલોકોને કહ્યું, "તમારે ઘેર પ્રસંગ હોય અને તમે સ્નેહીજનોને નિમંત્રણ આપો, એમ દરેક ઘરની વ્યક્તિએ બહારગામ વસતા પોતાનાં સગાંઓને આ મંગલ પ્રસંગે આગ્રહભેર બોલાવવા."

ત્રણ દિવસ આખા ગામને જમાડવાની જવાબદારી દીપચંદભાઈએ માથે લીધી. ટ્રકોમાં ગાદલાં અને ગોદડાં ભરીને આવ્યા અને નાતજાતના તમામ ભેદ ભૂલીને આખા ગામે ત્રણ દિવસ સુધી મીઠાઈનાં ભાવતાં ભોજન કર્યાં અને ઈશ્વરના આગમનનો પ્રસંગ ઊજવ્યો. આમ દીપચંદભાઈએ ક્યારેય નાતજાતનો ભેદ જોયો નહોતો. ધર્મ કે પ્રદેશની સંકુચિત દિવાલોને આધારે ભેદભાવ કરતા નહોતા. ઘણાં મુસ્લિમ બિરાદરો તો હજયાત્રાએ જતાં પહેલાં એમના આશીર્વાદ લેવા આવતા હતા.

એમના મનમાં ગુજરાતમાં મેડિકલ કૉલેજ કરવાની ઇચ્છા હતી, પણ તે સફળ થઈ નહીં. ઉજ્જૈનમાં એકસો કરોડના ખર્ચે મેડિકલ કૉલેજ અને હૉસ્પિટલ બંધાવી અને ત્યાં રોજનાં 2500 દર્દીઓને વિનામૂલ્યે સઘળી સુવિધા અને સારવાર આપવાનું આયોજન કર્યું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કે સોમનાથ યુનિવર્સિટીને માતબર રકમનું દાન કર્યું. એકસો કરતાં વધુ પાંજરાપોળો અને પચાસથી વધુ છાત્રાલયોનું નિર્માણ કર્યું. આમાંથી અડધાં છાત્રાલયો તો પછાત વર્ગના કે આદિવાસી-વનવાસી બાળકો માટેનાં નિવાસસ્થાનો બન્યાં. શારીરિક અને માનસિક વિકલાંગો માટેની અનેક શાળાઓને એમણે મદદ કરી. હૉસ્પિટલ અને કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ઉપરાંત કેન્સર, હૃદયરોગ કે થેલેસેમિયા જેવા રોગોના પચીસ હજાર દર્દીઓને તેઓ આર્થિક સહાય કરતા હતા.

પૂર, વાવાઝોડું, ભૂકંપ કે દુષ્કાળ જેવી આફત આવે એટલે સહુ દીપચંદભાઈ પાસે દોડી જાય. એ પછી મચ્છુ ડેમની હોનારત હોય કે લાતૂર કે ઓરિસ્સાનો ભૂકંપ હોય, આવા એક ભૂકંપ સમયે એમણે 400 જેટલી શાળાઓ ઊભી કરીને વિક્રમ સર્જ્યો હતો.

સવારે કોઈ કાર્યક્રમમાં જવાનું હોય, તો એમનો પહેલો આગ્રહ પૂજાપાઠનો રહેતો. રોજ સવારે દસ વાગ્યા સુધી એમનો પૂજાપાઠ ચાલે. કાર્યક્રમમાં મોડા પહોંચાય તો વાંધો નહીં, પણ પૂજાપાઠમાં સહેજે ચૂક નહીં. એમાં લેશમાત્ર ઉતાવળ નહીં. વળી ભગવાન પાસે સામે હાથ જોડીને એ ક્યારેય કશું માગતા નહીં. એ એમ માનતા કે અપેક્ષા સાથે ભગવાન પાસે જવાય નહીં. કોઈ સાધુ-મહારાજ કહે કે બીજું બધું તો ઠીક, પણ મોક્ષની તો માગણી કરો, ત્યારે તેઓ ઉત્તર આપતા, "ભગવાને આ જન્મમાં મને જે આપ્યું છે, તે દાન અને સેવા દ્વારા પાછું આપી રહ્યો છું. હું એણે સોંપેલું કર્મ કરું છું, અને એના બદલામાં એની પાસેથી મોક્ષ કે બીજું કંઈ માગું, તે કેવું કહેવાય ? મોક્ષના બદલે ફરી ફરી જન્મ ઇચ્છું છું, જેથી દાન અને સેવા થાય.

આવી દાનગંગા વહેવડાવનાર વ્યક્તિના જીવનમાં અનોખી કરકસર હતી. એકવાર અમે શિકાગોમાં એમના જ્યેષ્ઠ પુત્ર ડૉ. રશ્મિભાઈ ગાર્ડીને ત્યાં સાથે ઊતર્યા હતા. શિકાગોમાં યોજાયેલી

વિશ્વધર્મ પરિષદના સ્થળે અમે જઈ રહ્યા હતા, ત્યારે રશ્મિભાઈએ પૂછ્યું, 'આપણે ગાડી ક્યાં પાર્ક કરીશું ? જો નજીક પાર્ક કરવી હોય તો વીસ ડોલર થશે અને થોડું ચાલીને દૂર પાર્ક કરીએ તો ચાર ડોલર થાય.'

દીપચંદભાઈએ ક્ષણના વિલંબ વિના ઉત્તર આપ્યો, 'આપણે ગાડી દૂર પાર્ક કરીએ. ચાલીને સભાસ્થળે પહોંચી જઈશું.'

આમ જીવનની નાની નાની બાબતોમાં એમની પાસે ભારે ચીવટ હતી અને પ્રમાણિકતા તો એવી કે ખુદ સાધુમહાત્માઓને કહે કે "ગમે તેના, ગમે તે રસ્તે આવેલા પૈસાથી મંદિર બાંધશો, તો સમય જતાં એ મંદિર મ્યુઝિયમ બની જશે અને એમાં ઈશ્વરનો ક્યારેય વાસ નહીં થાય."

સમાજમાં ધર્મકાર્યોમાં કાળાં નાણાંનો ધોધ વહેતો હોય, એવે સમયે એ જાહેરસભામાં કહેતાં કે "હું દઢપણે માનું છું કે ઈશ્વરનું મંદિર બાંધવા માટે સાચા માર્ગે કમાયેલા ધનનો જ ઉપયોગ કરવો જોઈએ." સમાજને સાચી વાત કહેતા તેઓ ક્યારેય અચકાતા નહીં અને ગમે તેવો વિરોધી હોય તો પણ એની સાથે ક્યારેય પોતાનું સૌજન્ય છોડતા નહીં.

લોકોની પાસે જઈને એ કહેતા કે ભગવાને જે આપ્યું છે તે હું સમાજને પાછું આપવાની અપરિગ્રહના સિદ્ધાંત પાસેથી પ્રેરણા મળે છે. હું તો એક ડિસ્ટ્રીબ્યુટર છું, નિમિત્ત માત્ર છું અને એથી આગળ વધીને લોકોની શુભકામના અને આશીર્વાદ ઝંખતો ભિક્ષુક છું, આથી ધન આપીને એમના અંતરના અમૂલ્ય આશીર્વાદ મેળવું છું અને એ આશીર્વાદ જ મારી ખરી તાકાત છે.

મૃત્યુ તો દેહના હોય, અમર પંથ છે આત્માનો અને ભાવનાનો !

# 'શીલોપદેશમાલા' રચયિતા પંડિત શ્રી જયકીર્તિસૂરિ

પ્રફુલ્લા વોરા

'શીલોપદેશમાલા'નું મૂળ નામ 'સીલોવએસમાલા' છે. આ ગ્રંથ શ્રી જયસિંહસૂરિના શિષ્ય શ્રી જયકીર્તિસૂરિ દ્વારા જૈન મહારાષ્ટ્રી (માગધી અને પ્રાકૃતનો પણ ઉલ્લેખ છે.) ભાષામાં, આર્યા છંદમાં કુલ ૧૧૬ પદ્યમાં રચાયો છે. લગભગ દશમી શતાબ્દીમાં વિ. સં. ૯૧૫માં રચાયાનો ઉલ્લેખ મળે છે. (મહેતા, કાપડિયા અનુ. શાહ, ૨૦૦૪). અહીં શીલ એટલે ચારિત્રપાલન કે બ્રહ્મચર્યપાલન ઉપર દૃષ્ટાંત રૂપે કે કથા સ્વરૂપે ઉપદેશ આપવાની બાબત વણાયેલી છે. જે રીતે માળામાં પરોવાયેલો પ્રત્યેક મણકો સમગ્ર અસર સર્જે છે, એ રીતે વિવિધ ચરિત્રો માળાના મણકારૂપ છે. (શાસ્ત્રી, ૧૯૦૦). જે રીતે કંઠમાં પુષ્પમાળા ધારણ કરવાથી તેનો સતત અનુભવ થાય છે, એ રીતે શીલપાલન સંબંધિત ચરિત્રો સતત યાદ કરવાનો અહીં રચયિતાનો ઉપક્રમ છે.

'શીલોપદેશમાલા' વિશે થયેલા અભ્યાસના આધારે જે માહિતી પ્રાપ્ત થઈ છે, તે નીચે પ્રમાણે છે.

રુદ્રપલ્લીગચ્છના સંઘતિલકસૂરિના શિષ્ય સોમતિલકસૂરિએ વિ. સં. ૧૩૯૪માં લાલ સાધુના પુત્ર છાજુના માટે આ ગ્રંથ ઉપર 'શીલતરંગિણી' નામની વૃત્તિ લખી છે જેના પ્રારંભમાં સાત શ્લોકો છે, જે મંગલાચરણ રૂપે છે. જેમ કે

(आर्यावृत्तम्)

आबालबंभचारिं नेमिकुमारं नमित्तु जयसारं ।
सीलोवएसमालं वृश्चामि विवेयकरिसालं ।।१।।

(જન્મથી માંડીને બ્રહ્મચારી એવા અને ત્રણ જગતને વિશે પ્રધાન

એવા બાવીસમા તીર્થંકર શ્રી નેમિકુમારને નમસ્કાર કરીને વિવેકરૂપી હસ્તીને રહેવાની શાલરૂપ એવા 'શીલોપદેશમાલા' નામના ગ્રંથને હું કહીશ.)

એ જ રીતે અંતે પ્રશસ્તિ રૂપે કુલ ચૌદ શ્લોકો આપેલા છે જેમાંનો દશમો શ્લોક નીચે પ્રમાણે છે.

(आर्यावृत्तम्)

तत्पादपद्महंसो, विवृत्तिं शीलोपदेशमालायाः ।
श्री सोमतिलकसूरि; श्री शीलतरंगिणीं चक्रे ।।१०।।

(તે સંઘતિલક ગુરુના ચરણકમળને વિશે હંસ જેવા શ્રી સોમતિલકસૂરિ થયા કે, જેમણે 'શીલોપદેશ-માલા'ની શીલતરંગિણી નામની ટીકા કરી છે.)

* શ્રી લલિતકીર્તિ અને પુણ્યકીર્તિ શ્રમણોએ મૂળ ગ્રંથ ઉપર એક ટીકા લખી છે.
* સોમતિલકસૂરિની શીલતરંગિણી નામની ટીકા સાથે મૂળ કૃતિ હીરાલાલ હંસરાજે સન્ ૧૯૦૯માં પ્રકાશિત કરી છે.
* શાસ્ત્રી હરિશંકર કાલિદાસે સન ૧૯૦૦માં મૂળ કૃતિ અને શીલતરંગિણીનો જે ગુજરાતી અનુવાદ કર્યો છે, તે શ્રી જૈન વિદ્યાશાળા - અમદાવાદ દ્વારા પ્રકાશિત થયો છે.
* ઉપાધ્યાય શ્રી મેરુસુંદરગણિએ વિ. સં. ૧૫૨૫ (ઈ. સ. ૧૪૬૯)માં 'શીલોપદેશમાલા'ના બાલાવ-બોધની રચના કરી હતી. (કોઠારી, શાહ - ૧૯૯૩)

'શીલોપદેશમાલા' પર સંસ્કૃત ભાષામાં ચાર ટીકાઓ રચાયેલી છે.

ગુજરાતી ભાષામાં નવેક જેટલા બાલાવબોધ રચાયા છે.

આમ, 'શીલોપદેશમાલા' પર જુદા જુદા સમયે થયેલી રચનાઓના ઉલ્લેખ છે.

વિવિધ ઇતિહાસો, આધારો અને 'શીલોપદેશમાલા' પરની વૃત્તિઓ, ટીકાઓ કે ગુજરાતી અનુવાદમાં જણાવ્યા અનુસાર આ મૂળ ગ્રંથના રચનાકાર શ્રી જયસિંહસૂરિના શિષ્ય શ્રી જયકીર્તિસૂરિ નામના આચાર્ય હતા. તેમના વિશે કોઈ વિગતવાર પરિચય ઉપલબ્ધ નથી. જેઓએ આ મૂળ ગ્રંથ પર અન્ય કોઈ સાહિત્ય રચ્યું છે તેઓના પરિચય ઉપલબ્ધ છે, જેમ કે બાલાવબોધકાર શ્રી મેરુસુંદરગણિ કે આ ગ્રંથ પર 'શીલતરંગિણી' વૃત્તિના રચનાકાર શ્રી સોમતિલકસૂરિ. આધારોમાં માત્ર નામોલ્લેખ જ થયેલો જણાય છે.

પ્રસ્તુત ગ્રંથના નામ ઉપરથી જ ખ્યાલ આવે છે કે શીલ (શિયળ કે બ્રહ્મચર્ય) વ્રતનું પાલન. જૈન શાસનના ચાર આધારસ્તંભો એટલે દાન, શીલ, તપ અને ભાવ. આ તમામમાં નૈતિક અને પ્રભાવક આધારસ્તંભ છે શીલ. શીલપાલન એ ચિંતામણિરત્ન સમાન છે, પુરુષાર્થ કરવા માટેનું પ્રેરક અને મુખ્ય બળ છે. શીલવ્રતને દિવ્યગુણો પૈકી એક મહત્ત્વનો ગુણ ગણવામાં આવે છે. રચયિતાએ પોતે જ આ ગ્રંથના વિષય વિશે જણાવ્યું છે કે શીલ સંબંધી બાબતો શીલના આચાર અને ભંગ વિશેનાં કથાનકો, દૃષ્ટાંતો અને ચરિત્રો આ ગ્રંથનું મુખ્ય વિષયવસ્તુ છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે शरीरमाद्यं खलु धर्मसाधनम् એટલે કે ધર્મનું મુખ્ય સાધન શરીર છે. શરીર

એટલે તમામ ધર્માચાર માટેનું બળ. આ બળ પ્રાપ્ત કરવા માટે શીલપાલન એ ઔષધ ગણાય છે. જે રીતે કોઈ ટૉનિક લેવાથી સ્વાસ્થ્યપ્રદ સ્થિતિ પ્રાપ્ત થાય છે, એ રીતે તેજસ્વી કે ઓજસ્વી ગુણની પ્રાપ્તિ અને સ્થિતિ મેળવવા માટે દિવ્ય ઔષધસમાન શીલપાલન છે. જીવો પર અપૂર્વ ઉપકાર કરવાનો હેતુ અહીં જણાવાયો છે.

કુલ ૧૧૬ પદ્યમાંથી પ્રાપ્ત થતા મણકામાં ૩૯ કથાનકો સમાયેલાં છે. આ ચરિત્રોમાં ગુણસુંદરી અને પુણ્યપાલ, દ્વૈપાયન અને વિશ્વામિત્ર, નારદ, રિપુવર્દનરાજા અને ભુનવનાનંદ રાણી, વિજયપાલ રાજા અને લક્ષ્મી રાણી, બ્રહ્મા, ચંદ્ર, સૂર્ય, ઇંદ્ર, આર્દ્રકુમાર, નંદિષેણમુનિ, રથનેમિ, નેમિનાથ, મલ્લિનાથ, સ્થૂલભદ્ર, વજ્રસ્વામી, સુદર્શન શેઠ, વંકચૂલ, સુભદ્રા, મદનરેખા, અંજનાસુંદરી વગેરે મળીને જે ચરિત્રકથા નિરૂપાઈ છે તેમાં કથાતત્ત્વના આધારે શીલપાલન, સ્ત્રીદાસત્વ, વિષયપ્રબળતા, સતીચરિત્ર, શીલભ્રંશ, કામવિજેતા જેવી સંદર્ભગત બાબતો જોડાયેલી છે. જેના કારણે આ ચરિત્રો સામાન્ય જનસમાજ પણ રસપૂર્વક વાંચીને જીવન સાથે વણી શકે. તમામ કથાઓને વર્ગીકૃત કરવી હોય તો નીચેની સારણી પ્રમાણે વર્ગીકૃત કરી શકાય.

**સારણી : ૧**

**'શીલોપદેશમાલા'માં કથાઓનું**

**કથાતત્ત્વ આધારે વર્ગીકરણ**

| કથાતત્ત્વ | ચરિત્રો |
|---|---|
| શીલપાલન | ગુણસુંદરી, નારદમુનિ |
| શીલભ્રંશ | દ્વૈપાયન ઋષિ, વિશ્વામિત્ર ઋષિ, કુલ-વાલક |
| સ્ત્રીદાસત્વ | રિપુમર્દન, ઇન્દ્ર રાજા, વિજયપાલ રાજા, હરિની કથા, બ્રહ્મા, ચંદ્ર, સૂર્યની કથા |
| વિષયપ્રબળતા | આર્દ્રકુમાર, નંદિષેણ, રથનેમિ (રહનેમિ) |
| કામવિજેતા | નેમિચરિત્ર, મલ્લિનાથ ચરિત્ર, સ્થૂલભદ્ર, વજ્રસ્વામી, સુદર્શન શેઠ, વંકચૂલ |
| સતીચરિત્ર | સુભદ્રા, મદનરેખા, સુંદરી, અંજનાસુંદરી, નર્મદાસુંદરી, રતિસુંદરી, ઋષિદત્તા, દવદંતી, કમલાસતી, કલાવતી, શીલવતી, નંદયંતી, રોહિણી, દ્રુપદી, સીતા, ધનશ્રી |
| અસતીચરિત્ર | નૂપુરપંડિતા, દત્તદુહિતા, મદનમંજરી, પ્રદેશી રાજાની રાણીની કથા. |

સારણી ૧માં જણાવ્યા અનુસાર વિવિધ કથાનકોમાં શીલની બાબત કેન્દ્રસ્થાને છે.

કેટલાંક કથાનકો જેવાં કે દ્વૈપાયન, વિશ્વામિત્ર, નારદ, સૂર્ય, ચંદ્ર વગેરે હિંદુપુરાણકથાઓના આધારે લખ્યાં છે. બાકીનાં જૈન આગમિક સાહિત્ય, ઉત્તરાધ્યયન સૂત્ર, જ્ઞાતાધર્મકથા, રાજપ્રશ્નીય સૂત્ર, વસુદેવહિંડી, સમરાઇચ્ચકહાના આધારે આલેખાયાં છે. મહારાષ્ટ્રી પ્રાકૃત કથાસાહિત્યમાંથી પલ્લવિત થયાં છે. કેટલાંક કથાનકો ઘણાં નાનાં છે. જેવાં કે દ્વૈપાયન, વિશ્વામિત્ર, નારદમુનિ, હરિ, સૂર્ય, ચંદ્ર, બ્રહ્મા, ઇન્દ્ર વગેરે. એટલે કે મૂળ ગ્રંથના બાલાવબોધ કે ગુજરાતી અનુવાદમાં કથાનકો નવપલ્લવિત થયાં છે.

મંગલાચરણના રૂપે તત્ત્વના ઉપદેશરૂપ અમૃતના સમૂહને એકઠું કરનાર શ્રી જિનકીર્તિસૂરિ પુણ્યરૂપી વેલના પલ્લવને પ્રફુલ્લિત કરવાને જેમ મેઘનું આગમન ઉપકારક બને એમ 'શીલોપદેશમાલા'માં શીલના ઉપદેશનું પ્રયોજન દર્શાવે છે.

મૂળ શ્લોક :

निम्महियसयलहीलं उहवल्लीमूलनरकणणकीलं ।
कयसिवसुहसमीलं, पालह निच्चं विमलसीलं ।।२।।

(અર્થાત્) વિશેષાર્થ કરતાં આ શ્લોકને નીચે પ્રમાણે વર્ણવી શકાય :

'હે ભવ્યજીવો ! જે રીતે દહીંને મંથન કરીને સર્વ પ્રકારની નિંદાને મંથન કરનાર (રવૈયાની પેઠે) દુઃખરૂપી વેલના મૂળને ઉખેડી નાખવાને ખીલા સમાન અને મોક્ષસુખ આપનાર એવા નિર્મળ શીલવ્રતનું પાલન કરો.'

આમ, રચયિતાએ પ્રથમ ભાગમાં એટલે કે પૂર્વાર્ધમાં વિઘ્નનિવૃત્તિ માટે ઇષ્ટદેવને નમસ્કાર અને ઉત્તરાર્ધમાં ગ્રંથનો વિષય દર્શાવ્યો છે. ઉપરાંત કર્તાને અને આ સાંભળનારને મોક્ષપ્રાપ્તિનું ફળ દર્શાવ્યું છે. અન્ય તીર્થંકરોને નમસ્કાર કરવાને બદલે શ્રી નેમિનાથને નમસ્કાર કરવામાં શીલનું પ્રાધાન્યપણું સૂચવે છે.

પછીના પદ્યમાં કહેલી વાતનો સાર એવો આપી શકાય કે નિષ્કપટપણે શીલ પાળવાથી આ ભવને વિશે લક્ષ્મી, યશ, ઐશ્વર્યપણું, પ્રાધાન્યપણું અને આરોગ્ય, કાર્યોમાં સફળતા તેમજ પરલોકને વિશે ત્રણ ભુવનના લોકોએ જેમને નમસ્કાર કર્યા છે, એવા કર્મથી મુક્ત, શીલવ્રતધારી મનુષ્ય અને દેવતાઓની સમૃદ્ધિ ભોગવીને મોક્ષસુખ પામે છે.

આ ગ્રંથનું કોઈ પણ કથાનક વાચકને પહેલેથી છેલ્લે સુધી જકડી રાખે તે નિરૂપણશૈલીનો પ્રભાવ છે. આચાર્ય શ્રી જયકીર્તિસૂરિની 'શીલોપદેશમાલા' આ ખાસિયત ધરાવે છે. પ્રવાહી શૈલીમાં આલેખાયેલું પદ્ય તેમાંથી સ્ફુટ થતી રચનાશૈલીથી વાચકને વાંચવામાં રસ પ્રેરે છે. આમ તો મહારાષ્ટ્રી પ્રાકૃત મૂળ ભાષા હોવા છતાં તેમાંથી સરળ અર્થ કથાનકને રસપ્રદ બનાવવા માટે ઉપયોગી છે.

રહનેમિને રાજુલ સમજાવે છે - વાસના શું છે? હાથીને ત્યાગીને ગધેડા પર બેસવું અને રત્નને ત્યાગીને કાચના ટુકડાને મેળવવા જેવી છે.

દરેક કથાનકમાં આપેલાં સ્થળ, નગર કે દેશને અલગ અલગ ઉપમાઓથી વર્ણવ્યાં છે. દા.ત. પૃથ્વીનું રૂપ સ્ત્રીના લલાટ જેવું ઉત્તમ, લલાટના તિલક જેવો અવંતિ નામનો દેશ – વગેરે વાચકના મનમાં ભાવજગત સર્જે છે.

સાહિત્યિક ગુણવત્તાની દૃષ્ટિએ રસાત્મકતા, કથારસ, વર્ણનરસ, ઉપદેશમાત્ર નહીં, પણ વિશાળ જીવનબોધ, મહારાષ્ટ્રી-પ્રાકૃત અને સંસ્કૃત સાથે ગુજરાતી ભાષામાં થયેલાં ભાષાંતરો કે બાલાવબોધ દ્વારા પ્રગટ થતું રચનાચાતુર્ય, અલંકારી ચાતુર્ય, છંદોબદ્ધતા, ઋતુવર્ણન તેમજ ભાવનિરૂપણનું કૌશલ્ય એ 'શીલોપદેશમાલા'નાં નોંધવા જેવાં પાસાંઓ છે.

વાસ્તવમાં કોઈ પણ સમયે સર્જાતા સાહિત્યમાં જે તે સમયની રાજકીય અને સામાજિક

ચેતનાનો ધબકાર જોવા મળે છે. સમયના બદલાતા પ્રવાહો સાહિત્યના પ્રવાહોમાં ધબકે છે. આ રચનાનો સમય વિ.સં.ની દશમી સદી એ સાહિત્યનો સુવર્ણકાળ હતો. રાજાઓનું યોગદાન, વિદ્યાકલાને ઉત્તેજન, ભાષાનો પ્રભાવ, ગુજરાતીમાં અપભ્રંશ ભાષાને પ્રતિષ્ઠા જેવી બાબતો જાણીતી છે.

કે. કા. શાસ્ત્રીના શબ્દોમાં કહીએ તો શુદ્ધ સાહિત્યગ્રંથોને બાદ કરતાં જૈન સાહિત્યકારોએ સર્જેલું સાહિત્ય તે સમયનું પીઠબળ છે. તે યુગબળનો પ્રભાવ છે. આ દૃષ્ટિએ શીલપાલન અને શીલભંગ માટેનાં પરિબળો એ માનવઇતિહાસમાં હંમેશાં બનતી ઘટનાનાં કથાનકો છે. સીતાનો સમય લો કે આધુનિક- દૃષ્ટાંતકથાઓ દ્વારા સાહિત્યની બોધાત્મક બાબતો સમયે સમયે જરૂરી હોય છે. આ દૃષ્ટિએ આ કથાનકો સમાજનું દર્પણ છે.

કથાગૂંથણી અને કથાનું સંયોજન ઐતિહાસિક દસ્તાવેજ બનાવવા માટે સમર્થ છે. સ્ત્રીની સ્વભાવગત દુ:શીલતા કે શીલવતી સ્ત્રીઓની નીતિ પરંપરાપૂર્વથી પ્રચલિત છે. (જોશી, રાવળ અને શુક્લ - ૧૯૭૬).

સમકાલીન સંસ્કૃતિનું ઝિલાતું પ્રતિબિંબ તો છે જ, સાથે સાંપ્રત સમય શીલપાલન માટે કપરો સમય છે. આ દૃષ્ટિએ જોતાં આ ગ્રંથનું મહત્ત્વ માત્ર જૈન શાસન પૂરતું સીમિત ન રહેતાં, તેમજ સમય અને સ્થળનાં બંધનો પણ ન ગણતાં તે સાંપ્રત સમયને પણ પ્રતિબિંબિત કરે છે. નીચેના શબ્દોમાં કહીએ તો-

કાળ ઝપાટો સૌને વાગે
યોગીજન જગ જાગે
બુદ્ધિસાગર આતમ અર્થી
રહેજો સૌ વેરાગે ! (મુનિ વાત્સલ્યદીપ)

માટે જ 'શીલોપદેશમાલા' સંસ્કૃત, પ્રાકૃત, મહારાષ્ટ્રી પ્રાકૃત, અપભ્રંશ અને બાલાવબોધ સાથે ગુજરાતી ભાષામાં પણ આલેખાઈ છે.

ઉપરોક્ત સંદર્ભે થયેલી ચર્ચા અનુસાર મેરુસુંદર ઉપાધ્યાયજીએ રચેલા પ્રસિદ્ધ બાલાવબોધ ઉપરાંત સંસ્કૃત ભાષામાં ચારેક ટીકાઓ રચાયાની નોંધ છે. (કોઠારી અને શાહ - ૧૯૯૩). શીલતરંગિણીના આધારે ઈ. સ. ૧૩૩૭માં ટીકાઓ લખાઈ છે. ગુજરાતી ભાષામાં નવેક જેટલા બાલાવબોધો રચાયા છે. મેરુસુંદર પહેલાં બે અને બાકીના તેમના પછી રચાયા છે.

અહીં આપેલાં કથાનકો વિશે સ્વતંત્ર કૃતિઓ, પુસ્તકો કે રચનાઓ પણ મળે છે. અન્ય કથાસાહિત્યમાં આ કથાઓ, સજ્ઝાયોમાં આ ચરિત્રો ગૂંથાયાં છે.

ટૂંકમાં જોઈએ તો આ ગ્રંથ હજુ પણ વિશેષ સંશોધનાત્મક કાર્ય માગી લે છે. અનેક ગ્રંથભંડારોમાં હસ્તપ્રતો ઉપલબ્ધ છે.

# ધર્મ અને કવિતા

ચન્દ્રકાન્ત શેઠ

સર્વ ધર્મો આ પંચભૂતાત્મક સૃષ્ટિમાં મનુષ્યને સર્વોત્તમ પ્રાણી માને છે. મનુષ્ય અન્ય પ્રાણીઓથી અલગ તરી આવે છે તે એની ધર્મબુદ્ધિથી તથા કલાવૃત્તિથી. ભગવાનની સર્વોત્તમ સર્જકતા જો મનુષ્યમાં પ્રગટ થયેલી જોવા મળે છે તો મનુષ્યની સર્વોત્તમ સર્જકતા એના ધર્મવિધાન અને કલાવિધાનમાં પ્રગટતી જોવા મળે છે. સાહિત્ય-સંગીતાદિ કલાનો રસરંગ મનુષ્યમાં ન હોત તો તે પુચ્છવિષાણહીન પશુ જ લેખાત. મનુષ્યની શક્તિ-પ્રતિભાનો અનન્ય આવિષ્કાર ભાષા, ધર્મ તેમ જ કલાવ્યવહારમાં દૃષ્ટિગોચર થાય છે. આહાર, નિદ્રા, ભય, મૈથુનમાં જ મનુષ્ય જો ખૂંપેલો રહે તો સંસ્કાર-સઁસ્કૃતિનું રમ્યભવ્ય મંડાણ ન થઈ શક્યું હોત. મનુષ્યની ક્ષમતા-શક્તિ, એની રિદ્ધિ-સિદ્ધિ, એની સંક્રાન્તિ-ઉત્ક્રાન્તિ આપણે ધર્મ તેમ જ કવિતાના ક્ષેત્રમાં જોઈ શકીએ છીએ. મનુષ્યની પુરુષોત્તમતા તેના ધર્મપુરુષ ને કલાપુરુષ થવામાં વરતાય છે.

ધર્મ અને કલા-કવિતા ગંગા-જમના જેવાં છે. બંનેનાં મૂળ-કુળમાં ગહનતા-વ્યાપકતા ને સંકુલતા અંતર્હિત છે. બંનેનાં વહેણ સાથે — સમાંતર ચાલે છે તો બંનેય પરસ્પરને મળતાં, પરસ્પરમાં ભળતાં, પરસ્પરને ઉપકારક થતાં વહેતાં હોય એવું પણ દેખાય છે. ધર્મને કથાની વાણીમાં બોલવાનું તો કવિતાની વાણીમાં પાઠગાન કરવાનું ઘણું અનુકૂળ આવ્યું છે. ધર્મતત્ત્વનું ચિંતનદર્શન ઋચાઓમાં, સૂત્રાત્મક વિધાનોમાં સ-રસ અને સ-ચોટ રીતે અભિવ્યક્ત થતું આપણે જાણ્યું-માણ્યું છે. વૈખરીનો મૂળભૂત તબક્કો તે પરાવાણી. એનું અનુસંધાન છે આત્મતત્ત્વ—પરમાત્મતત્ત્વ સાથે અને ધર્મનું અનુસંધાન પણ એ જ તત્ત્વ સાથે છે. વિશુદ્ધ ધર્મ તેમ જ કવિતામાં કોઈક રીતે

અધ્યાત્મતત્ત્વની પ્રાણધબક – તેનો પ્રાણસંચાર અનુભવવા મળતો હોય છે. મનુષ્યની જીવનકલામાં – એની આત્મકલામાં ધર્મચેતના તેમ જ કાવ્યચેતનાનો રક્તસંચાર આપણે પામી શકીએ છીએ. ધર્મની નાડીમાં કલાના અને કલાની નાડીમાં ધર્મના ધબકાર સહજતયા જ પામી શકાય છે. તાત્ત્વિક ભૂમિકાએ તો ધર્મ અને કવિતાને માનવચેતનાના જ પ્રબળ અને પ્રભાવક આવિર્ભાવો રૂપે આપણે ગ્રહવાના રહે છે.

વૈદિક ભૂમિકાએ 'કવિ' શબ્દનો એક અર્થ 'ઈશ્વર' પણ કરાયો છે. પરમાત્માની લીલામય સૃષ્ટિ સામે, એના જ આલંબને ખડી થઈ છે કવિની નવરસરુચિરા, સ્વાયત્ત અને આહ્લાદમય કાવ્યસૃષ્ટિ અને તેના નિર્માતા – સર્જક તરીકે કવિની પ્રજાપતિ–બ્રહ્માની રીતે સુપ્રતિષ્ઠા કરાઈ છે. ધર્મના કેન્દ્રમાં જે દૈવીતત્ત્વ – ઈશ્વરી તત્ત્વ છે તેને કવિની જે સહજ પ્રતિભા છે તેનું ઉદ્ભાવક-પ્રેરક ને પોષક લખ્યું છે. માનવજીવનમાં કાવ્યપ્રદીપની જ્યોતિને સાચવવા-પ્રસરાવવામાં ધર્મનો હાથ હોવાનું સ્વીકારાતું રહ્યું છે. વેદોપનિષદ, પુરાણો, રામાયણાદિ મહાકાવ્યો અને તદનુવર્તી ઘણુંબધું સાહિત્ય ધર્મકેન્દ્રી હોવાનું જોઈ શકાય છે. જીવનના ચાર મહાન પુરુષાર્થોમાં અર્થ, કામ અને મોક્ષ – એ ત્રણેયને પોતાની ઊંડળમાં લેતો મહત્ત્વનો ચોથો પુરુષાર્થ ધર્મ છે. આ ધર્મતત્ત્વ મહાન કાવ્યકૃતિઓમાં તો પાર્વતી-પરમેશ્વરની જેમ કાવ્યતત્ત્વ સાથે સંયુક્ત હોવાનું વરતાય છે. રામાયણ કે મહાભારતની વાણી ધર્મવાણી છે તો કાવ્યવાણી પણ છે જ. તે ધર્મબોધ સાથે બ્રહ્માસ્વાદસહોદર આનંદ પણ આપે છે. દાન્તેની 'ડિવાઇન કૉમેડી' ને જ્હૉન મિલ્ટનની 'પૅરેડાઇસ લૉસ્ટ' કાવ્યકૃતિમાંથી જો ધર્મ-નીતિની ભૂમિકા બાદ કરી દેવામાં આવે તો તેની કલારીતિની ગહરાઈ ને ગરિમાની સાક્ષાત્કૃતિ નહીં થઈ શકે.

જીવનવિવેક તથા કલાવિવેકથી ભ્રષ્ટ થઈને જ્યારે ધર્મ અને કલા-કવિતાના મામલા હાથમાં લેવામાં આવે છે, ત્યારે અનેક ગરબડગોટાળા કે બખેડા એમાં પેદા થતા હોય છે. ધર્મ કલાદૃષ્ટિ વિનાનો આંધળો હોય તો ધૃતરાષ્ટ્રની જેમ અનિષ્ટનો પ્રેરક-પોષક બને અને કાવ્ય જો ધર્મસત્ત્વથી વિ-રક્ત – પાંડુરોગી હોય તો તે પાંડુની જેમ નિર્માલ્યતાનું વાહક બને. સદ્ભાગ્યે, પાંડવો દૈવી તત્ત્વોના સં-યોગે બચી શક્યા હતા. આપણે કલા-કવિતાના સંબંધમાં ધર્મની વાત કરીએ છીએ ત્યારે તેને રૂઢ અને સંકુચિત અર્થમાં ન લેવાય એ અનિવાર્ય છે. અહીં આપણા માટે તો ધર્મ એટલે માનવધર્મ – માનવતાના રસે સચેત એવો ધર્મ. એવો ધર્મ જ કલાકર્મનું – કવિકર્મનું તેજ વધારવામાં પ્રત્યક્ષ તેમ જ પરોક્ષ રીતે સહાયક ને સમર્થક થતો હોય. ધર્મના ઓજ-બળે કવિતાનો ચહેરો કેવો ચમકતો ને આકર્ષક બને છે તેને આપણને જેમ પ્રશિષ્ટ કે અભિજાત કવિતાનાં, તેમ સંતકવિતા ને લોકકવિતાનાં વિષયવસ્તુ, પ્રયોજન, સ્વરૂપ, અલંકાર ને છંદોલય વગેરેનું નિર્વિઘ્ન સંવિતથી ભાવન-આકલન કરતાં પ્રતીતિ થાય છે.

ધર્મે કવિતાને કેટકેટલા વિષયો આપ્યા છે ! ધર્મે મંત્ર-તંત્ર-યોગાદિનાં કેવાં કેવાં ક્ષેત્રો ખોલી આપ્યાં છે ! રામાયણ, મહાભારત, પુરાણાદિ દ્વારા કેટકેટલા કથા-સંદર્ભો તથા પાત્ર-પ્રસંગો કવિતાને મળ્યા છે! ધર્મે શબ્દાર્થને પ્રગટ કરવા તેમ જ પામવા માટેના કેવા કેવા અભિગમો આપણને ચીંધ્યા છે ! કથન-વર્ણન-સંવાદ વગેરેની ધાટીમાંયે જરૂરી પ્રયોગો કરવામાં તેમ જ તે સર્વની

અમુકતમુક પરિપાટીઓ તૈયાર કરવામાં અને કેટલીક પ્રશસ્ત પરંપરાઓ બાંધવામાં તથા નિભાવવામાં ધર્મનો ઘણો મહત્ત્વનો ફાળો રહ્યો છે. અહીં વિસ્તારભયે આ બધાંનાં ઉદાહરણો આપવાનું ટાળ્યું છે.

આપણા કવિવૃંદમાંયે ચતુર્વર્ણની કામગીરી નજરે ચડે છે. આમ તો કવિ હોવું એટલે જ મૂળભૂત રીતે ઋષિ હોવું, દ્રષ્ટા હોવું, મનીષી હોવું. વાલ્મીકિ-વ્યાસની એવી ઉદાત્ત કક્ષા હતી. આપણી સંતકવિતાની પરંપરામાં કેટલાક તો ધર્મનું પરિપાલન કરનારા – તેનો બોધપ્રચાર કરનાર સાધુસંતો જ હતા. તેમની કવિતા તેમની જીવનવાણી હતી; પરમ તત્ત્વને ઉપાસનારી – ધર્મતત્ત્વને વ્યક્ત કરનારી ભક્તિ, જ્ઞાન તથા વૈરાગ્યભાવનાની વાણી હતી; ભજનકીર્તનની વાણી હતી. એ વાણી કેટલાક મહાન સંતકવિઓની બાબતમાં ધર્મકલા અને કલાધર્મના કીમિયાથી અમૃતવાણી પણ થઈ. આ સંદર્ભમાં કબીર, સૂરદાસ, તુલસીદાસ, તુકારામ જેવા કવિઓ તુરત યાદ આવે. 'ખરાં ઇલ્મી ને ખરાં શૂરાં' એવાં ભક્તિપરાયણ નરસિંહ કે મીરાંનું સીધું લક્ષ્ય હતું ભગવાન. એને અનુલક્ષીને જે ગાયું તેમાં કાવ્યતત્ત્વ – કલાતત્ત્વ પ્રગટ થયું તે ઘણી અગત્યની પણ આમ તો આનુષંગિક ઘટના જ લેખાય. અનેક જૈન કવિઓએ જે રાસાપ્રબંધોથી માંડીને પદો, સજ્ઝાયો વગેરે આપ્યાં તેમાંયે લક્ષ્ય તો ધર્મતત્ત્વની આરાધનાનું; પણ એમાં કાવ્યતત્ત્વ ઊઘડી આવે તો તે સુવર્ણસુરભિયોગ જેવું લેખાયું. કબીરપંથી અને સ્વામિનારાયણપંથી કવિઓની બાબતમાં પણ આવું કહી શકાય. ધર્મે વ્યક્તિ તેમ જ સમષ્ટિજીવનમાં જે વર્ચસ સ્થાપ્યું છે તેમાં તેણે કાવ્યકલા; સંગીત, ચિત્ર, શિલ્પ અને સ્થાપત્ય; નાટ્ય ને નૃત્ય જેવી અનેક કળાઓની મોકળાશથી મદદ લીધી જણાય છે. ધર્મરસ સુપેય ને સુપાચ્ય કરવામાં કથારસ, કાવ્યરસ વગેરેનું સહાનુપાનની રીતે ઘણું મહત્ત્વ છે.

ધર્મકલા અને કલાધર્મનો સમુદય અને વિકાસ સંસ્કાર તેમ જ સંસ્કૃતિના સમુત્કર્ષમાં કેટલો બધો કારગત હોય છે તે વિશ્વસમાજ તથા વિશ્વસાહિત્યનો ઇતિહાસ જોતાં સમજાય છે. કલાતત્ત્વ વિના ધર્મ નીરસ, જડ ને બોજલ બની રહે છે. ધર્મ અને કલાનું સખ્ય – સાયુજ્ય જ શાશ્વતીની રસરમણાનો આસ્વાદ આપણને આપી શકે છે. ભવભૂતિ-નિર્દિષ્ટ 'આત્માની અમૃત કલા'નો મર્મ પણ વિશ્વસાહિત્યની ઉત્તમ કૃતિઓનાં સર્જન-ભાવનમાંથી જ આપણને સાંપડે છે.

ધર્મ કોઈને દુઃખી કરવા માટે નથી. તે શાશ્વત સુખની ગુરુચાવી આપે છે. તે અમૃતાનુભવનો અવસર આપણા માટે ખોલી આપે છે. કાવ્યનું પણ એવું જ કામ છે. સંકુચિતતા, સ્વાર્થપરાયણતા, સ્વચ્છંદતા, પાશવતા વગેરેમાંથી મુક્તિ અપાવી જીવનનાં સાત્ત્વિક મૂલ્યો પ્રતિ માધુર્યપૂર્વક પ્રેરવા-દોરવાનું કાન્તકૃત્ય – કાન્તાકૃત્ય તે કરે છે. તેથી ધર્મ અને કાવ્ય, ભલે એમનાં ક્ષેત્ર અલગ હોય તોપણ, પરસ્પરનાં પૂરક, સંવર્ધક અને સાહચર્ય તથા સંવાદિતાથી પરસ્પરનાં સમર્થક તેમજ તાત્ત્વિક ભૂમિકાએ સમાનધર્મી છે. ધર્મ જેટલો કાવ્યકલાનો લાભ લેશે અને કાવ્યકલા જેટલી ધર્મની અદબ રાખશે તેટલો બંનેયને લાભ છે અને તેથી માનવની જીવનયાત્રા સત્યમ્, શિવમ્ અને સુન્દરમ્‌ની દર્શનાનુભૂતિથી વધુ તેજસ્વી અને રળિયાત થશે એમ શ્રદ્ધાપૂર્વક કહી શકાય.

## શિખામણ

રતિલાલ
બોરીસાગર

સ્વ. જ્યોતીન્દ્ર દવેએ કહ્યું હતું કે, 'અનેક શિખામણો લઈને અને આપીને મને હવે એમ લાગે છે કે સૌ આપી શકે ને સૌ લઈ શકે એવી શિખામણ એક જ છે : 'કોઈને શિખામણ આપવી નહીં ને કોઈની શિખામણ લેવી નહીં.'

જ્યોતીન્દ્ર દવેની ઉપરોક્ત શિખામણનો ઉત્તરાર્ધ જ માનવા જેવો છે - પૂર્વાર્ધ માનવા જેવો નથી એવી શિખામણ આપવા જ આ લેખ હું લખી રહ્યો છું. દલીલ ખાતર માની લઈએ કે 'કોઈને શિખામણ આપવી નહીં' એવી શિખામણ જગતની છેલ્લી શિખામણ છે ને આ શિખામણ પછી જગતમાં શિખામણ આપવાની પ્રવૃત્તિ તદ્દન બંધ થઈ જવાની છે... તો જગતનું શું થાય ? જગતમાં કોઈ કોઈને શિખામણ આપતું જ ન હોય એવા જગતની કલ્પના આપણાથી થઈ શકે એમ છે ? અને ધારો કે જગત આવું થઈ જાય તો એ જગત જીવવા જેવું રહે ખરું? આ જગતની સાસુઓનું શું થાય ? માતાપિતાઓનું શું થાય ? શિક્ષકોનું શું થાય ? સંન્યાસીઓ અને કથાકારોનું શું થાય ? નેતાઓનું શું થાય ? શિખામણ આપવાની પ્રવૃત્તિ તદ્દન બંધ થઈ જાય તો જગતમાં આત્મહત્યાનું પ્રમાણ અત્યંત વધી જાય એમાં શંકા નથી. પણ, આવી ચિંતા ન કરવાની મારી શિખામણ છે. જગતના આદિકાળથી મનુષ્યો એકબીજાને શિખામણ આપતા આવ્યા છે ને જગતના અંતકાળપર્યંત એકબીજાને શિખામણ આપતા રહેશે. પશુપંખીઓ એકબીજાને શિખામણ આપતાં હશે કે કેમ તે વિશે હજુ કોઈ જીવશાસ્ત્રીએ પ્રકાશ પાડ્યો નથી. મારા કેટલાક જીવશાસ્ત્રી મિત્રોને પશુ-પંખીઓ એકબીજાને શિખામણ આપે છે કે કેમ તેનો અભ્યાસ કરવાની શિખામણ મેં આપી છે. મેં પોતે પણ પશુ-પંખીઓમાં

શિખામણ આપવાની કળા કેળવવાનો વિચાર અનેક વાર કર્યો છે; પરંતુ હું પાસે જાઉં છું ત્યાં પક્ષીઓ ઊડી જાય છે. 'મને જોઈને ઊડી જતાં પક્ષીઓને' નામનું કલાપીનું એક કાવ્ય છે. હું કવિ ન હોવાને કારણે આવું કોઈ કાવ્ય લખી શક્યો નથી અને એ કારણે ગુજરાતી કાવ્યોમાં એક ઉત્તમ કાવ્યની ખોટ પડી છે એનો મને રંજ છે. આમ છતાં, મેં કબૂતરોને અંદર અંદર ન લડવાની; કોયલને ટિકિટ-શો રાખીને ગાવાની; કાબરને મિમિક્રીની ફી રાખવાની; ચકલીને માળો કેમ બાંધવો તેની શિખામણ આપવાના પ્રયત્ન કર્યા છે. પંખીઓને મેં જ્યારે જ્યારે શિખામણ આપી છે ત્યારે ત્યારે ભલે એમણે એ કીમતી શિખામણો માની નથી અને આ કારણે જ એમનો જોઈએ એવો વિકાસ થયો નથી. તેમ છતાં, પંખીઓએ જે-તે સમયે મારી શિખામણ શાંતિથી સાંભળી લીધી છે એવું મારે સ્વીકારવું જોઈએ; પરંતુ પશુઓની શિખામણ સાંભળવાની શક્તિ ઘણી સીમિત હોવી જોઈએ એમ - પ્રાણીશાસ્ત્રી ન હોવા છતાં - અંગત અનુભવના આધારે કહી શકું તેમ છું. ગાયને કાગળ અને પ્લાસ્ટિક ન ખાવાની અને કૂતરાંને ભસવામાં શક્તિનો વ્યય ન કરવાની શિખામણ આપવા મેં પ્રયત્ન કર્યો હતો; પરંતુ, ગાયે શિંગડાંની મદદથી અને કૂતરાંઓએ એમના તીક્ષ્ણ દાંતની મદદથી મારા પ્રત્યે તીવ્ર અણગમો પ્રગટ કરેલો.

શિખામણ આપવાની વૃત્તિ મનુષ્યમાત્રમાં જન્મથી જ હોય છે ને મૃત્યુપર્યંત ટકી રહે છે. જ્યોતીન્દ્ર દવેએ એમના 'શિખામણ' નામના નિબંધમાં એમ લખ્યું છે કે, 'બાળકો પણ મોટેરાંઓને શિખામણ આપવાનાં શોખીન હોય છે. હમણાં જ માથે હાથ દઈને લેખ લખવાના વિચારથી હું બેઠો હતો તે વેળા પાસે ઊભેલી પાંચ વર્ષની એક છોકરીએ મને શિખામણ આપી, 'માથે હાથ ન દઈએ, માથું દુઃખતું હોય તો પેઇનબામ ઘસો, સોજો આવ્યો હોય તો ભોંયરસો ચોપડો' -આ મેં વાંચ્યું ત્યારે મને લાગેલું કે જ્યોતીન્દ્રભાઈએ મજાક કરવા આ લખ્યું હશે - પણ મને પોતાને આનો અનુભવ થવા માંડ્યો છે. મારાં પૌત્ર-પૌત્રી મને ડગલે ને પગલે શિખામણ આપે છે :

'દાદાજી ! બ્રશ કર્યા પછી બ્રશ ને પેસ્ટ ઠેકાણે મૂકવાં જોઈએ.'

'દાદાજી ! ચા પીવી એ સારું ન કહેવાય ! દૂધ પીવું જોઈએ.'

'દાદાજી ! તમે ગિઝરની સ્વિચ બંધ કરતાં ભૂલી જાવ છો એ સારું ન કહેવાય.'

'દાદાજી ! બરાબર ચાવીને ધીમે ધીમે જમવું જોઈએ.'

'દાદાજી ! કપડાં બદલીને ખીંટીએ ટિંગાડવાં જોઈએ. આમ જ્યાં ને ત્યાં પડ્યાં રાખવાં એ સારું ન કહેવાય.'

'દાદાજી ! ઑફિસની બૅગ ટીવી પર ન મુકાય.'

'દાદાજી !..'

આ ટેણિયાં મને જે શિખામણો આપે છે એની યાદી ઘણી મોટી થાય એમ છે. એ મારી સાથે જે વાતો કરે છે એ વાતોનો મોટો ભાગ શિખામણોથી જ ભરેલો હોય છે. અલબત્ત, ઘરમાં જે પુખ્ત ઉંમરના સભ્યો છે એ બધા પણ મને સતત શિખામણો આપતા રહે છે અને બાળકો આ શિખામણનું

પુનઃપ્રસારણ કરે છે. આમ છતાં, આ કેવળ મોટેરાંઓનું અનુકરણ નથી એની ખાતરી પણ મારાં પૌત્ર-પૌત્રીએ કરાવી છે. મને એક પણ શિખામણ ન આપવાની શિખામણ તમારાં મમ્મી-પપ્પાને અને દાદીમાને આપો એવી શિખામણ મેં બાળકોને એક કરતાં વધુ વાર આપી છે; પરંતુ મારી આ શિખામણ એમણે માની નથી ને મને શિખામણ આપવાની બાળકોની વૃત્તિ અને પ્રવૃત્તિ ચાલુ રહી છે. એટલે શ્રીગણેશે જેમ દરેક શ્લોકનો અર્થ સમજીને મહાભારતનું ડિક્ટેશન લીધું હતું એમ મારાં પૌત્ર-પૌત્રી સમજપૂર્વક જ શિખામણ આપે છે એની મને ખાતરી થઈ ગઈ છે.

શિખામણ આપવાની માણસની જન્મજાત વૃત્તિ મરણપર્યંત ટકી રહે છે એ પણ એટલું જ સાચું છે. અમારા એક સ્નેહી સત્તાણું વર્ષની ઉંમરે અવસાન પામ્યા. એમની સતત શિખામણ આપવાની વૃત્તિ ને પ્રવૃત્તિને કારણે એમના ત્રણ પુત્રો જુદા રહેતા હતા. એમનાં પત્ની ડાયાબિટીસ, બ્લડપ્રેશર, આર્થરાઇટિસ, કમરનો દુખાવો અને એવાં બીજાં આનુષંગિક દર્દોથી પીડાતાં હતાં. અમારા મુરબ્બી બધાં છાપાંમાંની આરોગ્યવિષયક કૉલમોનાં કટિંગ એકઠાં કરતા અને એમાંની સલાહોમાં પોતાની મૌલિક સલાહો ઉમેરીને પત્નીને પ્રેમપૂર્વક આપતા. પત્ની એમની શિખામણોનો અમલ ન કરે ત્યાં સુધી એમની શિખામણ-વર્ષા સતત ચાલ્યા કરતી. એમની શિખામણોથી છૂટવા એમનાં પત્ની બિચારાં એ શિખામણોનો અમલ કરવાનો સંનિષ્ઠ પ્રયત્ન કરતાં. આને પરિણામે એમની તબિયતમાં અનેક પ્રકારનાં કૉમ્પ્લિકેશન્સ થયાં ને બિચારાં જીવનથી જ છૂટી ગયાં. ડોસા આમ તો પછી જીવનભર એકલા રહ્યા પણ પુત્રો અને પૌત્રો આવે (પુત્રવધૂઓ તો આવતી જ નહોતી) ત્યારે ખોટા ખર્ચા ન કરવાની; હોટલમાં જમવા ન જવાની; બાળકોને ટીવી ન દેખાડવાની; દર વર્ષે ફરવા જવામાં પૈસા ન બગાડવાની; કોઈ મળવા આવે એટલે ચા પાવી જ પડે એવો નિયમ ન રાખવાની - વગેરે વગેરે જાતજાતની શિખામણો આપ્યા કરતા. આખરે જે દિવસે એ ગંભીર રીતે માંદા પડ્યા અને ડૉક્ટરોએ એમના જીવનની આશા મૂકી દીધી ત્યારે ડૉક્ટરોની વાતમાં શ્રદ્ધા મૂકી દીકરાઓ એમને પોતાના ઘેર લઈ આવ્યા. ડૉક્ટરે દાદા ત્રણ-ચાર કલાકથી વધુ નહીં કાઢે એમ છાતી ઠોકીને કહ્યું હતું, પણ ડોસા ચાર દિવસ જીવ્યા. છેલ્લો શ્વાસ મૂક્યો તે પહેલાં કૉમામાં સરી ગયા. જીવનની જાગૃતિની છેલ્લી ક્ષણોમાં પોતાના મૃત્યુ પછી કોને કોને પત્રો લખવા; નાતીલાંઓને શું-શું જમાડવું; ગોરને કેટલી દક્ષિણા આપવી; ફંડફાળાવાળાને કેવી રીતે હાંકી કાઢવા વગેરે અનેક પ્રકારની શિખામણો એમણે સંતાનોને આપેલી.

આ સ્નેહીનો સૌથી મોટો પુત્ર મારો ખાસ મિત્ર છે. એણે મને એના પિતાની આ વાત કરી ત્યારે મેં ગઈગુજરી ભૂલી જવાની ને પિતાની વાત કોઈને ન કરવાની શિખામણ આપી હતી.

શિખામણ આપનારે જે-તે શિખામણ પોતાના જીવનમાં પહેલાં ઉતારવી જોઈએ, અને પછી શિખામણ આપવી જોઈએ એવી શિખામણ - શિખામણ આપનારાંઓને મનુષ્યજાતિના આદિકાળથી અપાતી આવી છે ને અંત કાળ સુધી અપાતી રહેશે એમ લાગે છે. આ શિખામણને અનુસરવામાં આવે તો શિખામણ આપવાની રસદાયક પ્રવૃત્તિને ગંભીર ફટકો પડે અને મનુષ્યજીવનમાંથી આનંદનાં ઝરણાં સુકાઈ જાય. શિખામણ આપનારે શિખામણ પોતાના જીવનમાં ઉતારવી જોઈએ એવો દુરાગ્રહ શા માટે રાખવામાં આવે છે તે જ મને તો સમજાતું નથી. ડૉક્ટર પાસે એવી અપેક્ષા રખાતી નથી

કે તમે પહેલાં દવા પીઓ, ઇંજેક્શન લો, ઑપરેશન કરાવો પછી દર્દીને દવા પીવાનું, ઇંજેક્શન લેવાનું કે ઑપરેશન કરાવવાનું કહો. આપણા રાષ્ટ્રપતિ આપણા સંરક્ષણ-દળની ત્રણેય પાંખના વડા છે. આમ છતાં યુદ્ધ થાય ત્યારે રાષ્ટ્રપતિએ લડવા જવું જોઈએ એવો આગ્રહ રાખીએ છીએ ? શિક્ષણપ્રધાન ભણેલા હોવા જોઈએ એવો ભારતના બંધારણમાં નિયમ છે ? ઉત્તમ લગ્નજીવન કેવી રીતે જીવવું એ અંગેની ઉત્તમ શિખામણો આપતા એક પુસ્તકના લેખક બાલબ્રહ્મચારી છે ! લેખકે આ પુસ્તક લખ્યું ત્યારે મારે એમની સાથે પરિચય હોત તો આવું પુસ્તક વાંચવાથી કોઈનાં લગ્નજીવન સુખી થતાં નથી માટે આવું પુસ્તક લખવામાં સમય બરબાદ ન કરો એવી શિખામણ લેખકને મેં અવશ્ય આપી હોત! છતાં આ પુસ્તક મેં અનેક દંપતીઓને ભેટ આપ્યું છે. મેં પોતે એ પુસ્તક વાંચ્યું નથી છતાં દરેક દંપતીને વાંચવાની શિખામણ મેં આપી છે ! ગાંધીજી કહેતા એ પોતે કરતા જ એ આપણે જાણીએ છીએ. આમ છતાં, 'ખરાબ અક્ષર અધૂરી કેળવણીની નિશાની છે' એમ કહ્યા પછી એ પોતે જીવનભર સારા અક્ષરો કાઢી શક્યા નહોતા - અને છતાં, સારા અક્ષરો વિશેની એમની શિખામણ ખોટી છે એમ કોઈ માનતું નથી. સવાલ તમારું વર્તન તમારા વિચાર પ્રમાણેનું છે કે નહીં તે નથી, તમારા વર્તનનું જસ્ટિફિકેશન તમારી પાસે છે કે નહીં તે છે. એટલે તમે જે શિખામણ આપો એનાથી વિરુદ્ધ વર્તન કરવાનું થાય તો ગભરાવાની કે ગિલ્ટ ફીલ કરવાની જરૂર નથી. માત્ર તમારા વર્તનનું જસ્ટિફિકેશન શોધી કાઢવાની શિખામણ મારે તમને આપવાની છે.

શિખામણ આપનારા મહાનુભાવોના આપણે બે વર્ગ પાડી શકીએ :

(૧) સકામ ઉપદેશકો અને (૨) નિષ્કામ ઉપદેશકો.

સકામ ઉપદેશકો શિખામણ આપી પોતાનું કામ પૂરું થયેલું નથી ગણતા. એમની શિખામણોનો સંનિષ્ઠ અમલ થાય એવો એમનો આગ્રહ હોય છે. એટલું જ નહીં, અમલ માટે તેઓ ઝનૂનપૂર્વક ઝૂઝે છે. અમારા એક મુરબ્બી આ સકામ ઉપદેશકોના વર્ગના સર્વોત્તમ પ્રતિનિધિ છે. એમના પરિચિત વર્તુળમાં કોઈ બીમાર પડે છે તો કયા ડૉક્ટરની દવા કરવી, કઈ હૉસ્પિટલમાં સારવાર કરવી વગેરે તમામ બાબતો એ જ નક્કી કરે છે. ડૉક્ટર જો સહેજ નબળા મનના હોય તો કઈ દવા આપવી એ અંગે પણ ડૉક્ટરને શિખામણ આપે છે અને ડૉક્ટર જો વધારે નબળા મનના હોય તો પોતાને ઇષ્ટ એવી દવા અપાવ્યે જ છૂટકો કરે છે. આ કારણે હવે એમનું કોઈ ઓળખીતું માંદું પડે તો એમના સુધી સમાચાર ન પહોંચે એની બધાં કાળજી રાખે છે. એમની સકામ શિખામણને કારણે જીવનસાથી તરીકે જોડાઈ ગયેલાં અનેક યુગલો નિસાસા નાખતાં જીવન વ્યતીત કરી રહ્યાં છે. એમની શિખામણ અને શિખામણના સંનિષ્ઠ અમલીકરણ અંગેની એમની કાળજીને કારણે અનેક જણ ખોટી નોકરીનાં બાકીનાં વર્ષો ગણી રહ્યા છે, અનેક જણ વેપારમાં ગયેલી ખોટ ભરપાઈ કરવા મથી રહ્યા છે.

નિષ્કામ ઉપદેશકો પ્રમાણમાં અત્યંત નિર્દોષ અને નિરુપદ્રવી હોય છે. તેઓ શિખામણ આપવામાં અત્યંત ઉત્સાહી હોય છે પણ શિખામણોના અમલ અંગે તદ્દન નિ:સ્પૃહ હોય છે. નિષ્કામ કર્મયોગીની પેઠે પોતાનો અધિકાર શિખામણ આપવામાં જ છે, શિખામણના અમલમાં નહીં - એમ તેઓ માને છે. પોતાની શિખામણ માનવાને કારણે કેટલા લોકો કેવા સુખી થયા અને પોતાની

શિખામણ ન માનવાને કારણે કેટલા લોકો કેવા દુ:ખી થયા એની યાદી તેઓ સતત રટતા રહે છે, અને પ્રસંગોપાત્ત આ દૃષ્ટાંતોનો પ્રચાર-પ્રસાર કરતા રહે છે. એમની શિખામણ માનવા જતાં દુ:ખી થયેલા લોકોમાંથી કોઈ એમની આગળ ફરિયાદ કરે છે તો તેઓ એમની શિખામણને કારણે નહીં, પરંતુ શિખામણ બરાબર ન સમજવાને કારણે અને શિખામણ પ્રમાણે યોગ્ય સમયે યોગ્ય પગલાં લેવામાં નિષ્ફળ જવાને કારણે દુ:ખી થયા એવું સાબિત કરી આપે છે અને ભવિષ્યમાં પોતાની શિખામણ બરાબર સમજવાની ને શિખામણનો યોગ્ય રીતે અમલ કરવાની નવી શિખામણ આપે છે.

કેટલાક ઉપદેશકોનું સહાનુભૂતિનું ક્ષેત્ર વિશાળ હોય છે. પોતે જેમને ઓળખતા હોય એમને જ શિખામણ આપવી એવી સંકુચિતતા એમનામાં હોતી નથી. અમારા એક મિત્ર ભારતના રાષ્ટ્રપતિને અને વડાપ્રધાનને, દેશનાં જુદાં જુદાં રાજ્યોના ગવર્નરોને અને મુખ્યપ્રધાનોને પત્રો લખીને દેશ અને રાજ્યના સક્ષમ વહીવટ માટે કીમતી શિખામણ આપે છે. તેઓ પોતાનું અર્થતંત્ર ક્યારેય વ્યવસ્થિત કરી શક્યા નથી, પરંતુ બજેટના સમયમાં નાણાપ્રધાનને બજેટ અંગે અવશ્ય શિખામણ આપે છે. કોઈ પણ સરકાર જેટલા પ્રમાણમાં ખરાબ ચાલે છે તે એમની શિખામણ ન માનવાને કારણે - એમ તેઓ દૃઢપણે માને છે; એટલું જ નહિ, જેમને શિખામણ આપી હોય તેમને મનાવવાના પ્રયત્નો પણ તેઓ કરે છે.

'વ્યક્તિ મટી બનું વિશ્વમાનવી' એવી કવિની ભાવના અમારા આ સ્નેહીએ એમના જીવનમાં સંપૂર્ણપણે ચરિતાર્થ કરી બતાવી છે. ઇરાક-ઈરાનનું યુદ્ધ ચાલતું હતું ત્યારે અઢાર દિવસ સુધી ચાલેલા આ યુદ્ધ દરમિયાન તેઓએ એક પત્ર યુનોના મહામંત્રીને અને એક પત્ર સદ્દામ હુસેનને, એમ દરરોજ બે પત્રો લખ્યા હતા. યુનોનું લશ્કર છેવટે જીત્યું એ એમની શિખામણોને કારણે અને સદ્દામ હુસેન અઢાર દિવસ સુધી ટકી શક્યા તે પણ તેમની શિખામણોને કારણે એમ તેઓ માને છે. યુનોના મહામંત્રી અને સદ્દામ હુસેન પણ આમ માને તેવી એમની ઇચ્છા પાર પડી નહીં એનો એમને આજેય ઘણો અફસોસ છે.

'શિખામણ' વિશેનું આ પિષ્ટપેષણ બંધ કરવાની શિખામણ તમે આપો એ પહેલાં અટકું છું.

# અહિંસા અને ગાંધીજી

દક્ષા વિ. પટ્ટણી

અહિંસા એ વિચાર આપણા દેશમાં અને સંસ્કૃતિમાં છેક વૈદિક સમયથી અત્યંત સ્પષ્ટ અને પરિપક્વ વિચાર તરીકે પ્રગટ થતો રહ્યો છે. આમ છતાં એ વિચારમાં એટલું સત્ત્વ અને ઊંડાણ છે કે યુગે યુગે માનવ- જીવનમાં થતાં સંચલનોને પરિણામે તેના સૂક્ષ્માતિસૂક્ષ્મ અર્થો વિકસતા રહ્યા છે અને હજુ પણ વિકાસની અનેક શક્યતાઓ તેમાં ભરેલી પડી છે.

છેક વૈદિક સાહિત્યમાંથી જ એક મહત્ત્વના જીવનમૂલ્ય તરીકે પંચમહાવ્રતોમાંના એક વ્રત તરીકે અહિંસા પ્રતિષ્ઠા પામ્યો છે અને 'અહિંસા પરમો ધર્મ' એ સૂત્ર સર્વમાન્ય રહ્યું છે; પરંતુ માનવસમાજ માટે એ વાત પણ સમજી લેવા જેવી છે કે સમગ્ર જીવસૃષ્ટિના આરંભમાં અને તેના વિકાસમાં એ એના પ્રાગટ્ય સાથે જ શરૂ થઈ ચૂક્યો છે, નહીં તો અહિંસાની લાગણી વિના કોઈ સજીવ ઊછરી જ ન શકે એટલો એ આપણા જીવનમાં સહજ, સ્વાભાવિક, પ્રાકૃતિક અંશ છે. પણ સાથે એ પણ એટલું જ સત્ય છે કે પ્રકૃતિમાં હિંસા અને અહિંસા બંને આદિકાળથી ચાલ્યાં આવે છે અને કદીયે કોઈ એક ભાવ સંપૂર્ણપણે નાશ પામે તેવો સંભવ કે શક્યતા પણ નથી. બંને આ જીવસૃષ્ટિ સાથે સંકળાયેલા સનાતન અંશો છે એ વૈજ્ઞાનિક દૃષ્ટિથી કુદરતના આ કાયદાને સ્વીકારીને દુનિયાના અનેક મહાપુરુષોએ જીવસૃષ્ટિના અસ્તિત્વ, વિકાસ અને શાંતિ માટે વ્યક્તિગત અને સામૂહિક જીવનમાં હિંસા સામે અહિંસાની શક્તિને સિદ્ધ કરતાં આશ્ચર્યકારક પરિવર્તનો કર્યાં છે. તેનો ઇતિહાસ માનવજાતના ઇતિહાસ સાથે તાણાવાણાની જેમ ગૂંથાયેલો છે. છેક વેદકાળથી દરેક યુગપુરુષે પછી એ વૈદિક ઋષિ હોય કે ઉપનિષદકાર, ગીતાકાર કૃષ્ણ હોય, વ્યાસ હોય કે વાલ્મીકિ,

બુદ્ધ હોય કે મહાવીર, ઈશુ હોય કે પછી ગાંધીજી હોય – એ બધાએ વારંવાર પોતાના અંતઃકરણની શુદ્ધિથી હિંસામાં નાશ પામતી માનવજાતને ઉગારી લીધી છે. જીવનશોધનની આદિકાળથી ચાલી આવતી આ અખંડ પ્રક્રિયામાં ગાંધીજીની અહિંસાની વિચારણા એ આપણો વિષય છે. તેમાંયે વિશેષે કરી ગાંધીજીનું વિશિષ્ટ પ્રદાન શું રહ્યું છે ? – એ અંશને ઉજાગર કરવાનો પ્રયત્ન છે.

ગાંધીજીનાં જીવન અને ચિંતન બે પરસ્પર ગૂંથાયેલાં છે અર્થાત્ એમના જિવાતા જીવનની પ્રયોગભૂમિમાંથી જ ચિંતન સર્જાયું છે એથી (૧) એમના જીવન અને ચિંતનને સાથે સાથે જ મૂલવી શકાય, (૨) એ ચિંતન એમના જીવન સાથે વિકસતું રહ્યું છે એટલે તેમાં નિત્ય પરિવર્તન દેખાય છે. પરિણામે તેનું શુદ્ધ શાસ્ત્રીય રૂપ ઘડાયું નથી. આમ છતાં એમના જીવન અને ચિંતનમાંથી જે સિદ્ધાંતો ઘડાતાં ગયાં તે અત્યંત સ્પષ્ટ અને વૈજ્ઞાનિક પદ્ધતિએ પ્રગટ થયેલા છે એટલે અભ્યાસીને માટે તેનું સૈદ્ધાંતિક સ્વરૂપ સમજવું અશક્ય નથી. એવા એક પ્રયત્ન રૂપે આ રજૂ કર્યું છે. (૩) ત્રીજી મહત્ત્વની વાત એ છે કે ગાંધીજીના જીવનચિંતનમાં અહિંસાને બે ભૂમિકાએ જોઈ શકાય છે : (૧) એમના વ્યક્તિગત જીવનમાં વિકસેલી અહિસા જે એમના વ્યક્તિત્વનું અભિન્ન અંગ બની ગઈ છે, જે એમના જીવન અને ચિંતનનો આધાર બની ચૂકી છે એટલે કે એ ગાંધીજીને માટે ધર્મરૂપ અહિંસા છે જે એમની નીતિ નહીં, વ્રત નહીં પણ ધર્મ - અહિસા ધર્મ બની ચૂકી છે જેનાથી અલગ કરીને ગાંધીજીને કલ્પી શકાય નહીં તે અહિંસા; અને (૨) સામૂહિક ક્ષેત્રે સત્યાગ્રહના સાધન તરીકે એમણે અહિંસાના જે પ્રયોગો કર્યા અને જગતે જેનાં અકલ્પ્ય પરિણામો નજરે નિહાળ્યાં તે એક અધૂરા પણ અદ્ભુત સફળ, અપૂર્વ પ્રયોગરૂપ સામૂહિક ક્ષેત્રે અહિંસાના પ્રયોગો. આ બે ભૂમિકા જોતાં સ્પષ્ટ થાય છે કે વ્યક્તિગત ભૂમિકાએ સત્યની સાધના દેશ અને દુનિયામાં અનેક સાધકોએ કરી છે અને કદાચ એમણે પ્રાપ્ત કરેલી સિદ્ધિ ગાંધીજી કરતાં પણ વિશેષ હોય એવું બને. પરંતુ સામૂહિક ક્ષેત્રે સત્યાગ્રહના સાધન તરીકે અહિંસાનો પ્રયોગ એ ગાંધીજીની માનવસંસ્કૃતિના વિકાસમાં મોટામાં મોટી દેણ છે.

ગાંધીજીનાં જીવન અને ચિંતનનો મુખ્ય વિષય અથવા અંતિમ લક્ષ્ય છે સત્યની શોધ અથવા સત્યનો સાક્ષાત્કાર. એમની પ્રત્યેક પ્રવૃત્તિ અને નિવૃત્તિ સત્યની શોધ માટે જ છે એવું એમણે વારંવાર કહ્યું છે અને પોતાના વ્યવહારથી પ્રગટ કર્યું છે. આ દિશામાં સભાનતાપૂર્વક સાધના કરતાં કરતાં એમના જીવનમાં અગિયાર વ્રત સ્વાભાવિક રીતે જ આવ્યાં છે. એટલે કે ગાંધીજીના જીવનમાં આ અગિયાર વ્રતો કોઈ શાસ્ત્રમાંથી આવ્યાં નથી કે નથી કોઈ ગુરુ પાસેથી મળ્યાં. અલબત્ત શ્રીમદ્ રાજચંદ્ર પાસેથી એમને કેટલાક પ્રશ્નો અને મૂંઝવણોમાંથી માર્ગ મળ્યો છે. સમાધાન થયું છે પણ કેડી તો એમણે પોતાની રીતે જ કંડારી છે. આપણી પરંપરાનો કોઈ શાસ્ત્રીય અભ્યાસ પણ એમણે કર્યો નથી. આ વ્રતો તો એમના સભાનતાપૂર્વક જિવાતા જીવનમાંથી સ્વાભાવિક રીતે જ પ્રગટ થયાં છે અને એમના જીવનવિકાસની સાથે સાથે નિરંતર વિકસતાં રહ્યાં છે. આથી ગાંધીજીના જીવનમાં અને ચિંતનમાં અહિંસાનાં મૂલ્યોનો પ્રવેશ સત્યની શોધના એકમાત્ર સાધન તરીકે તેનો સ્વીકાર અને જીવનના અંતિમશ્વાસ સુધી અહિંસાના સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વરૂપને પામવાની એમની મથામણ તથા પોતે જે પામ્યા તેનો અનુભવ જગતને કરાવવા અહિંસાની અમાપ શક્તિનો પરિચય પોતાના પ્રયોગો દ્વારા એમણે જે જગતને કરાવ્યો એ સમગ્ર પ્રક્રિયાને અંતે, સાધનાને અંતે અહિંસાનું એક સૈદ્ધાંતિક રૂપ

સર્જાયું છે અને પ્રયોગસિદ્ધ થઈ જગત સામે પ્રગટ થયું છે એટલે એક વૈજ્ઞાનિક પદ્ધતિએ તેના સૈદ્ધાંતિક સ્વરૂપને અને તેનાં પ્રયોગસિદ્ધ પરિણામોને તપાસીએ.

**ઉદ્‌ભવ** : ગાંધીજીનાં જીવન અને ચિંતનના ઉદ્‌ભવ અને વિકાસનું જો કોઈ કેન્દ્રબિંદુ હોય તો તે છે પોતાના વર્તન વિશેની ચીવટ. ગાંધીજી આત્મકથામાં લખે છે કે, 'હું કંઈ બહુ હોશિયાર વિદ્યાર્થી ન હતો પણ મારા વર્તનને વિશે મને બહુ ચીવટ હતી.' આ વર્તન વિશેની ચીવટને કારણે જ એ દરેક ભૂલ કર્યા પછી ત્યાંથી પાછા ફર્યા છે. નિશાળમાં શિક્ષકના કહેવા છતાં એ છોકરો સ્પેલિંગની ચોરી કરતો નથી. કડામાંથી સોનાની ચોરી કર્યા પછી તેનું અંતઃકરણ તેને ડંખે છે અને પિતા પાસે પોતે ચોરી કરી હોવાનું કબૂલ કરે છે. પોતાના વર્તન વિશેની આ ચીવટને કારણે બળવાન બની અંગ્રેજોની સામે લડવાની મુગ્ધતામાં મિત્રના કહેવાથી માંસ તો ખાધું પરંતુ માંસ ખાધા પછી જ્યારે માતા પાસે ખોટું બોલવું પડ્યું કે 'ભૂખ નથી કારણ કે પેટમાં ઠીક નથી'. આ ખોટું બોલ્યા પછી પોતાના વર્તન વિશે એ વિચારે છે કે, 'ખોટું બોલવું અને તે પણ માતાની સામે ? એના કરતાં તો માંસ ન ખાવું વધારે સારું.' પોતાના વર્તન વિશેની ચીવટને કારણે એને એ પણ ખ્યાલ આવે છે કે ખોટું બોલવું પોતાને ફાવતું નથી. આ એક ભૂમિકા થઈ આત્મનિરીક્ષણની. સતત ચીવટને કારણે એ આત્મનિરીક્ષણ કર્યા પછી તેની પૂરેપૂરી ચકાસણી કરવા આત્મપરીક્ષણ કરે છે અને જ્યારે એને ખ્યાલ થાય છે કે પોતાની આ મર્યાદા છે ત્યારે તેમાંથી મુક્ત થવાનો સખત પ્રયત્ન કરી એ આત્મશુદ્ધિ કરે છે. આમ વર્તન વિશેની ચીવટ અને સભાનતાથી થયેલી સાધનાનાં ત્રણ સોપાન એમના સમગ્ર ચિંતનમાં દેખાય છે : (૧) આત્મનિરીક્ષણ, (૨) આત્મપરીક્ષણ અને (૩) આત્મશુદ્ધિ. આ પ્રક્રિયા પ્રમાણે જ્યારે માતા પાસે ખોટું બોલ્યા પછી પોતાને થતી બેચેનીને કારણે એમનું આત્મનિરીક્ષણ એમને ખ્યાલ આપે છે કે પોતાને ખોટું બોલવું ફાવતું નથી. આ અંગે પૂરા પરીક્ષણ પછી આત્મશુદ્ધિનો યજ્ઞ શરૂ થાય છે અને એ સત્યપાલન શરૂ કરે છે. સત્યપાલનનું વ્રત લે છે. મન, વચન અને કર્મથી પોતાને જે સત્ય સમજાય તેનું પાલન એટલો જ માત્ર આ સત્યપાલનનો અર્થ છે. એટલે કે સ્થૂળ સત્યનું, સાપેક્ષ સત્યનું પાલન છે. પણ પૂરો સંભવ છે કે માણસને પોતાને જે સત્ય લાગે છે તે બીજાને ન પણ લાગે; એવા સમયે માણસ પોતે માનેલ સત્યનો આગ્રહ બીજા પાસે પણ રાખે તો તેના આગ્રહમાંથી સત્યાગ્રહ નહીં પણ દુરાગ્રહ અને ક્યારેક સરમુખત્યારી સર્જાવાનો પૂરો સંભવ છે અને ગાંધીજીના જીવનમાં કંઈક અંશે આ તબક્કો આવ્યો પણ છે. પણ પોતાના વર્તન વિશેની ચીવટને કારણે એ ત્યાંથી પાછા ફરે છે અને એમના આત્મનિરીક્ષણ અને આત્મશુદ્ધિના પ્રયત્નથી એમને અહિંસાનું સાધન મળે છે. એટલું જ નહીં, આ માર્ગે વિકાસ કરતાં અગિયાર વ્રત અનાયાસ પણ અનિવાર્ય બની એમના જીવનમાં આવે છે. આ સાધનામાંથી એમનું અહિંસાનું દર્શન વિકસતું ચાલ્યું એ પહેલાં ગાંધીજીએ સત્યપાલનનું વ્રત લીધું અને નિષ્ઠાપૂર્વક પાલન પણ કર્યું, પણ જ્યાં સુધી અહિંસાનું સાધન નથી મળ્યું ત્યાં સુધી એ માનેલા સત્યથી આગળ ગયા નથી અને તેથી જ એમના જીવનના આરંભના તબક્કામાં અને પરિણામે ચિંતનમાં પણ વારંવાર બદલાવ આવ્યા કરે છે.

જેમ કે ગાંધીજી માત્ર પૈસા કમાવા માટે જ બૅરિસ્ટર થયા હતા અને પછી સારું કમાવા માટે જ દક્ષિણ આફ્રિકા ગયા. પરંતુ વર્તન વિશેની ચીવટને કારણે એમના જીવનમાં બદલાવ આવ્યા કરે

છે અને તે એટલે સુધી કે રસ્કિનનું પુસ્તક 'અન ટુ ધિસ લાસ્ટ' વાંચીને એક ક્ષણનાયે વિલંબ વિના સત્તા, સંપત્તિ, વકીલાત અને પ્રતિષ્ઠા બધું છોડીને 'સાદું મજૂરીનું જીવન જ સાચું જીવન છે' એ સૂત્રને જીવનમાં ઉતારી કુહાડી અને પાવડો લઈ જંગલમાં ચાલી નીકળ્યા. અહીંથી આશ્રમજીવન શરૂ થયું. આ ત્યાગનું કારણ માત્ર અને માત્ર આત્મપ્રેરણા છે. જે રીતે રામ આવી રહેલું રાજપાટ, સુખ-સંપત્તિ છોડીને અનાસક્ત ભાવે વનવાસ માટે ચાલી નીકળ્યા હતા તેમજ કશીયે આસક્તિ વિના : વાલ્મીકિ 'રામાયણ'માં લખે છે, 'જેમ મનુષ્ય પોતાના વસ્ત્ર પર પડેલા ઘાસના તણખલાને ખંખેરી નાખે છે તેમ રામે આ બધું સહજભાવે છોડી દીધું.' અનાસક્તિ બંનેની સરખી છે પણ રામના ત્યાગનું પ્રેરકબળ પિતૃપ્રેમ છે, રઘુકુલરીતિ છે, પિતાના વચન ખાતર છે; જ્યારે ગાંધીજીના ત્યાગનું કારણ આત્મપ્રેરણા છે. જે હકીકતે તો સમગ્ર માનવસમાજ સુધી પથરાયેલો એમનો વ્યાપક બનતો પ્રેમભાવ એટલે કે અહિંસા જ છે. આ પહેલાં અહિંસા વિનાનો એમનો સત્યાગ્રહ એ દુરાગ્રહ જ હતો. કેમ કે આ એ જ ગાંધીજી હતા જેમણે પોતાને જે સત્ય લાગ્યું તેનું પાલન કરાવવાના આગ્રહમાં દક્ષિણ આફ્રિકા જતી વેળાએ પોતાની પત્ની અને બાળકોને પારસી ફેશન પ્રમાણે જીવવાની અને પરાણે બૂટમોજાં પહેરવાની ફરજ પાડી હતી. પોતે માની લીધેલા સત્યનું બીજા પાસે પરાણે પાલન કરાવવાની આ વૃત્તિ અને પ્રવૃત્તિમાં પરિવર્તન પણ એમના આત્મનિરીક્ષણથી જ આવે છે જેમાંથી એમને અહિંસાનું સાધન મળે છે. કસ્તૂરબા પાસે પોતાને ઘરે મહેમાન તરીકે રહેતા ગોરાનું મેલું ગાંધીજી પરાણે ઉપડાવે છે. પત્ની હોવાને કારણે જ એ રડતાં રડતાં પણ ઉપાડે છે, પણ ગાંધીજીનો આગ્રહ છે કે માત્ર ફરજ સમજીને નહીં પણ હસતે મોઢે ઉપાડવું જોઈએ. આવા પોતે માની લીધેલા સત્યનું કસ્તૂરબા પાસે બળજબરીપૂર્વક પાલન કરાવતા ગાંધીજી ગુસ્સામાં ને ગુસ્સામાં અજાણ્યા પ્રદેશમાં અડધી રાતે કસ્તૂરબાને હાથ ઝાલી કાઢી મૂકે છે. પણ આમ છતાં પોતાના વર્તન વિશેની ચીવટને કારણે આત્મનિરીક્ષણ શરૂ થાય છે. પોતે શું કર્યું ? એ યોગ્ય હતું કે અયોગ્ય? આ જ હેતુ માટે પોતે બીજું શું કરી શકે ? આ આત્મનિરીક્ષણ કરી એ એક ભૂમિકા ઉપર જાય છે અને આત્મશુદ્ધિ સુધી પહોંચે છે જ્યાં તેમને અહિંસાનું સ્પષ્ટ દર્શન થાય છે અને સમજાય છે કે સત્યનું દર્શન પોતે કરવું હોય અને બીજા પાસે સત્યનું પાલન કરાવવું હોય તો તેનું એક અને એકમાત્ર સાધન અહિંસા છે.

ગાંધીજીના જીવનવિકાસની સાથે સાથે એમની અહિંસાની વ્યાખ્યા પણ વિકસતી રહી, વિસ્તરતી રહી અને અભ્યાસીને સ્પષ્ટ દેખાય તેવી ત્રણ ભૂમિકા તેમાંથી સર્જાઈ. ગાંધીજીના ચિંતનમાં એ વ્યાખ્યાનું સ્વરૂપ આ પ્રમાણે છે.

**અહિંસાની પરિભાષા : ત્રણ ભૂમિકા :**

(૧) અહિંસા શબ્દાર્થને જોઈએ તો अ + हिंसा - કોઈની હિંસા ન કરવી તે. તદ્દન પ્રાથમિક ભૂમિકાએ કોઈ સજીવની હિંસા ન કરવી એટલે કે તેને શારીરિક ઈજા ન કરવી તે અહિંસા. સામાન્ય લોકવ્યવહારમાં આપણે અહિંસાનો આટલો જ અર્થ કરતા હોઈએ છીએ પરંતુ ગાંધીજીની વર્તન વિશેની ચીવટમાંથી એમનું આત્મનિરીક્ષણ એમની અહિંસાને કઈ ઊંચાઈએ લઈ જાય છે તે સમજવા જેવું છે. પોતાના પ્રત્યેક વર્તન પછી તેના વિશેનું ચિંતન અને કડક પરીક્ષણને અંતે પોતાનો દોષ

દેખાય તો ક્ષણનાયે વિલંબ વિના પરિશુદ્ધ બની બહાર આવવું આ આખી પ્રક્રિયા એ કેટલી શાસ્ત્રીય અને વૈજ્ઞાનિક પદ્ધતિએ ચાલે છે ? મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ અભ્યાસ કરનારને માટે ગાંધીજીનું આ સ્વચિત્તપૃથક્કરણ અત્યંત ઉપયોગી છે પરંતુ આત્મવિકાસ માટે આધ્યાત્મિક સાધના કરનાર સાધકને માટે તો એ વિકાસની સીડી દેખાડી આપે છે કે આ માર્ગે સીધા ઉપર ચડી શકાય છે. માનવઇતિહાસમાં આટલું, જિવાતા જીવનમાં વૈજ્ઞાનિક પ્રયોગો સાથે વ્યક્ત થયેલું સ્વચિત્ત પૃથક્કરણ બીજે ક્યાંય મળતું નથી. ગાંધીજીની અહિંસા આ માર્ગે તદ્દન સરળતાથી સમજાય તેવી છે.

કોઈની હિંસા ન કરવી તે અહિંસાનો તદ્દન પ્રાથમિક અને માત્ર શબ્દાર્થ થયો, પણ ગાંધીજીનું ચિંતન તેને આગળ લઈ જાય છે. એ લખે છે કે હિંસા નહીં તે અહિંસા. પરંતુ હિંસા એટલે શું ? માત્ર શારીરિક ઈજા ન કરવી એટલો જ હિંસાનો અર્થ છે ? પોતાના જીવનમાં બનતા પ્રસંગો અને સ્વચિત્ત પૃથક્કરણમાંથી એને સમજાય છે અહિંસાની બીજી ભૂમિકા.

(૨) આ બીજી ભૂમિકાએ ગાંધીજી લખે છે કે 'ખોટું બોલવું તે હિંસા છે. ચોરી કરવી તે હિંસા છે. બીજાને જેની જરૂર છે તેવી વસ્તુનો સંગ્રહ કરવો તે હિંસા છે.' વગેરે... આમાં ગાંધીજીનાં અગિયારે વ્રત સમાઈ જાય છે. પણ ગાંધીજી આ વ્રતવિચારથી પણ આગળ જાય છે અને છેલ્લે લખે છે, 'કુવિચારમાત્ર હિંસા છે.' ખરાબ વિચાર કરવો તે પણ હિંસા છે. માનવચિત્તનો અભ્યાસ કરનાર કહે છે કે ખરાબ વિચાર એ સામેની વ્યક્તિની હિંસા તો કરે જ છે પરંતુ કુવિચાર કરનાર વ્યક્તિ પોતાની પણ હિંસા કરે છે. એના કુવિચારની જ્વાળાઓ એના ચિત્તમાં ઊગતી સદ્ભાવના કે સદ્વિચારના અંકુરોને ખીલતાં પહેલાં જ બાળી નાખે છે. બહારની હિંસાનો ભોગ બનતાં પહેલાં માણસ પોતે જ પોતાની હિંસા કરી બેસે છે. એથી જ શાસ્ત્રો કહે છે કે ખરાબ વિચાર એ માણસના પોતાના અને સમષ્ટિનાં સુખશાંતિને હણી નાખે છે. ગાંધીજીની વિચારયાત્રા એમને માનસિક શુદ્ધિ સુધી લઈ જાય છે. આ વ્યાખ્યામાં અહિંસક સમાજ-રચનાનું આખું માળખું પ્રગટ થાય છે.

ગાંધીજીનું ચિંતન એમના જિવાતા જીવનમાંથી જ પ્રયોગસિદ્ધ થઈ સર્જાયું છે. આથી એમની વ્યક્તિગત સાધનામાં આગળ વધતાં પોતાની માનસિક સ્થિતિનાં કેવાં અવલોકનો એમણે નોંધ્યાં છે, અહિંસાની આ બીજી ભૂમિકા ગાંધીજીના જીવનમાં કઈ કક્ષાએ સિદ્ધ થઈ છે એ જોઈએ.

'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' એ ગાંધીજીના પુસ્તકમાં એક પ્રકરણનું શીર્ષક છે, 'જનરલ સ્મટ્સનો વિશ્વાસઘાત ! વિશ્વાસઘાત શબ્દ લખ્યા પછી ગાંધીજીએ આશ્ચર્યચિહ્ન મૂક્યું છે. આ પ્રકરણમાં એવો પ્રસંગ છે કે દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહની લડત ચાલતી હતી ત્યારે ગાંધીજી અને એમના ઘણા સાથીઓ જેલમાં હતા. એક દિવસ ત્યાંના રાજકીય વડા જનરલ સ્મટ્સે ગાંધીજીને મળવા બોલાવ્યા. વાટાઘાટને અંતે કહ્યું કે મિ. ગાંધીને અત્યારે છોડી દઈએ છીએ અને બીજા સત્યાગ્રહી કેદીઓને કાલે છોડશું. પછી ગાંધીજીને તો મુક્ત કર્યા પણ બીજા દિવસે એમના સાથી કેદીઓને છોડ્યા નહીં. આ પ્રસંગે અંગ્રેજી છાપાંઓએ પણ સ્મટ્સના આ વર્તનને વિશ્વાસઘાત કહી તેની આકરી ટીકા કરી. સ્મટ્સ વિશે ખંધો, લુચ્ચો એવાં વિશેષણો પણ વપરાયાં. આ સમગ્ર ઘટનાને અંતે ગાંધીજી લખે છે :

'શું ખરેખર જનરલ સ્મટ્સે એ ઇરાદાપૂર્વક કરેલો વિશ્વાસઘાત હતો ?' પછી લખે છે, 'કદાચ નહીં.' એમને ખાતરી નથી પણ આ કદાચની શક્યતાથી એ પોતાની તો વિચારશુદ્ધિ કરે જ છે. અત્યંત બુદ્ધિશાળી માણસ પ્રશ્નને બધી બાજુથી વિચારે છે પરંતુ જીવન વિશેની વ્યાપક સમજણ કેળવવા ઇચ્છતો સાધક તો એમાંથી જગતને માટે અને પોતાની શુદ્ધિ માટે શું કલ્યાણમય છે તે વિચારી તેનો જ સ્વીકાર કરે છે.

આવો જ એક બીજો પ્રસંગ છે. ગાંધીજી લખે છે, 'સરકારે હેતુપૂર્વક આવું પગલું લીધું છે; અથવા સરકારને ખ્યાલ જ નહીં હોય કે તેના આ પગલાથી આવાં ભયંકર પરિણામો આવશે.' ગાંધીજી અત્યંત બુદ્ધિશાળી છે. પાછા બૅરિસ્ટર છે એટલે કશુંયે એમના ખ્યાલ બહાર નથી. પણ એનાથીયે આગળ એ સાધક છે અને અહિંસાની સાધના એને ક્યાં લઈ જાય છે એ બન્ને વિચાર મૂક્યા પછી ગાંધીજી લખે છે કે, 'માનવજાતના કલ્યાણને ખાતર હું પહેલો વિચાર જતો કરું છું.' આ થયો કુવિચારનો પ્રયત્નપૂર્વક ત્યાગ. મનુષ્યના આંતરિક વિકાસમાં બુદ્ધિ પછી જે પ્રજ્ઞાનું સ્થાન છે તે પ્રજ્ઞાવાન પુરુષનું આપણને અહીં દર્શન થાય છે.

(૩) નિરંતર વિકસતા જતા જીવન અને ચિંતનમાં અહિંસાની સાધના રોજ નવી નવી ક્ષિતિજો ખોલતી જાય છે: હિંસાનો આવો સૂક્ષ્મ અને વ્યાપક અર્થ કર્યા પછી ગાંધીજી વિચારે છે કે આ વ્યાખ્યા તો નકારાત્મક છે. હિંસા નહીં એ અહિંસા એ વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ અધૂરી વ્યાખ્યા છે. વ્યાખ્યાનું કોઈ નક્કર ને ભાવને સંપૂર્ણપણે ઓળખી શકાય તેવું વિધાયક (positive) સ્વરૂપ હોવું જોઈએ અને ત્રીજી ભૂમિકાએ પરિભાષા સર્જાય છે. અહિંસા તેનું પૂર્ણ સ્વરૂપ એટલે પ્રેમ, સાર્વત્રિક પ્રેમ, નિસ્વાર્થ અને નિરપવાદ પ્રેમ. આ દર્શન થયું. પણ જીવનના કસોટી-પથ્થર પર પોતાના પ્રયોગની કસોટી કરી એ પોતાની પ્રયોગપોથીમાં નોંધે છે : 'હું મારા વિરોધીને પ્રેમ કરી શકું છું ?' વિજ્ઞાનના પ્રયોગ જેવી જ આ તટસ્થ તપાસ છે અને તેનાં પરિણામ પણ એટલાં જ વૈજ્ઞાનિક નોંધે છે. પોતાના ચિત્તની કડક પરીક્ષા કરી એ આત્મનિરીક્ષણ નોંધે છે, 'પ્રેમ કરી શકું છું કે નહીં તેની મને ખબર નથી, પણ કોઈનોયે તિરસ્કાર કર્યાનું મને યાદ નથી.' આ પ્રેમ કરવો અને તિરસ્કાર ન કરવો એ બંને જુદી જુદી સ્થિતિ છે. તિરસ્કાર ન કરવો એ પ્રકૃતિમાંથી પ્રેમ કરવો એ સ્થિતિએ પહોંચવું એ જુદું છે. એ પછીની ભૂમિકા છે. ગાંધીજી ઘણા વહેલા આ કક્ષાએ પહોંચી ગયા છે પણ એમનું કડક આત્મપરીક્ષણ અને એમની નમ્રતા એમને એમ કહેતાં રોકે છે. પ્રેમ કરવાની સ્થિતિએ પહોંચ્યાની પરીક્ષા કે પ્રતીતિ ભલે હવે થવાની હોય પણ કોઈનોય તિરસ્કાર ન કરવાની માનસિક સ્વસ્થતા તો ગાંધીજીએ ઘણી વહેલી મેળવી લીધી છે. છેક બાળપણમાં ગાંધીજીને માંસાહારને માર્ગે લઈ જનાર મિત્ર, જેણે માંસાહાર ઉપરાંત ગાંધીજી અને કસ્તૂરબાના સંબંધો સરખા ન રહે તેવી પ્રવૃત્તિ કરી હતી. ઘરમાં પણ એ મિત્ર કોઈને પસંદ ન હતો છતાં ગાંધીજી પોતાની શુદ્ધિ કરતા રહે છે, પણ મિત્રનો સંબંધ તોડતા નથી. એટલું જ નહીં પાછળથી ગાંધીજી કેટલાંક પરિવારજનોને સાથે લઈ ગયા તેમાં પેલા મિત્રને પણ દક્ષિણ આફ્રિકા નસીબ અજમાવવા માટે લઈ ગયેલા. ત્યાં પણ ગાંધીજીને બદનામ કરવા તેણે જે પ્રવૃત્તિ કરેલી તે પ્રવૃત્તિનું વર્ણન આત્મકથામાં છે. પણ ગાંધીજીએ આખાયે પ્રસંગોને પોતાના જીવનની પ્રયોગશાળામાં કરેલા પ્રયોગો રૂપે જ આલેખ્યા છે. ક્યાંયે પેલા મિત્રને દોષિત ઠેરવી તેનું

નામ કે તિરસ્કાર એમણે વ્યક્ત કર્યો નથી. અહીં ગાંધીજીની ચિત્તશુદ્ધિ ઉપરાંત એમની લેખનશૈલીનું પ્રભુત્વ પણ દેખાઈ આવે છે.

'પહેલો ગિરમીટિયો' એ ગિરિરાજ કિશોરની ઐતિહાસિક અને આધારભૂત નવલકથામાં ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના વસવાટ દરમિયાન એક માણસે નિરંતર ખલનાયકનું કામ કર્યું હતું જેનું વર્ણન લેખકે વિગતે કર્યું છે. પરંતુ ગાંધીજીના કોઈ લખાણમાં કે વાતચીતમાં તે વ્યક્તિ કે ઘટનાઓનો અછડતો ઉલ્લેખ સુધ્ધાં દેખાતો નથી. આથી એક અભ્યાસીને માટે સ્વાભાવિક એવી સમજણથી લેખકની હાજરીમાં મેં એવું વિધાન કર્યું કે 'આ વિલનનું પાત્ર કાલ્પનિક છે.' ત્યારે લેખકે સ્પષ્ટતા કરતાં કહ્યું હતું કે મેં આ ગ્રંથ લખતાં પહેલાં આધારભૂત માહિતી મેળવવા દક્ષિણ આફ્રિકામાં જાતે જઈને એ સમયે જે જીવતા હતા તેવા માણસોની મુલાકાત લઈ આ વિગતો લખી છે કે ખરેખર આવો માણસ ગાંધીજીના જીવનમાં આવેલો? પરંતુ ગાંધીજીએ તો તેનો પણ ક્યાંય ઉલ્લેખ કર્યો નથી.

એ જ રીતે ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં પુષ્કળ કમાતા હતા ત્યારે એમની આવકમાંથી હિંદુસ્તાનમાં રહેતા એમના બે મોટા ભાઈઓનાં ઘર અને એક વિધવા બહેનનું ઘર ચાલતું. આટલી અને આટલો સમય એ જવાબદારી પ્રેમથી ઉપાડનાર ગાંધીજીએ જ્યારે રસ્કિનનું પુસ્તક વાંચી પોતાની નોકરી, ધંધો ને સંપત્તિનો ત્યાગ કરી સાદું મજૂરીનું જીવન સ્વીકાર્યું અને પોતાના બદલાયેલા વિચારની ભાઈને વારંવાર જાણ કરી, વિનંતી કરી પણ ભાઈ સંમત ન જ થયા. છતાં ગાંધીજીએ પોતાના દૃઢસંકલ્પથી સંપત્તિનો ત્યાગ કર્યો ત્યારથી એ વડીલબંધુએ ગાંધીજી સાથેનો સંબંધ તોડી નાખ્યો હતો. બોલવાનું બંધ કરી દીધું હતું. એ ભાઈને પોતાના જીવનના અંતકાળે પસ્તાવો પણ થયો એવું આલેખન ગાંધીજીની પૌત્રી સુમિત્રા કુલકર્ણીએ પોતાના પુસ્તક 'અણમોલ વિરાસત'માં કર્યું છે. પરંતુ ગાંધીજીએ ક્યાંયે આ વિસંવાદને પ્રગટ થવા દીધો નથી. આ તો ગાંધીજીનાં સગાં, સંબંધી અને સ્નેહી હતાં પણ દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહ દરમિયાન ત્યાંના રાજકીય વડા મિ. જનરલ સ્મટ્સ જેમણે ગાંધીજીને પરાસ્ત કરવામાં વારંવાર વિશ્વાસઘાત કરી જેલજીવનમાં પણ ત્રાસ આપવામાં કોઈ કમી રાખી ન હતી તે જનરલ સ્મટ્સ ગાંધીજી વિશેનો પોતાનો અભિપ્રાય નોંધતાં લખે છે,

'હું તેમનો પ્રતિપક્ષી હતો. તેમણે કદી મિજાજ ખોયો નહીં કે તેઓ દ્વેષને વશ થયા નહીં.' (જનરલ ક્રિશ્ચન સ્મટ્સ).

વિરોધી શું કુટુંબના હોય, મિત્ર હોય, સલ્તનતના હોય કે પછી સ્વરાજ્યની લડતના પોતાના જ રાજકીય ક્ષેત્રના અનુયાયીઓ હોય – ગાંધીજીએ આ બધાના અસહ્ય વ્યવહારનો, ભ્રષ્ટાચારનો કે નર્યા જુઠ્ઠાણાનો પણ ક્યારેય તિરસ્કાર કર્યો નથી. જ્યારે સ્વરાજ્ય મળ્યું ત્યારે ગાંધીજીની ઇચ્છા વિરુદ્ધ એમને અંધારામાં રાખી કૉંગ્રેસ કારોબારીએ, મુસ્લિમ લીગે અને શીખોએ સર્વાનુમતે માઉન્ટ બૅટન કરાર પર સહી કરી લીધી છે એવી જાણ જ્યારે બંગાળમાં કોમી રમખાણો શાંત કરવા ગયેલા ગાંધીજીને પ્રાર્થના સભામાં રાજકુમારી અમૃત કોરે કરી ત્યારે ગાંધીજી અઢળક વેદના સાથે એટલું જ બોલ્યા, 'ભગવાન તેમની રક્ષા કરો અને સંપૂર્ણ શાણપણ બક્ષો.' ક્રૉસ પર ચડવા જતા ઈશુનાં

વચન પણ આવાં જ વ્યાપક પ્રેમભાવથી, અહિંસાથી નીતરતાં હતાં કે, 'હે ઈશ્વર ! એમને માફ કરજે. એમને ખબર નથી કે એ શું કરી રહ્યા છે.'

આવાં તો કેટલાંય વિષ ગળે ઉતારી એમણે જગતને અહિંસાનું અમૃત પાયું છે. 'અન ટુ ધિસ લાસ્ટ'માં છેલ્લામાં છેલ્લી કક્ષાની અધમતા ગાંધીજી સાથે આચરનાર માનવીના પણ શુદ્ધીકરણ માટે, કલ્યાણ માટે એમની કરુણા પથરાયેલી છે. 'અન ટુ ધિસ લાસ્ટ' એ સિદ્ધાંત માત્ર અર્થશાસ્ત્ર પૂરતો મર્યાદિત નથી. ગાંધીજીના જીવનચિંતનમાં તો જીવનના કોઈ પણ ક્ષેત્રે છેલ્લામાં છેલ્લા માણસને, અરે, માનવેતર સૃષ્ટિ સુધી વિસ્તરતી એમની કરુણા, પથરાયેલી છે. ગાંધીજી અહિંસાના આ પૂર્ણ અર્થને સમજાવતાં લખે છે, 'અહિંસા એટલે વિશ્વપ્રેમ, જીવમાત્રને વિશે કરુણા ને તેમાંથી ઉત્પન્ન થતી પોતાના દેહને હોમવાની શક્તિ.' આ અહિંસા એ કોઈ વ્યક્ત કે સહજ સ્વાભાવિક સ્થિતિ નથી. એ અનંત સાધનાનું પરિણામ છે અને એથી પૂર્ણ અહિંસાપાલનમાં મનુષ્ય પ્રાણીમાત્ર સાથે અભેદ અનુભવે છે. ગાંધીજીનો એ આદર્શ છે. એ લખે છે, 'મારે પ્રાણીમાત્ર સાથે અભેદભાવ અનુભવવો છે.' આ સ્થિતિએ જડ-ચેતનના ભેદભાવ પણ લુપ્ત થાય છે અને એવી માન્યતા છે કે એ અવસ્થામાં હિંસક પશુઓ અને પશુ જેવા હિંસક માનવીઓ પણ હિંસા છોડી પ્રેમભાવથી વર્તે છે. પાંચ વર્ષનો ધ્રુવ જંગલમાં તપ કરે. એ કથાથી શરૂ કરી આપણા દેશમાં બૌદ્ધો અને જૈનોના અનેક સાધુઓ - અને જંગલમાં ફરતા અનેક સાધુ-સંતો આજે પણ આ દેશમાં નિર્ભયતાથી જીવે છે. તેનો આધાર આ અહિંસા સિવાય બીજું શું છે?

ગાંધીજીના જીવનમાં સત્ય સાધ્ય છે અને અહિંસા સાધન છે. સત્ય એટલે કુદરતનો નિયમ - કાયદો અને તેને જાણવાનું એકમાત્ર સાધન તે અહિંસા. એટલે સત્યનો સાક્ષાત્કાર, વ્યાપક વિશ્વચૈતન્યનો અનુભવ કે દર્શન એ માત્ર પૂર્ણ અહિંસાપાલનથી જ થઈ શકે. આ પૂર્ણ અહિંસાને વ્યક્ત રૂપે ન પણ જાણી શકાય. ગાંધીજી કહે છે તેમ, 'અહિંસાનો ભાવ નજરે ચડનારાં પરિણામોમાં નથી પણ અંતઃકરણની રાગદ્વેષ વિનાની સ્થિતિમાં છે. આ રાગદ્વેષ રહિત સ્થિતિ એ અહિંસાની અંતિમ ભૂમિકા છે તેનું પૂર્ણ સ્વરૂપ છે. તેની પૂર્ણતા એ જ સત્યનો સાક્ષાત્કાર અને એ જ અદ્વૈતાનુભવ. આ ત્રીજી ભૂમિકાએ અહિંસા એટલે સર્વવ્યાપક પ્રેમ.'

**અહિંસાની ત્રણ ભૂમિકા :**

ગાંધીજીના જીવન અને ચિંતનમાં અહિંસાની ત્રણ ભૂમિકા સ્પષ્ટ દેખાય છે : (૧) પ્રાકૃતિક (૨) વ્રતરૂપ (૩) ધર્મરૂપ.

સ્વભાવથી તો પ્રત્યેક વ્યક્તિ પ્રાથમિક અવસ્થામાં અહિંસક વૃત્તિની હોય છે, પરંતુ એ માત્ર મર્યાદિત અર્થમાં. અને તેથી કોઈ એક અથવા અમુક વ્યક્તિ પ્રત્યેની પ્રેમની અજ્ઞાનમૂલક અતિશયતા તેને બીજાની હિંસા કરવા પ્રેરે છે. કિશોરલાલ મશરૂવાળા લખે છે તેમ જે બીજાની હિંસા કરે છે તે જેમની હિંસા એ કરતો નથી તેમના પ્રત્યેના પ્રેમને લીધે. આથી પ્રાકૃતિક અવસ્થામાં જ્ઞાનના અભાવે પ્રેમ સ્વાર્થમાં, હિંસામાં પરિણમે પરંતુ જ્યારે વ્યક્તિ પોતે સભાન હોય, સજાગ હોય ત્યારે પોતાના વ્યક્તિનિષ્ઠ પ્રેમનો વિસ્તાર કરીને અહિંસાનો વ્યાપક પ્રેમભાવનો અનુભવ કરી શકે.

(૨) મનુષ્ય જ્યારે અહિંસાને જીવનમૂલ્ય સ્વરૂપે સ્વીકારી તેના પાલન માટે નિરંતર તપ કરતો રહે એ સાધનાની અવસ્થા. જેમાં એણે અનેક પરીક્ષામાંથી, મૂંઝવણમાંથી પસાર થવાનું છે. પરંતુ જ્યારે એ વ્રત માત્ર બાહ્યઆચાર ન રહેતાં તેની વૃત્તિ અને પ્રવૃત્તિ સાથે સંવાદમય બની જાય ત્યારે એ ધર્મરૂપ અહિંસા બને છે.

(૩) ધર્મરૂપ અહિંસાનું આ સ્વરૂપ એ પૂર્ણ આત્મશુદ્ધિનું પરિણામ છે. વ્રતપાલનથી જગતને આત્મ સ્વરૂપે ઓળખવા મથામણ કરતો મનુષ્ય એ જ્યારે વ્યાપક પ્રેમભાવથી ઊભરાય છે ત્યારે અહિંસા તેનો સ્વભાવ, એનો ધર્મ બની એની સર્વે પ્રવૃત્તિ અને નિવૃત્તિનો આધાર બની જાય છે. એને એ માટે કોઈ પ્રયત્ન કરવો પડતો નથી. આત્મવિસ્તારની એ સ્વાભાવિક સ્થિતિ છે જેમાં તે આનાથી વિરુદ્ધ વર્તી શકતો જ નથી. તેના વિરોધની અસાધારણ પરિસ્થિતિ સર્જાય તોપણ એ પોતાની જાતને હોમી દે છે, પણ પોતાના જીવનમાં ધર્મરૂપ બનેલ અહિંસાને તે છોડી શકતો નથી. આમ અહિંસાપાલનનું પ્રયત્ન મટી સ્વભાવ થવું, વ્રતરૂપ મટી ભાવરૂપ બનવું તે જ અહિંસાનું ધર્મસ્વરૂપ અને એ જ અહિંસાનું પૂર્ણ સ્વરૂપ. ગાંધીજી આ ધર્મરૂપ અહિંસા સુધી પહોંચ્યા છે તેનાં અનેક દૃષ્ટાંતોમાંથી એક પૂરતું છે.

બીજી ગોળમેજી પરિષદ નિષ્ફળ ગઈ ત્યારે એ ગોળમેજી પરિષદમાં બનેલી ઘટનાનું વર્ણન કરતાં અમેરિકન પત્રકાર શિરરે લખ્યું છે, 'ડૉ. ભીમરાવ રામજી આંબેડકર અંત્યજોના કડવાશ અનુભવેલા નેતાએ મહાત્મા પર એવું ડંખીલું આક્રમણ કર્યું કે બ્રિટિશ અને હિંદી બંને પ્રકારના પ્રતિનિધિઓએ તેનો જોરશોરથી વિરોધ નોંધાવ્યો. આંબેડકર જ્યારે ગાંધી ઉપર ફિટકારોની ઝડી વરસાવતા હતા, એમને વિશ્વાસઘાતી, આપેલાં વચનો ભંગ કરનારા અને ખોટા ખોટા દાવાઓ કરીને પૂરેપૂરા બેજવાબદાર રહેનાર કહેતા હતા ત્યારે ગાંધીજી એમની બેઠક ઉપર લાગણીવશ થઈને બેઠા રહ્યા. પછી એમણે પોતાનો બીજો ગાલ ધર્યો. તેઓ વચમાં એટલું જ બોલ્યા, 'સાહેબ, આભાર તમારો.'

આટલા આક્ષેપો પછી પણ ગાંધીજીએ કહ્યું કે આ આંબેડકર નથી બોલતા; છેલ્લાં પાંચ હજાર વર્ષથી જે કોમ અન્યાય અને પીડા ભોગવી રહી છે તેના પ્રત્યાઘાતો બોલે છે. તદ્દન ખોટા આક્ષેપોના આ ઉદારતાભર્યા સ્વીકારથી લોકો સ્તબ્ધ થઈ ગયા અને આ અમેરિકન પત્રકારે ગાંધીજીને ઈશુની સાથે મૂક્યા.

આ બધી વિગતો ગાંધીજીના વ્યક્તિગત અહિંસાના તાત્ત્વિક સ્વરૂપ અને તેના પ્રયોગની, પ્રસંગોની છે, પણ સામૂહિક ક્ષેત્રે ગાંધીજીએ કરેલ અહિંસાના પ્રયોગો પણ માનવસંસ્કૃતિના વિકાસમાં મહત્ત્વનું સીમાચિહ્ન બની રહેશે.

**સામૂહિક ક્ષેત્રે ગાંધીજીની અહિંસા** :

આત્મકથામાં ગાંધીજી હરિશ્ચંદ્રનું નાટક જોયા પછી પોતાના પર શું અસર થઈ તે વિશે લખે છે, 'હરિશ્ચંદ્ર પર આવી પડ્યાં એવાં દુઃખો આપણા પર ક્યારે આવી પડે ?' પછી લખે છે, 'બધાં હરિશ્ચંદ્ર જેવાં કાં ન થાય?' કષ્ટ સહન કરી અહિંસાથી પોતે જે સુખ ને શાંતિનો અનુભવ કર્યો,

જે આત્માની શક્તિનો પ્રભાવ પિછાન્યો તે જગતને કરાવવાની ભાવનામાંથી, એમના પ્રેમના વિસ્તારમાંથી સામૂહિક સત્યાગ્રહ સર્જાયો. નારાયણ દેસાઈ કહેતા હોય છે, 'બધા હરિશ્ચંદ્ર જેવા કાં ન થાય ?' એ વિચારનું પરિણામ એટલે સામૂહિક ક્ષેત્રે સત્યાગ્રહ.

(૧) સામૂહિક ક્ષેત્રે અહિંસક સત્યાગ્રહ એ ગાંધીજીના કોઈ પણ પુરોગામી અને અનુગામી સત્યાગ્રહથી તદ્દન જુદો પડે છે. તેનું મુખ્ય કારણ એમણે અહિંસાની શક્તિનો આત્મબળ પ્રગટ કરવામાં અદ્ભુત પ્રયોગ કર્યો તે છે. આત્માની શક્તિને જો જાગ્રત કરવામાં આવે તો તેની સામે લશ્કરી તાકાત પણ નિષ્ફળ નીવડે છે તે એમણે સિદ્ધ કરી બતાવ્યું.

(૨) ગાંધીજીની અહિંસા માત્ર શસ્ત્રથી ન મારવું એટલી જ નથી. વિરોધીની કોઈ પણ મુશ્કેલીનો લાભ ન લેતાં મનથી પણ તેનું કલ્યાણ કરવાની વૃત્તિ રાખવી એ છે. ગાંધીજીના બધા જ સામૂહિક સત્યાગ્રહોમાં પણ સત્યાગ્રહીઓના વ્યવહાર એ રીતના જ રહ્યા છે. જ્યારે જ્યારે અધૂરી કેળવણીને કારણે તકવાદી સાથીઓએ આથી જુદું વલણ લઈ હિંસા કરી છે ત્યારે ગાંધીજીએ લડત થંભાવી દીધી છે (ચૌરીચૌરા). અને પોતે ઉપવાસ કરી પોતાની આહુતિ આપવાની તૈયારીથી હિંસા અટકાવી છે. (૧૯૪૭નાં કોમી રમખાણ - કૉલકાતા નોઆખલી).

ગાંધીજીના સામૂહિક સત્યાગ્રહનું તત્ત્વ જે એમને જગતના બીજા ક્રાંતિકારીઓથી જુદું પાડે છે તે એ છે કે ગાંધીજીના સત્યાગ્રહમાં શોષક અને શોષિત બંને તરફ કરુણાનો ભાવ છે. એમની સત્યશોધક દૃષ્ટિ બંનેની નબળાઈને, દોષોને ઓળખે છે અને તેને દૂર કરી બંનેને શુદ્ધ કરવા ઇચ્છે છે. એ ક્યારેય શોષિતો સાથે વિરોધનો ઝંડો લઈ શોષકો સામે ઊભા નથી પણ શોષિતો કષ્ટ સહન કરી અહિંસક રીતે પોતાના દોષોથી મુક્ત થઈ શોષક લોકોના અંતરાત્માને જાગ્રત કરી સાર્વત્રિક ન્યાયની માગણી કરે છે. સત્યાગ્રહી જાતે કષ્ટ સહન કરી શોષકના મૂર્છિત આત્માને જગાડે છે. તેમાં બંને પક્ષની શુદ્ધિનો, કલ્યાણનો ભાવ છે. સામૂહિક સત્યાગ્રહ દ્વારા ગાંધીજીનું ધ્યેય ક્યારેય માત્ર પરિવર્તન કરવાનું ન હતું. ગાંધીજી એમાંથી એક સુસંવાદી સમાજનું દર્શન રચે છે.

ગાંધીજીએ સામૂહિક ક્ષેત્રે અહિંસક સત્યાગ્રહના પ્રયોગો કર્યા તે માત્ર બ્રિટિશ સલ્તનતને દૂર કરી સ્વરાજ મેળવવા જ નથી કર્યા. જ્યાં જ્યાં અસત્ય કે અન્યાય હોય ત્યાં અસત્યને દૂર કરી સત્યની, ન્યાયની સ્થાપના માટે એમણે આ સામૂહિક અહિંસાના પ્રયોગો કર્યા છે.

હિંદુસ્તાનમાં ગાંધીજીએ જે રચનાત્મક કાર્યક્રમો કર્યા તે સામાજિક ક્ષેત્રે એમનો સામૂહિક સત્યાગ્રહ જે હતો. આ જ સિદ્ધાંત પ્રમાણે અસ્પૃશ્યતા-નિવારણના કામમાં ગાંધીજીએ સનાતનીઓના મૂર્છિત આત્માને એમનાં જ શસ્ત્રો દ્વારા કેવા જાગ્રત કર્યા કે ગાંધીજીની અસ્પૃશ્યતા-નિવારણની આ સામૂહિક અહિંસક પ્રવૃત્તિમાં ૮૫ ટકા સત્યાગ્રહીઓ બ્રાહ્મણો હતા. આટલું કર્યા પછી કેટલાક જડ મનોવલણ ધરાવનારા સનાતનીઓને એમણે ચેતવ્યા કે અસ્પૃશ્યતા દૂર નહીં થાય તો બંને પક્ષે હાનિ જ છે. આમ ગાંધીજીના સામૂહિક અહિંસક સત્યાગ્રહમાં બંને પક્ષ તરફથી કરુણા અને બંનેની શુદ્ધિ રહેલી છે. આ એમની સામૂહિક ક્ષેત્રે વ્યાપક બનતી અહિંસાના જ પ્રયોગો છે.

**સામૂહિક ક્ષેત્રે અહિંસાના પ્રયોગો :**

સામૂહિક ક્ષેત્રે અહિંસાના પ્રયોગની અસર હિંસા કરવા આવનાર પ્રતિપક્ષીને પણ થયા વિના રહેતી નથી. એ જનરલ સ્મટ્સ જેવો ખંધો રાજકારણી હોય કે સામાન્ય વાતોથી દોરવાઈ જતો અભણ મનુષ્ય હોય - બધા પર અહિંસા પોતાનો પ્રભાવ પાથરે છે. આ ઉપરાંત અહિંસાનો પ્રયોગ કરનાર સમૂહનો માનસિક વિકાસ કેટલો થાય છે તેનાં પણ દૃષ્ટાંતો છે, અને એથીયે વિશેષ, એક આખા સમૂહને હિંસામાંથી અહિંસાને માર્ગે દોરનાર તપસ્વીના તપનો પ્રભાવ કેવો પવિત્ર અને શાંત હોય છે તેનાં દૃષ્ટાંત જોઈએ.

દક્ષિણ આફ્રિકાના રાજકીય વડા જનરલ સ્મટ્સ જે સતત ગાંધીજીની સત્યાગ્રહ લડતના પ્રતિપક્ષી હતા તેનો ગાંધીજી વિશેનો એક અભિપ્રાય તો આપણે આગળ જોયો પરંતુ બીજો પ્રસંગ તો આ રાજપુરુષના અંતરના પ્રકાશનું દર્શન કરાવે છે.

બીજી ગોળમેજી પરિષદ વખતે ગાંધીજી ઇંગ્લૅન્ડ જવાના હતા. પરિષદનું કંઈ પરિણામ મળે તેવું ગાંધીજીને લાગતું ન હતું. જનરલ સ્મટ્સ એ સમયે નિવૃત્ત થઈ ગયેલા અને એમની ખ્યાતિ ગાંધીજીના પ્રતિપક્ષી તરીકે જ હતી અને છે, પરંતુ આ સ્પષ્ટ દેખાતા હિંસક પ્રકૃતિના વિરોધી પર પણ ગાંધીજીની સામૂહિક અહિંસાનો એટલો તો પ્રભાવ હતો કે ગોળમેજી પરિષદ પહેલાં સ્મટ્સે ઇંગ્લૅન્ડની પાર્લમેન્ટમાં પત્ર લખી મોકલ્યો કે, 'મિ. ગાંધી જેવો માણસ દુનિયામાં લાખો-કરોડો વર્ષે એક થતો હોય છે. એની વાત જો તમે ન સમજતા હો તો હું સમજાવવા આવું.' આ આદરમાં બંને પક્ષ પર અહિંસાનો પ્રકાશ જોઈ શકાય છે.

આ તો ભણેલાગણેલા બુદ્ધિશાળી, ગણતરીબાજ રાજપુરુષના હૃદયપરિવર્તનની વાત થઈ; પણ સામાન્ય, અભણ, ઓછી સમજણવાળા અને હિંસક પ્રકૃતિના અનેક માણસોને અહિંસાના સ્પર્શથી કેવાં પરિવર્તનો આવે છે અને તેયે પાછાં તાત્કાલિક ! તેનું એક દૃષ્ટાંત મિસિસ પોલાક જે દંપતી મિ. અને મિસિસ પોલાક ગાંધીજીની સાથે જ ગાંધીજીના ઘરમાં દક્ષિણ આફ્રિકામાં રહેતાં હતાં. એમણે પોતાના પુસ્તકમાં એક પ્રસંગ ટાંક્યો છે કે એક સમયે મોડી સાંજે અંધારું થવા માંડ્યું હતું તે વેળા ગાંધીજી અને મિસિસ પોલાક એક શાંત માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા. એક માણસ પાછળથી આવ્યો અને ધીમે ધીમે ગાંધીજીની સાથે ચાલવા લાગ્યો. બંને ધીમે અવાજે કંઈક વાતચીત કરી રહ્યા હતા. મિસિસ પોલાક એમની અંગત વાત હશે એમ સમજી સભ્યતા ખાતર થોડાં ધીમાં પડી પાછળ રહ્યાં. રસ્તામાં એક ઝાડ હતું તેની નીચે અંધારામાં બંને થોડી વાર ધીમા અવાજે વાત કરતા ઊભા રહ્યા. થોડી વાર પછી પેલો માણસ ગાંધીજીના હાથમાં કશુંક આપી જતો રહ્યો. ગાંધીજી એ જ સ્વસ્થતાથી ચાલતા રહ્યા. મિસિસ પોલાક ગાંધીજી પાસે પહોંચી ગયાં પછી સહજ પૂછ્યું, 'એ માણસ કોણ હતો ?' ગાંધીજીએ જવાબ આપ્યો કે હશે કોક. ત્યારે મિસિસ પોલાકે જરા કુતૂહલથી પૂછ્યું, 'એ તમારા હાથમાં કશુંક આપી ગયો એ શું હતું?' ગાંધીજીએ હાથ બહાર કાઢી દેખાડ્યું. એમના હાથમાં એક છરો હતો. પેલો માણસ એ છરો લઈ ગાંધીજીનું ખૂન કરવા આવેલો પણ ગાંધીજીને આપી એ ચાલતો થયો. મિસિસ પોલાકે ભય અને આશ્ચર્ય સાથે કહ્યું કે, 'તો તો આપણે પોલીસને જાણ કરવી જોઈએ.' ગાંધીજીએ કહ્યું, શું કામ ? એ માણસને કેટલીક બાબતમાં મારી સાથે

સખત વિરોધ હતો. બાપડો બીજું તો શું કરી શકે ? એટલે મારું ખૂન કરવા આવ્યો હતો. પણ વાતચીતથી એનો આક્રોશ સમી ગયો. સાચી હકીકત એને સમજાઈ ગઈ અને શાંત થઈ ચાલ્યો ગયો. એનાથી ભય રાખવાનું કે એને પોલીસને સોંપવાનું કોઈ કારણ નથી. ગાંધીજીના જીવનમાં આવા અનેક પ્રસંગો બન્યા છે અને એમની સ્વસ્થતા અને અહિંસાનો આવો જ પ્રભાવ પથરાયો છે. આપણી કમનસીબી કે ગાંધીજીએ વારંવાર કહેવા છતાં ગોડસે ગાંધીજીને મળવા ક્યારેય આવ્યા જ નહીં. નહીં તો એની હિંસા પણ ગાંધીજીની અહિંસા સામે ઓગળી ગઈ હોત.

અહિંસાનો આ પ્રભાવ જેનાથી જીરવી શકાતો ન હતો તેવા નબળા માણસો આથી જ ગાંધીજીની આંખમાં આંખ પરોવવાનું ટાળતા, પણ જે શુદ્ધ હૃદયના કરોડો માણસોએ એ આંખની અહિંસાના અમૃતને ઝીલ્યાં અને પચાવ્યાં તે દેશ અને દુનિયાના ગાંધીજીના મિત્રો ને વિરોધીઓ, જ્ઞાની અને અજ્ઞાની, ભણેલા અને અભણ સહુ કોઈ જીવનમાં ધન્યતાનો અનુભવ કરી શક્યા જેનાં વર્ણનો અનેક વિદેશી પ્રવાસીઓએ પણ કર્યાં છે. ગાંધીજીની અહિંસાના આ પ્રભાવથી ચર્ચિલ પણ પરિચિત હતા અને એથી જ ચર્ચિલ ઇંગ્લૅન્ડથી કોઈ અધિકારીને વાટાઘાટ માટે મોકલતા ત્યારે કડક સૂચના આપીને પછી મોકલતા કે 'તમે ધ્યાન રાખજો... ગાંધી સાથે વાત કરતી વખતે તમે તેની આંખમાં આંખ પરોવી વાત નહીં કરતા; નહીં તો તમે પણ એના જેવી વાત કરતા થઈ જશો.'

ગાંધીજીની સામૂહિક અહિંસાના પ્રયોગની સહુથી મોટી સિદ્ધિ તો એ હતી એ એણે કંઈકેટલાયે નિર્દોષ, ભોળા, ભલા કરોડો માણસોને પવિત્રતાનું સિંચન કર્યું. ગાંધીજીની અહિંસાનું કોઈ સહુથી મહત્ત્વનું ફળ હોય તો એમણે કશાયે ભેદભાવ વિના સમગ્ર જગતમાં માનવતાની ખેતી કરી. જાણતાં કે અજાણતાં મનુષ્ય સૂર્યપ્રકાશમાં ચેતના મેળવે એમ કરોડો માણસોના જીવનમાં અનાયાસ આ ચેતના કેમ સિંચાઈ છે ? તેનાં કેટલાંક દૃષ્ટાંતો જોઈએ.

એક વ્યક્તિની અહિંસા સામૂહિક અહિંસામાં પરિણમે તેનું દૃષ્ટાંત.

દક્ષિણ આફ્રિકામાં ચાલતા સત્યાગ્રહનું નિરીક્ષણ કરવા ગોપાલકૃષ્ણ ગોખલે દક્ષિણ આફ્રિકા ગયા હતા ત્યારે પરિસ્થિતિનો પૂરો અભ્યાસ કર્યા પછી એમણે ગાંધીજીને જે અંજલિ આપી છે તે આઇન્સ્ટાઇને ગાંધીજીને આપેલી અંજલિ કરતાં પણ ઘણી વધારે મહાન છે, અદ્ભુત છે. એ લખે છે, 'મેં એવા અનેક માણસો મારા જીવનમાં જોયા છે કે જેમનાં ચિત્તમાં વિકારો ઉત્પન્ન જ ન થતા હોય. પરંતુ એવા માણસો મારી જિંદગીમાં મેં માત્ર બે જ જોયા છે. એક મારા ગુરુ રાનડે અને બીજા આ મોહનદાસ ગાંધી. જેની હાજરી માત્રથી બીજાના વિકાર શમી જાય.' વ્યક્તિના, સમાજના, રાષ્ટ્રના અને દુનિયા પર એમની અહિંસાનો પ્રભાવ પથરાયો છે. અલબત્ત, દુનિયા અતિ વિકારોથી ખદબદે છે પણ તેમાં નિર્વિકારિતાની એક સરવાણી વહેતી કરવી એ પણ કુદરતની બહુ મોટી કૃપા છે. આજે આખી દુનિયામાં એ સરવાણી ફરી વખત વહેતી થઈ તે ગાંધીજીના સામૂહિક અહિંસાના પ્રયોગોથી.

ગાંધીજીની આ સામૂહિક શુદ્ધિને પ્રકટ કરતી એક ઘટના આ પ્રમાણે છે. દક્ષિણ આફ્રિકામાં છેલ્લી અને સહુથી મોટી સત્યાગ્રહની લડત ચાલતી હતી જેમાં સત્યાગ્રહી તરીકે સત્યાગ્રહની નૈતિક

તાલીમ પામેલા કોઈ કેળવાયેલા સૈનિકો ન હતા. સરકારે કાયદો કર્યો કે દક્ષિણ આફ્રિકામાં આવીને રહેતા હિંદીઓનાં હિંદુસ્તાનમાં થયેલાં લગ્ન કાયદેસર નહીં ગણાય. આ કાયદો ભયંકર હતો અને સમસ્ત કોમને લાગુ પડતો હતો. ગાંધીજીએ ખાણમાં કામ કરતા ખાણિયાઓ સામે પણ આ વાત મૂકી અને એમને ગાંધીજીની વાત ગળે ઊતરી ગઈ. એટલે સરકાર સામે ન્યાય મેળવવા પોતાનાં કામધંધા, ઘરવખરી બધું છોડી નીકળી પડેલા આ ખાણિયાઓ હતા. લગભગ ત્રણ હજાર સૈનિકોની આ કૂચ હતી જેને ટ્રાન્સવાલની કૂચ તરીકે આપણે ઓળખીએ છીએ. તેનું વર્ણન કરતાં 'દક્ષિણ આફ્રિકાનો ઇતિહાસ'માં ગાંધીજી નોંધે છે કે 'આ ખાણિયાઓને ખાણમાંથી બહાર કાઢતી વખતે મેં સ્પષ્ટ કહેલું કે આ લડતમાં જોડાવાથી તમારી નોકરી-ધંધો જશે. રોજીરોટી નહીં મળે. તમારાં ઘરબાર પણ જપ્ત થશે. મારી પાસે તમને આપવા માટે કશું જ નથી. પણ હું માત્ર એટલું કહું છું કે તમને ખવરાવ્યા વિના હું ખાઈશ નહીં અને તમને સુવરાવ્યા પહેલાં હું સૂઈશ નહીં.' માત્ર આટલા વિશ્વાસ પર નીકળી પડેલાં એ ખાણમાં કામ કરતાં તદ્દન પછાતવર્ગનાં સ્ત્રીપુરુષો અને સાથે બાળકો હતાં. ગાંધીજી લખે છે કે 'જ્યાં ખાવાનું મળે ત્યાં ખાઈ લેવાનું અને જ્યાં સૂવાનું મળે ત્યાં સૂઈ જવાનું આવી સ્થિતિમાં પૂરતું ખાવાનું પણ ન મળે. પુષ્કળ ચાલીને થાકી ગયેલાં સ્ત્રી-પુરુષોને ગાંધીજીની ભાષા તો આવડે નહીં, ત્યારે ઠપકાભરી આંખે ગાંધીજી સામે જુએ અને પૂછે કે 'બસ આટલું જ?' ત્યારે પીરસતાં પીરસતાં ગાંધીજી એમને હસીને પ્રેમથી તૂટીફૂટી ભાષામાં એટલું કહે કે, 'આજે આટલું જ' ત્યારે માંડ 'સંતોષ' એવા મતલબનું બોલીને, હસીને ચાલી જાય. ગાંધીજી લખે છે 'એ દૃશ્ય આજે પણ ભુલાતું નથી.' પણ એથીયે વધારે મહત્ત્વની વાત તો ગાંધીજી એ નોંધે છે કે, 'જ્યાં ખુલ્લાં મેદાન મળે ત્યાં સ્ત્રીપુરુષ સહુએ એકસાથે સૂઈ રહેવાનું પણ બને. વળી આ લોકો એ કક્ષાના હતા કે કશું અજુગતું બની જાય તોપણ તેમને બહુ વાંધો ન હોય.' છતાં ગાંધીજી આગળ નોંધે છે કે, 'એક પણ અનિચ્છનીય બનાવ બન્યો નહીં.' એ લખે છે કે 'હું આવું સાહસ કેમ કરી શક્યો તે મને ખબર નથી. આજે કદાચ હું એવું સાહસ ન પણ કરી શકું પણ આવું શાથી બની શક્યું તે હું જાણતો નથી.'

આ પછી હિંદુસ્તાનના ભાગલા સમયે ફાટી નીકળેલાં કોમી રમખાણોને શાંત કરવા ગાંધીજી કૉલકાતા ગયા. પંજાબમાં સરકારે પંચાવન હજાર સૈનિકોનું લશ્કર મોકલ્યું પણ તોફાન શાંત ન થયાં. કૉલકાતામાં મુખ્ય પ્રધાન સુરા વર્દી તો તોફાનને ઉત્તેજન આપી મદદ પૂરી પાડતા હતા. એ વાતાવરણમાં ગાંધીજી એકલા ખુલ્લી છાતીએ વરસતી ગોળીઓ વચ્ચે ફર્યા અને જગતના આશ્ચર્ય વચ્ચે તોફાનો શમી ગયા ત્યારે ગાંધીજીને અંજલિ આપતાં વાઇસરૉય લૉર્ડ માઉન્ટબૅટને કહેલું, 'One man boundry force' એક માણસનું સરહદી લશ્કર. નોઆખલીમાં તો ગાંધીજીનું મહાભિનિષ્ક્રમણ આનાથી પણ વધારે ઉદાત્ત અને પવિત્ર હતું. પણ એટલું સ્પષ્ટ છે કે આ ગાંધીજીની વ્યક્તિગત અહિંસાનો સામૂહિક જીવન પર પ્રભાવ હતો. ગાંધીજીને જ્યારે માઉન્ટ બૅટને અંજલિ આપી ત્યારે આ સાધક પોતાના આત્મપરીક્ષણના પ્રયોગો નોંધતાં જવાબ આપે છે કે, 'મારી અહિંસા ઓછી પડી, નહીં તો આવું થાય જ નહીં.' ગાંધીજી પોતાની પરીક્ષામાં પોતાના માપદંડથી અહિંસાની સાધનામાં હજુ સાધક જ રહ્યા છે. એ સાધક મટી સિદ્ધ થયા નથી પણ એ સાધક સિદ્ધની કક્ષાનો છે એમાં શંકા નથી.

મહત્ત્વની વાત એ છે કે અહિંસાની સફળતા વિશે ગાંધીજીને સંપૂર્ણ શ્રદ્ધા હોવા છતાં અને કરેલા પ્રયોગોમાં અભૂતપૂર્વ સિદ્ધિઓ મળી હોવા છતાં જેમાં પોતાની શ્રદ્ધા કે લોકોની કેળવણી અધૂરી લાગે ત્યાં તેમણે તે સ્પષ્ટપણે કબૂલી પોતે જે ભૂમિકાએ પહોંચ્યા છે એ પ્રયોગનાં પ્રાપ્ત પરિણામો જ નોંધ્યાં છે. આથી જ સામૂહિક સત્યાગ્રહના જગતને આશ્ચર્યકારક પરિણામો દેખાડ્યા પછી પણ એ પ્રયોગની મર્યાદા એ સ્પષ્ટ રજૂ કરે છે.

પ્રશ્ન : અસંખ્ય માણસો અહિંસા ગ્રહણ કરી શકે ખરા? એવા એક પ્રશ્નનો જવાબ આપતાં ગાંધીજી કહે છે.

ગાંધીજી : મારો દૃઢ વિશ્વાસ છે કે તેમ થાય. આ પ્રયોગ સહુથી વધારે પ્રબળ અને મુશ્કેલ છે ખરો, પણ અશક્ય નથી. ખરી વાત એ છે કે મારી પોતાની અહિંસા જ એટલી શુદ્ધ કે ઊંડી છે એવો દાવો હું નથી કરી શકતો. નહીં તો તે જ બસ થાય. મારા પ્રયોગોમાં હું સાથીઓ ખોયા જ કરું છું તેનું એક કારણ તો મારી પોતાની અપૂર્ણતા છે જ. આ શાસ્ત્રની સિદ્ધિ વિશે મને કદી લવલેશ પણ અશ્રદ્ધા નથી આવી.

ટૂંકમાં અહિંસાની શક્તિ વિશે, તેની સર્વવ્યાપકતા વિશે ગાંધીજી અપાર શ્રદ્ધા ધરાવે છે, પણ વ્યક્તિગત જીવનસાધનામાં ગાંધીજી અહિંસાની જે ભૂમિકાએ પહોંચી શક્યા છે તેવી સફળતા તેમને સામૂહિક અહિંસાના પ્રયોગમાં મળી નથી. એટલું જ નહીં, આપણે એ પણ સ્વીકારવું જોઈએ કે કોઈ પણ સાધકના જીવનમાં અહિંસા-ધર્મના પાલનના પ્રયોગો જ સંભવી શકે, પૂર્ણતા નહીં. પરસ્પરની હિંસા પર નભતી સૃષ્ટિમાં કોઈ મહાન વ્યક્તિ આત્મશુદ્ધિ દ્વારા અહિંસાનું નિષ્ઠાપૂર્ણ પાલન કરે એમ બની શકે ,પરંતુ એનેય મર્યાદા છે. અહિંસાને પોતાના જીવનના સિદ્ધાંત તરીકે સ્વીકારનાર વ્યક્તિ ગમે તેવી મહાન હોય તોયે બુદ્ધિથી પર રહેલા અહિંસાપાલનના પરિણામ રૂપે અમુક ફાયદાઓ જોઈ શકે પરંતુ તેનું નિઃશેષ પૂર્ણદર્શન કરાવી શકે નહીં. અને એટલે જ જ્યાં સુધી વ્યક્તિજીવનની આ મર્યાદા છે, માનવ-જાતિના માનસિક જગતમાં અનેક વિકાસ અને વિકારની શક્યતાઓ પડેલી છે ત્યાં સુધી આવા નિરંતર ગતિશીલ વિસ્તરતા ભાવને કે તેના વ્યવહારમાં પ્રગટતા કાર્યને શબ્દની, સિદ્ધાંતની મર્યાદામાં બાંધી શકાય નહીં. ગાંધીજી નથી બાંધી શક્યા એ ગાંધીજીની મર્યાદા નથી, એ અહિંસાની વિશેષતા છે. ચૈતન્યની એ પ્રકૃતિ છે કે એ કદી કોઈથીયે બંધાતું નથી.

અગત્યની વાત એ છે કે ગાંધીજીએ ક્યારેય ચિંતન ખાતર ચિંતન કર્યું નથી. જીવનમાં નિરંતર સત્ય અને અહિંસાની સાધના કરવા છતાં એ પોતાના આ અપૂર્વ પ્રયોગોને અત્યંત નમ્રતાથી જીવનની પ્રયોગશાળામાં કરેલા પ્રયોગ રૂપે જ મૂકે છે. એ પ્રયોગોમાં એ કેટલું મેળવી શક્યા છે અને કેટલી શક્યતાઓ તેમને દેખાય છે તેનું સ્પષ્ટ આલેખન છે... તેમાં કેટલાક પાયાના સિદ્ધાંતો જે પોતે મેળવી શક્યા છે તે સિદ્ધાંત રૂપે સ્પષ્ટ અને અનિવાર્યતત્ત્વ તરીકે ભારપૂર્વક પ્રગટ કરે છે.

(૧) અહિંસામાં નિર્બળતાને સ્થાન નથી. આત્મબળ વિના અહિંસાપાલન સંભવી શકે નહીં. જ્યારે અહિંસાને નામે દંભ અને નિર્બળતાનું એમને દર્શન થયું ત્યારે એ કહે છે, 'કાયરની અહિંસા એ અહિંસા નથી. એના કરતાં તો હિંસા સારી'. પોતાની આસપાસ અહિંસાના નામે પોષાતી કાયરતાનો તો એમણે સખત વિરોધ કર્યો છે. એ લખે છે,

'અન્યાય જોઈને પલાયન કરીએ તો તો આપણે પશુથી પણ નપાવટ થયા. હિંદુસ્તાન મનુષ્યત્વ ન બતાવી શકે તો પોતાનું પશુબળ તો જરૂર બતાવી શકે છે.' તેમનું ચિંતન વાસ્તવિકતાના પાયા પર ઊભેલું તદ્દન વ્યવહારક્ષમ છે. એ લખે છે, 'આત્મરક્ષણની કળા લોકોએ શીખવી જ રહી, પછી તે હિંસક હોય કે અહિંસક.' પોલીસ અને લશ્કર પર આધાર રાખવાનું તો કોઈ પણ સંજોગોમાં બંધ થવું જોઈએ. એ વસ્તુ પ્રજાને હેઠી પાડે છે, તેનો અધઃપાત કરે છે.

ગાંધીજી નિર્બળ અને દંભી માણસોને અહિંસાની તાલીમ આપી શક્યા નહીં એ કેટલું સ્પષ્ટ રીતે સમજાવે છે ! એ લખે છે,

'મારા અહિંસાધર્મમાં સંકટવેળાએ પોતાના વ્હાલાંઓને વીલાં મેલીને ન્હાસી છૂટવાને સ્થાન નથી. મારવું અથના નામર્દાઈપૂર્વક નાસી છૂટવું એ બે વચ્ચે જ જ્યાં પસંદગી કરવાની છે ત્યાં મારો માર્ગ મારવાનો હિંસામાર્ગ પસંદ કરવાનું કહેનારો છે કારણ આંધળાને હું સૃષ્ટિ-સૌંદર્યની મઝા નીરખતાં શીખવી શકું તો નામર્દને હું અહિંસા-ધર્મ શીખવી શકું. અહિંસા તો શૌર્યની કમાલ છે અને મને જાત અનુભવ છે કે હિંસાના માર્ગમાં ઊછરીને કેળવાયેલા માણસોને અહિંસા-માર્ગનું ચડિયાતાપણું કરી બતાવવામાં મને મુશ્કેલી નડી નથી. ઈ. સ. ૧૯૨૪માં આટલું વિશ્વાસપૂર્વક કહેનાર ગાંધીજીએ આ પછી તો અનેક વાર અહિંસાની શક્તિનો જગતને આશ્ચર્યકારક અનુભવ કરાવ્યો છે.'

ગાંધીજીની અહિંસા-વિચારણામાં સત્ય એ સાધ્ય છે, અહિંસા એ સાધન છે. આથી જેમ પ્રાથમિક કક્ષાએ ગાંધીજીના જીવનચિંતનમાં દેખાતા સાપેક્ષ સત્યથી ધીમે ધીમે વ્યક્ત થતા નિરપેક્ષ સત્યનું દર્શન બદલાય છે તેમ તેના સાધન રૂપે વપરાતી અહિંસાનું સ્વરૂપ અને ક્ષેત્ર પણ સ્વાભાવિક રીતે જ જુદું અને વ્યાપક બને છે. આથી જ ગાંધીજીના વ્યક્તિગત જીવનમાં અહિંસાનો વિકાસ થતાં એ વ્રતમાંથી નીતિ અને છેલ્લે ધર્મ બની તેમના વ્યક્તિત્વનો અવિભાજ્ય ગુણ બને છે. જે સમૂહ માટે મહદ્ અંશે શક્ય નથી. ગાંધીજીના જિવાતા જીવન સાથે વિકસતા ચિંતનમાં આ પરિવર્તનો સ્પષ્ટ રૂપે દેખાય છે. ગાંધીજી લખે છે, 'મારી અહિંસા એ મારી જ છે. જીવદયાનો સાધારણપણે જે અર્થ કરવામાં આવે છે તે મને માન્ય નથી. જે જીવજંતુ માણસને ખાઈ જાય અથવા નુકસાન પહોંચાડે તેને બચાવવાની દયાવૃત્તિ મારામાં નથી. તેની વૃદ્ધિમાં ભાગ લેવો તે હું પાપ સમજું છું.' એ જ ગાંધીજી પછી લખે છે, 'હું સનાતન સિદ્ધાંતનો ત્યાગ નથી કરતો. એ સિદ્ધાંત એ છે કે જીવમાત્ર એક છે અને મારી ઈશ્વરને પ્રાર્થના છે કે મારા મનમાંથી સર્પનો ભય ટાળે.' એની અનુભવવાણીમાં સચ્ચાઈનો કેવો રણકો છે ! એ લખે છે, 'મારે સારુ કોઈને મારવાનું મેં સમર્થન કર્યું નથી. મારો એવો પ્રયત્ન છે કે મને સર્પ કરડવા આવશે કે કોઈ મારવા આવશે ત્યારે તેને મારીને હું જીવવા ન ઇચ્છું ને મને દેહ જતો કરવાની શક્તિ ઈશ્વર આપે.' આ સ્થિતિએ ગાંધીજી ક્યારનાયે પહોંચી ગયા હતા અને પોતાના વ્યવહારથી એણે એ સિદ્ધ કરી આપ્યું છે. પરંતુ એક સામાજિક નેતા તરીકે સામૂહિક અહિંસાના પ્રયોગમાં એમને અનેક અદ્‌ભુત પરિણામો મળ્યાં છતાં પૂરી સફળતા મળી છે એમ કહી શકાય નહીં.

એથી એમની વ્યવહારસૂઝે એમ સ્પષ્ટ કહ્યું છે કે 'હિંદુસ્તાનને મેં પરાકાષ્ઠાની હદનો અહિંસા-

ધર્મ સ્વીકારવાનું કદી કહ્યું જ નથી.' આઝાદીની લડતમાં અને પછી સ્વતંત્ર ભારતને માટે માત્ર નીતિ (પૉલિસી) રૂપે જ અહિંસા સ્વીકારી છે. જે જ્યારે અનુકૂળ ન પડે ત્યારે બદલી શકાય. દુનિયા આખી એ વાત સારી રીતે જાણે છે કે ગાંધીજીના રાજકીય ક્ષેત્રના અનુયાયીઓ ક્યારેય આ બાબતમાં ગાંધીજીની સાથે ન હતા. એમની એ ભૂમિકા જ નહોતી. પરંતુ ગાંધીજીની અહિંસા ઊગી નીકળી આ દેશના કોઈ લાખો ભાવનાશીલ પવિત્ર અંતઃકરણવાળા નિખાલસ માનવીના જીવનમાં, જ્યાં ગાંધીજીની સાધનાની અમૃતવર્ષા પ્રજાની આત્મશક્તિ રૂપે પ્રકાશી ઊઠી.

ગાંધીજીની અહિંસા સામે બે પરિબળોનો એમણે જીવનભર સામનો કર્યો છે. એક બ્રિટિશ સલ્તનત અને બીજા આપણા દેશના રાજકીય પક્ષના અનુયાયીઓ. આમ છતાં આ દેશના કરોડો લોકોએ પોતાના આત્મબળને પ્રગટ કરતી અહિંસાની શક્તિથી દુનિયાને પ્રભાવિત કરી. લોકોને એ દિશામાં વિચારતા કરી મૂક્યા છે. આવી સિદ્ધિઓમાં ઈ. સ. ૧૯૩૦ની દાંડીકૂચ અને ઈ. સ. ૧૯૪૬માં ગુરખાઓએ દેખાડેલું સત્યાગ્રહીનું આત્મબળ માનવસંસ્કૃતિના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે.

ઈ. સ. ૧૯૪૭માં હિંદુસ્તાનને આઝાદી મળી અને ઇંગ્લૅન્ડ સરકારે ભારતને સત્તા સોંપી એ હસ્તાંતર સમયે લખાયેલ દસ ગ્રંથોમાં ઇંગ્લૅન્ડની પાર્લમેન્ટમાં બનેલો એક પ્રસંગ અંગ્રેજોના હાથે નોંધાયો છે.

જ્યારે ઇંગ્લૅન્ડની પાર્લમેન્ટમાં મજૂરપક્ષ સત્તા પર આવ્યો ત્યારે એટલી વડાપ્રધાન બન્યા અને ચર્ચિલ વિરોધપક્ષના નેતા હતા. ભારતને આઝાદી મળવા પાછળ સત્યાગ્રહની લડત સિવાય પણ અનેક પરિબળોએ ભાગ ભજવ્યો છે તે ઇતિહાસના અભ્યાસી જાણે છે. પણ ગાંધીજીની અહિંસાનો પ્રભાવ શું હતો ? એ દર્શાવતો એક પ્રસંગ છે. ઇંગ્લૅન્ડની પાર્લમેન્ટમાં ચર્ચિલે એટલીને પ્રશ્ન કર્યો કે તમે ગાંધીના સત્યાગ્રહમાં એવું તે શું જોયું કે હિંદુસ્તાનને સ્વરાજ આપી દેવાનો નિર્ણય કર્યો ?

એટલીએ જવાબ આપતાં કહ્યું કે 'અફઘાનિસ્તાનમાં સત્યાગ્રહ શરૂ થવાનો હતો. સરહદના ગાંધી અબ્દુલ ગફારખાને તેનું નેતૃત્વ સ્વીકાર્યું હતું. બ્રિટિશ સરકારે સાવચેતીના પગલા રૂપે સત્યાગ્રહ શરૂ થાય તેના આગલા દિવસે જ એમને ગિરફતાર કરી લીધા હતા. ધારણા એવી હતી કે હવે તો સત્યાગ્રહીઓ બધા ઢીલા પડી જશે છતાં પઠાણોની તાકાતનો પરિચય હોવાથી સરકારે અત્યંત કડક અંગ્રેજ અધિકારીના નેતૃત્વ નીચે સત્યાગ્રહીઓને વિખેરી નાખવા લશ્કરી ટુકડી મોકલી. ગફારખાનની ગેરહાજરીમાં પણ લાલ ખમીસવાળા ગુરખા સત્યાગ્રહીઓ અહિંસક સત્યાગ્રહ માટે સજ્જ ઊભા હતા. અધિકારીએ હુકમ છોડ્યો કે ખસી જાવ, નહીં તો તમને બધાને ગોળીએ દેવામાં આવશે. એ સમયે ગુરખા સત્યાગ્રહીઓ ખસ્યા તો નહીં, પણ એમના લાલ ખમીસનાં બટન છોડીને ખુલ્લી છાતીએ સામા ઊભા રહી બોલ્યા કે, 'ચલાવો તમારી ગોળીઓ, આજે તો અમે પણ જોઈએ કે તમારી બંદૂકની ગોળી ચલાવવાની તાકાત વધારે છે કે અમારી દેશની સ્વતંત્રતા માટે અહિંસક રીતે મરી ફીટવાની તાકાત વધારે છે ?' સહુના આશ્ચર્ય વચ્ચે એ સમયે સામે ઊભેલા લશ્કરના જવાનોએ પોતાની પિસ્તોલ નીચે મૂકી દીધી. અધિકારીએ લશ્કરના જવાનોને કહ્યું કે હુકમનું પાલન કરો, નહીં તો તમને મોતની સજા થશે. પણ લશ્કરના કોઈ જવાને પિસ્તોલ ઉપાડી નહીં.'

આ પ્રસંગ નોંધી એટલીએ કહ્યું કે જે દેશમાં લશ્કર પણ આપણી સાથે નથી તે દેશમાં સમજુ સરકાર ક્યાં સુધી રાજ કરી શકે? તેથી આબરૂભેર સ્વરાજ સોંપવામાં જ બ્રિટિશ સલ્તનતનું હિત છે એમ સમજી આ નિર્ણય લેવાયો છે. આ સામૂહિક અહિંસાનો કેટલો વિકાસ દર્શાવે છે !

ગાંધીજીના અહિંસક સત્યાગ્રહના વારસાની આ ત્રીજી પેઢી હતી. ગાંધીજી એક, એમના પ્રભાવની નીચે તૈયાર થયેલા અબ્દુલ ગફારખાન બે અને એમની ગેરહાજરીમાં પણ મરવા માટે સજ્જ ઊભેલા આ ગુરખા સત્યાગ્રહીઓ. ત્યાં સુધી ગાંધીજીના આત્મબળથી કષ્ટ સહન કરતાં કરતાં મરીને પણ ન્યાયને જાગ્રત કરવાનો, નિરપેક્ષ સત્યને પ્રગટ કરવાનો પ્રયોગ સફળ રહ્યો છે. પણ ગાંધીજીના રાજકીય અનુયાયીઓને માટે તો અંગ્રેજો પાસેથી સત્તા મેળવી લેવાના એક સાધનથી વિશેષ તેનું મૂલ્ય નથી. ઈ. સ. ૧૯૧૫થી ૧૯૪૭ સુધી થયેલ આંદોલનોની સિદ્ધિ આવાં તપોપૂત માનવીના બલિદાનને, અહિંસાના પ્રભાવને આધારિત હતી અને એમ જ ચાલતું આવ્યું છે. દેવોએ પણ દાનવો સામે યુદ્ધમાં જીતવા માટે દધિચી ઋષિ જેવા તપસ્વીનાં હાડકાંનાં જ શસ્ત્રો બનાવ્યાં હતાં ને ! અન્યથા જીતવાની શક્તિ દેવોની પણ ન હતી. એવી દૈવી શક્તિથીયે ઉપરની આ વ્યક્તિગત મનુષ્યના તપની, સામાન્ય માનવીના અંતરને પણ ઉજાળતી આત્મબળની અહિંસાની સિદ્ધિ છે.

ગાંધીજીના છેલ્લા ઉપવાસ વખતે 'ન્યૂઝ ક્રોનિકલ' નામના અંગ્રેજી છાપાએ લખ્યું હતું, 'મહાત્મા ગાંધીના ઉપવાસની સફળતા એક એવી શક્તિ દર્શાવી આપે છે જે અણુબૉમ્બ કરતાં પણ કદાચ વધારે પ્રબળ નીવડે અને પશ્ચિમના દેશોએ આશાથી તેનું નિરીક્ષણ કરતા રહેવું જોઈએ.' એ *આગળ લખે છે, 'મિ. ગાંધી જેની સામે ભૌતિક શસ્ત્રો કારગત નીવડી ન શકે તેવી તાકાતનો ઉપયોગ* કરી રહ્યા છે અને માનવી આખરે તેણે સરજેલી સૃષ્ટિ કરતાં સદાયે મહાન નીવડશે.'

આજે સમસ્ત માનવજાત અને જીવસૃષ્ટિ માટે આશાનો પ્રકાશ કે જીવનનું અમૃત તો અહિંસામાંથી જ સિંચાઈ રહ્યું છે ને !

અહિંસા અર્થની દૃષ્ટિએ, ક્ષેત્રવ્યાપની દૃષ્ટિએ અને પ્રયોગની દૃષ્ટિએ અકલ્પ્ય વિકાસ અને વિસ્તારની ક્ષમતા ધરાવતો શબ્દ છે. તેનાં અર્થવર્તુળો વિસ્તરતાં જ રહ્યાં છે અને માનવીનું સૂક્ષ્મ સંવેદન- તંત્ર તથા બુદ્ધિ જ્યાં સુધી વિકાસની ભૂમિકા પર છે ત્યાં સુધી અહિંસાનો અર્થ વિસ્તરતો જ રહેશે. વિસ્તરતો જ રહો.

# ઇસ્લામમાં અહિંસા અને શાંતિ

મહેબૂબ દેસાઈ

'ઇસ્લામ' શબ્દ અરબિક ભાષામાંથી ઊતરી આવ્યો છે. અરબી ભાષાના મૂળ શબ્દ સલામ પરથી ઊતરી આવેલા આ શબ્દનો અર્થ થાય છે શાંતિ, સમર્પણ અને ત્યાગ. ઇસ્લામના ધર્મગ્રંથ 'કુરાને શરીફ'માં પણ ઠેર ઠેર એ જ વાતનો ઉલ્લેખ જોવા મળે છે. 'કુરાને શરીફ' હજરત મહમ્મદ પયગમ્બર (સ.અ.વ.) પર 'વહી' (ઈશ્વરીય સંદેશ) ખુદાના સંદેશાઓનો સંગ્રહ છે. આ સંગ્રહમાં માત્ર ધાર્મિક બાબતો નથી, પણ તે સમગ્ર માનવજાતને જીવન જીવવાની કળા શીખવતો ગ્રંથ છે. પ્રેમ, દયા, કરુણા, અહિંસા, નીતિમત્તા, સત્ય, સમભાવ, ભાઈચારો, પાડોશી ધર્મ અને સર્વધર્મસમભાવ જેવા અનેક વિષયો અને કથાઓ આ ગ્રંથમાં છે. ઇસ્લામના પયગમ્બર મહંમદ સાહેબનું જીવન પણ આવા સદ્‌ગુણોથી મહેકતું હતું જેનાં અનેક દૃષ્ટાંતો એમના જીવન-કવનમાંથી સાંપડે છે.

એક વખત હજરત મહંમદ પયગમ્બર (સ. અ.વ.)ને તેમના એક અનુયાયીએ પૂછ્યું, 'મારા સારા ઉછેર અને સંસ્કાર માટે કોને જવાબદાર ગણી શકાય ?'

મહંમદસાહેબે કહ્યું, 'તારી માતાને.'

એ વ્યક્તિએ પૂછ્યું, 'માતા પછી કોણ ?'

'તારી માતા' ફરી એ જ જવાબ મળ્યો.

'એ પછી કોણ ?'

મહંમદસાહેબે ફરમાવ્યું, 'એ પછી તારા પિતા.'

એક સહાબીએ મહંમદસાહેબને પૂછ્યું, 'ઔલાદ પર માબાપના શા હક્કો છે ?'

આપે ફરમાવ્યું, 'ઔલાદની જન્નત (સ્વર્ગ) કે દોઝખ (નર્ક) માબાપ છે.'

અર્થાત્ માબાપની સેવાથી જન્નત મળે છે અને તેમની સાથેની નાફરમાની અને ગેરવર્તણૂકથી દોઝખ મળે છે.

એક વાર મહંમદસાહેબ મુઆવઝની દીકરીની શાદીમાં ગયા. તેમને જોઈને બાળાઓ હજરત મહંમદ (સ.અ.વ.)ની આસપાસ ગોઠવાઈ ગઈ અને શહીદોની પ્રશંસા કરતાં ગીતો ગાવા લાગી. એક બાળાએ એ ગીતમાં એક કડી ઉમેરી, 'ફીના નબીય્યુન યાસઅલમુ માફીગદા' અર્થાત્ 'અમારી વચ્ચે એક નબી છે, જે કાલની વાત જાણે છે.'

મહંમદસાહેબ પોતાનાં વખાણ કે પ્રશંસા ક્યારેય સાંભળતા નહીં, એટલે તેમણે તરત ગીત ગાતી બાળાઓને રોકીને કહ્યું, 'જે ગાતા હતા તે જ ગાઓ, આવી વાત ન કરો.'

હજરત મહંમદસાહેબ ન્યાય, ઇન્સાફના ખૂબ આગ્રહી હતા. એક વખત મખઝૂમ કબિલાની એક સ્ત્રીએ ચોરી કરી. ઇન્સાફ માટે ફરિયાદી રસૂલેપાક પાસે આવ્યો. ઔસામા બિનઝેદી પ્રત્યે રસૂલેપાકને ખૂબ માન. આથી એ ચોરી કરનાર સ્ત્રી ઔસામા બિનઝેદીને લઈને મહંમદસાહેબ પાસે આવી. ઔસામા બિનઝેદીને જોઈને મહંમદસાહેબ બોલી ઊઠ્યા, 'ઔસામા, શું તમે ન્યાયની વચ્ચે પડવા આવ્યા છો ?'

રસૂલેપાકનો પ્રશ્ન સાંભળી ઔસામાની નજર શરમથી ઢળી ગઈ. મહંમદસાહેબે સાથીઓને સંબોધન કરતાં કહ્યું, 'તમારી પહેલાંની પ્રજા પૃથ્વી પરથી ભૂંસાઈ ગઈ છે, કારણ કે તેમણે ગરીબો, મઝલુમો પ્રત્યે ઇન્સાફ કર્યો ન હતો. ખુદાના કસમ જો ફાતિમાએ (રસૂલેપાકની પ્રિય પુત્રી) ગુનો કર્યો હોય તો એને પણ સજા કરું.'

મહંમદસાહેબને અવારનવાર સોનું-ચાંદી અને કીમતી ચીજવસ્તુઓની ભેટો મળતી રહેતી, પણ પોતાની કુટીરમાં તે વસ્તુઓ એક રાત પણ તેઓ રાખતા નહીં. વસ્તુઓ જેવી આવે કે તરત તેને જરૂરતમંદોમાં તકસીમ (વહેંચી) કરી દેતા. એક રાત્રે તેમને બેચેની જેવું લાગવા માંડ્યું. કંઈ ચેન ન પડે. અંતે તેમણે પત્ની આયશાને પૂછ્યું, 'આપણી છત નીચે પૈસા કે સોનું-ચાંદી નથી ને ?'

આયશાને યાદ આવી જતાં બોલી ઊઠ્યાં, 'અબ્બા (અબુબક્ર) ગરીબો માટે થોડા પૈસા આપી ગયા છે, તે પડ્યા છે.'

રસૂલેપાક (સ.અ.વ.)એ ફરમાવ્યું, 'અત્યારે ને અત્યારે તે પૈસા હાજતમંદોમાં વહેંચાવી દે. તને ખબર નથી, પ્રેષિતોની છત નીચે ધન ન હોય.'

લડાઈના દિવસો ચાલતા હતા. યુવાનો મોટા પ્રમાણમાં લડાઈમાં જોડાઈ રહ્યા હતા. એ દિવસોમાં કોઈકે મહંમદસાહેબને કહ્યું, 'હે પયગમ્બર, હું અલ્લાહને વાસ્તે લડાઈમાં જવા ઇચ્છું છું.'

મહંમદસાહેબે તેને પૂછ્યું, 'તારી મા જીવે છે ?'

પેલા યુવાને કહ્યું, 'હા.'

મહંમદસાહેબે ફરી પૂછ્યું, 'શું કોઈ બીજું એનું પાલનપોષણ કરનાર છે ?'

યુવાને જવાબ આપ્યો, 'ના.'

મહંમદસાહેબે કહ્યું, 'તો જા, તારી માની સેવા કર કારણ કે તેના પગોમાં જન્નત છે.'

મુસાફરીમાં એક વાર સાથીઓ સાથે હજરત મહંમદ પયગમ્બરસાહેબ પગપાળા જઈ રહ્યા હતા. ભોજનનો સમય થતાં કાફલો એક જગ્યાએ રોકાયો. રાંધવા માટે સૌએ કામની વહેંચણી કરી લીધી. પયગમ્બરસાહેબે બળતણ ભેગું કરવાનું પોતાના માથે લીધું. સાથીઓએ કહ્યું, 'આપ એ તકલીફ ન લો, એ કામ અમે કરી લઈશું.'

મહંમદસાહેબે કહ્યું, 'પણ હું મારી જાતને તમારા કરતાં ઊંચી રાખવા નથી માગતો. જે પોતાને પોતાના સાથીઓ કરતાં ઉચ્ચ ગણે છે તેને ખુદા નથી ચાહતા.'

હજરત મહંમદ પયગમ્બરસાહેબની ઉંમર ૬૩ વર્ષની થવા આવી હતી. તેઓ બીમાર રહેતા હતા. તાવને કારણે અશક્તિ પણ ઘણી લાગતી હતી. આમ છતાં પોતાના બંને પિતરાઈઓ અલી અને ફજલનો ટેકો લઈ તેઓ નિયમિત સાથીઓને મળવા મસ્જિદમાં આવતા, નમાજ પઢતા. તે દિવસે પણ નમાજ પછી તેમણે સાથીઓને કહ્યું, 'મારા સાથીઓ, તમારામાંથી કોઈને મેં નુકસાન કર્યું હોય તો તેનો જવાબ આપવા અત્યારે હું મોજૂદ છું. જો તમારામાંથી કોઈનું મારી પાસે કશું લેણું હોય તો જે કંઈ આજે મારી પાસે છે તે બધું તમારું છે.'

એક સાથીએ યાદ અપાવ્યું, 'મેં આપના કહેવાથી એક ગરીબ માણસને ત્રણ દિરહામ આપ્યા હતા.'

મહંમદસાહેબે તેને તે જ ક્ષણે ત્રણ દિરહામ આપી દીધા અને કહ્યું, 'આપણી લેણદેણ માટે આ જગતમાં શરમાવું સારું છે જેથી ખુદાને ત્યાં કષ્ટ સહન કરવું ન પડે.' ખુદાના આવા પાક-પ્યારા પયગમ્બરની વફાત (અવસાન) મુસ્લિમ ચાંદ ૧૨ રબ્બીઉલ અવ્વલ, ૧૧ હિજરી, ૮ જૂન ઈ. સ. ૬૩૨ના રોજ થઈ હતી. નોંધપાત્ર બાબત એ છે કે મહંમદસાહેબનો જન્મ અને વફાત ૧૨ રબ્બીઉલ અવ્વલ અર્થાત્ એક જ મુસ્લિમ તારીખે થયાં હતાં. આમ મહંમદસાહેબનું જીવન સમગ્ર માનવજાતને માટે આદર્શરૂપ છે. એ જ રીતે 'કુરાને શરીફ'નો ઉપદેશ પણ માનવજાતને શાંતિ અને અહિંસાનો પૈગામ આપે છે.

હજરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) પર રમજાન માસમાં ઊતરેલ પ્રથમ વહી શિક્ષણ અને જ્ઞાનના મહત્ત્વને વ્યક્ત કરે છે. તેમાં ક્યાંય હિંસાનો ઇશારો સુધ્ધાં નથી. એ પ્રથમ વહીમાં ખુદાએ મહંમદસાહેબ(સ.અ.વ.)ને કહ્યું હતું,

'પઢો-વાંચો પોતાના ખુદાના નામે જેમણે આખા વિશ્વનું સર્જન કર્યું છે, જેણે લોહીના એક બુંદમાંથી ઇન્સાનનું સર્જન કર્યું છે, એ જ તારો પાલનહાર ખુદા છે. જેણે ઇન્સાનને કલમ દ્વારા જ્ઞાન આપ્યું અને ઇન્સાન જે નહોતો જાણતો, જેનાથી એ અજ્ઞાન હતો, તે બધું તેને શીખવ્યું છે.'

'કુરાને શરીફ'નો આરંભ 'બિસ્મિલ્લાહ અરરરહેમાન નિરરહિમ'થી થાય છે. જેનો અર્થ થાય છે, 'શરૂ કરું છું અલ્લાહના નામે જે બેહદ મહેરબાન અને દયાળુ છે.'

'કુરાને શરીફ'માં પ્રેમ, કરુણા, અહિંસાને લગતી આયાતો ઠેર ઠેર જોવા મળે છે. જેમ કે, 'ખુદા ક્ષમાશીલ અને પ્રેમાળ છે. એવું એક પણ પ્રાણી આ પૃથ્વી પર નથી કે જેની આજીવિકાનો ભાર ખુદા પર ન હોય. તે પ્રાણીમાત્રના નિવાસ અને અંતિમ વિશ્રામધામને જાણે છે.'

'અને ખુદા તમારા ઉપર કૃપાદૃષ્ટિ રાખવા ઇચ્છે છે, પણ ક્ષુદ્ર વાસનાઓની પાછળ ભટકનાર લોકો તમે આડે માર્ગે જઈને ખુદાથી દૂર ચાલ્યા જાવ છો.'

'ધરતી પર ફસાદ ઉત્પન્ન ન કરો. અલ્લાહને પુકારતા રહો. નિશ્ચિત અલ્લાહની કૃપા સારા ચારિત્ર્યવાળા લોકોની સમીપ છે.'

'જે કોઈ રજમાત્ર પણ નેકી (સદ્કાર્ય) કરશે અને જે રજમાત્ર પણ બૂરાઈ કરશે, તેને સૌને ખુદા જોઈ રહ્યો છે. તારો રબ (ખુદા) એવો નથી કે તે વિનાકારણ વસ્તીઓને નષ્ટ કરે.'

'અલ્લાહને શું પડી છે કે તે તમને અકારણ યાતનાઓ આપે ? જો તમે કૃતજ્ઞતા દેખાડતા રહો અને શ્રદ્ધાથી નીતિના માર્ગે ચાલતા રહો.'

'અને જો તમે લોકોથી બદલો લો તો બસ એટલો જ લો જેટલી તમારી ઉપર બળજબરી કરવામાં આવી હોય, પરંતુ જો સબ્ર રાખો તો તે ખુદાને વધારે પસંદ છે.'

'તેઓ જે સદ્કાર્યો કરે છે તેની કદર કરવામાં આવશે. અલ્લાહ સંયમી લોકોને સારી રીતે ઓળખે છે. જ્યારે તમને કોઈ સલામ કરે તો તમે પણ તેને અત્યંત સારા શબ્દોમાં જવાબ વાળો. અથવા જેવા શબ્દો તેણે કહ્યા છે તેવા જ શબ્દોમાં જવાબ વાળો. અલ્લાહ દરેક બાબતોનો નિગેહબાન છે.'

'શેતાન માત્ર એટલું જ ઇચ્છે છે કે દારૂ અને જુગાર દ્વારા તમારી વચ્ચે દુશ્મનાવટ અને વેરભાવના ઉત્પન્ન થાય. તમને અલ્લાહની યાદ અને નમાજથી અટકાવે. શું તમે અટકી જશો ?'

આવી પ્રેમ, શ્રદ્ધા, કરુણા અને અહિંસાની શીખ આપતી 'કુરાને શરીફ'ની આયાતોને હજરત મહંમદસાહેબે પોતાના જીવનમાં આચારમાં પણ મૂકી હતી.

અને એટલે જ મહંમદસાહેબ વિશે ગાંધીજીએ કહ્યું છે,

'મહંમદ (સલ) પણ ભારે કલાકાર કહેવાય. તેમનું કુરાન અરબી સાહિત્યમાં સુંદરમાં સુંદર છે. પંડિતો પણ તેને એવું જ વર્ણવે છે. એનું કારણ શું ? એનું કારણ એ જ કે તેણે સત્ય જોયું અને સત્ય પ્રગટ કર્યું.'

ઇસ્લામમાં માંસાહાર તેની સંસ્કૃતિના ભાગ તરીકે સ્વીકારવામાં આવે છે. કારણ કે અરબસ્તાનનો રેતાળ પ્રદેશ એ સમયે ઉપજાઉ ન હતો. ત્યાં શાકભાજી, ફળફળાદિ કે અન્ય કોઈ વનસ્પતિ ઉત્પન્ન થતી ન હતી. પરિણામે માનવસમાજને ટકી રહેવા ફરજિયાત માંસાહાર કરવો પડતો હતો. પણ તેનો બિલકુલ એવો અર્થ નથી થતો કે ઇસ્લામ માંસાહાર દ્વારા હિંસાને પ્રાધાન્ય આપે છે. ઇસ્લામના પવિત્ર ગ્રંથ 'કુરાને શરીફ'માં ઠેર ઠેર અહિંસા અને શાંતિને વિશેષ મહત્ત્વ

આપવામાં આવેલ છે. લા છકરા ફીદીન અર્થાત્ 'દુનિયામાં ફસાદ ક્યારેય ફેલાવશો નહીં.' એવા કુરાને આદેશ સાથે એમ પણ કહેવામાં આવ્યું છે કે, 'પરસ્પર ઝઘડો ન કરો, સંતોષમાં જ સુખ છે.'

સમાજમાં વ્યાપક બનતી જતી અશાંતિના મૂળમાં એકબીજા પ્રત્યેની પ્રસરી રહેલ નફરત જવાબદાર છે. 'કુરાને શરીફ'માં કહ્યું છે,

'ન તો તમે કોઈનાથી નફરત કરો, ન કોઈ પર જુલમ કરો. ખુદા જુલમ કરનારથી નાખુશ છે.'

શાંતિમય સહઅસ્તિત્વના સિદ્ધાંતના પ્રખર પ્રચારક સમા 'કુરાને શરીફ'માં માનવીય અભિગમને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

'જેણે કોઈનો જીવ બચાવ્યો, તેણે સંપૂર્ણ માનવજાતિને જીવતદાન આપ્યું.'

આવી શાંતિ અને અહિંસાના પુરસ્કર્તા હઝરત મહંમદ પગમ્બર (સ.અ.વ.)એ જીવનનાં અંતિમ દસ વર્ષોમાં ચોવીસ યુદ્ધોમાં સરસેનાપતિ તરીકે લશ્કરને માર્ગદર્શન આપ્યું હતું. પરંતુ તેમના સરસેનાપતિ તરીકેના નેતૃત્વનો મુખ્ય ઉદ્દેશ રક્ષણાત્મક હતો. તેમનાં દરેક યુદ્ધો આક્રમક નહીં, રક્ષણાત્મક હતાં. પંડિત સુંદરલાલજી મહંમદસાહેબ(સ.અ.વ.)ના આવા અહિંસક અભિગમની નોંધ લેતાં લખે છે, 'અસીમ ધૈર્ય, શાંત ચિત્ત, સહિષ્ણુતા અને શાલીનતા એ મહંમદસાહેબના અહિંસક અભિગમના પાયામાં હતાં,'

ઇસ્લામ ધર્મનું ખોટું અર્થઘટન કરનાર કેટલાક કટ્ટરપંથીઓએ જ ઇસ્લામને સમાજ સમક્ષ કુરબાની અને જેહાદ જેવા વિષયને કારણે બદનામ કર્યો છે. બાકી, જે મજહબના નામમાત્રમાં શાંતિનો સંદેશ સમાયેલો હોય તે મઝહબ અશાંતિ અને હિંસાની વાત કેવી રીતે કરી શકે ?

# વિદ્યાલયની વિકાસગાથા

જૈનસમાજની કેળવણીના ઇતિહાસમાં અને જ્ઞાનપ્રસારના કાર્યમાં ૧૯૧૪ની બીજી માર્ચે એટલે કે વિ. સં. ૧૯૭૦ના ફાગણ સુદી પાંચમ ને સોમવારે સ્થપાયેલી શ્રી મહાવીર જૈન વિદ્યાલય દ્વારા સમાજની ઊગતી પેઢીને દરેક કક્ષાનું વ્યવહારિક અને ધાર્મિક શિક્ષણ મળતું રહે એવી વ્યવસ્થા કરીને સામાજિક ઉત્કર્ષ સાધવા માટે યુગદ્રષ્ટા આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિ મહારાજની પ્રેરણા અને સુભાશિષ સાથે આ વિદ્યાસંસ્થાની જ્ઞાનયાત્રાનો પ્રારંભ થયો. શ્રી મહાવીર જૈન વિદ્યાલય વિદ્યાર્થીઓને રહેવા માટેની વિદ્યાર્થીગૃહ જ બની રહે નહીં, પરંતુ વિદ્યાર્થીના સર્વાંગી વિકાસનું માધ્યમ બની રહે એવો આશય રાખવામાં આવ્યો. આને પરિણામે વ્યાવહારિક શિક્ષણની સાથોસાથ ધાર્મિક જ્ઞાન, ચારિત્ર્યનિર્માણ અને મૂલ્યલક્ષી જીવનનો મહિમા કરવામાં આવ્યો. જૈન ધર્મની રાત્રિભોજન નિષેધ, અભક્ષ્ય તેમજ કંદમૂળનો ત્યાગ તેમજ જિનપૂજા જેવી ધર્મક્રિયાઓને આમાં વણી લેવામાં આવી. આ રીતે જ્ઞાનનો પ્રકાશ અને ધર્મના તેજ સાથે વિદ્યાર્થીઓની આંતરશક્તિ જાગ્રત થાય તે માટે પ્રયાસ કરવામાં આવ્યો.

૧૯૧૫માં એક ભાડાના મકાનમાં ૧૫ વિદ્યાર્થીઓ સાથે શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો પ્રારંભ થયો. જે વિદ્યાલય આજે શતાબ્દીને આરે આવીને ઊભું છે અને ભારતનાં મહત્ત્વનાં શહેરોમાં એમાં ત્રણ કન્યા છાત્રાલય સહિત ૧૧ શાખાઓમાં કુલ ૧૫૦૦ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ અદ્યતન સુવિધાઓ સાથે ઉચ્ચ અભ્યાસ કરી રહ્યાં છે.

માનનીય શેઠ શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા, શેઠ શ્રી દેવકરણ મૂળજી, શેઠશ્રી મોતીલાલ મૂળજી, શેઠ શ્રી ગોવિંદજી ખુશાલ અને શેઠશ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરીની હૃદયપૂર્વકની ભાવના, અવિરત પ્રયાસો અને અથાગ પરિશ્રમના ફળસ્વરૂપે ૧૯૧૫માં શરૂ થયેલી આ સંસ્થાએ પ્રગતિનાં સોપાન સર કરેલ છે.

(૧) ૧૯૧૪ : વિ.સં. ૧૯૭૦ની ફાગણ સુદ પાંચમને સોમવારે યુગદર્શી આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીની પ્રેરણાથી શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો શુભ પ્રારંભ.

(૨) ૧૯૨૫ : તા. ૩૧/૧૦/૧૯૨૫ના શુભ દિવસે ભાવનગર રાજ્યના માનનીય દીવાન સ્વ. સર પ્રભાશંકર પટણીના શુભ હસ્તે શેઠશ્રી વાડીલાલ સારાભાઈ વિદ્યાર્થીગૃહ, ગોવાલિયા ટેન્ક, મુંબઈ-૪૦૦૦૩૬ સંસ્થાનો પ્રારંભ થયો. અત્યારે આ મકાનનું નવનિર્માણ કાર્ય ચાલતું હોવાથી હાલ શ્રી કચ્છી વિશા ઓશવાલ જૈન મહાજન વાડીના ચોથા અને પાંચમા માળે ભાડાના મકાનમાં વિદ્યાર્થીગૃહ કાર્યરત છે.

(૩) ૧૯૪૬ : માનનીય સરદાર વલ્લભભાઈ પટેલના શુભહસ્તે અમદાવાદમાં શ્રી જેસીંગભાઈ ભોળાભાઈ વિદ્યાર્થીગૃહ શરૂ કરવામાં આવ્યું.

(૪) ૧૯૪૭ : મહારાષ્ટ્રમાં પૂના શહેરમાં શેઠશ્રી ગગલભાઈ હાથીભાઈ જેવા દાનેશ્વરીના સહયોગથી ભારત જૈન વિદ્યાલયના નામથી વિદ્યાર્થીગૃહ શરૂ થયું.

(૫) ૧૯૫૪ : સંસ્થાના આદ્યપ્રેરક પ. પૂ. પંજાબકેસરી, પ્રાતઃસ્મરણીય આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ.સા.ની જન્મભૂમિ 'વડોદરા'માં શ્રી લહેરચંદ ઉત્તમચંદ વિદ્યાર્થીગૃહ શરૂ કરવામાં આવ્યું.

(૬) ૧૯૬૪ : ગુજરાતની વિદ્યાનગરી વલ્લભવિદ્યાનગરમાં પણ શ્રી લહેરચંદ ઉત્તમચંદ વિદ્યાર્થીગૃહ શરૂ કરવામાં આવ્યું.

(૭) ૧૯૬૫ : પૂનાની સંસ્થામાં પ્રવેશ માટે વધતા જતા ધસારાને લક્ષમાં લઈને વિદ્યાર્થીગૃહ માટે નવું મકાન બાંધવામાં આવ્યું.

(૮) ૧૯૭૦ : સૌરાષ્ટ્રની ધીંગી ધરા પર ભાવનગર શહેરમાં શ્રી મણિલાલ દુર્લભજી વિદ્યાર્થીગૃહ શરૂ કરવામાં આવ્યું.

(૯) ૧૯૭૨ : સંસ્થાના ઓલ્ડ બૉઇઝ યુનિયને ૧૯૭૦માં પરમ પૂજ્ય ગુરુદેવ આચાર્ય શ્રી વિજય વલ્લભસૂરીશ્વરજીની જન્મશતાબ્દીના શુભ પ્રસંગે કરેલા સંકલ્પના પરિણામસ્વરૂપે પૂ. ગુરુદેવના પુણ્યનામ સાથે મુંબઈમાં અંધેરી(વેસ્ટ)માં શાખા શરૂ કરવામાં આવી.

(૧૦) ૧૯૯૨ : વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થી, દાનેશ્વરી, દીર્ઘદ્રષ્ટા અને કુશળ વહીવટકર્તા શેઠશ્રી દીપચંદ ગારડી સાહેબની સંસ્થાના પ્રમુખ તરીકે વરણી થઈ અને તેઓએ જીવન પર્યંત સંસ્થાના વિકાસ માટે પુરુષાર્થ કર્યો.

(૧૧) ૧૯૯૪ : અમૃત મહોત્સવ પ્રસંગે દૃઢનિર્ધારના ફળસ્વરૂપ અમદાવાદમાં શ્રીમતી શારદાબેન ઉત્તમચંદ કન્યા છાત્રાલય શરૂ કરવામાં આવ્યું.

(૧૨) ૨૦૦૧ : શ્રી મહાવીર જૈન વિદ્યાલય ઇન્ટરનેશનલ એલ્મની ઍસોસિયેશન(અમેરિકા)ના સહકારથી અને સ્વ. ડૉ. મોહનરાજજી જૈનના પ્રયાસોથી રાજસ્થાનના રમણીય અને ઐતિહાસિક શહેર ઉદયપુરમાં ડૉ. યાવન્તરાજ પૂનમચંદ અને સંપૂર્ણા જૈન વિદ્યાર્થીગૃહ શરૂ કરવામાં આવ્યું.

(૧૩) ૨૦૦૫ : કન્યા કેળવણીને પ્રોત્સાહિત કરવા વલ્લભવિદ્યાનગર મુકામે વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થી સ્વ. શ્રી પ્રવીણભાઈ ચાંગાણીના માતબર દાનના સહયોગ સાથે 'શ્રીમતી નલિનીબેન પ્રવિણચંદ્ર ચાંગાણી કન્યા છાત્રાલય' શરૂ કરવામાં આવ્યું.

(૧૪) ૨૦૦૭ : પૂનામાં 'શ્રીમતી શોભાબેન રસિકલાલ ધારીવાલ કન્યા છાત્રાલય' શરૂ કરવામાં આવ્યું.

(૧૫) ૨૦૦૯ : શૈક્ષણિક ક્ષેત્રના વિસ્તરણ હેતુ માટે વડોદરામાં એમ.બી.એ. કૉલેજ શરૂ કરી.

(૧૬) ૨૦૧૦ : ઉદયપુર અને પૂનામાં શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલયનો પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થયો.

જૈન સમાજનું યુવાધન શૈક્ષણિક ક્ષેત્રે વધુ ને વધુ સમૃદ્ધ થાય તેવો સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ રહ્યો છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારનાં વિદ્યાર્થીઓ કે વિદ્યાર્થિનીઓ શિક્ષણથી વંચિત ન રહે તે માટે વિદ્યાર્થીગૃહોમાં પ્રવેશ માટે ચાર કૅટેગરી રાખવામાં આવેલ છે. પેઇંગ, હાફ પેઇંગ, લોન અને ટ્રસ્ટ સીટ.

દરેક વિદ્યાર્થીગૃહો અને કન્યા છાત્રાલયોમાં અદ્યતન ફર્નિચર તથા કમ્પ્યૂટર - શિક્ષણ માટે કમ્પ્યૂટર - સુવિધા આપવામાં આવે છે. જનરલ નૉલેજ માટે દરેક શાખાઓમાં અખબારો, સામયિકો

અને સારાં પુસ્તકો તેમજ વિશાળ લાઇબ્રેરીઓ સ્થાપવામાં આવી છે. વળી સાત્ત્વિક ભોજન મળે તે માટે ચીવટ રાખવામાં આવે છે.

વર્ષ દરમિયાન દરેક શાખામાં જૈન ધર્મનાં નિષ્ણાત શિક્ષક/શિક્ષિકાઓ દ્વારા નિયમિત ધાર્મિક શિક્ષણ આપવામાં આવે છે અને દર વર્ષે લેખિત, મૌખિક પરીક્ષા અને ગ્રૂપમાં પ્રોજેક્ટ પણ તૈયાર કરાવવામાં આવે છે. એના પરિણામને આધારે વિવિધ પ્રકારનાં અનેકવિધ પારિતોષિકો આપવામાં આવે છે.

વિદ્યાલયની કોઈ પણ શાખામાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થી કે વિદ્યાર્થિનીઓમાં પ્રથમ આવનાર વિદ્યાર્થી/વિદ્યાર્થિનીને શ્રી ચીમનલાલ અમૃતલાલ શાહની યોજના મુજબ ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવે છે અને તે જ રીતે દર વર્ષે દરેક શાખામાં પ્રથમ આવનાર વિદ્યાર્થી/વિદ્યાર્થિનીને શ્રીમતી રેવાબેન ચીમનલાલ શાહની યોજના મુજબ સિલ્વર મેડલ એનાયત કરવામાં આવે છે.

વિદ્યાલયની દરેક શાખાઓમાં રમત–ગમત તેમજ વ્યાયામ તેમજ જીમનાં સાધનો ઉપલબ્ધ છે. તેમજ દર વર્ષે વિદ્યાલયોના વિદ્યાર્થીઓ વચ્ચે આંતરશાખા રમત–ગમત સ્પર્ધા યોજવામાં આવે છે અને તેવી જ રીતે કન્યા છાત્રાલયની વિદ્યાર્થિનીઓની વચ્ચે પણ આંતરશાખા રમત–ગમત સ્પર્ધા યોજવામાં આવે છે અને પ્રોત્સાહન રૂપે ઇનામો તથા ટ્રૉફી એનાયત કરવામાં આવે છે.

વિદ્યાલયમાં રહીને અભ્યાસ કરતાં આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને પણ વિવિધ યોજનાઓ દ્વારા આર્થિક સહાય આપવામાં આવે છે.

વિદ્યાલયની બહાર રહીને ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થી કે વિદ્યાર્થિનીઓ માટે પણ નીચે મુજબની વિવિધ યોજના દ્વારા સ્કોલરશિપ યા લોન રૂપે આર્થિક સહાય આપવામાં આવે છે : (અ) જનરલ સ્કોલરશિપ (બ) ફોરેન સ્ટડી લોન (ક) શ્રી ખેડા જૈન વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણ લોન/સ્કોલરશિપ ફંડ (ડ) શ્રી સારાભાઈ મગનલાલ મોદી લોન સ્કોલરશિપ ફંડ તથા ઉચ્ચ અભ્યાસ શિષ્યવૃત્તિ ફંડ (ઈ) શ્રીમતી ઇન્દુમતી એસ. વસા હાયર એજ્યુકેશન સ્ટડી લોન (ફ) સ્વ. શ્રીમતી હીરાબેન રમણીકલાલ શાહ કુંભાણવાલા ગર્લ્સ હાયર એજ્યુકેશન લોન. (સી.એ.ની ડિગ્રીના અભ્યાસ માટે).

**મુખ્ય પુસ્તકાલય :**

હાલ અંધેરી શાખામાં સંસ્થાનું મુખ્ય પુસ્તકાલય છે. મુંબઈમાં ગોવાલિયા ટેન્ક પાસે આવેલા વિદ્યાલયના વિદ્યાર્થીગૃહના નિયામક તરીકે વર્ષો સુધી યશસ્વી કામ કરનાર અને ઉમદા સેવા આપનાર સ્વ. શ્રી કાંતિલાલ ડી. કોરાનું નામ મુખ્ય પુસ્તકાલય સાથે જોડવામાં આવ્યું છે. લાઇબ્રેરીમાં હાલ ૨૨,૦૦૦ જેટલાં હિન્દી, ગુજરાતી અને અંગ્રેજીમાં વિવિધ વિષયો પરનાં પુસ્તકો છે. વળી ૧૦૦૦ જેટલી અલભ્ય હસ્તલિખિત પ્રતો સંપૂર્ણ જાળવણી સાથે રાખી છે તેમજ શ્રી મહાવીર જૈન વિદ્યાલય પ્રકાશિત વિવિધ પ્રકાશનોનું યોગ્ય કિંમતે વેચાણ પણ કરવામાં આવે છે. વળી ૪૫ આગમોમાંથી ૨૪ આગમોનું વિદ્યાલયના સંલગ્ન ટ્રસ્ટ જિનાગમ પ્રકાશન ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધી પ્રકાશન થયેલ છે.

**(૧) શ્રી મહાવીર જૈન વિદ્યાલય જિનાલય ટ્રસ્ટ :**

(૧) વિદ્યાલયની અંધેરી, વડોદરા, વલ્લભવિદ્યાનગર, ભાવનગર, પૂના અને ઉદયપુર શાખાના પ્રાંગણમાં શિખરબદ્ધ જિનાલયોનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં પૂના અને

ઉદયપુરમાં દેવવિમાન સ્વરૂપ નવનિર્મિત જિનાલયો આકાર પામેલ છે. આ બંને જિનાલયોની અંજનશલાકા તથા એની પ્રતિષ્ઠાના મહોત્સવો સંસ્થાના પ્રેરક આચાર્ય ભગવંત પંજાબકેસરી શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ.સા.ના શ્રીમદ્ પટ્ટધર વર્તમાન ગચ્છનાયક શ્રીમદ્ વિજય નિત્યાનંદસૂરીશ્વરજી મ.સા.ના શુભહસ્તે સંપન્ન થયેલ છે.

(૨) વિદ્યાલયની સેન્ડહર્સ્ટ રોડ અને અમદાવાદ શાખામાં ગૃહદેરાસરનું નિર્માણ કર્યું છે.

તમામ જિનાલયોનો વહીવટ, જાળવણી, સુશોભનકાર્ય તેમજ જીર્ણોદ્ધાર તથા રિપેરિંગ જેવાં કાર્યો શ્રી મહાવીર જૈન વિદ્યાલય, જિનાલય ટ્રસ્ટના ટ્રસ્ટીઓની દોરવણીથી થાય છે.

**(૨) શ્રી મહાવીર જૈન વિદ્યાલય, જિનાગમ પ્રકાશન ટ્રસ્ટ :**

જૈન ધર્મના મુખ્ય હાર્દ સમાન ૪૫ આગમો છે. સમયાંતરે આગમ ગ્રંથોનું પ્રકાશન કરવામાં આવે છે. આગમ્ ગ્રંથોનું સંપાદનકાર્ય પહેલાં પ. પૂ. આગમપ્રભાકર આચાર્ય ભગવંત શ્રી પુણ્યવિજયજી મ. સા.એ સંભાળ્યું હતું. ત્યારબાદ એ કાર્ય પરમ પૂજ્ય શ્રી જમ્બુવિજયજી મહારાજે સંભાળ્યું. આ કાર્યમાં પરમ પૂજ્ય પરમવંદનીય શ્રી જમ્બુવિજયજી મ.સા.નો સિંહફાળો પ્રાપ્ત થયેલ છે. હાલમાં આગમ ગ્રંથોનું સંપાદનકાર્ય આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય-મુનિચંદ્રસૂરીશ્વરજી મ.સા., આચાર્ય શ્રીમદ્ વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન મુનિશ્રી રત્નબોધિવિજયજી તેમજ શ્રુતભાસ્કર આચાર્ય શ્રી ધર્મધુરંધરસૂરીશ્વરજી મ.સા. સંપાદન કરી રહ્યા છે. અત્યાર સુધીમાં ૨૪ આગમનું પ્રકાશન થઈ ચૂક્યું છે. છે. આગમગ્રંથ પ્રકાશિત થાય ત્યારે ભારતભરમાં દરેક જ્ઞાનમંદિરોમાં એની એક પ્રત ભેટ સ્વરૂપે મોકલવામાં આવે છે.

**(૩) શ્રી મહાવીર જૈન વિદ્યાલય એજ્યુકેશન ફાઉન્ડેશન :**

શૈક્ષણિક પ્રવૃત્તિઓને આગળ ધપાવવા વર્ષ ૨૦૦૯માં શ્રી મહાવીર જૈન વિદ્યાલય એજ્યુકેશન ફાઉન્ડેશન નામનું અલગ ટ્રસ્ટ કરીને વડોદરામાં મૅનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ શરૂ કરી. ૪ વર્ષ જેટલા ટૂંકા સમયમાં આ એમ.બી.એ. કૉલેજે ગુજરાતની પહેલી ટોપ પાંચ મૅનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. અત્યાર સુધીમાં ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનીઓએ મૅનેજમેન્ટ ડિગ્રી મેળવીને સારી કંપનીઓમાં ઉચ્ચ હોદ્દા પર બિરાજમાન છે. આપણી મૅનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ભારત અને પરદેશની જાણીતી મૅનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ સાથે સહયોગ સાધીને આપણા વિદ્યાર્થીઓને મૅનેજમેન્ટનું ઉચ્ચ કક્ષાનું શિક્ષણ આપે છે. હાલમાં આ ઇન્સ્ટિટ્યૂટની ક્ષમતા ૨૪૦ વિદ્યાર્થીઓની છે. ગુજરાતમાં આ કૉલેજે એક અગ્રણી સંસ્થા તરીકે આદર-સન્માન પ્રાપ્ત કર્યું છે.

ઉચ્ચ શિક્ષણના સથવારે જ આપણા સમાજના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ થશે, એ બાબતને લક્ષમાં રાખીને વિદ્યાલય તેઓના કારકિર્દીના ઘડતર માટે હંમેશાં જાગ્રત રહે છે.

આવો ! આપ સૌના સાથ સહકાર અને સહયોગથી અને યુગપુરુષના આશિષ સાથે આપણા સમાજના યુવાધનના ઉજ્જ્વળ ભાવિનું સ્વપ્ન સિદ્ધ કરીએ.

# વિદ્યાલય : ભાવિ વિકાસની દિશામાં

જૈન સમાજમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ઐતિહાસિક યોગદાન આપનાર શ્રી મહાવીર જૈન વિદ્યાલય એ માત્ર જૈનસમાજની અગ્રગણ્ય સંસ્થા તો છે જ, પણ હવે મૅનેજમેન્ટ, ટેક્નૉલૉજી અને મૅડિકલ સાયન્સ જેવા વૈવિધ્યપૂર્ણ ઉચ્ચ શૈક્ષણિક અભ્યાસક્રમોના વિદ્યાર્થીઓ માટેનું એક ઉત્તમ કેન્દ્ર બનશે. બદલાતા વિશ્વ, પરિવર્તન પામતી ટેકનોલૉજી અને સતત વિસ્તરતી વિદ્યાની ક્ષિતિજો સાથે તાલ મિલાવવા માટે મહાવીર જૈન વિદ્યાલય વિદ્યાર્થીની ભાવિ પ્રગતિ તરફ મીટ માંડી રહ્યું છે. બદલાતા સ્થાનિક અને વૈશ્વિક સમાજમાં અંગત અને વ્યાવસાયિક સફળતા હાંસલ કરવા વિદ્યાર્થી સક્ષમ બને, તે આશયથી પોતાના સ્નાતક વિદ્યાર્થીઓને જ્ઞાન અને વ્યાવહારિક કૌશલ્યથી સુસજ્જ કરી રહ્યું છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલય વ્યવસાયલક્ષી શિક્ષણક્ષેત્રે તથા શોધ–સંશોધનક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સ્તરે અગ્રેસર બનવા પ્રયત્નશીલ બની રહ્યું છે. આ દિશામાં ગતિ કરી રહેલા શ્રી મહાવીર જૈન વિદ્યાલય આ ધ્યેયસિદ્ધિ માટે નીચેની બાબતો લક્ષમાં રાખીને કાર્ય-આયોજન કરી રહ્યું છે માટે આવશ્યક છે:

• પ્રત્યેક વિદ્યાર્થીને અભ્યાસ અને અભિવ્યક્તિ માટે સંપૂર્ણ સજ્જ અને સુવિધાયુક્ત અભ્યાસલક્ષી વાતાવરણ.

• વિદ્યાર્થીલક્ષી સેવાઓ અને અભ્યાસક્ષેત્રે ઉત્કૃષ્ટ સાધવાની વચનબદ્ધતા.

• ભારતભરમાં વિશ્વકક્ષાના કૅમ્પસ.

• કમ્પ્યૂટર દ્વારા શ્રી મહાવીર જૈન વિદ્યાલયના કૅમ્પસનો બહોળા વિદ્યાર્થીવર્ગમાં પ્રચાર–પ્રસાર.

• સંશોધન વિકાસની સાથોસાથ વિશ્વભરના લોકોની જીવનરીતિ અને જ્ઞાનસંચયમાં અભિવૃદ્ધિ થાય એવું વાતાવરણ રચવાનું કાર્ય.

**મનોરથ :** ઉચ્ચ તાલીમબદ્ધ, મૂલ્યનિષ્ઠ અને સ્પર્ધાત્મક વ્યાવસાયિકો માટે વિશ્વકક્ષાની વિકાસશીલ સંસ્થા.

**ધ્યેય :** જૈન વિદ્યાર્થીઓના ગુણવત્તાસભર શિક્ષણ અને સર્વાંગી વિકાસ દ્વારા વ્યાવસાયિક અભિગમથી સ્થાનિક અને વૈશ્વિક સમાજની જરૂરિયાત સંતોષવી.

**ઉદ્દેશો :** શ્રી મહાવીર જૈન વિદ્યાલય એક ખાનગી શૈક્ષણિક સંસ્થા હોવાથી એના ઉદ્દેશો :

૧. મૅનેજમેન્ટ, ટેક્નૉલૉજી અને મૅડિકલ સાયન્સમાં અધ્યાપન અને અધ્યયન બન્નેનો સમાવેશ થઈ શકે એવા શૈક્ષણિક વાતાવરણ વચ્ચે વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ સાધતું ઉચ્ચ શિક્ષણ પ્રદાન કરવું.

૨. જૈન–સંસ્કૃતિ, રાષ્ટ્રીય ઉદ્દેશો અને વૈશ્વિક સ્પર્ધાત્મકતાને લક્ષ્યમાં રાખી પ્રાપ્ત સંસાધનનો શક્ય તેટલો લાભ લઈ સમાજ સહભાગીતા અને સદ્‌ભાવ સાથે માહિતી અને સંશોધન માળખું વિકસિત કરવું.

૩. શ્રી મહાવીર જૈન વિદ્યાલયના વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને શૈક્ષણિક-સમાજનો સંસ્થાના સ્થાનિક અને વૈશ્વિક પ્રસાર-માધ્યમોના વિકાસમાં સહયોગ પ્રાપ્ત થાય.

૪. નેતૃત્વ, સહકાર, શિસ્ત અને માનવ માત્ર માટેનો સદ્‌ભાવ જેવાં મૂલ્યોનો સૌહાર્દપૂર્ણ રીતે વિકાસ કરવો.

# VISION

Shri Mahavira Jaina Vidyalaya will build upon its rich history as the premier institution serving Jaina community to become the center for higher education of first choice for the most qualified, diverse group of students not only from amongst the Jainas but also, students pursuing careers related to management, technology and medical sciences. SMJV will empower its graduates with the knowledge and practical skills vital to achieving personal and professional success in the changing local and global communities in which they live and work. SMJV will also strive to become the leading international resource for research, innovation and outreach related to professional education.

**SMJV will achieve these outcomes through :**

A learning environment that provides full access for all students to learning and communication.

A commitment to excellence in learning and student service.

World-class campuses throughout India.

Creation of a virtual campus that expands SMJV's reaches to a broader audience of students.

An environment in which research can grow, develop, and improve the lives and knowledge of all people worldwide.

**Vision :** A world-class institution dedicated to continuous development of highly skilled, value-driven and competitive professionals

**Mission :** To provide quality education and support for the total development of Jaina students committed in practicing professionalism and in meeting the demands of local and global communities.

**Goals** : As a private academic institution, SMJV aims to : 1. Provide higher education in Management. Technology and Medical Sciences for the total development of individual students in an academic environment conducive to teaching and learning;

2. Develop instructional, research, and community extension programs attuned to the Jaina culture, national goals and global competitiveness with optimum utilization of existing programs attuned to the Jaina culture, national goals and global competitiveness with optimum utilization of existing resources, harnessing community involvement and goodwill in its implementation;

3. Provide opportunities for SMJV's academic community, teaching staff, and students to join hands and help improve the institution as well as its local and global networks;

4. Develop and strengthen the values of leadership, cooperation, collegiality, and respect for human dignity in a culture of peace.

# શતાબ્દીના આરે

**માલતી શાહ**

વૃક્ષ મોટું થાય, ફૂલેફાલે, તેનાં રંગબેરંગી ફૂલ અને સુમધુર ફળ મળતાં થાય ત્યારે તેને જોઈને, તેને ખાતાં તૃપ્તિનો અનુભવ થાય. આ ફળ અને ફૂલની પ્રાપ્તિના પાયારૂપ તેનાં મૂળ દેખાતાં ન હોવા છતાં તેના અસ્તિત્વ વગર વૃક્ષ-ફળ કે ફૂલ કશુંય ન ટકે તે તો સૌ જાણે. આ મૂળને ઓળખવામાં આવે, મૂળનું જતન કરવામાં આવે તો વૃક્ષની આવરદા વધે, તેનો વિકાસ સતત ચાલ્યા કરે.

વૃક્ષોમાં પણ વડનું તો પૂછવું જ શું ! તેની ડાળીઓમાંથી વડવાઈઓ નીકળે, આ વડવાઈઓ ધરતીને મળવા પાછી નીચે આવે, તેના સહારે બાળકો ઝૂલા ઝૂલે અને નીચે ને નીચે આવતાં આવતાં વડવાઈ જમીનમાં પ્રવેશે અને ત્યાંથી પાછું એક નવીન વૃક્ષ પ્રગટે.

આવી જ કંઈક વાત સંસ્થાની પણ હોઈ શકે. કોઈ એક પ્રગતિશીલ વિચારમાંથી સંસ્થાનો જન્મ થાય. શરૂઆતમાં તો કદાચ ટકવું પણ મુશ્કેલ, પણ જમાનાની સામે ટક્કર ઝીલતાં ઝીલતાં સંસ્થા ટકી જાય અને પછી તેનો વિકાસ થતાં તેમાંથી શાખા-પ્રશાખાઓ નીકળ્યા કરે અને એક ઘટાટોપ વૃક્ષ રૂપે એ સમાજને પોતાનાં ફળ આપે.

વર્ષોનું એવું છે કે જેમ જેમ વર્ષો પસાર થતાં જાય તેમ તેમ વ્યક્તિની ઉંમર વધતી જાય અને તે વૃદ્ધત્વની નજીક પહોંચતો જાય, તેની શક્તિઓ ક્ષીણ થતી જાય. પણ કોઈ સંસ્થાનો વિચાર કરીએ તો જેમ વર્ષો પસાર થતાં જાય તેમ તેમ સંસ્થા વધુ મજબૂત બનતી જાય, તેની શક્તિઓમાં વધારો થતો જાય, તેની નવી નવી પ્રવૃત્તિઓના ફણગા ફૂટ્યા જ કરે.

હજારો વર્ષો જૂની ભારતની સંસ્કૃતિ. તેની અલગ અલગ વિચારધારાઓ. સદીઓ થયાં છતાં આ વિચારધારાના પ્રવાહો અવિરત વહ્યા કરે છે, તેના પાયામાં છે આવી સંસ્થાઓ અને તેના દીર્ઘદ્રષ્ટા સ્થાપકો. ચારિત્રના બળે ઉચ્ચ આધ્યાત્મિક જીવન જીવી જનાર કેટકેટલા યોગીપુરુષો, કર્મઠ સાધકો, દીર્ઘદ્રષ્ટાઓ આ ભારત દેશને મળ્યા જ કર્યા છે. તે પછી પ્રાચીન યુગના ઋષભદેવ હોય. યોગનું અમૃત આપનાર પતંજલિ હોય કે આધુનિક યુગના અવકાશયુગના વિકાસના સ્વપ્નને હકીકતમાં બદલનાર ડૉ. વિક્રમ સારાભાઈ હોય ! કંઈ કેટલાય ઋષિમુનિઓ, સંતજનો, વિદ્વાનોનાં નામો અહીં લઈ શકાય કે જેણે માનવજીવનને સદાય ઉન્નત બનાવવા માટે અવિરત કાર્ય અને ભગીરથ પુરુષાર્થ કર્યો છે. પોતાની દૃષ્ટિમાં દેખાતા રૂપને સાકાર કરવા માટે જે નિષ્ઠા, જે મહેનત, જે ધીરજની જરૂર હોય તેના બળે અને તેમણે વાવેલા નાના બીજમાં ભારોભાર ખમીર ભર્યું પડ્યું હોય છે તેથી તે બીજરૂપ સંસ્થા આગળ જતાં વિકાસ પામીને સમાજને તેના સુફળનો લાભ આપે છે.

આવી એક સંસ્થા અને તેના સ્થાપક - તેની અવનવી વાતો ખૂબ પ્રેરણાદાયક છે. સમય છે વીસમી સદીના પૂર્વાર્ધનો. અંગ્રેજ શાસન, અંગ્રેજી કેળવણીનો વધતો જતો વ્યાપ અને બીજી બાજુ સમાજમાં વધતું વહેમ, અંધશ્રદ્ધાનું પ્રમાણ. તેની સામે ટક્કર ઝીલવા સમાજ સુધારકોના દીર્ઘદર્શી

પ્રયાસો. ચાહે તે રાજારામમોહનરાય હોય, વીર નર્મદ હોય કે સ્વામી દયાનંદ સરસ્વતી હોય. સમાજના વિકાસને અવરોધે તેવાં પરિબળોને દૂર કરીને, અંધારાના પડળને ઉલેચીને, વાદળાંઓને હટાવીને સૂર્યના પ્રકાશને પ્રગટ કરવાના પ્રયત્નો વિરોધોના વંટોળને અવગણીને પણ આ ઉદ્ધારકોએ ચાલુ જ રાખ્યા. સમાજના આ વહેણમાં જૈન સમાજનો વિકાસ પણ જ્યાં રૂંધાતો હોય ત્યાં રસ્તો કાઢવો આવશ્યક બની જાય.

વિચારક કહી શકાય એવાં કેટકેટલાં રત્નો આ સમયમાં જૈન સમાજને પણ મળ્યાં ! ચાહે તે સ્વામી વિવેકાનંદની સાથે સાથે પરદેશમાં ભારતીય સંસ્કૃતિ - જૈન સંસ્કૃતિના વિચારોને દૃઢતાપૂર્વક રજૂ કરનાર વીરચંદ રાઘવજી ગાંધી હોય કે અઢારે આલમના અવધૂત યોગનિષ્ઠ આચાર્ય પૂ. બુદ્ધિસાગરસૂરિજી હોય, શાસનસમ્રાટ નેમિસૂરિ હોય કે પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી હોય - આમાં બીજાં પણ ક્રાંતદ્રષ્ટાઓનાં ઘણાં નામો ઉમેરી શકાય - આ સૌએ પોતાને જે સત્ય લાગ્યું તે નિર્ભયતાપૂર્વક સમાજ સામે રજૂ કર્યું.

**વિચારબીજ** : પંજાબ પ્રદેશમાં આવું એક ઊભરતું નામ તે પૂ. આચાર્ય આત્મારામજી મહારાજ. એક સત્ય તો તેમના હૈયે વસી ગયું હતું કે ક્રિયાકાંડ ગમે તેટલા કરો, જિનમંદિરો અને તીર્થો ગમે તેટલાં સ્થાપો પણ જ્ઞાનના અભાવમાં એ બધાનું મૂલ્ય એકડા વગરના મીંડા જેવું. પ્રજાને ધીમે ધીમે જ્ઞાનના ઘૂંટ પિવડાવવામાં આવે તો તે અમૃત સરીખી વિદ્યામાંથી પ્રજા નવું જોમ પ્રાપ્ત કરે. પોતાને હવે વધુ ને વધુ સરસ્વતીમંદિરો - એટલે કે શાળા-કૉલેજો-ગુરુકુળો વગેરે ઊભાં કરવાં છે એવી ભાવના તેઓ પોતાના અંતિમ ચાતુર્માસ પહેલાં વ્યક્ત કરતાં કરતાં ગુજરાનવાલામાં કાળધર્મ પામ્યા. તેઓના શિષ્યના પ્રશિષ્ય મુનિ વલ્લભવિજયજીના મનમાં આ સરસ્વતીમંદિરો સ્થાપવાના વિચારોનું બીજારોપણ આ બધી ગુરુવાણીથી થઈ જ ચૂક્યું હતું. આ બીજ કેટલું શક્તિશાળી હતું તે તો સમય જ બતાવી શકે તેમ હતું, પણ એક નાનું એવું વિચારબીજ સળવળાટ કર્યા કરતું હતું.

**નામકરણ** : કાળબળે આ વિચારબીજને પણ અંકુર ફૂટવા માંડ્યા. સં. ૧૯૬૯નું ચાતુર્માસ મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજે મુંબઈમાં કર્યું. આ ચાતુર્માસ દરમિયાન અને તે પૂરું થયા બાદ જૈન સમાજનાં સંતાનોને આધુનિક સમયની વિવિધ વિદ્યાશાખાઓ - જેવી કે દાક્તરી, એન્જિનિયરિંગ, વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન વગેરેની કેળવણી મેળવવા માટે જરૂરી સગવડો મળી રહે તે માટે મુંબઈ જેવા શહેરમાં રહેવા-જમવાની વ્યવસ્થા થાય તેવી કોઈ સંસ્થા હોવી જોઈએ તે વિચારે જોર પકડ્યું. ક્રાંતદ્રષ્ટા સંતપુરુષ અને વિચક્ષણ આગેવાનો વચ્ચેના વિચારવિનિમયને પરિણામે તા. બીજી માર્ચ, ૧૯૧૪ અને વિ. સં. ૧૯૭૦ના ફાગણ સુદિ પાંચમ ને બુધવારના રોજ મુંબઈમાં 'શ્રી મહાવીર જૈન વિદ્યાલય' નામકરણયુક્ત સંસ્થાની સ્થાપના થઈ. આ સમયે પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થઈ ચૂક્યું હતું અને મંદીનો સમય હતો તેથી સમગ્ર જૈન સમાજનાં સંતાનોની કેળવણી માટે આવી વ્યવસ્થા ઊભી કરવી એ કદાચ પહોંચી ન વળાય એવી પરિસ્થિતિનું સર્જન કરે એટલે આ સંસ્થાનું કાર્યક્ષેત્ર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજ પૂરતું મર્યાદિત રાખવામાં આવ્યું. નામકરણ કરતી વખતે પણ કોઈ વ્યક્તિવિશેષનું નામ રાખવાને બદલે ચોવીસમા તીર્થંકર શ્રી વીર પ્રભુના નામ સાથે આ સંસ્થાનું નામ જોડવાનો નિર્ણય થયો. ગુરુકુળ જેવી આ સંસ્થામાં શ્રાવકોનાં સંતાનોને કેળવણી પ્રાપ્ત

કરવા માટે જરૂરી સવલતો મળી રહે; સાથે સાથે તેઓમાં ધાર્મિક સંસ્કરણ થાય અને આ દ્વારા જ શ્રાવક-શ્રાવિકાઓની સામાજિક ઉન્નતિ થઈ શકે, એ વાત યુગદ્રષ્ટા શ્રી વલ્લભવિજયજીના મનમાં સ્પષ્ટ હતી.

**સંસ્થાના શ્રીગણેશ** : 'શ્રી મહાવીર જૈન વિદ્યાલય' નામ નક્કી કરીને તે સંસ્થાને શરૂ કરવા માટે નવ સભ્યોની એક હંગામી સમિતિ નીમવામાં આવી. મંદીના આ સમયમાં એક સાથે પૈસા કાઢવાને બદલે દર વર્ષે રૂ. ૫૧ આપનારને 'આજીવન સભ્ય' તરીકે નીમવાની શરૂઆત કરી. દસ વર્ષ સુધી આ રકમ મળી શકે તેવા સભ્યોની નોંધ કરવાના પ્રયત્ન રૂપે વાર્ષિક રૂ. ૮૯૯૬ની રકમ દસ વર્ષ સુધી મળ્યા જ કરે તેવાં વચનો શ્રી મૂળચંદ હીરજીભાઈ (મંત્રી), શેઠ દેવકરણ મૂળજી, શેઠ મોતીલાલ મૂળજી, શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ, શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા, શ્રી સારાભાઈ મગનભાઈ મોદી વગેરે કર્મઠ આગેવાનો મેળવી શક્યા. દસ વર્ષ સુધી દર વર્ષે લગભગ નવ હજાર તથા નાની-મોટી રકમો ભેટ મળ્યા કરશે એ વિશ્વાસે તા. ૨૭ સપ્ટેમ્બર, ૧૯૧૪ના રોજ લાલબાગમાં મળેલ સામાન્ય સભાએ પછીના ઈ. સ. ૧૯૧૫ના જૂન માસથી અખતરા રૂપે સંસ્થા ચાલુ કરવાનો ઠરાવ કર્યો.

**વહીવટ** : સં. ૧૯૭૦નો ચાતુર્માસ પણ પૂ. વલ્લભવિજયજીએ મુંબઈમાં કર્યો. સંસ્થા સ્થાપવાની પાકી ભલામણ કરીને પછી પૂ. વલ્લભવિજયજી તો વિહાર કરી ગયા, પણ તેઓએ કાર્યવાહકોમાં જે વિશ્વાસ મૂક્યો તે વિદ્યાપ્રેમીઓએ સાચો કરી બતાવ્યો. તા. ૯મી માર્ચ, ૧૯૧૫ના રોજ પંદર સભ્યોની એક વ્યવસ્થાપક સમિતિની રચના કરવામાં આવી. આ વ્યવસ્થાપક સમિતિની છ મિટિંગોમાં પુષ્કળ ચર્ચા કર્યા બાદ સંસ્થાનું બંધારણ, ઉદ્દેશ, નિયમો, પૈસાનો વહીવટ વગેરે અગત્યની બાબત અંગે ૧૦૨ કલમનો ખરડો તૈયાર કર્યો. નોંધપાત્ર બીના એ છે કે "એ વખત તો ધનવાન અને કેળવાયેલા સભ્યોનો સહકાર અને અરસપરસનાં પ્રેમ અને વિશ્વાસ ખરેખર અનુકરણીય હોઈ પરિણામ ઉપજાવનાર નીવડ્યા." ('શ્રી મહાવીર જૈન વિદ્યાલય-રજત મહોત્સવ ગ્રંથ', પૃ. ૧૦).

આ સમયે ટ્રસ્ટડીડ તૈયાર કરવાનું ન હતું. કારણ કે વગર પૈસે ટ્રસ્ટડીડ થાય નહીં. પણ આ બંધારણનો 'લોનનો વિચાર' તે તેની વિશેષતા હતી. સંસ્થામાંથી કોઈ વિદ્યાર્થી લોન લે તો તે જ્યારે કમાતો થાય ત્યારે એ રકમ વગર વ્યાજે સંસ્થાને પાછી આપતો જાય. આ લોન યોજના આગળ જતાં ખૂબ વ્યવહારુ અને કાર્યસાધક સાબિત થઈ.

સંસ્થાની આ પ્રારંભિક અવસ્થાનો તાદૃશ ચિતાર નીચેના શબ્દો આપે છે : "આ રીતે મધ્યમવર્ગ પર આધાર રાખનારી અને જાહેર મતબળ ઉપર ઝઝૂમનારી આ સંસ્થાનું આખું બંધારણ જનમતના વિશિષ્ટ ધોરણ પર રચાયું અને તેને સામાન્ય સમિતિએ તા. ૨૬-૫-૧૯૧૫ના રોજ સંમત કર્યું. જનતાના ધ્યાનમાં રહે કે આ આખી ચર્ચા દરમિયાન સંસ્થાના હાથમાં એક પાઈ નહોતી, એને રહેવાનું સ્થળ નહોતું, એની સેવામાં એક સિપાઈ ન હતો કે ધારાધોરણને સાફ દસ્તકે લખી આપે તેવો એક મહેતો કે નોકર પણ નહોતો." ('રજત મહોત્સવ ગ્રંથ', પૃ. ૧૧)

**શુભ શરૂઆત** : ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓને સગવડ આપવા ઇચ્છતી સંસ્થા 'શ્રી મહાવીર જૈન વિદ્યાલય'ની શુભ શરૂઆત ભાયખલા લવલેન, તારાબાગમાં જગ્યા ભાડે લઈને કરવામાં આવી. ત્યાંનુ જિનમંદિર અને મેડિકલ કૉલેજ નજીક હોવાથી આ સ્થાન પસંદ કર્યું. ૧૫ વિદ્યાર્થીઓથી, અનેક સ્વપ્નાં સેવતી આ નવીન સંસ્થાનો નાના પાયે ઉદ્ભવ થયો. તેનો આ પ્રારંભકાળ ઘણો વિકટ હતો, પણ તેના આદ્યપ્રેરક પૂ. વલ્લભવિજયજી અને તેમની આ કલ્પનાને સાકારરૂપ આપનારા સૌ શ્રેષ્ઠીઓ અને સંનિષ્ઠ આગેવાનો ધીરજપૂર્વક આ નવી કેડી કંડારવામાં મથ્યા રહેનાર હતા.

**નવા નવા સીમાસ્તંભો** : ૧૫ વિદ્યાર્થીઓથી શરૂ થયેલ આ વિદ્યાલય જેમ જેમ મજલ કાપતું ગયું, વિરોધોના વંટોળ વચ્ચે પણ સમાજના વિકાસ માટે જરૂરી નિર્ણયો લેતું ગયું તેમ તેમ નવા નવા સીમાસ્તંભો રચતું ગયું. પચીસ વર્ષે રજત મહોત્સવ, ૫૦ વર્ષે સુવર્ણ મહોત્સવ, ૬૦ વર્ષે હીરક મહોત્સવ, ૭૫ વર્ષે અમૃત મહોત્સવ અને અત્યારે ૧૦૦ વર્ષે શતાબ્દી મહોત્સવ ઊજવનાર આ સંસ્થાની યાત્રા કેવી રહી તેના ઉપર દૃષ્ટિપાત કરતી વખતે આપણે ગૌરવ લઈ શકીએ તેવા નવા નવા ચીલાઓ જોવા મળે છે. વિદ્યાલયના આટલા સુદીર્ઘ માર્ગમાં તેને સ્વપ્નસેવી વિચારકો અને વિદ્વાનો મળતા ગયા. આ બધાનાં નામોનો ઉલ્લેખ કરીએ તો ખૂબ લાંબી નામાવલિ આપવી પડે. જ્યારે જ્યારે કોઈ નવી યોજના આ સંસ્થાએ સમાજ પાસે મૂકી, પોતાની ઝોળી ફેલાવી ત્યારે કેળવણીપ્રેમી ઉદાર દાતાઓએ મુક્ત મને સખાવત કરીને તેની ઝોળી ભરી આપી છે તેને પણ કેમ ભૂલી શકાય ? દાનની ગંગા તો વહે, પણ તેનો સદુપયોગ કરનારા સંચાલકો, વહીવટી કર્મચારીગણ, નાના-મોટા સૌ હોદ્દેદારો સંસ્થાને સમયે સમયે મળ્યા કર્યા અને આ રીતે તેની જ્ઞાનની ગંગાના વહેણમાં ક્યારેય ઓટ આવી નહીં. મૂકસેવક એવા સંસ્થાના મહામાત્ર શ્રી કાંતિલાલભાઈ ડાહ્યાભાઈ કોરા, વિચક્ષણ એવા શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા, સંસ્થાના આદ્યપ્રેરક પંજાબકેસરી પૂ. આચાર્ય વલ્લભસૂરિજી, આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી, આગમોદ્ધારક મુનિ જંબુવિજયજી, સંસ્થાને ભેટ આપનાર આશ્રયદાતાઓ, ઉપ-આશ્રયદાતાઓ શુભેચ્છકો, કન્યા છાત્રાલયના આદ્યસંસ્થાપકો, કોનાં નામ લઈએ અને કોનાં ન લઈએ - પણ આ બધાના સાથ અને સહકારમાં જે વિકસી તે સંસ્થાની મંજિલમાં જે જે નવાં નવાં શિખરો તેણે સર કર્યાં તેની એક ઝલક તો મેળવવી જ રહી. તો આ લાંબી મજલયાત્રામાં કેવા કેવા પડાવો આવતા રહ્યા તેની પર નજર કરતાં પણ આપણને સાનંદાશ્ચર્ય થાય ! ધાર્યું હોત તો મુંબઈમાં આ એક ગુરુકુળ સ્થાપીને તેના સંચાલકો-સંયોજકો સંતોષ માનીને બેસી ગયા હોત તો વિદ્યાલય માત્ર એક હૉસ્ટેલ રૂપે જ હોત.

**વિવિધ શાખાઓ** : તેના સ્વપ્નસેવી, સંસ્કારસેવી, કેળવણીવાંછુ આગેવાનોને તો તેના આદ્યપ્રેરક પૂ. આ. વલ્લભસૂરિજીના સમગ્ર સમાજની કેળવણીના સ્વપ્નને પૂરું કરવું હતું. વિદ્યાલયની સેવાઓ વધુ ને વધુ વિદ્યાર્થીઓને આપી શકાય તે માટે તેની એક પછી એક શાખાઓ ગામેગામ ખોલવાનું સાહસ કરતાં કરતાં આજે તેની ૧૧ જેટલી શાખાઓ છે. કન્યાઓ પણ કેળવણીમાં પાછળ રહી જાય તો સમાજ તેટલા અંશે પછાત રહે. એટલે આમાંથી ત્રણ તો કન્યાછાત્રાલયો છે કે જે કન્યાઓને રહેવા-જમવાની લગભગ નિઃશુલ્ક સગવડ આપે છે. મુંબઈમાં

ગોવાલિયા ટેંક, ઑગસ્ટ ક્રાંતિ માર્ગ પર આવેલ (૧) શ્રી વાડીલાલ સારાભાઈ વિદ્યાર્થીગૃહ - એ સૌપ્રથમ સ્થપાયેલ શ્રી મહાવીર જૈન વિદ્યાલય છે. (હાલમાં નિર્માણ હેઠળ) ત્યારબાદ ક્રમશઃ (૨) અમદાવાદમાં ઈ. સ. ૧૯૪૬માં શ્રી ભોળાભાઈ જેસીંગભાઈ વિદ્યાર્થીગૃહ, (૩) પૂનામાં ઈ. સ. ૧૯૪૭માં શ્રી મહાવીર જૈન વિદ્યાલય - શ્રી ભારત જૈન વિદ્યાલય, (૪) વડોદરામાં ઈ. સ. ૧૯૫૪માં શ્રી લહેરચંદ ઉત્તમચંદ વિદ્યાર્થીગૃહ, (૫) વલ્લભવિદ્યાનગરમાં ઈ. સ. ૧૯૬૭માં શ્રી લહેરચંદ ઉત્તમચંદ વિદ્યાર્થીગૃહ, (૬) ભાવનગરમાં ઈ. સ. ૧૯૭૦માં શ્રી મણિલાલ દુર્લભજી વિદ્યાર્થીગૃહ, (૭) મુંબઈ અંધેરીમાં ઈ. સ. ૧૯૭૨માં આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી જન્મશતાબ્દી વિદ્યાર્થીગૃહ, (૮) અમદાવાદમાં ઈ. સ. ૧૯૯૪માં શ્રીમતી શારદાબહેન ઉત્તમલાલ મહેતા કન્યા છાત્રાલય, (૯) ઉદયપુરમાં ઈ. સ. ૨૦૦૧માં ડૉ. યાવન્તરાજ પુનમચંદજી અને શ્રીમતી સંપૂર્ણા જૈન વિદ્યાર્થીગૃહ, (૧૦) વલ્લભવિદ્યાનગરમાં ઈ. સ. ૨૦૦૫માં શ્રીમતી નલિનીબહેન પ્રવિણચંદ્ર જમનાદાસ ચાંગાણી કન્યા છાત્રાલય, (૧૧) પૂનામાં ઈ. સ. ૨૦૦૭માં સૌ.. શોભાબેન રસિકલાલ ધારીવાલ કન્યા છાત્રાલયની શરૂઆત કરવામાં આવી.

આ ઉપરાંત શ્રી મહાવીર જૈન વિદ્યાલય એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા વડોદરામાં ઈ. સ. ૨૦૦૯માં શ્રી સી. કે. શાહ વિજાપુરવાળા ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ કૉલેજ શરૂ કરવામાં આવેલ છે. ઈ. સ. ૧૯૧૫માં ૧૫ વિદ્યાર્થીઓથી શરૂ થયેલ શ્રી મહાવીર જૈન વિદ્યાલયની આ બધી શાખાઓમાં અત્યારે સોળસોથી વધુ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ માટે ક્ષમતા ઊભી કરેલ છે. વિદ્યાર્થીઓમાં પણ ટ્રસ્ટ વિદ્યાર્થી, પેઇંગ વિદ્યાર્થી, હાફ પેઇંગ વિદ્યાર્થી વગેરે યોજનાઓ લાગુ કરીને વિદ્યાર્થીઓને સતત મદદરૂપ થવાનો વિદ્યાલયનો આ સ્તુત્ય પ્રયાસ છે.

**જિનમંદિર** : શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપનાની શરૂઆતથી જ આ સંસ્થા સાથે જોડાનાર વિદ્યાર્થીને ભણતરની સુવિધાઓ આપવાની સાથે સાથે તેનામાં ધાર્મિક સંસ્કારો પડે તે વાત અવિભાજ્યપણે જોડાયેલ રહી છે. ભણતરની સાથે ગણતર અને અભ્યાસની સાથે સંસ્કરણ - એ આ સંસ્થાનો મૂળભૂત ખ્યાલ છે. આ સંસ્થા માત્ર રહેવા-જમવાની હૉસ્ટેલ બની રહેવાને બદલે જિંદગીની પાઠશાળા બની રહે એ ખાસ અગત્યની બાબત હોવાથી આવેલા વિદ્યાર્થીને જિનમંદિર - દેરાસરમાં જઈને દર્શન-સેવા-પૂજા-ધાર્મિક ક્રિયાઓનો પ્રત્યક્ષ ખ્યાલ આવે એવો માહોલ હોવો આવશ્યક ગણાય અને તેથી જ જ્યારે ઈ. સ. ૧૯૧૫માં ૧૫ વિદ્યાર્થીઓને રહેવા માટે ભાડાનું મકાન શોધ્યું ત્યારે તે કૉલેજો અને જિનમંદિરની નજીકનું સ્થાન પસંદ કર્યું. જ્યાં જ્યાં વિદ્યાલયનો વિસ્તાર થતો ગયો ત્યાં ત્યાં શરૂઆતમાં દેરાસરની નજીકનું સ્થાન પસંદ કરાતું, સંસ્થામાં ઘરદેરાસર જેવું જિનમંદિર સ્થાપવામાં આવતું અને વખત જતાં સંસ્થાની અંદર જ જિનમંદિરની પ્રતિષ્ઠા કરવામાં આવતી. 'જિનાલય ટ્રસ્ટ' દ્વારા ઈ. સ. ૧૯૭૦થી આ પ્રવૃત્તિઓને લગતા નિર્ણયો ટ્રસ્ટીઓ દ્વારા વ્યવસ્થિત રીતે લેવાય છે. મુંબઈમાં અંધેરી શાખામાં, વડોદરા, વલ્લભવિદ્યાનગર, ભાવનગર, ઉદયપુર, પૂના શાખાઓમાં શિખરબંધી દેરાસરો છે. સેન્ડહર્સ્ટ રોડ અને અમદાવાદનાં વિદ્યાર્થીગૃહોમાં ઘરદેરાસરની વ્યવસ્થા છે. આ જિનમંદિરોમાં વિદ્યાર્થીઓની સાથે સાથે આજુબાજુના વિસ્તારના જૈનોને પણ સેવા-પૂજા વગેરેનો લાભ મળે છે.

**ધાર્મિક શિક્ષણ** : જિનમંદિરની સાથે આ વિદ્યાર્થીગૃહોમાં દાખલ થતા વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ પણ આપવામાં આવે છે, જે પ્રત્યેક વિદ્યાર્થી માટે ફરજિયાત છે. વિદ્યાલયની સ્થાપનાના પહેલા વર્ષથી જ જૈન ધર્મના સિદ્ધાંતો, વિધિવિધાનનો ખ્યાલ આવે તેવા જૈનાચાર્યો, વિદ્વાનોએ લખેલા ગ્રંથોનો અભ્યાસ કરાવવામાં આવે છે. જેમ જેમ તેની શાખાઓમાં વિસ્તૃતીકરણ થતું ગયું તેમ તેમ દરેક વિદ્યાર્થીગૃહમાં એકસરખો અભ્યાસક્રમ રાખવામાં આવે તે જરૂરી બની ગયું. આ માટે વિદ્વાનોનાં સૂચનોને મંગાવીને શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ દ્વારા તેનું સંકલન કરવામાં આવ્યું અને તેમાંથી તારવણી કરીને સમિતિ દ્વારા ઈ. સ. ૧૯૭૨થી શ્રી મહાવીર જૈન વિદ્યાલયનાં બધાં જ વિદ્યાર્થીગૃહો માટે એકસરખો અભ્યાસક્રમ ઘડવામાં આવ્યો. આ અભ્યાસક્રમમાં જરૂરી સુધારા-વધારા થતા રહ્યા. બધી જ શાખાઓમાં અત્યારે પરીક્ષા પણ એક જ દિવસે અને એક જ સમયે લેવામાં આવે છે અને તેમાં પ્રત્યેક વર્ષદીઠ એકસરખું પ્રશ્નપત્ર જ આપવામાં આવે છે. વિદ્યાલયનાં બધાં વિદ્યાર્થીગૃહોમાં આજ સુધી અનેક વિદ્વાનો-અભ્યાસીઓએ ધાર્મિક શિક્ષક તરીકે સેવાઓ આપી છે અને ધાર્મિક પરીક્ષકો તરીકેની ફરજ પણ ઉત્તમ રીતે બજાવી છે. ધાર્મિક પરીક્ષાનાં પરિણામો ઉપરથી ધાર્મિક ઇનામો પણ આપવામાં આવે છે.

**પુસ્તક-પ્રકાશન** : સમગ્ર સમાજમાં કેળવણી અને જ્ઞાનનો પ્રકાશ ફેલાવવો જ જોઈએ તેની ખેવના શ્રી મહાવીર જૈન વિદ્યાલયે પ્રારંભકાળથી જ કરી છે. શાખા વિદ્યાર્થીગૃહની સ્થાપના દ્વારા શાળા-કૉલેજમાં ભણતાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને સગવડ આપવાની બાબત તો સારી રીતે ચાલવા લાગી, પણ બાકીના સમાજનું શું ? સારું વાંચન હોય તો માણસમાં સંસ્કરણ થાય. તો આવું વાંચન પૂરું પાડવા માટે વિદ્યાલયે પોતે પુસ્તક-પ્રકાશન યોજના શરૂ કરી, જેના અન્વયે એક એકથી ચઢિયાતાં ગ્રંથરત્નો સમાજના ચરણે ધરી દીધાં - જેના અભ્યાસથી વ્યક્તિના વિચારોમાં - આચારોમાં પરિવર્તન આવે. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા ગ્રંથમાળાનાં પ્રકાશનો સમાજમાં ખૂબ આવકાર પામ્યાં.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયનાં વિવિધ પ્રકાશનોમાંથી કેટલાક ગ્રંથોના નામ આ પ્રમાણે છે: અધ્યાત્મકલ્પદ્રુમ, શ્રી આનંદઘનજીનાં પદો ભાગ ૧ અને ૨, શ્રી આનંદઘન ચોવીશી, શ્રી શાંતસુધારસ, જૈન દૃષ્ટિએ કર્મ, જૈન ગુર્જર કવિઓ ભા. ૧ થી ૧૦, મરણસમાધિ : એક અધ્યયન, કાવ્યાનુશાસન, The System of Indian Philosophy, New documents of Jaina Painting, મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્ય, ઉપાધ્યાય યશોવિજયજી સ્વાધ્યાય ગ્રંથ વગેરે

**આગમ પ્રકાશન** : જૈન ધર્મના મૂળ સિદ્ધાંતોને, તેના મૂળ શાસ્ત્રગ્રંથોને વૈજ્ઞાનિક ઢબે સંશોધન કરીને સંપાદિત કરીને પ્રકાશિત કરવાની યોજના શરૂ કરી અને આગમપ્રભાકર મુનિ પુણ્યવિજયજી મહારાજ, પં. શ્રી દલસુખભાઈ માલવણિયા, પં. અમૃતલાલ ભોજક, પ્રખર આગમવેત્તા મુનિ જંબુવિજયજી અને બીજા અનેક વિદ્વાનો-સંતોના સહકારથી એક પછી એક આગમોનું પ્રકાશન વિદ્યાલય દ્વારા થવા માંડ્યું. આ માટે સંસ્થામાં 'જિનાગમ પ્રકાશન ટ્રસ્ટ'ની સ્થાપના કરવામાં આવી.

જૈન આગમ ગ્રંથમાલાની આ શ્રેણીમાં નંદિસૂત્ર, આચારાંગસૂત્ર, સૂત્રકૃતાંગસૂત્ર, ઠાણાંગસૂત્ર, પણ્ણવણાસૂત્ર, દશવૈકાલિકસૂત્ર, ઉત્તરાધ્યયનસૂત્ર. આવશ્યકસૂત્ર, જ્ઞાતાધર્મકથા, અનુયોગદ્વારસૂત્ર,

સમવાયાંગસૂત્ર વગેરે આગમો પ્રકાશિત થયેલાં છે.

**વિવિધ વિશેષાંકો** : સાહિત્ય પ્રકાશનની બાબતમાં તો ઉત્તમ સાહિત્ય તૈયાર કરીને વિદ્યાલય પ્રસંગે પ્રસંગે સમાજને પીરસતી જ રહી છે. તેના એક એક મહોત્સવ પ્રસંગે માત્ર બે-ચાર દિવસ ઉત્સવ ઊજવ્યો, બધા હળ્યા-મળ્યા, વિચારણા કરી અને છૂટા પડ્યા એવું કરીને સંતોષ ન માનતાં, દરેક મહોત્સવ પ્રસંગે એક એકથી ચઢિયાતા દળદાર ગ્રંથો બહાર પાડતા જ ગયા અને આ રીતે વર્ષો પછી પણ આપણા હાથમાં આવે તો આપણને વાંચતાં ગૌરવ થાય, આપણને નવા નવા જ્ઞાનપ્રદેશોમાં લઈ જાય તેવા ગ્રંથોરૂપી 'અક્ષર' મૂડી આપતા જ ગયા. ભલે પછી તે 'રજતમહોત્સવ ગ્રંથ' હોય, 'સુવર્ણમહોત્સવ ગ્રંથ' હોય કે 'જ્ઞાનાંજલિ' હોય. આવા તો કેટલાય ગ્રંથો સમાજની અદ્ભુત મૂડી છે.

**ધનનું વાવેતર** : શ્રી મહાવીર જૈન વિદ્યાલયને જ્ઞાનપ્રસારની પ્રવૃત્તિમાં સમાજ વધુ ને વધુ જોડાય તે તરફની દૃષ્ટિ હતી. સંસ્થાના આદ્યપ્રેરક પૂ. આચાર્ય વલ્લભસૂરિની જ્ઞાનરૂપી સૂર્યનાં પ્રકાશથી સમાજની ઉન્નતિની ભાવના સમયે સમયે હોદ્દા ઉપર આવતા સંચાલકો, વિદ્યાપ્રેમીઓના દિલમાં પણ વસેલી હતી અને એટલે જે જે પ્રવૃત્તિઓ સંસ્થામાં ચાલતી હતી તેમાં હજુ શું ખૂટે છે ? હજી ક્યાં અજ્ઞાનને દૂર કરવાનો પ્રયત્ન થઈ શકે તેમ છે ? આ વિચારવલોણું સતત ચાલ્યા કરતું. જે છે તેમાં સંતોષ માનીને બેસી રહેવાને બદલે હજી તો આ કરવા જેવું છે, આ થઈ શકે તેમ છે, એ વિચારીને તેને માટેના સઘન પ્રયત્નો શરૂ કરવામાં વિદ્યાલયે ક્યાંય પાછી પાની કરી નથી. આવો નવો વિચાર - નવી દિશા પકડાય એટલે તે માટેનું આયોજન થાય, તે માટે આર્થિક મદદ મેળવવા માટે સમાજ પાસે ટહેલ નાખવામાં આવે, વિદ્વાનોનાં સૂચનો મેળવવામાં આવે અને આમ નવી એક પ્રવૃત્તિના શ્રીગણેશ થાય. શ્રી મહાવીર જૈન વિદ્યાલયનાં પ્રારંભિક વર્ષોમાં એક સુંદર વાત કરવામાં આવી હતી કે 'ભણેલો ભીખ માગશે તો તે પણ આયોજનપૂર્વક માગશે.' આમ પાસે પૈસો ન હોવા છતાં ખૂબ મહેનતે ઘડેલી વિશાળ પ્રવૃત્તિની યોજના સમાજ સામે મૂકવામાં આવે અને આ યોજનામાં વિદ્યાપ્રેમી શ્રેષ્ઠીવર્ગ ઉદારદિલે સખાવત આપે. અહીંયાં તો એક અર્થમાં ધનનું વાવેતર થતું હતું એટલે પોતાની મૂડીના બળે સમાજને જો તેનું સારું વળતર મળતું હોય તો તેમાં પોતાનું દ્રવ્ય રોકવામાં કાંઈ વાંધો નહીં, એવી શ્રદ્ધા સમાજને રહેતી.

**જૈન સાહિત્ય સમારોહ** : આવી એક નવી પ્રવૃત્તિની શરૂઆત વિદ્યાલયનાં ૬૦ વર્ષ પૂરાં થતાં હીરક મહોત્સવ પ્રસંગે થઈ. તે છે 'જૈન સાહિત્ય સમારોહ'. કોઈ સાંપ્રદાયિક દૃષ્ટિથી તેની શરૂઆત કરવામાં આવી ન હતી. સંશોધકો, વિદ્વાનો, દીર્ઘદ્રષ્ટાઓની એક વિચારણા આકાર લેતી હતી કે જૈનો પાસે સાહિત્ય, કલા, દર્શન વગેરેનો જે વિપુલ વારસો છે, જેનો અભ્યાસ જર્મનો અહીં આવીને કરી ગયા છે, પરદેશમાં પણ જૈનશાસ્ત્રના અભ્યાસની માંગ વધી છે ત્યારે આ દિશામાં જે અભ્યાસીઓ છે તેને પ્રોત્સાહિત કરવા માટે, સંશોધન અને તુલનાત્મક દૃષ્ટિએ અભ્યાસ કરવા માટે આવા સાહિત્ય સમારોહ યોજાય તે જરૂરી છે. વિપુલ જૈન સાહિત્યમાંથી ઘણું અપ્રગટ છે તેનો અભ્યાસ કરીને તેના કાયમી પ્રકાશનની વ્યવસ્થા પણ થઈ શકે. ઈ. સ. ૧૯૧૩ના માર્ચ માસમાં જોધપુર ખાતે એક જૈન સાહિત્ય પરિષદ યોજાઈ હતી. જેમાં ડૉ. હર્મન જેકોબી જેવા પરદેશી વિદ્વાને

ખાસ હાજરી આપી હતી. ૬૩ વર્ષ પછી શ્રી મહાવીર જૈન વિદ્યાલયે તા. ૨૧, ૨૨, ૨૩ જાન્યુઆરી ૧૯૭૭ના રોજ મુંબઈમાં ભારતીય વિદ્યાભવનના ગીતામંદિર હૉલમાં પ્રથમ જૈન સાહિત્ય સમારોહનું આયોજન કરીને સંસ્થાના હીરક મહોત્સવને વધુ યાદગાર બનાવ્યો. આ પછી સમયાંતરે આવા એક પછી એક જૈન સાહિત્ય સમારોહ યોજાતાં અત્યારે તેની સંખ્યા બાવીસ ઉપર પહોંચી છે. ૭-૮-૯ માર્ચ ૨૦૧૪ના રોજ મોહનખેડા તીર્થ (મધ્યપ્રદેશ) ખાતે બાવીસમો જૈન સાહિત્ય સમારોહ યોજાઈ ગયો. આ બધા સાહિત્ય સમારોહમાં નવા અભ્યાસુઓને પણ તક આપવામાં આવે છે કે જેથી અભ્યાસ કરતાં કરતાં તે પોતાનું અભિવ્યક્તિનું સ્તર પણ સુધારી શકે. આ રીતે રજૂ થયેલા અભ્યાસ લેખોમાંથી સંશોધન, તુલનાત્મક અભ્યાસ વગેરે દૃષ્ટિએ જે લેખો ધોરણસરના હોય તેને પુસ્તક રૂપે પ્રકાશિત પણ કરવામાં આવે છે અને આ રીતે આ સમારોહ નિમિત્તે તૈયાર થયેલા સંશોધનપત્રો સમાજ સુધી પહોંચે પણ છે. આજે જ્યારે સમાજમાં વાંચનનું પ્રમાણ ઓછું થતું જાય છે, અભ્યાસ તો ખૂબ નાનો વર્ગ કરે છે ત્યારે આવા સાહિત્ય સમારોહ દ્વારા સમાજની અભ્યાસની પ્રવૃત્તિને એક દિશા મળે છે તેમ જરૂર કહી શકાય.

**પૂર્વ વિદ્યાર્થીઓ** : શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં અભ્યાસ કરી ગયેલા પૂર્વ વિદ્યાર્થીઓને આ સંસ્થા માટે અગાધ પ્રેમ અને સન્માન ઉપરાંત ઋણની લાગણી જોવા મળે છે અને તેઓ વર્ષો વીત્યા પછી પણ એમના જીવનમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયને કારણે થયેલી પ્રગતિનું સ્મરણ કરતા રહે છે. પ્રારંભમાં આ પૂર્વવિદ્યાર્થીઓ આપોઆપ સહાય કરતા હતા, પરંતુ એ પછી સંસ્થાના પૂર્વવિદ્યાર્થીઓની સંખ્યા વધતા ઑલ્ડ બૉય્ઝ યુનિયન સ્થપાયું અને છેક ૧૯૨૬થી ૧૯૮૨-૮૫ સુધી એણે આ સંસ્થાના વિકાસમાં સિંહફાળો આપ્યો. ૧૯૯૨માં પૂર્વવિદ્યાર્થીઓએ એલમ્ની ફેડરેશનની સ્થાપના કરી અને ધીરે ધીરે એનો વિસ્તાર ફેલાતા એની બાર શાખાઓ સ્થપાઈ. અમેરિકા, મુંબઈ અને ઉત્તર ગુજરાત જેવા સ્થળોએ વસતા પૂર્વ વિદ્યાર્થીઓએ સંસ્થાના સ્મરણોને જીવંત રાખીને સંસ્થામાં પોતાનું યોગદાન આપવા લાગ્યા. આ બધા એસોશિએશનો એ એલમ્ની ફેડરેશનના સભ્યો છે. વળી શ્રી મહાવીર જૈન વિદ્યાલયની દરેક શાખા અને મુખ્ય કાર્યાલયની પ્રત્યેક સમિતિમાં સંસ્થાના પૂર્વ વિદ્યાર્થીઓ સભ્યો તરીકે સંકળાયેલા છે. વળી સાથોસાથ સંસ્થાના હિસાબી કામકાજ, ડૉક્ટરી સેવાઓ, કાયદાકીય સલાહ, ઇજનેરી સેવાઓ વગેરે ક્ષેત્રોમાં આ પૂર્વ વિદ્યાર્થીઓ સંસ્થાને સક્રીય સહયોગ આપી રહ્યા છે.

**બાહોશ સંચાલન** : આટલી શાખાઓ, આટલા વિદ્યાર્થીઓ, આટલાં ટ્રસ્ટો - આ બધાંનો વહીવટ એ ખૂબ મહેનત માંગી લે એ સ્વાભાવિક છે. સંસ્થાના બાહોશ સંચાલકો આ માટે સમયે સમયે જરૂરી ફેરફારો પણ કર્યા કરે છે. સતત પરિવર્તન પામતા યુગમાં સમય સાથે કદમ મિલાવવા માટે જરૂરી નિર્ણયો લેવાય છે. અત્યારે સંપૂર્ણ કમ્પ્યૂટરીકરણ કરીને સંસ્થાના વહીવટમાં પારદર્શિતા અને સરલીકરણ લાવવામાં આવેલ છે. વિદ્યાલયની સ્થાપનાના પહેલા વર્ષથી દર વર્ષે તેના વાર્ષિક રિપોર્ટ બહાર પાડવામાં આવે છે તે ખૂબ સારી રીતે સચવાયેલ છે અને તેમાં પ્રારંભનાં વર્ષોથી જ સુઘડ, સંસ્કારી, સાક્ષર ભાષામાં જે અહેવાલો રજૂ થયા છે તે કોઈ પણ સંસ્થા માટે આદર્શ નમૂનો પૂરો પાડે તેવા છે.

**દાતાઓનો ફાળો** : શ્રી મહાવીર જૈન વિદ્યાલયને આર્થિક રીતે બળ પૂરું પાડનાર કેળવણીપ્રિય દાતાઓનો ફાળો પણ ખૂબ જ અગત્યનો છે. સંસ્થામાં પેટ્રન (આશ્રયદાતા), વાઇસ પેટ્રન, શુભેચ્છક, કન્યા છાત્રાલયના આદ્યસંસ્થાપકો વગેરે સૌએ જે બળ પૂરું પાડ્યું છે તે તેમની ઉદારતા અને વિદ્યાપ્રિયતા દર્શાવે છે. વિવિધ ટ્રસ્ટો માટે, કન્યા કેળવણી માટે, પરદેશ અભ્યાસ માટે જે જે સખાવતો આ સંસ્થાને મળી છે તે સમાજ તરફથી આ સંસ્થાને મળેલો અપ્રતિમ પ્રતિસાદ દર્શાવે છે. આ ઉદારદિલ દાતાઓનો સહકાર આ સંસ્થાને સતત ઊર્જા આપ્યા કરે છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સત્તાણુમાં વાર્ષિક અહેવાલમાં ૩૧ હિતવર્ધકો, ૬૭૯ આશ્રયદાતાઓ (પેટ્રન), ૬૫૯ વાઇસ પેટ્રન, ૨૩૨ કન્યા છાત્રાલય આદ્યસંસ્થાપકો, ૫૦ શુભેચ્છકોનાં નામો આપેલાં છે. આ વિશાળ સંખ્યા જ સમાજને આ સંસ્થા સાથે કેટલો વિશ્વાસ અને લગાવ છે તે દર્શાવવા માટે પૂરતી નથી શું ?

સન્નિષ્ઠ મહાનુભાવો દ્વારા દીર્ઘદૃષ્ટિ અને કોઠાસૂઝથી સંસ્થાના ભાવિવિકાસને લક્ષમાં રાખીને એના નીતિનિયમોનું પાલન કરવામાં આવે છે. વળી સંસ્થાકીય વહીવટના દરેક સ્થળે એના નિયમો અને ધારાધોરણોનો ચીવટપૂર્વક અમલ થાય છે. એ રીતે આ સંસ્થાની કાર્યપદ્ધતિ સતત વિકાસલક્ષી રહી છે.

આપણે કાળદેવતાને એવી પ્રાર્થના કરીએ કે આવનારાં વર્ષોમાં આ સંસ્થા દ્વારા જ્ઞાનનો દીપક સદા પ્રજ્વલિત રહે અને જ્ઞાનપ્રકાશના અજવાળામાં સમગ્ર સમાજ પણ કલ્યાણપંથે પ્રગતિ કરે.

પ્રકાશક
શ્રી મહાવીર જૈન વિદ્યાલય
મુંબઈ